# નમસ્કાર સ્વાધ્યાય

ભાગ ૩



જૈન સાહિત્ય વિકાસ મંડળ - મુંબઈ.

રમણિક

આ સારભૂત નવકારમંત્રને તજીને જે બીજા મંત્રોને સ્વતંત્ર રીતે (નવકાર મંત્રને સાધ્યા વિના) સેવે છે તેનાં કર્મ તેને પ્રતિકૂલ છે.) અને તે પોતાની કુટેવથી કલ્પવૃક્ષને તજીને બાવળને સેવે છે, એમ જાણવું.

પ્રથમ આ નવકારની સેવા કરે અને પછી અન્ય મંત્રો સેવે અથવા નવકારમાં રહેલા મંત્રબીજોવડે અન્ય મંત્રોને વાસિત કરીને તે મંત્રો સેવે તો તે પણ ફળે છે. એમાં પ્રભાવ તો નવકારનો જ જાણવો, જેમ અમૃતસમુદ્રને સ્પર્શીને આવેલ પવન પણ વિષના વિકાર દૂર કરે છે. એ પ્રભાવ તો અમૃતનો જ છે, પવનનો જરા પણ નહીં.

નવકારમંત્રને તજીને સેવેલા અન્ય મંત્રો નિર્બીજ અને જૂઠા છે. તે નથી ફળતા એટલું નહીં પણ સાધકને નુકસાન કરે છે, જ્યારે નવકારમંત્રને જે સાધે છે તે પોતાના આ લોક અને પરલોકને સફળ કરે છે.

—પૃષ્ઠ ૮૬






## [ અપભ્રંશ-હિંદી-ગુજરાતી વિભાગ ]

સંશોધક અને સંપાદક :

**મુનિવર્ય શ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજ**

પ્રયોજક :

**સ્વ. શેઠ શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી,** બી. એ.

પ્રકાશક :

**જૈન સાહિત્ય વિકાસ મંડલ**

૧૧૨, સ્વામી વિવેકાનંદ માર્ગ,

ઈરલા, વિલે-પારલે,

**મુંબઈ-૫૬**

પ્રકાશક :
ચંદ્રકાન્ત અમૃતલાલ દોશી
મેનેજીંગ ટ્રસ્ટી
જૈન સાહિત્ય વિકાસ મંડળ
૧૧૨, સ્વામી વિવેકાનંદ માર્ગ
ઈરલા, વીલે-પારલે,
મુંબઈ-૫૬.

પ્રથમ આવૃત્તિ
૫૦૦
વિ. સં. ૨૦૩૬
ઈ. સ. ૧૯૮૦

મૂલ્ય : રૂા. ૫૦

સર્વાધિકાર સુરક્ષિત

મુદ્રક :
જયંતિલાલ મણિલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ.



ચરમભવમાં ચક્રવર્તી અને તીર્થંકરની બે ઉત્તમ પદવીઓને પ્રાપ્ત કરનાર

**શ્રી કુંથુનાથ ભગવાન**

મૂળનાયક, જૈન દેરાસર, સાન્તાક્રૂઝ-વેસ્ટ, મુંબઈ-૫૪



# સુભાષિત

सुचिरं पि तवो तवियं,
चिन्नं चरणं सुयं च बहुपढियं ।
जइ ता न नमुक्कारे,
रई तओ तं गयं विहलं ॥

લાંબા કાળ સુધી તપ કર્યું, ચારિત્ર પાળ્યું અને ઘણા શાસ્ત્રોનું અધ્યયન કર્યું પણ જો નમસ્કારને વિષે રતિ (રમણતા) ન થઇ તો બધું નિષ્ફળ ગયું જાણવું.

एसो परम रहस्सो,
परममंतो इमो तिहुअणंमि ।
ता किमिह बहुविहेहिं,
पठिएहिं पुत्थयभरेहिं ॥

ત્રિભુવનમાં આ પરમ રહસ્ય છે અને આ પરમમંત્ર છે, તો બહુ પ્રકારના શાસ્ત્રોના સમૂહને ભણવાથી શું? તાત્પર્ય કે એક નમસ્કારનું જ યથાર્થ આરાધન કરો તો બેડો પાર થશે.

# અનુક્રમણિકા


૧ સુભાષિત
૨ પ્રકાશકીય નિવેદન
૩ અર્પણ
૪ ગ્રંથ પરિચય
૫ અર્થ સંગતિ


## विषयानुक्रम



| क्रमांक | विषय | | कर्ता | पृष्ठ |
|---|---|---|---|---|
| ८३–१ | तेरस–मेअ–नवकार–पडलसरूप–फल | अपभ्रंश | अज्ञातकर्तृक | १ |
| ८४–२ | नवकाररास | ,, | श्रीजिनप्रभसूरि | ४ |
| ८५–३ | नवकार फलवर्णनम् | ,, | श्री जिनप्रभसूरि | ९ |
| ८६–४ | विषहरमंत्रगर्भित पंचपरमेष्ठि मंत्रस्तोत्रम् | ,, | श्री जिनप्रभसूरि | १४ |
| ८७–५ | पंचपरमेष्ठि नमस्कार माहात्म्य | हिन्दी | श्री जिनवल्लभसूरि | १९ |
| ८८–६ | श्री पंचपरमेष्ठि गीत | ,, | उपा. श्री समयसुंदरजी | २२ |
| ८९–७ | श्री अरिहंतपदस्तवन | ,, | उपा. श्री समयसुंदरजी | २३ |
| ९०–८ | श्री नवकारस्तवन | ,, | श्री प्रेमराज | २४ |
| ९१–९ | णमोक्कार माहात्म्य | ,, | श्री भूधर कवि | २७ |
| ९२–१० | नवकार माहात्म्य | ,, | श्री विजयभद्र | २९ |
| ९३–११ | श्री नवकार स्तवन | ,, | श्री पद्मराज | ३१ |
| ९४–१२ | नवकार फलगीत | ,, | श्री लक्ष्मीकीर्ति | ३३ |
| ९५–१३ | नमस्कार सुभाषित | ,, | श्री विनोदीलाल | ३६ |
| ९६–१४ | अरिहंत बत्रीस बिरुदावली | ,, | अज्ञातकर्तृक | ३७ |
| ९७–१५ | नमस्कार बालावबोध | गुजराती | श्री हेमहंसगणि | ३९ |
| ९८–१६ | नमस्कार बालावबोध | ,, | अज्ञातकर्तृक | ५० |
| * ૯૯–૧૭ | નવકારમંત્ર પ્રબંધ | ,, | श्री દેપાલ કવિ | ૫૫ |



* આ કૃતિનો અનુક્રમ ૧૦૦–૧૮ છપાયો છે, તે ૯૯–૧૭ સમજવો.




મથુરા સ્તુપના પ્રવેશદ્વારમાં નમસ્કાર મંત્રનો મૂલપાઠ

| | | | |
|---|---|---|---|
| ૧૦૦–૧૮ નવકાર મહામંત્ર નમસ્કાર | ગુજરાતી | શ્રી જિનપ્રભસૂરિશિષ્ય | ૫૧ |
| ૧૦૧–૧૯ પંચપરમેષ્ઠિ સજ્ઝાય | ,, | શ્રી દેવવિજયજી | ૫૯ |
| ૧૦૨–૨૦ પંચપરમેષ્ઠિ વિનતી | ,, | શ્રી ચારિત્રસાર | ૬૩ |
| ૧૦૩–૨૧ નવકારમંત્રનો છંદ | ,, | શ્રી કુશળલાભ | ૬૫ |
| ૧૦૪–૨૨ પંચ–પરમેષ્ઠિ ગીતા | ,, | ઉપા. શ્રી યશોવિજયજી | ૬૮ |
| ૧૦૫–૨૩ નમસ્કાર છંદ | ,, | ઉપા. શ્રીમાનવિજયજી | ૮૭ |
| ૧૦૬–૨૪ નમુક્કાર સજ્ઝાય | ,, | ઉપા. શ્રીમાનવિજયજી | ૮૯ |
| ૧૦૭–૨૫ નવકાર ભાસ | ,, | શ્રી જ્ઞાનવિમલસૂરિ | ૯૪ |
| ૧૦૮–૨૬ નમસ્કારફલ | ,, | શ્રી હેમકવિ | ૧૦૦ |
| ૧૦૯–૨૭ નવકારનો રાસ | ,, | અજ્ઞાતકર્તૃક | ૧૦૩ |
| ૧૧૦–૨૮ નવકારમંત્રની સજ્ઝાય | ,, | શ્રી કીર્તિવિમલ | ૧૦૮ |
| ૧૧૧–૨૯ નોકારવાળી ગીત | ,, | શ્રી લબ્ધિવિજય | ૧૦૯ |
| ૧૧૨–૩૦ નવકાર ગીત | ,, | શ્રી વચ્છભંડારી | ૧૧૦ |
| ૧૧૩–૩૧ નવકાર–મહિમા | ,, | શ્રી કાનકવિ | ૧૧૧ |
| ૧૧૪–૩૨ નવકારની સજ્ઝાય | ,, | અજ્ઞાતકર્તૃક | ૧૧૨ |
| × ૧૧૫–૩૩ પંચપરમેષ્ઠિ મંત્રરાજ ધ્યાનમાલા શ્રી જ્ઞાનવિમલસૂરિ ટબો (બાલવિલાસ) | ,, | શ્રી કવિરાજ નેમિદાસ રામજી–શાહ | ૧૧૩ |
| ૧૧૬–૩૪ नमस्कार–व्याख्यानम् | ,, | अज्ञातकर्तृक | ૧૬૧ |
| + ૧૧૭–૩૫ ચાર શરણાં વડે અનંતાબંધી કષાયના સોળ ભેદોનું નિવારણ | | | ૧૬૩ |
| પરિશિષ્ટ ૧ થી ૬ | | | ૧૬૭–૧૮૨ |
| ગ્રંથ સંદર્ભસૂચિઃ | | | ૧૮૩– |


× આ કૃતિનો નંબર ૧૧૪–૩૩ છપાયો છે તેને બદલે ૧૧૫–૩૩ સમજવો.
+ ચાર શરણાં વડે. આ કૃતિ નંબર ૧૧૫–૩૩ છપાયો છે તેને બદલે ૧૧૭–૩૫ સમજવો.

# પ્રકાશકીય નિવેદન

જે નમસ્કાર મંત્રનો મહિમા અપાર અને અર્થ અનંત અને ઉદાર કહ્યો છે, તે નમસ્કાર મહામંત્રના વિષય ઉપર આગમ અને આગમોત્તર જૈન સાહિત્યમાં બે હજારથી વધુ વર્ષના કાળ દરમિયાન અનેક આચાર્ય ભગવંતો, મુનિવર્યો અને વિદ્વાનોએ મંત્રો, સ્તોત્રો, પ્રશસ્તિઓ વગેરે રચીને વિપુલ સાહિત્યનું સર્જન કર્યું છે. પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, હિન્દી અને ગુજરાતી ભાષાઓમાં વૈવિધ્યપૂર્ણ અનેક રચનાઓ મળી આવે છે. તેનો સંગ્રહ અને સંપાદન કરીને નમસ્કાર મંત્રના વિષય ઉપર ગ્રંથમાળા તૈયાર કરવાનું કામ સદ્ગત શેઠશ્રી અમૃતલાલ કાલીદાસ દોશીએ ઇ. સ. ૧૯૫૫ માં ઉપાડ્યું. એક વ્યવસ્થિત યોજના કરવામાં આવી અને **પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવર, પૂજ્ય મુનિરાજ શ્રી જંબૂવિજયજી મહારાજ** અને **પૂજ્ય મુનિરાજ શ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજ** એમ ત્રણનું સંશોધક મંડળ રચવામાં આવ્યું.

જેમ જેમ કામ આગળ વધતું ગયું, તેમ તેમ તેનો વ્યાપ વધતો ગયો. ૨૫ સંસ્થાઓની સહાય મેળવવામાં આવી અને પંડિતોને મોકલીને કાશી, આરા, કલકત્તા, બીકાનેર, જયપુર, જોધપુર, સુરત, વડોદરા, અમદાવાદ, જામનગર, લીંબડી, પાટણ, પાલીતાણા, ડભોઈ, રાધનપુર વગેરે સ્થળોએથી હસ્તપ્રતિઓમાંથી નકલો ઉતારીને કે ફોટો સ્ટેટ કોપીઓ કરીને પાઠો લેવામાં આવ્યા.

અનેક મુનિવર્યોના સહર્ષ મળેલા સહકારથી આ ભગીરથ કાર્ય થઈ શક્યું છે. તેના ઉપર સતત સાત વર્ષના દીર્ઘ પરિશ્રમ પછી "નમસ્કાર સ્વાધ્યાય" પ્રાકૃત વિભાગ અને સંસ્કૃત વિભાગ બહાર પાડવામાં આવ્યા. ૫૫૦ પાનાના પ્રાકૃત વિભાગમાં ૪૫ સંદર્ભો–વિષયો આપવામાં આવ્યા છે તથા ૩૫૦ પાનાના સંસ્કૃત વિભાગમાં ૩૭ સંદર્ભો આપવામાં આવ્યા છે. તે પછીના આ પ્રસ્તુત ગ્રંથમાં ૩૪ સંદર્ભો આપવામાં આવ્યા છે. આવી રીતે ૧૨૫૦ પાનામાં વહેંચાયેલું અને ૧૧૬ સંદર્ભોવાળું એક જ્ઞાનચક્ર (Encyclopaedia) અસ્તિત્વમાં આવે છે. આવા ઉત્તમ સમયે આ મહાન કાર્યના પ્રેરક સદ્ગત શેઠશ્રી અમૃતલાલભાઈને અમે ખૂબ જ આદરપૂર્વક યાદ કર્યા વગર રહી શકતા નથી. પૂજ્ય મુનિરાજ શ્રીતત્ત્વાનંદ વિજયજી મહારાજે તેમના વિષે જે આદરપૂર્વક લેખ લખ્યો છે, તેના ઉપરથી તેમણે આ ગ્રંથમાળા પૂર્ણ કરવા માટે અને આરાધકોમાં નવકાર વિષેના શ્રદ્ધા અને જ્ઞાન વિસ્તૃત બને તે અર્થે નિષ્ઠાપૂર્વક આ કાર્ય પૂરું કરવા માટે પોતાની જાતને કેવી સમર્પિત કરી દીધી હતી તેનો યત્કિંચિત્ ખ્યાલ આવશે. મહદંશે આ વિભાગનું કાર્ય તેઓએ પૂરું કર્યું હતું અને કેટલાક ફર્માં છપાઈ ગયા હતા પણ વિધિને મંજુર નહીં હોય એટલે કામ અધુરું રહી ગયું. તેઓશ્રીના સ્વર્ગવાસ

પછી જ્યારે પૂજ્ય મુનિરાજ શ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજને મળવાનો પ્રસંગ થયો ત્યારે આ ગ્રંથને પૂરો કરી આપવા માટે અમે તેમને વિનંતિ કરી અને તેઓએ તેનો સહર્ષ સ્વીકાર કરીને આ કાર્યને ખૂબ જ પ્રેમપૂર્વક પૂરૂં કરી આપ્યું છે. તેઓએ ત્રણે વિભાગને સાંગોપાંગ પૂરા કરવા આદિથી અંત સુધી શ્રમ ઉઠાવ્યો છે. પ્રાકૃત–સંસ્કૃત વિભાગના સંશોધન પાછળ એક સમયે વર્ષો સુધી દરરોજ ૭–૮ કલાક તેમણે સતત કાર્ય કર્યું હતું. સદ્‌ગત અમૃતલાલભાઈએ તેઓએ સાથે બેસીને જોયેલા ગ્રંથોનો આંક હજારથી પણ વિશેષ થવા જાય છે. એક ભગીરથ કાર્ય જ્યારે પૂર્ણ થાય છે ત્યારે તેઓનું સેવેલું આ સ્વપ્ન સાકાર થયેલું જોઈને અમને ઘણો આનંદ થાય છે. તેઓ બન્નેએ સાથે મળીને કરેલા શ્રુત આરાધનથી સમાજને અતિ શુદ્ધ અને સમૃદ્ધ સાહિત્ય પ્રાપ્ત થયું છે.

અંદાજે ૨૨ વર્ષ પહેલાં આ જ ગ્રંથમાળાના ભાગરૂપે તેમણે નમસ્કાર મહામંત્ર વિષે શાસ્ત્રોક્ત માહિતીઓ આપતો સ્વતંત્ર ગ્રંથ તૈયાર કરાવ્યો હતો. તેમાં ખૂટતા અંશો પૂર્ણ કરીને **પૂ. મુનિરાજ શ્રીતત્ત્વાનંદવિજયજી મહારાજે** તેને છપાવવા માટે અમને ઉત્સાહિત કર્યા છે. '**નમસ્કાર અર્થસંગતિ**' નામ આપીને એ ગ્રન્થનો અમે નમસ્કાર સ્વાધ્યાયના આ વિભાગમાં સમાવેશ કર્યો છે. નમસ્કાર મંત્રનું સાંગોપાંગ અને રુચિકર નિરૂપણ આપતી આ અર્થસંગતિ આ ગ્રંથમાળાનું મહત્ત્વનું અંગ બની રહે છે.

નમસ્કારને અનુલક્ષીને જે રચનાઓનું સંશોધન કરીને જે ૧૧૬ સંદર્ભોને ત્રણ વિભાગમાં એકત્ર કરવામાં આવ્યા છે, તેમાં કેટલીક કૃતિઓ ખરેખર અદ્‌ભુત છે.

નમસ્કાર વિશેની સંગ્રહિત માહિતી ઉપર ત્રણે વિભાગનો નીચોડ આવી જાય અને ત્રણે વિભાગમાં રહેલી વસ્તુને ટૂંકમાં છતાં સચોટ રીતે આવરી લ્યે તેવી એક સમીક્ષા આ ગ્રંથમાં જ પ્રગટ કરવાની અભિલાષા પ્રાકૃત વિભાગમાં કરવામાં આવી હતી. સર્જનાત્મક ચિંતન અને મહેનત માગી લ્યે તેવું આ કાર્ય છે. એ સમીક્ષાને સ્વતંત્ર કૃતિ તરીકે અનુકુળતાએ બહાર પાડવાની ભાવના રાખીને અત્યારે અમારા કાર્યનો આછો પાતળો ખ્યાલ આપવા પૂરતું સીમિત રાખીએ છીએ. તે હેતુથી અતિ-વિસ્તાર કર્યા વગર પ્રાકૃત વિભાગના સંદર્ભો વિષે ફક્ત અંગુલિનિર્દેશ અને સંસ્કૃત વિભાગમાં રહેલી મહત્ત્વની કૃતિઓ વિશે સંદર્ભવાર ટુંકી રૂપરેખા આપવાનો પ્રયાસ કરીશું.

આ ગ્રંથમાં અપભ્રંશ તથા ગુજરાતી સંદર્ભો આપવામાં આવ્યા છે. તેમાં વાંચકોને સુગમ્ય થાય તે હેતુથી **પૂ. મુનિરાજશ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજે** શ્રમ લઈને દરેક અપભ્રંશના સંદર્ભની વિસ્તારથી સમજૂતી તૈયાર કરી આપી છે. તેમાં શ્રી માનવિજયજી કૃત નમુક્કાર સજ્ઝાય ઉપર વાંચકોનું લક્ષ્ય ખેંચવામાં આવે છે. તથા ઉત્કૃષ્ટ ભાવધારા પ્રગટ થાય ત્યારે નમસ્કૃત કવિ હૃદય કેવી રીતે પ્રવાહિત થાય છે તે દૃષ્ટિએ

નમસ્કાર અર્થસંગતિમાં સાધુપદમાં કુવલયમાલા આધારિત જે અનેક નમસ્કારો આપવામાં આવ્યા છે, તે પરિશીલન કરવા યોગ્ય છે.

## નમસ્કાર સ્વાધ્યાય-પ્રાકૃત વિભાગ.

આ ગ્રંથમાં મહાનિશીથ સૂત્રમાંના નમસ્કાર વિષયક સંદર્ભનું અતિ સુંદર છતાં સરળ ગુજરાતી ભાષાંતર સૌથી પ્રથમવાર રજુ થાય છે. મહાનિશીથ સૂત્ર ઉપરાંત 'श्रीचैत्य-वंदन महाभाष्य', 'उवहाणविहिथुत्तं' 'वद्धमाणविज्जाविही', 'अर्हन्नमस्कारावलिका' 'सिद्धनमस्कारावलिका' 'अरिहाणाइथुत्तं', 'नमस्काररहस्सथवणं', 'पण्हगब्भं पंचपरमिट्ठिथवणं', 'चउव्विहज्झाणथुत्तं', 'कुवलयमाला', 'भत्तपरिन्ना', 'संबोधपकरण', 'चउसरणपयन्ना' આદિ અનેક મહત્ત્વના નમસ્કાર વિષયક સ્તોત્રોને તેમાં સમાવિષ્ટ કરવામાં આવ્યાં છે. આ બધાં સ્તોત્રોમાં નમસ્કારને લગતી ભિન્ન ભિન્ન વિગતો ચર્ચવામાં આવી છે. ઉપધાનવિધિમાં ( उवहाणविहिथुत्तं ) શ્રી નમસ્કાર મંત્રની વાચના લેવા માટેના ઉપધાનનો વ્યવસ્થિત આમ્નાય આપવામાં આવ્યો છે. અને તે મંત્રના ઉપાસકનું સ્થાન કેટલું ઉંચું છે એ સુંદર રીતે બતાવવામાં આવ્યું છે. નમસ્કાર નિર્યુક્તિમાં ( णमोक्कारणिज्जुत्ती ) નવકારના ઉત્પત્તિ નિક્ષેપ આદિ અગિયાર દ્વારોથી વિશદ વિચારણા કરવામાં આવી છે અને બૃહન્નમસ્કાર ફલમાં ( पंचनमुक्कारफलथुत्तं ) શ્રી નમસ્કાર મંત્રનો સર્વાંગી મહિમા ગાવા ઉપરાંત તેની આરાધનાથી પ્રાપ્ત થતાં વિશિષ્ટ ફળોની વિસ્તૃત નોંધ લેવામાં આવી છે. 'ध्यानविचार', 'नवकारसारथवणं', 'नमस्कार व्याख्यान टीका' આદિ કૃતિઓ આ ગ્રંથની યશકલગીરૂપ છે. ધ્યાન, શૂન્ય, કલા, જ્યોતિ, બિન્દુ, નાદ, તારા વગેરે ધ્યાનના ચોવીશ માર્ગોનું વ્યવસ્થિત નિરૂપણ 'ધ્યાનવિચાર' સિવાય અન્ય કોઈ ગ્રંથમાં હજુ સુધી મળ્યું નથી. મંત્રગર્ભિત એવા 'अरिहाणाइथुत्तं' માં તે પારિભાષિક શબ્દોનો એકજ ગાથામાં * સમુચિત રીતે નામોલ્લેખ મળે છે, પણ તેનું યથાર્થ રહસ્ય તો 'ध्यानविचार'માં જ સ્ફુટ થાય છે. 'नवकारसारथवण' અને તેના પરની નમસ્કાર व्याख्यान टीका' પણ અદ્ભુત કૃતિઓ છે.

## નમસ્કાર સ્વાધ્યાય-સંસ્કૃત વિભાગ

આ ગ્રંથમાંની કેટલીક કૃતિઓનો સંક્ષિપ્ત પરિચય આ રીતે છે :-

(૧) ॐकारविद्यास्तवनम्-પંચનમસ્કૃતિ દીપક નામના ગ્રંથમાં સંગ્રહિત આ સ્તોત્રમાં ॐકારના

---

* एयं कवयमभेयं खाइयमत्थं परा भवणरक्खा ।
जोइ सुन्नं बिंदु नाओ तारा लवो मत्ता ॥ २॥

અર્થ-આ પંચ નમસ્કાર એ પરમ અભેદ્ય કવચ છે, પરમ ખાતિકા (ખાઇ) છે, પરમ અસ્ત્ર છે, પરમ ભવનરક્ષા છે, પરમ જ્યોતિ છે, પરમ શૂન્ય છે, પરમ બિંદુ છે, પરમ નાદ છે, પરમ તારા છે, લવ છે અને પરમ માત્રા છે. નમસ્કાર સ્વાધ્યાય (પ્રા. વિ) પૃ-૨૦૬

(પૂર્વના કાળમાં કિલ્લાની રક્ષાના સાધન તરીકે ખાડીનો ઉપયોગ કરાતો હતો.)

ધ્યાન વિષે અને તેનાં ફળો વિષેની માહિતી તથા ॐકારની વ્યાપકતાનો સુંદર ખ્યાલ આપવામાં આવ્યો છે.

(૨) मायाबीज ( ह्रीँकार ) कल्प :–શ્રી જિનપ્રભસૂરિજીના અનુભવ ઉપર આધારિત આ રચના હ્રીँકારના વિષયમાં સુંદર પ્રકાશ પાડે છે.

(૩ अ) अर्हं अक्षरतत्त्वस्तव :–શ્રીજયસિંહસૂરિજી વિરચિત ધર્મોપદેશમાલા વિવરણમાંથી લેવામાં આવેલા આ સ્તોત્રમાં अर्हं કારનું રહસ્યમય વર્ણન છે. તેમાં अ, र અને ह् તથા બિંદુની વિશેષતાઓ તથા વર્ણોની વ્યાપકતાનું સુંદર નિરૂપણ કર્યું છે.

(૩ ब) કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત શ્રીસિદ્ધહેમશબ્દાનુશાસન ના પ્રથમ સૂત્રમાં अर्हंની સ્વોપજ્ઞતત્ત્વપ્રકાશિકા ટીકા અને એ ટીકા ઉપરના શબ્દમહાર્ણવ ન્યાસમાંથી લેવાયેલા આ अर्हं વિષેના બીજા સંદર્ભમાં अर्हंકારનું સ્વરૂપ, અભિધેય, તાત્પર્ય એમ ત્રણ પ્રકારે વ્યાખ્યા કરીને તથા પ્રણિધાન સહિત ચાર દ્વારો વડે વિશદ વિવરણ કરવામાં આવ્યું છે.

(૩ क) સંસ્કૃતદ્વયાશ્રય મહાકાવ્યના પ્રથમ શ્લોકની શ્રીઅભયતિલકગણિ કૃત ટીકામાંથી આ अर्हं વિષેનો ત્રીજો સંદર્ભ લેવામાં આવ્યો છે. તેમાં अर्हं તત્ત્વના ગૌણત્વ અને મુખ્યત્વ વિષે ચર્ચા કરીને તેના રહસ્યનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. अर्हं એ સુવર્ણસિદ્ધિનો મૂળ હેતુ છે, એવું વિધાન આમાં જોવા મળે છે.

(૪) ऋषिमण्डलस्तवयन्त्रलेखनम्–હ્રીંકારનું મહત્ત્વ દર્શાવતું તથા ઋષિમંડલયંત્રાલેખનની વિધિ દર્શાવતું આ શ્રીસિંહતિલકસૂરિજી રચિત સ્તોત્ર સાધક માટે ઘણું ઉપયોગી છે.

(૫) वीतरागस्तोत्रमङ्गलाचरणम्–કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય રચિત શ્રી વીતરાગ સ્તોત્રના મંગલાચરણના પ્રથમ છ શ્લોકો ઉપર શ્રી પ્રભાનંદસૂરિજીએ કરેલા વિસ્તારપૂર્વકના આ વિવરણમાં પ્રત્યેક પદ ઉપર વિશદ રીતે પ્રકાશ નાખવામાં આવ્યો છે.

(૬) पदस्थभावना–ભટ્ટારક શ્રી સકલકીર્તિ રચિત તત્ત્વાર્થસારદીપક નામના મહાગ્રંથમાંના પદસ્થ ભાવના પ્રકરણમાંથી લેવાયેલા આ સંદર્ભમાં નમસ્કારમાંથી ઉત્પન્ન થયેલા અનેક મંત્રોની આરાધનાના પ્રકારો તથા ફલશ્રુતિ અને પદસ્થધ્યાનની સુંદર ભાવના આ તેની ખાસ વિશેષતાઓ છે.

(૭) મંત્રસાહિત્યના મહાન જ્ઞાતા શ્રી સિંહતિલકસૂરિના ત્રણ સંદર્ભો મંત્રસાહિત્યમાં આગવું સ્થાન પ્રાપ્ત કરતા તેમના ગ્રંથ મંત્રરાજ રહસ્યમાંથી લેવામાં આવ્યા છે. पञ्चपरमेष्ठिस्वरूप પ્રથમ સંદર્ભ લેવામાં આવ્યો છે. તેમાં ॐ ह्रीँ अर्हं વગેરે મંત્રબીજોનાં अ–अ–आ–उ–म् વગેરે અંગોનાં રહસ્યનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે,

તેમના રચેલા परमेष्ठिविद्यायन्त्रकल्पः ને દ્વિતીય સંદર્ભ તરીકે લેવામાં આવ્યો છે. તેમાં યંત્રનું વિવરણ તથા ધ્યાન વિષે કુંડલિની શક્તિ વિષેની માહિતી, એ તેની મહત્ત્વની વિશેષતાઓ છે. ત્રીજા સંદર્ભ તરીકે તે જ ગ્રંથકારની રચના લેવામાં આવી છે. लघुनमस्कार चक्रस्तोत्रम्- આમાં શાન્ત્યાદિ કર્મોને સાધવાની પ્રક્રિયાઓ આપવામાં આવી છે.

(૮) नमस्कारमाहात्म्यम्–શ્રી સિદ્ધસેનસૂરિજીની આ કૃતિમાં નવકાર અને તેના પ્રત્યેક વર્ણનું સુંદર વિવેચન છે તથા નવકારના સ્મરણથી થતા લાભો, નવકારનો પ્રભાવ વિગેરે દર્શાવવામાં આવ્યા છે. એમાં સપ્તમપ્રકાશથી જે ચતુઃશરણનું વર્ણન આવે છે, તે તો ખરેખર અજોડ છે.

(૯) पञ्चनमस्कृतिस्तुति તથા परमेष्ठस्तवः–આ બન્ને શ્રી જિનપ્રભસૂરિજીની કૃતિઓમાં નમસ્કાર વિષે વિશિષ્ટ માહિતી મળે છે.

(૧૦) जिनपञ्जरस्तोत्रम्–શ્રી કમલપ્રભસૂરિ કૃત આ સ્તોત્રમાં પંચપરમેષ્ઠી તેમજ ચોવીશ તીર્થંકરોનો શરીરમાં કયે કયે સ્થળે ન્યાસ કરવો અને એ પ્રકારના ન્યાસનું શું ફળ મળે તે દર્શાવવામાં આવ્યું છે.

(૧૧) परमात्मपञ्चविंशतिका–ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કૃત આ કૃતિમાં પરમાત્માના શુદ્ધ સ્વરૂપનું સંક્ષેપમાં સુંદર વર્ણન છે.

(૧૨) पञ्चनमस्कृतिदीपक તથા पञ्चनमस्कृतिदीपकान्तर्गतनमस्कारमन्त्राः–'પંચનમસ્કૃતિ દીપક' નામના ગ્રંથમાંથી લેવાયેલા આ બે સંદર્ભોના કર્તા ભટ્ટારક શ્રી સિંહનંદી છે. પ્રથમ સંદર્ભમાં સાધનામાં ઉપયોગી એવા દિગ્, આસન, મુદ્રા, કાલ, ક્ષેત્ર, દ્રવ્ય, ભાવ, પલ્લવ, કર્મ, ગુણ, સામાન્ય, વિશેષ વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે. જ્યારે બીજા સંદર્ભમાં નમસ્કારના પદોમાંથી નીકળેલા અનેક મંત્રો આપવામાં આવ્યા છે. તેમાં કેટલાક મંત્રોના ધ્યાનની વિશિષ્ટ પ્રક્રિયાઓ પણ બતાવવામાં આવી છે.

(૧૩) लक्षनमस्कारगुणनविधिः–અજ્ઞાતકર્તાની આકૃતિમાં લાખ નવકારના જપનો સુંદર વિધિ તથા તીર્થંકર નામકર્મ કેવી રીતે ઉપાર્જી શકાય એનો નિર્દેશ છે.

(૧૪) तत्त्वानुशासनम्–આચાર્ય શ્રી નાગસેન આના રચયિતા છે. પૂજ્ય મુનિરાજ શ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજે તેનો અનુવાદ કર્યો છે અને તે અમારી સંસ્થાએ પ્રકાશિત કર્યો છે. તેમાંથી જે સંદર્ભ લેવામાં આવ્યા છે, તેમાં નામ-સ્થાપના–દ્રવ્ય–ભાવ–ધ્યેયનું સુંદર વર્ણન છે. એમાં વ્યવહારધ્યાન તથા નિશ્ચયધ્યાન, અર્હંના ધ્યાનની વિશિષ્ટ પ્રક્રિયા તથા અર્હત્‌ના અભેદ ધ્યાનાદિ તથા આત્મસંવેદનનું વર્ણન એ તેની ધ્યાનાકર્ષક વિશેષતાઓ જણાઈ આવે છે.

(૧૫) **मातृकाप्रकरणम्**–શ્રી રત્નચંદ્રગણિની આ કૃતિમાંથી જે સંદર્ભ લેવામાં આવ્યો છે તેમાં પ્રણવાદિ મંત્રબીજોના પ્રત્યેક અંગનું વાચ્ય (અભિધેય) દર્શાવવામાં આવ્યું છે.

(૧૬) **अर्हन्नामसहस्रसमुच्चयः**–કર્તા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય છે. તેમાં અરિહંત પરમાત્માના એક હજાર ને આઠ (૧૦૦૮) નામોની અનુષ્ટુપ છંદમાં સુંદર ગુંથણી કરી છે.

(૧૭) **जिनसहस्रनामस्तोत्रम्**–મહામહોપાધ્યાય શ્રી વિનયવિજયજી કૃત આ સ્તોત્ર ભુજંગ પ્રયાત વૃત્તમાં હોવાથી ગાવામાં આહ્લાદાયક છે. એમાં અરિહંત પરમાત્માના વ્યાપક સ્વરૂપનું વર્ણન છે. તથા તેમની જન્મથી માંડીને નિર્વાણ સુધીની અનેક અવસ્થાઓને નમસ્કાર કરવામાં આવેલ છે. તેમાં અતીત, અનાગત, વર્તમાન ચોવીશીના તીર્થંકરો, આ ભૂમિનાં વર્તમાન તીર્થો, શાસન, સંઘ, નવકારમંત્ર, સિદ્ધાન્ત, દર્શનાદિ શુદ્ધિ, ક્રિયા, સાધુધર્મ, શ્રાવકધર્મ, શ્રુતદેવતા વગેરેને પણ નમસ્કાર કરવામાં આવ્યા છે.

(૧૮) **जिनसहस्रनामस्तवनम्**–કર્તા ખ્યાતનામ પં. આશાધર છે. આ સ્તવન તેમણે જિન, સર્વજ્ઞ, યજ્ઞાર્હ, તીર્થકૃત, નાથ, યોગિ, નિર્વાણ, બ્રહ્મ, બુદ્ધ અને અન્તકૃત્ શબ્દોથી શરૂ થતા દશ શતકોમાં વિભક્ત કર્યું છે. તેમાં શ્રી જિનેશ્વરનાં ૧૦૦૮ નામો આપેલાં છે.

(૧૯) **षोडशकप्रकरणम्**-કર્તા આચાર્ય શિરોમણિ શ્રી હરિભદ્રસૂરિ છે. ષોડશક પ્રકરણમાંથી સમરસાપત્તિ, ભાવપ્રતિષ્ઠા, પૂજા, સાલંબન-નિરાલંબનયોગ, યોગિચિત્ત, ધ્યેયનું સ્વરૂપ વગેરેનું સ્વરૂપ દર્શાવતા શ્લોકોને જુદા તારવીને અનુવાદ સહિત અહીં રજૂ કરેલ છે.

(૨૦) **शक्रस्तव**–આના કર્તા સિદ્ધસેન દિવાકર છે. શ્રી અરિહંત પરમાત્માનું સ્વરૂપ શબ્દોથી પર છે. જે રૂપને સંપૂર્ણ વ્યક્ત કરી શકાય તેમ નથી. તેને પૂર્વના અનેક મહર્ષિઓએ શબ્દો વડે સમજાવવા સ્તોત્રાદિરૂપે અનેક પ્રયત્નો કર્યા છે. અરિહંતના સ્વરૂપને વ્યક્ત કરનારાં ભક્તિપ્રધાન સ્તોત્રોમાં 'શક્રસ્તવ'નું સ્થાન મોખરે રહેલું છે. આ સ્તોત્ર મંત્ર-રાજ ગર્ભિત છે. એના અગિયાર આલાવા એ અગિયાર મંત્રો છે.

(૨૧) **सिद्धभक्तयादिसंग्रह**–રચયિતા આચાર્યશ્રી પૂજ્યપાદ છે. એમાં આત્મા અને મુક્તિ વિષયક અન્યદર્શનીઓની માન્યતાઓનું ખંડન અને જૈનદર્શન સમ્મત આત્મા અને મોક્ષની સિદ્ધિનું સચોટ પ્રતિપાદન જોવા મળે છે.

(૨૨) **श्राद्धविधिसंदर्भः**–રચયિતા શ્રીરત્નશેખરસૂરિ છે. એ ગ્રંથમાંથી શ્રાવકના કર્તવ્ય સંબંધી સંદર્ભ જુદો તારવીને આપવામાં આવ્યો છે. તેમાં શ્રાવકોનું પ્રાભાતિકકૃત્ય, સ્વરોદય વગેરેનું તથા નવકારના જપના પ્રકારોનું વર્ણન છે.

અમારી સંસ્થાએ નમસ્કાર સ્વાધ્યાયના સંદર્ભો ઉપર સ્વતંત્ર ગ્રંથો તૈયાર કરીને અગાઉ બહાર પાડયા છે. તેનો સંક્ષિપ્ત નિર્દેશ આ રીતે છેઃ–

૧. **પંચ પરમેષ્ઠિ મંત્રરાજ ધ્યાનમાલા–સંદર્ભ** ઉપર આધારિત ધ્યાન અને યોગના વિષય ઉપર સ્વતંત્ર ગ્રંથ અમારી સંસ્થાએ બહાર પાડયો છે.

૨. **ધ્યાનવિચાર–સંદર્ભ** ૨૪ પ્રકારનાં ધ્યાન દર્શાવતો અનન્ય ગ્રંથ છે. જેના ઉપર સ્વતંત્ર પુસ્તિકા બહાર પડી છે અને હવે નવો ગ્રંથ સંસ્થા તરફથી તૈયાર થઈ રહ્યો છે.

એક મંજિલ પૂરી થાય છે, ત્યારે હવે પછીનું કાર્ય વિચારવાનું રહે છે–મહત્ત્વની વિગતો તારવીને તેનું યથોચિત સંકલન કરવું, મંત્રનું સાધનનાની દૃષ્ટિએ સ્વરૂપ, આરાધના, વિજ્ઞાન, આરાધકની યોગ્યતા, પંચ પરમેષ્ઠિના પરમ પાંચ પદોની વિચારણા તે પદો શાના દ્યોતક છે, તેનો પરમ રહસ્યમય અર્થ શું છે, તેનો સમગ્ર વિશ્વ સાથે સંબંધ કેવી રીતે છે, માંત્રિક, તાંત્રિક અને યૌગિક દૃષ્ટિએ આ મહામંત્રનું શ્રેષ્ઠ સ્થાન કેવી રીતે છે, તેનાથી રિદ્ધિઓ, સિદ્ધિઓ અને લબ્ધિઓ કેવી રીતે પ્રાપ્ત થાય છે વગેરે અનેક પ્રશ્નો જિજ્ઞાસુને ઉત્પન્ન થતા હોય છે. જે સંશોધન માટેના હવે પછીના વિષયો બની રહે છે.

આ ગ્રન્થનું કાર્ય પૂરૂં થવા આવ્યું ત્યારે જે વિશેષ રચનાઓ મળી, તેને પરિશિષ્ટોમાં સમાવવામાં આવી છે. અદ્ભુત કૃતિઓ જેમાં રહેલી છે તે પ્રસ્તુત ગ્રંથના અમારા આ વિવેચનને અહીં પૂરૂં કરીએ છીએ.

આરાધકો, સંશોધકો સર્વેને નમસ્કાર મહામંત્રનું જે પરમ ગૂઢ, અનિર્વચનીય અને અનુભવગમ્ય સ્વરૂપ છે તે સત્વર પ્રાપ્ત થાય એવી મંગળ કામના સાથે અમે વિરમીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથમાં છદ્મસ્થતા, અનુપયોગ, પ્રેસદોષ આદિ કારણોથી જે કાંઇ શાસ્ત્ર વિરુદ્ધ લખાયું હોય તે બદલ અમે ક્ષમા ચાહીએ છીએ.

૧૧૨, એસ. વી. રોડ, ઇર્લા,<br>
વિલે–પારલે, મુંબઈ–૫૬<br>
તા. ૧૫–૫–૧૯૮૦

નિવેદક<br>
ચન્દ્રકાન્ત અમૃતલાલ દોશી,<br>
ટ્રસ્ટી–**જૈન સાહિત્ય વિકાસ મંડળ.**

# મુખપૃષ્ઠ–ચિત્રપરિચય

આ તે જિનમૂર્તિનું ચિત્ર છે કે જે અત્યારે રાજસ્થાનના સિરોહી જીલ્લાના સિરોહી રોડ રેલ્વે સ્ટેશન નજીકના પિંડવાડા ગામના શ્રી શ્વેતાંબર જિનમંદિરમાં વિરાજમાન છે. તે જિનમૂર્તિનાં દર્શન કરતાં જ આત્મામાં શાંતરસનો મહાસાગર ઊભરાય તેવી તેની મહાન કાયોત્સર્ગ મુદ્રા છે. તેના ઉપર આ રીતે મનનીય શિલાલેખ છે :—

**“ ॐ नीरागत्वाभावेन सर्वज्ञत्वविभावकं ज्ञात्वा भगवतां रूपं जिनानामेव पावनं। द्रो....वदक–यशोदेव...भि....रिदं जैनं कारितं युग्ममुत्तमं। भवशतपरंपरार्जितगुरुकर्मरजो....त...वरदर्शनाय शुद्धसज्ज्ञानचरणलाभाय। संवत् ७४४ साक्षात् पितामहेनेव विश्वरूपविधायिना शिल्पिना शिवनागेन कृतमेतज्जिनद्वयम् ॥ ”**

આ શિલાલેખ સં. ૭૪૪ નો છે. એટલે બહુ જ પ્રાચીન છે. એની ભાષા સંસ્કૃત છે, એમાં ભાષાકીય દૃષ્ટિએ કેટલીક અશુદ્ધિઓ હોવા છતાં અને કેટલુંક લખાણ ત્રૂટિત ત્રૂટિત હોવાથી ન સમજાય તેવું હોવા છતાં ભાવાર્થ સરલ છે. તે આ રીતે છે :—

“ સર્વ પ્રથમ ઓંકાર દ્વારા પંચપરમેષ્ઠિને નમસ્કાર છે.

“ નીરાગતા વગેરે ભાવો વડે, સર્વજ્ઞપણાને પ્રકાશિત કરનારું એવું રૂપ ભગવાન જિનેશ્વરનું જ હોય છે. તે જ પાવન છે.

“ શ્રી યશોદવસૂરિએ આ ઉત્તમ જિનબિંબ યુગલ કરાવેલું છે.

“ તે જીવોએ સેંકડો ભવોની પરંપરામાં ઉપાર્જિત કરેલાં અત્યંત ક્લિષ્ટ કર્મોરૂપ રજને દૂર કરનારું થાઓ.

“ તે ઉત્તમ સમ્યગ્દર્શન, શુદ્ધજ્ઞાન અને નિરતિચાર ચારિત્રના લાભ માટે થાઓ.

“ સંવત ૭૪૪ માં સર્વરૂપોના નિર્માણમાં વિશ્વવિધાતા જેવા શિલ્પી શ્રી શિવનાગે આ જિન-યુગલ કર્યું છે. ”

### પરિચયસાર :

આ જિનમૂર્તિ પંચધાતુમય છે. એ પ્રથમવાર સિરોહી પાસેના વસંતગઢ ગામમાંથી મળી આવી હતી. અત્યારે પિંડવાડા (જિ. સિરોહી, રાજસ્થાન)ના શ્વેતાંબર જિનમંદિરમાં છે, તે કાયોત્સર્ગમુદ્રામાં છે. અતિ આકર્ષક છે, પ્રતિષ્ઠા સંવત ૭૪૪ માં શ્રી યશોધરદેવસૂરિએ કરી હતી, મૂર્તિના શિલ્પકાર શ્રી શિવનાગ હતા.

શિલાલેખમાં કહ્યું છે કે મૂર્તિ વીતરાગત્વ અને સર્વજ્ઞત્વને ઓળખાવનાર, પાપનાશક અને દર્શનજ્ઞાનચારિત્રનો લાભ કરાવનાર છે.

શિલાલેખ વિશેની અમૂલ્ય માહિતી અમને ગવર્નમેંટ કોલેજ, સિરોહી (રાજસ્થાન) ના પ્રાધ્યાપક શ્રી સોહનલાલજી પટણી તરફથી પ્રાપ્ત થએલ હોવાથી અમે તેઓશ્રીના અત્યંત ઋણી છીએ, તેઓશ્રીનો આભાર માનીએ છીએ.

જેઓ જૈન સાહિત્ય વિકાસ મંડલ જેવી સંશોધન કાર્ય માટે સમર્થ સંસ્થા તથા જૈન ધર્મના આધ્યાત્મિક સાહિત્યનું સર્જન કરીને એક અમૂલ્ય ખજાનો પોતાના પરિવારને જ નહી પણ સમસ્ત સમાજને સમર્પિત કરતા ગયા

અને

નવકાર વિષયક સર્વ પ્રાચીન સાહિત્યના સાનુવાદ સંકલનની જેઓની મહાન ઇચ્છા આ ગ્રંથના પ્રકાશનથી પરિપૂર્ણ સફળ થઈ રહી છે

તે



સ્વ. શ્રાદ્ધવર્ય શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી, બી.એ.

જન્મ: તા. ૧૪-૧૦-૧૮૯૪ ] સ્વર્ગવાસ : [ તા. ૭-૧-૧૯૭૭

## અર્પણ

જેઓ

**નમસ્કાર સ્વાધ્યાય**–પ્રાકૃત વિભાગ

**નમસ્કાર સ્વાધ્યાય**–સંસ્કૃત વિભાગ

**નમસ્કાર સ્વાધ્યાય**–અપભ્રંશ–હિંદી–ગુજરાતી વિભાગ

**યોગશાસ્ત્ર અષ્ટમ પ્રકાશ વિવરણ**

**તત્ત્વાનુશાસન**–ગુજરાતી અનુવાદ સહિત

વગેરે મહાકાય ગ્રંથોના નિર્માણમાં

મને સતત્ પ્રેરણા કરતા રહ્યા છે

તે

સ્વ. શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી

ના

સદ્ગત આત્માને

અતિ પ્રેમ, અતિ આદર, અતિ બહુમાન સાથે

અર્પિત

– સંપાદક

## સ્વ. શ્રાદ્ધવર્ય શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી મારી દૃષ્ટિએ

લગભગ ૨૦ વરસ પહેલાંની આ વાત છે. સ્વ. શ્રાવકવર્ય શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી નમસ્કાર સ્વાધ્યાય–પ્રાકૃત વિભાગ સંશોધનનું કાર્ય લઈને આવ્યા. કામ બહુ મોટું હતું અને ઘણો સમય માગી લે તેમ હતું, તેથી ઘણા મોટા મોટા વિદ્વાન સાધુ ભગવંતોને સુશ્રાવક શ્રી અમૃતલાલભાઈએ કાર્ય સંભાળી લેવાની વિનંતિ કરી, પણ જ્યારે કોઈએ એ કામ લીધું નહીં ત્યારે અંતે પૂજ્ય વડીલોના આદેશથી એ કામ સુ. અમૃતલાલભાઈએ મને સોંપ્યું. બીજા સર્વ વડીલ સાધુ ભગવંતોએ પણ મને આશીર્વાદ આપ્યા અને વિજયાદશમીથી એ કાર્યનો મંગલ પ્રારંભ કર્યો.

હવે મને એમ લાગે છે કે મારા મહાન પુણ્યાનુબંધિ પુણ્યના ઉદયથી જાણે સુશ્રાવક અમૃતલાલભાઈ મને એ કામ સોંપવા માટે ન આવ્યા હોય ! આવો વિચાર આવવાનું કારણ એ છે કે આજે નવકારના વિષયનું ઊંડાણ જે મને પ્રાપ્ત થયું છે, એમાં પ્રથમ ઉપકાર એમનો હતો.

સંશોધનનું કામ એટલે ઘણા ઘણા ગ્રંથો જોવા પડે અને એમ જોતાં જોતાં નવકાર મનમાં વસતો ગયો, એનો મહિમા સમજાતો ગયો અને એના વિષે વધુ ને વધુ જિજ્ઞાસા વિકસવા લાગી. એથી જીવનમાં જે કોઇ લાભો પ્રાપ્ત થયા, એના મૂળ કારણોમાં સુશ્રાવક અમૃતલાલભાઈનો મોટો ફાળો છે.

નમસ્કાર સ્વાધ્યાય પ્રાકૃત વિભાગના સંશોધનમાં બેથી વધુ વરસ નીકળી ગયાં. આ બાજુ સુશ્રાવક અમૃતલાલભાઈએ મને કહી રાખેલું કે, "ગમે તેવું કામ હોય, ગમે ત્યારે ગમે તે પુસ્તક કે વસ્તુની જરૂર પડે, તમોએ મને જ જણાવવું, મને જ લાભ આપવો." આ રીતે તેઓ સર્વ અનુકૂળતા સાચવતા રહ્યા અને બહુ જ કુનેહપૂર્વક, સતત્ પ્રેરિત કરીને અને પોતે એમાં સંપૂર્ણ સહકાર આપીને નમસ્કાર સ્વાધ્યાય પ્રાકૃત વિભાગનું કાર્ય તેઓએ મારી પાસેથી કરાવી લીધું. ખરું કહું તો એ કામ એમણે આ રીતે કરાવી લીધું એટલે થયું !

એ પછીના વરસોમાં એ જ ઉત્સાહથી, એ જ પ્રેરણાથી અને એ જ કુનેહથી તેઓએ મારી પાસેથી નમસ્કાર સ્વાધ્યાય – સંસ્કૃત વિભાગ અને તત્ત્વાનુશાસન ગુજરાતી અનુવાદ એ બે ગ્રંથોનું કામ કરાવી લીધું. કાર્યકુશળતા, સરળતા, સજ્જનતા, વાત્સલ્ય, પ્રેમ, નમ્રતા વગેરે ગુણોથી એમનું જીવન ભરેલું હતું.

એક મેં જોયું કે એમને જ્ઞાનમાં અગાધ રસ હતો. જીવનમાં લક્ષ્મીથી સમૃદ્ધ થવા માટે એમણે જેટલો પ્રયાસ કર્યો હતો, તેથી પણ વધુ પ્રયાસ જ્ઞાન લક્ષ્મીથી સમૃદ્ધ થવા

માટે કર્યો હતો. એ પોતે એકલા જ જ્ઞાન સમૃદ્ધ થાય એવા સ્વાર્થી ન હતા, તેથી "જૈન સાહિત્ય વિકાસ મંડળ" સંસ્થા સ્થાપીને સૌ કોઇ સમ્યગ્જ્ઞાન રૂપ ધન વડે સમૃદ્ધ થાય, એ માટે ભગીરથ પ્રયાસ આદર્યો.

લક્ષ્મી મેળવવામાં જેવો સહકાર એમના પુણ્યે અને એમની કુશળતાએ એમને આપ્યો, એવો જ સહકાર એ જ બે કારણોએ એમને જ્ઞાન મેળવવામાં પણ આપ્યો. મહેનત તે કેવી કે દિવસમાં ધંધાના સમયે ધંધો સંભાળવાનું અને બાકીના સમયે જ્ઞાન વ્યવસાય. કેટલાક દિવસોમાં તો તેઓ રાતના ફક્ત બે જ કલાક નિદ્રા લેતા, બાકીની આખી રાત ચિંતનમાં જતી.

પોતે B. A. હતા. એમના કાળમાં B. A. એટલે ઘણું ઊંચું શિક્ષણ ગણાતું. સંસ્કૃત ભાષામાં તેઓ પ્રવીણ હતા. વાંચનનો તેઓને ખૂબ જ રસ.

એમને કહેવામાં આવે કે 'અમૃતલાલભાઈ! અમુક અમુક વિષય ગ્રંથોમાં ગોતવો છે!' તો તે સદા તૈયાર. ઘણી જહેમત ઉઠાવીને અંતે વિષય મેળવી આપે અને તે પણ પાછો મહત્ત્વનો.

હવે ઘનિષ્ટ પરિચયના દિવસો આવ્યા. 'યોગશાસ્ત્ર અષ્ટમ પ્રકાશ વિવરણ' ગ્રંથનું કામ સંભાળવાનું હતું; એ નિમિત્તે લગભગ બે વરસ જેટલો કાળ જામનગરમાં રહેવાનું થયું. સુ. અમૃતલાલભાઇને જ્ઞાનનો રસ એવો હતો કે એ બે વરસ તેઓ પણ જામનગરમાં રોકાયા. જામનગર એમનું પોતાનું વતન. અવારનવાર વચ્ચે તેઓ પ્લેનથી મુંબઈ જઈ આવતા પણ બે વરસ સુધી એમનું મન સંશોધન કાર્યમાં જામનગરમાં જ રહ્યું.

યોગવિદ્યા અને તંત્રવિદ્યા એ બેમાં તેઓ મને નિષ્ણાત કરવા માગતા હતા, જેથી યોગશાસ્ત્રનું કામ ઘણી જ ઉચ્ચ કોટિનું થાય. એ માટે તેઓએ એક સારા વિદ્વાન અનુભવી પંડિત ગોતી આપ્યા. એ પંડિત પાસે તંત્રાલોક, સ્વચ્છંદ તંત્ર, મૃગેન્દ્ર તંત્ર, વિજ્ઞાન ભૈરવ, શ્રી વિદ્યાર્ણવ વગેરે ગ્રંથોનો અભ્યાસ મેં કર્યો. એ પંડિતના બધા જ ખરચ વગેરેની વ્યવસ્થા સુ. અમૃતલાલભાઇએ કરેલી.

જામનગરમાં એમના મકાનની બાજુમાં જ શ્રી પોપટલાલ ધારસીભાઇની જૈન બોર્ડિંગમાં અમારા માટે ઉપાશ્રય જેવી જ બધી વ્યવસ્થા તેઓએ કરાવી આપી. રોજ ઓછામાં ઓછા પાંચ કલાક તેઓ મારી પાસે બેસતા અને એ રીતે યોગશાસ્ત્ર અષ્ટમ પ્રકાશ વિવરણ ગ્રંથની રચનામાં તેઓ હંમેશાં પોતાના વિચારો વગેરે રજૂ કરતા રહેતા.

એક વખત તો એવું બન્યું કે યોગશાસ્રના આઠમા પ્રકાશના એક શ્લોકમાં રહેલી ધ્યાનપ્રક્રિયા ગૂઢ હતી. તે પ્રક્રિયા બરોબર સમજ્યા વિના એ શ્લોકનો અર્થ કરી શકાય નહીં. આવો શ્લોક ક્યાંક બીજા ગ્રંથોમાં મળી જાય તો કેવું સારું. એ માટે અમે બંને

અનેક યોગગ્રંથો, તંત્રગ્રંથો વગેરે જોવા લાગ્યા. ફક્ત એક જ શ્લોકને બેસાડવામાં દોઢ મહિનો નીકળી ગયો, પણ અંતે એક શૈવતંત્રના ગ્રંથમાં એ શ્લોક સંપૂર્ણ મળી ગયો અને એ શ્લોકની ટીકા પણ બહુ જ મોટી મળી. અર્થ સ્પષ્ટ થઇ ગયો. અમારા બંનેના આનંદનો પાર ન હતો.

ગ્રંથોની અનુકૂળતા તો એમણે મને ઘણી જ કરી આપી હતી. ગમે તેટલો કિંમતી ગ્રંથ હોય, ગમે તેટલાં પુસ્તકો એકી સાથે જોઈતાં હોય, તો તેઓ અથાગ પ્રયત્નથી એ બધા જ મેળવી આપતા. પૂનાની ભાંડારકર સંસ્થામાંથી બહારગામવાળા માટે કેટલીક હસ્તલિખિત પ્રતિઓ મળવી મુશ્કેલ હોય છે, પણ તેઓ માટે આ કામ બહુ જ સરલ હતું. તેઓ બીજાને ન મળી શકે એવી પ્રતો મેળવી શકતા હતા.

એમનું વાંચન અને પરિશીલન વિશાળ હતું. જે કાંઈ વાંચતા તેની તરત જ નોટ્સ કરી લેતા અથવા માણસ પાસે કરાવી લેતા. એક વખત એમણે કોઈ ગ્રંથમાં એક વિષય જોયો હોય, પછી ગમે ત્યારે જરૂર પડે તો એ વિષય તરત મેળવી આપતા.

આ તો બધું ઠીક પણ પોતે પોતાના માટે એવી એક યોગસાધનાની શોધમાં હતા કે જે મેળવવા માટે તેઓ આકાશ પાતાળ એક કરી રહ્યા હતા—અથાગ પરિશ્રમ કરતા હતા. યોગસાધનામાં તેઓશ્રીને અદ્ભુત રસ હતો અને પ્રયત્ન પણ તેઓ એવો જ કરતા હતા. અનેક યોગીઓના સંપર્કમાં તેઓ હતા.

પોતે પોતાની અંતિમ અવસ્થામાં સંપૂર્ણ સમાધિ જાળવી શકે, એટલું જ્ઞાન તેઓએ સારી રીતે મેળવેલું. છેલ્લે છેલ્લે શરીરમાં બીમારીઓ અનેક હતી, પણ એ સ્થિતપ્રજ્ઞ પુરુષ એ અવસ્થામાં પણ સ્વસ્થ હતા. આ બાજુ એમની ટ્રીટમેંટ ચાલુ હોય અને આ બાજુ એમનું મન તો વિવિધ ગ્રંથોના વિવિધ વિષયોના પરિશીલનમાં રમી રહ્યું હોય, કેવી જ્ઞાન રમણતા !

જૈન આચાર્યોમાં સૌથી વધુ માન એમને સ્વ. પૂ. આ. દેવ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ. સા. પ્રત્યે હતું. એ મહાપુરુષને તેઓ બહુ જ આદર સાથે સંભારતા અને કહેતા કે 'જ્ઞાનમાં સતત પરિશ્રમ તો પૂ. આ. સાગરાનંદસૂરીજીનો.' તેઓ બોલતાં બોલતાં આનંદ અનુભવતા કે "શ્રી સાગરાનંદસૂરિ એટલે મૂર્તિમાન જ્ઞાનની જ્યોત !" શ્રી સાગરાનંદસૂરીજીના જ્ઞાનની કદર તેઓ જે રીતે કરતા હતા, તેવી કદર કરતી બીજી વ્યક્તિઓ મેં તો હજી જોઈ નથી.

સુ. અમૃતલાલભાઈને તે તે વિષયોમાં નિષ્ણાત તે તે વ્યક્તિઓનો પરિચય કરવામાં બહુ રસ હતો. તેઓ ઉદાર પણ એટલા જ હતા.

જામનગરમાં એક તાંત્રિક પંડિત તો સદા પોતાને ત્યાં જ રાખતા હતા. આયુર્વેદમાં પણ એમને રસ હતો.

એક વખત એક ભગવા વસ્ત્રવાળા યોગીને તેઓ અમદાવાદથી જામનગર લઈ આવ્યા હતા. ખરેખર, એ યોગીનું યોગનું જ્ઞાન અગાધ હતું. એ બધું એ સમજાવવાની કોશિશ કરતા. છેલ્લે એ યોગીની વિદાયનો અવસર આવ્યો. જતી વખતે એણે સુ. અમૃતલાલભાઈ પાસે ઘણી ઘણી ચીજો માગી અને એ બધું અનુભવ્યા પછી ઉપાશ્રયમાં મને કહેવા લાગ્યા કે 'ખરેખર, સાચા નિઃસ્પૃહ તો જૈન સાધુઓ જ હોય છે.'

સુ. અમૃતલાલભાઈ ઉદાર અને પ્રેમાળ પણ એટલા જ હતા. ગુપ્ત રીતે દાન વગેરે આપતા. પ્રસિદ્ધિ કે કીર્તિનો તેમને મોહ ન હતો.

એક વખત એક જૈન ભાઈએ કોઈક ઓફિસમાંથી ટાઈપરાઈટરની ચોરી કરી, બજારમાં તે વેચી માર્યું. આગળ જતાં એ ભાઈ પોલીસના સકંજામાં આવી ગયા. પોલીસના માણસોને સમજાવી, તે ભાઈને મુક્ત કરાવ્યો. પછી તેને જીવન-નિર્વાહ માટે સમુચિત ધન આપી સારે રસ્તે ચઢાવી દીધો. આ બધું એવી રીતે કર્યું કે કોઈને પણ ખબર નહીં. એ ભાઈએ જ્યારે મારી પાસે વાત કરી, ત્યારે જ મને ખબર પડી, પણ સુ. અમૃતલાલભાઈએ પોતાના મુખથી પોતાની પ્રશંસા કદી જ કરી ન હતી.

એક વખત સુ. અમૃતલાલભાઈ એક વૃદ્ધ અનુભવી શ્રાવકને* લઈને આવ્યા હતા. એમણે મને કહ્યું કે, "આમનો પરિચય કરવા જેવો છે. તેઓ પાસે ત્રણ અદ્ભુત વસ્તુઓ છે: જ્યોતિષ, યોગ અને ડહાપણ."

ખરેખર એ શ્રાવક ઘણા જ અંતર્મુખ હતા. મારા જીવનમાં મેં આવા જ્યોતિષી જોયા નથી. સામી વ્યક્તિ ઉપર નજર પડતાં જ તેના વિષે બધું જ કહી શકે અને ગંભીર પણ એવા જ.

યોગની ત્રણ સિદ્ધ પ્રક્રિયાઓ અને જ્યોતિષ શ્રી ભાઈચંદભાઈને એક સંન્યાસીએ આપેલું. સંન્યાસીને તેઓ ઉપર દયા આવી હતી. બનેલું એવું કે તેઓ કરોડપતિ હતા, પણ બધું જ ધન ચાલ્યું ગયું હતું. તેઓ દીન બની ગયા હતા. એ અવસ્થામાં સન્યાસીએ તેમને આશ્વાસન આપી વિદ્યાઓ આપી હતી. તેઓ નિઃસ્પૃહ હતા. એ જ્યોતિષી રાત્રિએ કોઈને કેવું સ્વપ્ન આવ્યું છે, તે પણ કહી આપતા.

કોઈપણ અનુભવી અને બુદ્ધિશાળી પિતા પોતાના સંતાનને જેમ સાચી અને સારી સલાહ આપે, તેમ શ્રી ભાઈચંદભાઈ સારી સલાહ આપતા.

---

* નામ ભાઈચંદભાઈ હતું.

આ તો એક દૃષ્ટાંત થયું. સુ. અમૃતલાલભાઈ આવા અનેક અનુભવી માણસો પાસેથી સદા પ્રેમથી જ્ઞાન અને અનુભવ મેળવી લેતા હતા.

સુ. અમૃતલાલભાઈને જૈન સંઘની ઘણી જ ચિંતા હતી. એક વખત અમદાવાદમાં બધા જૈન આગેવાનો ભેગા થયા હતા. એ વખતે એ આગેવાનોની સાથે સંઘના અભ્યુદયના વિષયમાં પોતે કેવી કેવી રીતે વાત કરી, એ જ્યારે મને તેઓ કહેતા ત્યારે હું તો એમની સ્વાભાવિક પ્રતિભાથી અત્યંત પ્રભાવિત થઈ જતો હતો. જૈન સંઘની વર્તમાન સમસ્યાઓ કેમ ઉકેલાઈ જાય એ વિષે તેઓ પોતાનાથી બનતું બધું કરતા હતા.

છેલ્લે છેલ્લે મેં સુ. અમૃતલાલભાઈને એમના નિવાસસ્થાને (ઈરિલા બ્રીજ) જોયા હતા. ત્યારે તેઓ માંદગીમાં હતા. પથારીવશ હતા. અમે એ વખતે ઈરિલા બ્રીજ ઉપાશ્રયે હતા. તેઓ હંમેશાં બોલાવવા માટે માણસને મોકલતા. પલંગ પર પડ્યા પડ્યા પણ તેઓ ધર્મની તાત્ત્વિક વાતો સાંભળવામાં બહુ જ રસ ધરાવતા હતા. જ્યારે જ્યારે અંતિમ આરાધનાના વિષયો – મૃત્યુ મહોત્સવ વગેરે – તેમને હું સંભળાવતો, ત્યારે ત્યારે તેઓ આનંદમાં આવી જતા.

એ પછી લગભગ બે વરસે તેઓનો સ્વર્ગવાસ થયો.

છેલ્લે એક વખત અમે ગોવાલીઆ ટેન્ક ઉપાશ્રયે હતા. એ વખતે તેઓ જસલોક હોસ્પીટલમાં હતા. એ વખતે ધર્મ સાંભળવામાં તેઓનું મન સદા રહ્યા કરતું હતું.

આ તો મારા સંબંધમાં આવ્યા, તેટલા પૂરતો જ અતિસંક્ષેપમાં પરિચય રજૂ કર્યો છે, જેમાં તેઓમાં રહેલા અનેક ધાર્મિક ગુણો તરી આવે છે.

એમનો ગુણિયલ આત્મા પરલોકમાં સદા સુખી રહો અને થોડા જ ભવોમાં મોક્ષની પ્રાપ્તિ કરો એવી શુભ ભાવના સાથે વિરમું છું.

**— મુનિ તત્ત્વાનંદવિજય**

આરાધના ભવન,
શ્રી ચંદ્રપ્રભસ્વામી દેરાસર,
વિલેપારલે, વેસ્ટ, મુંબઈ–૫૬

વીર સંવત ૨૫૦૬
શ્રી પાર્શ્વનાથ જન્મ કલ્યાણક
તા. ૧૪–૧૨–૭૯

# ગ્રંથ-પરિચય

## ગ્રંથ પરિચયની સમજ

[ આમાં બધા જ પરિચય આપેલ નથી, કેટલોક પરિચય તો તે તે સંદર્ભમાં જ આપવામાં આવેલ છે. એ પરિચયમાં પ્રતિપરિચય, ગ્રંથકાર પરિચય વગેરે આપેલ છે. જ્યારે એ સિવાયનો પરિચય અહીં આપેલ છે. જેમાં મોટે ભાગે તે તે સંદર્ભમાં રહેલ વિશેષ પદાર્થ અને તેની વિશેષતાઓ દર્શાવવામાં આવી છે, જે વાંચનાર માટે અતિ ઉપયોગી છે. ગ્રંથ વાંચતાં પહેલાં આ ગ્રંથ-પરિચય વાંચી જવાથી વાંચનારને વિશેષ લાભ થશે. ]

## [ ૮૩-૧ ] તેરસ-બેઅ-નવકાર-સરૂવ-ફલં.

આ સંદર્ભના કર્તા વિષે ઉલ્લેખ મળ્યો નથી, તો પણ ભાષા ઉપરથી એમ લાગે છે કે-એ અતિ પ્રાચીન હોવું જોઈએ. એમાં શ્રી તીર્થંકર નામકર્મને ઉપાર્જન કરવા માટે અત્યંત પવિત્ર અક્ષરસ્મરણમય સરલ સાધન બતાવવામાં આવ્યું છે. વિદ્યાપ્રવાહ પૂર્વમાંથી આ આવ્યું હશે એમ લાગે છે. પદસ્થ ધ્યાનમાં જપ વગેરે સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે.*

આ સંદર્ભમાં પ્રથમ બે ગાથાઓ બહુ જ મહત્ત્વની છે. અહીં કહ્યું છે કે-૧-૨-૩-૪-૫-૬-૭-૧૬-૩૫-૬૮-૧૨૭-૧૬૩ એ રીતે ગાથા ત્રણ પછીની ગાથાઓમાં દર્શાવેલ અક્ષરો વડે નવકારના ૧૩ પ્રકારો થાય છે. તાત્પર્ય એ છે કે-આ બધા જ મંત્રાક્ષરો નવકારમાંથી નીકળેલ છે. એમાંનો એક એક પ્રકાર સ્વયં પોતે ગૂઢ મહાવિદ્યા-સ્વરૂપ છે. આમાંના કેટલાક પ્રકારો યોગશાસ્ત્ર વગેરે ગ્રંથોમાં મળે છે. ત્યાં કહેવામાં આવ્યું છે કે આ બધાં જ પૂર્વગત વિદ્યાઓ છે.× આ સંદર્ભમાં ગાથા ૩ માં ॐ ને પરમાક્ષર, ગાથા ૫ માં अर्हं ને પરમેષ્ઠિ નમસ્કાર, ગાથા ૭ માં असि आउसा ને સર્વ મણિ, મંત્ર, ઔષધિ કરતાં પણ અધિક વગેરે જે કહેવામાં આવ્યું છે, તે ઘણું જ મહત્ત્વનું અને સાર્થક છે.

આરાધક આત્માઓ માટે આ સંપૂર્ણ સંદર્ભ બહુ જ કાળજીપૂર્વક વાંચી જવા જેવો છે.

## [ ૮૪-૨ ] નવકાર રાસ.

આ સંદર્ભમાં શરૂઆતના પાંચ પદ્યોમાં પાંચ પરમેષ્ઠિઓના ગુણો સામે રાખીને નમસ્કારપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

૬ ઠ્ઠા પદ્યમાં નવકારનો મહિમા છે. સાતમા પદ્યમાં લાખ નવકારની વિધિપૂર્વક આરાધના કરવાથી શ્રી તીર્થંકરપદની પ્રાપ્તિ થાય છે, એ કહેવામાં આવ્યું છે.

આઠમા પદ્યમાં કહ્યું છે કે પૃથ્વી, સ્વર્ગ અને પાતાલમાં નવકારના યશપરિમલનો વિસ્તાર વિશાળ છે. અહીં સકલ આગમને દેહની ઉપમા આપીને નવકારને તિલકની ઉપમા આપેલ છે.

---

* વિશેષ માટે જુઓ પ્રસ્તુત સંપાદક વિરચિત અને **શ્રી જૈન સાહિત્ય વિકાસ મંડળ** દ્વારા પ્રકાશિત ગ્રંથરત્ન '**યોગશાસ્ત્ર અષ્ટમ પ્રકાશ વિવરણ**' આ સમગ્ર ગ્રંથ પદસ્થ ધ્યાનને ઉદ્દેશીને રચવામાં આવ્યો છે. વિશેષ જિજ્ઞાસુ સાધકો માટે આ ગ્રંથનું વાંચન બહુ જ ઉપયોગી થશે.

× કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરની સવિશેષ આરાધનાથી પ્રસન્ન થએલ શ્રુતદેવતાએ પૂર્વગત કેટલીક વિદ્યાઓ તેઓને આપેલ, તેમાંની કેટલીક વિદ્યાઓ યોગશાસ્ત્રના આઠમા પ્રકાશમાં તેઓએ ગૂંથેલ છે. જેમાંની કેટલીક વિદ્યાઓના અક્ષરો આ સંદર્ભના મંત્રાક્ષરો સાથે મળતા આવે છે.

નવમું પદ્ય કહે છે કે – કામધેનુ, ચિંતામણીરત્ન કે કલ્પવૃક્ષ ફક્ત આ જ ભવમાં વાંછિત આપે છે, જ્યારે નવકાર આ ભવમાં, પરભવમાં અને ભવોભવમાં વાંછિત પૂરે છે.

અગિયારમા પદ્યથી નવકારનો મહિમા દૃષ્ટાંતો આપીને કહેલ છે.

સત્તરમા પદ્યથી નવકારનો મહિમા વર્ણવેલ છે.

## [ ૮૫-૩ ] નવકાર ફલવર્ણન.

નવકારના સ્મરણથી આલોક અને પરલોકના બધાં જ સુખો, બધા જ ઇષ્ટ પદાર્થો કેવી રીતે સ્વયં પ્રાપ્ત થાય છે. તથા બધાં જ દુઃખો કેવી રીતે દૂર થાય છે, તે આ સંદર્ભમાં બહુ જ સુંદર શૈલીમાં કહેવામાં આવ્યું છે.

## [ ૮૬-૪ ] પરમેષ્ઠિમંત્ર સ્તોત્ર.

આ સંદર્ભમાં મોહમહાસર્પના ગરલ – વિષને, જે વિષ વડે આખું વિશ્વ – જગત મૂઢ છે – તેને કેવી રીતે નવકાર ઉતારે છે તે સુંદર રીતે બતાવ્યું છે.

અરિહંત, સિદ્ધ વગેરે દરેક પદનો મહિમા ( ખાસ કરીને વિષ ઉતારવા માટેનો ) સુંદર શૈલિમાં કહ્યો છે.

અરિહંત પદના વર્ણનમાં વિષહર મંત્રના ૧૮ અક્ષર ૧૮ પ્રકારના સ્થાવર જંગમ વિષ તથા શ્રી અરિહંતનું ૧૮ દોષથી રહિતપણું વગેરે ૧૮ ની સંખ્યા ખાસ ધ્યાન ખેંચે છે.

આચાર્યપદના વર્ણનમાં મહાજ્ઞાની ચૌદપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી તથા તેઓશ્રી દ્વારા પ્રકાશિત શ્રી ' વિષધર મંત્ર ' નો ઉલ્લેખ છે.

ઉપાધ્યાયપદ પંક્તિ ૩, ૭, ૯ અને સાધુપદ પંક્તિ ૫ માં ' ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः ' એ મંત્ર ગર્ભિત છે.

પૃષ્ઠ ૧૮ ની પ્રથમ ગાથામાં મંત્ર બીજાક્ષરોથી સહિત સ્મરવો જોઈએ એવો નિર્દેશ છે. વિષહર મંત્ર મૂલ ૧૮ અક્ષરનો છે. તેની પૂર્વમાં અને પશ્ચાત ॐ ह्रीँ વગેરે મંત્રબીજો ગુરુગમથી જોડવામાં છે. બીજાક્ષરોથી સહિત વિષહરમંત્રના ૨૭ અક્ષર શ્રેષ્ઠ ગણવામાં આવે છે.

**કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ રચિત યોગશાસ્ત્ર** અષ્ટમ પ્રકાશમાં પ્રયોજન વિશેષ માટે નવકારના પદોની પૂર્વમાં ॐ વગેરે બીજાક્ષરો જોડવાનું વિધાન છે.

## [ ૮૭-૫ ] પંચપરમેષ્ઠિ નમસ્કાર માહાત્મ્ય.

આ સંદર્ભના પ્રારંભમાં કહ્યું છે કે–

" હે અજ્ઞાની જીવ ! શા માટે મનમાં કલ્પવૃક્ષનો વિચાર કરે છે ? શા માટે ચિંતામણિરત્ન, કામધેનુ વગેરે મેળવવાની સાધના કરે છે. શા માટે દેશ–દેશાંતરમાં ભમી

ચિત્રાવેલ ગોતે છે અને શા માટે રત્નની રાશી મેળવવા સાગર ઓળંગે છે. એના કરતાં સારું એ છે કે ચૌદ પૂર્વનો સાર નવકાર પામ કે જેથી અહીંના બધાં કાજ સરે અને દુસ્તર સંસારને પણ તું સહેલાઇથી તરી જાય.

આ સંદર્ભમાં કહ્યું છે કે મસ્તકસ્થાને અષ્ટદલસુવર્ણકમલમાં અનુક્રમે અરિહંત આદિ પદોનું તે તે શ્વેત આદિ વર્ણમાં ધ્યાન કરવું જોઇએ. વળી સાધકે પણ તે તે પદની વિશિષ્ટ સાધના વખતે તે તે વર્ણનાં વસ્ત્ર પહેરવાં જોઈએ.

છંદ ૨ માં કહ્યું છે – નવકાર કેવલિભાષિત રીતે ( શાસ્ત્રોક્ત વિધિથી ) ગણવાથી સર્વ લાભો થાય છે.

આ સંદર્ભમાં કહ્યું છે – અરિહંત પદના ધ્યાનથી ( મુખ્ય વસ્તુ ) મોક્ષ, સિદ્ધપદથી વશીકરણ, આચાર્યપદથી રિદ્ધિ–સિદ્ધિ–લાભ–નવનિધિ–રાજ્ય–રોગનાશ અને ઉપાધ્યાયપદથી વૈમાનિક દેવગતિની પ્રાપ્તિ થાય છે.

નવકાર ગણતી વખતે નવકારના ગુરુ-લઘુ અક્ષરોના ઉચ્ચારનો ઉપયોગ રાખવો જોઈએ. નવકારનો જાપ ભાવપૂર્વક કરવો જોઈએ. એથી પ્રચુર પાપક્ષય થાય છે.

પદ્ય ૯ થી દૃષ્ટાંતો આપેલાં છે.

કર્તાની અપાર શ્રદ્ધા આ સ્તોત્ર રચનામાં દેખાઈ આવે છે.

## [ ૯૦-૮ ] નવકાર સ્તવન.

આમાં તપસહિત નવકાર ગણવાનું માહાત્મ્ય સમજાવ્યું છે. નવકારના ૯ પદ છે. પદ દીઠ ક્રમશઃ આ રીતે ઉપવાસ કરવા.

૭–૫–૭–૭-૯–૮–૮–૮–૯ આ રીતે કુલ ૬૮ ઉપવાસથી નવકારની આરાધના કરવી.

તે તે પદની આરાધના વખતે તે તે પદની ૨૦ માળા રોજ ગણવી. દા. ત. પ્રથમ પદ 'નમો અરિહંતાણું' ની આરાધના વખતે લાગલાગટ ૭ ઉપવાસ અને દરરોજ એ પદની ૨૦ માળા ગણવી.

પાંચ પરમેષ્ઠિના અનુક્રમે આ રીતે ગુણો છેઃ-

૧૨ + ૮ + ૩૬ + ૨૫ + ૨૭ = ૧૦૮

ઉપર કહેલ ૬૮ ઉપવાસની આરાધના વખતે દરરોજ જિનપૂજા કરવી, ગુરુભક્તિ કરવી, સાધર્મિકભક્તિ કરવી વગેરે. તે પછી તપ પૂર્ણ થતાં ઉજમણું કરવું.

## [૯૧-૯] ણમોકકાર માહાત્મ્ય.

આમાં નવકારનાં અનેક દૃષ્ટાંતો કાવ્યમાં અંતર્ગત કર્યાં છે. આ દૃષ્ટાંતો દિગંબર સંપ્રદાયના ગ્રંથોથી જાણી લેવાં.

આમાં નવકારને અપરાજિત મંત્ર કહ્યો છે.

## [૯૨-૧૦] નવકાર માહાત્મ્ય.

આમાં પ્રથમ નવકારનું અને પછી ચાર શરણનું વર્ણન કર્યું છે.

## [૯૩-૧૧] નવકાર સ્તવન.

આમાં અનુક્રમે નવકારની મંગળતા, પાંચ પદ, પદ, સંપદા, ગુરુ-લઘુ અક્ષર, પાપક્ષય અને દૃષ્ટાંતોનું વર્ણન છે.

## [૯૪-૧૨] નવકાર ફલગીત.

આમાં પદ્ય ૪ માં કહ્યું છે કે-

કોઈ આકાશને કાગળ કરે, બધી વનરાજીની લેખિની બનાવે, સર્વ સમુદ્રોના પાણીની શાહી બનાવે, બૃહસ્પતિ પોતે જ ગુણગાન (નવકારના) કરવા બેસે અને ઇંદ્ર તે સદા લખે તો પણ આ ગુણગાન-લેખનનો અંત કદાપિ ન આવે. પદ્ય ૭થી નવકારનાં દૃષ્ટાંતો કહ્યાં છે.

## [૯૫-૧૩] નમસ્કાર સુભાષિત.

આમાં કહ્યું છે કે નવકાર સંજીવની છે. તેનો વારંવાર જપ કરવો તેને એક ક્ષણ પણ વિસારવો નહિ. સૂતાં ઉઠતાં, મોઢું ધોતાં, વિદેશ જતાં, વનમાં સર્વત્ર નવકાર ગણવો. સર્પ પાસે આવી જાય તો ડરવું નહીં. નવકાર ગણનાર સંકટમાં પડતો નથી. તેને વ્યંતર દેવતા છળતા નથી, અગ્નિમાં તે બળે નહીં. સમુદ્ર પર તે પગે ચાલ્યો જાય. નવકારનો જપ મોક્ષફળ આપે છે.

## [૯૬-૧૪] અરિહંત બત્રીસ બિરુદાવલી.

આ બત્રીસ સંખ્યાનો સંબંધ બત્રીસ દાંત સાથે છે. ( શ્રી કુમારપાળ મહારાજા દરરોજ પ્રાતઃકાળ શ્રી વીતરાગ સ્તોત્રના ૨૦ પ્રકાશ અને યોગશાસ્ત્રના ૧૨ પ્રકાશ એમ ૩૨ પ્રકાશનો સ્વાધ્યાય કરતા હતા ).

## [૯૭-૧૫] શ્રી નમસ્કાર બાલાવબોધ.

આમાં કહ્યું છે કે નવકાર સકલ મંગળનું મૂળ જિનશાસનનો સાર, અગિયાર અંગ-ચૌદ પૂર્વનો ઉદ્ધાર અને સદા શાશ્વત મંત્ર છે.

'नमो अरिहंताणं' પદનો અર્થ કરતાં અરિહંતની વ્યાખ્યા, સ્વરૂપ, ગુણો, ધ્યાન માટેનો વર્ણ, પદ, સંપદા વગેરે સુંદર રીતે કહ્યા છે. એમ જ બીજા પદોના અર્થમાં પણ જાણી લેવું.

ધ્યાનના વર્ણો ( રંગો ) આ રીતે બતાવ્યા છે—

અરિહંત-ચંદ્ર જેવા શ્વેત.

સિદ્ધ-ઉગતા સૂર્ય જેવા લાલ.

આચાર્ય-સોના જેવા પીળા.

ઉપાધ્યાય–મરકત મણિ જેવા નીલા.

સાધુ–અષાઢના મેઘ જેવા શ્યામ.

આ સંદર્ભમાં કહ્યું છે લૌકિક મંગલો દહી વગેરે અને લોકોત્તર મંગલો તપ-નિયમ સંયમ વગેરે તે બધામાં નવકાર પહેલું એટલે ઉત્કૃષ્ટ મંગલ છે.

નવકારની ચૂલિકામાં તેત્રીસ (૩૩) અક્ષર છે અને બત્રીસ અક્ષર કેમ નહીં ? એ વિષે શ્રી મહાનિશીથ સૂત્ર, શ્રી પ્રવચન સારોદ્ધાર વગેરે શાસ્ત્ર પ્રમાણો આપ્યાં છે.

નવકાર મંત્રમાં પદ ૯, સંપદા ૮, અક્ષર ૬૮, તેમાં ૭ ભારે (ગુરુ) અને ૬૧ લઘુ અક્ષર છે. બે અક્ષર એકઠા મળ્યા હોય તે ભારે (ગુરુ) કહેવાય. એકલો એક જ અક્ષર હોય તો લઘુ (હળવો) કહેવાય.

આઠ કરોડ, આઠ હજાર, આઠસો ને આઠ નવકાર ભક્તિપૂર્વક ગણનાર મોક્ષ પામે છે.

નવકાર ભાવથી વિધિસહિત, ગુરુદત્ત આમ્નાયથી અને અત્યંત આસ્થાથી જપતાં ફળે છે.

નવકારનાં ફળો વર્ણવવા દૃષ્ટાંતો કહ્યાં છે, તે આ રીતે:—

(૧) આ લોકમાં દેવતા સંનિધિ કરે–જેમ શ્રીમતી શ્રાવિકા

(૨) સંકટ દૂર થાય, લક્ષ્મી મળે–જેમ શ્રાવકપુત્ર શિવકુમાર

(૩) મરણાંત સંકટ ટળે–જેમ શ્રાવક જિનદાસ.

(આ ત્રણ દૃષ્ટાંતોમાં આ લોકનું ફળ કહ્યું છે. હવે પરલોકનાં ફળ માટે નીચેનાં દૃષ્ટાંતો જાણવાં).

(૪) પરલોકમાં રાજ્ય મળે–જેમ ચંડપિંગલ ચોર.

(૫) મહાપાપી હોય તે પણ દેવતા થાય–જેમ હુંડિક ચોર.

(૬) મોક્ષ પામે–જેમ રાજસિંહકુમાર અને રત્નવતી.

આ બધાં દૃષ્ટાંતો વિસ્તારથી આ સંદર્ભમાં આપેલ હોવાથી અવશ્ય વાંચવા જેવાં છે.

## [૯૮-૧૬] નમસ્કાર બાલાવબોધ.

ધ્યાનના અભ્યાસીઓએ આ સંદર્ભ ખાસ વાંચવા જેવો છે.

અરિહંત કેવા ધ્યાવા ? તો કહ્યું છે કે—

રાગ–દ્વેષરૂપ અરિ – વેરી જેણે હણ્યા છે એવા ૬૪ ઇંદ્રોની પૂજાને યોગ્ય (ભવનપતિ ઇંદ્ર ૨૦, વ્યંતર ઇંદ્ર ૩૨, જ્યોતિષીના ચંદ્ર-સૂર્ય–૨ ઇંદ્ર, વૈમાનિક દેવો આઠ દેવલોકના. ૮ અને નવમા–દશમાનો ૧ તથા અગિયાર–બારમાનો ૧ એમ વૈમાનિક ૧૦ ઇંદ્ર. ૨૦ + ૩૨ + ૨ + ૧૦ = ૬૪ ઇંદ્રો થાય). કેવળજ્ઞાની, ચોત્રીસ અતિશયે વિરાજમાન, અષ્ટ મહાપ્રતિહાર્યે શોભતા–એવા ૨૦ વિહરમાન તીર્થંકર ભગવાન અરિહંતપદે ધ્યાવા. વર્ણ–

રંગના વિષયમાં કહ્યું છે કે સ્ફટિકમણિ જેવા અંકરત્ન જેવા અથવા કુંદપુષ્પ જેવા ધવલ-વર્ણે ધ્યાવા. અરિહંતપદમાં શ્રીચંદ્રપ્રભસ્વામી અને શ્રી સુવિધિનાથ એ બેનું ધ્યાન કરવું. આવું ધ્યાન મોક્ષ કે સ્વર્ગ આપે છે.

અષ્ટ મહાપ્રાતિહાર્યો આ રીતે છે :—

૧ અશોકવૃક્ષ, (૨) સુરપુષ્પવૃષ્ટિ, (૩) દિવ્યધ્વનિ, (અહીં જિનવાણી શબ્દનો પ્રયોગ છે) (૪) ચામરયુગ્મ, (૫) સિંહાસન, (૬) છત્રત્રય, (૭) ભામંડલ અને (૮) દેવદુંદુભિ*

સિદ્ધ કેવા હોય છે? તો કહ્યું છે કે:—

જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મનો ક્ષય કરી મોક્ષે–સિદ્ધિમાં ગયા તે સિદ્ધ.

તે સિદ્ધિ (સિદ્ધિશિલા) કેવી? તો કહ્યું છે કે :—

[ લોકને અંતે ૪૫ લાખ યોજન વિષ્કંભવાળી રકાબી જેવી [ મૂળમાં ઉત્તાન (ઊંધી) છત્રી કહ્યું છે.] રકાબી વચ્ચે આઠ યોજન ઉંચાઈવાળી જાડી)એ સિદ્ધશિલા છે. તે મોતીના હાર જેવા વર્ણવાળી, રૂપાની પાટ જેવા વર્ણવાળી, સફેદ હીરા જેવી અથવા દુધ જેવી શ્વેત છે. તેની ઉપર સિદ્ધ ભગવંતો વિરાજમાન છે. તે અજરામર સ્થાન છે. ત્યાં જે પહોંચ્યા તેઓ અનંત સુખમાં લીન થાય છે. ત્રણે ભુવનનું એક સિદ્ધ ભગવંતના એક આત્મ-પ્રદેશમાંના સુખને અનંતમે ભાગે પણ ન આવે.

એ સિદ્ધ ભગવંતનું ધ્યાન રક્ત (ગુલાલ જેવા લાલ, પદ્મરાગમણિ જેવા લાલ અથવા દાડમ ફુલ જેવા લાલ) વર્ણમાં કરવું.

સિદ્ધપદમાં શ્રીપદ્મપ્રભસ્વામી અને શ્રી વાસુપૂજ્યસ્વામી ભાવવા. એથી ત્રણે લોકનું વશીકરણ થાય છે.

આચાર્યપદ કેવા હોય? તો કહ્યું છે કે:—

જ્ઞાનાચારાદિ પાંચ આચાર પોતે પાળે અને બીજાને ઉપદેશે. (આચાર્યની કૃપાથી પ્રસાદથી) વિદ્યાઓ, મંત્રો વગેરે સિદ્ધ થાય છે. સોના જેવા પીળા વર્ણમાં ધ્યાન કરવું.

અહીં શ્રી ઋષભદેવ વગેરે ૧૬ પીળા વર્ણના તીર્થંકરો ભાવવા. એથી આગ વગેરે ૧૬ ભયો ટળે છે.

ઉપાધ્યાય કેવા? તો કહ્યું છે કે–

આચારાંગ વગેરે બાર અંગ ભણે, વર્ધમાનવિદ્યાને ધારણ કરે, વિનય શીખવે અને સૂત્ર ભણાવે. ઇંદ્રમણિ અથવા નીલકમલ જેવા નીલવર્ણમાં ધ્યાન કરવું.

અહીં શ્રીમલ્લિનાથ અને શ્રીપાર્શ્વનાથ ભાવવા. એથી આ લોકના સર્વ લાભો પ્રાપ્ત થાય.

---

* ચોત્રીસ અતિશયો, આઠ પ્રાતિહાર્યો, અરિહંતના ૧૨ ગુણો વગેરે પ્રસ્તુત સંપાદક વિરચિત **દેવાધિદેવ ભગવાન મહાવીર** ગ્રંથમાં આપેલા.

રૂપસ્થ ધ્યાન માટે એ ગ્રંથ જરૂર જુઓ.

સાધુ ભગવંત વિશે કહ્યું છે કે–

અઢી દ્વીપ–મનુષ્ય ક્ષેત્રમાં રહેલા સર્વ સાધુઓ, રત્નત્રયીના સાધક, પાંચ મહાવ્રતના પાલક, પાંચ સમિતિ સહિત, ત્રણ ગુપ્તિથી સહિત, અઢાર હજાર શીલાંગને ધરનારા અને સત્તરભેદે સંયમને સાધનારા છે. અરિષ્ટરત્ન, અંજન વગેરે જેવા કૃષ્ણવર્ણમાં ધ્યાન કરવું. અહીં શ્રી મુનિસુવ્રતસ્વામી અને શ્રી નેમિનાથ ભાવવા. સાધુ ભગવંતો મોક્ષમાર્ગે ચાલતાને સહાય કરે છે – મોક્ષમાર્ગે ચાલનારના મિત્ર છે. એ ધ્યાન પાપનો નાશ કરે છે.

ચૂલિકાને સમજાવતાં કહ્યું છે કે–

આ પંચ પરમેષ્ઠિ નમસ્કાર ભાવસહિત કરાય તો સર્વ પાપનો નાશ કરે છે. પંચ પરમેષ્ઠિ નમસ્કારનું સ્મરણ કરતાં કરતાં સર્વ પાપનો ક્ષય થાય છે.

આ સંસારમાં દહીં, ચંદન, સ્વસ્તિક, અહિંસા, તપ વગેરે સર્વ મંગલોમાં પહેલું મંગલ આ નમસ્કાર છે. તેથી સર્વ શુભ કાર્યના આરંભમાં પ્રથમ નવકારનું સ્મરણ કરવું. નવકારના પ્રભાવથી સર્વ શુભ કાર્યો નિર્વિઘ્નપણે પૂર્ણ થાય છે.

ભોજન સમયે, સૂતાં પહેલાં, જાગતાં, નગર વગેરેના પ્રવેશમાં, નિર્ગમનમાં (બહાર જવામાં, પંચપરમેષ્ઠિ નમસ્કાર સાતવાર ગણવો.

નવકાર શાશ્વત છે. ચૌદ પૂર્વનો સાર છે. તેનો અર્થ બરોબર સમજીને ધ્યાન કરવું.

આ નવકારમાં પાંચ અધિકાર, આઠ સંપદા, નવ પદ, અડસઠ અક્ષર–તેમાં સાત ગુરૂ અને એકસઠ લઘુ છે.

નવકારનું ફળ વર્ણવતાં અહીં કહ્યું છે કે–

વ્યાધિ વગેરે સર્વ ભયો નવકારના પ્રભાવથી તત્કાલ નાશ પામે છે. એક લાખ નવકાર વિધિપૂર્વક ગણવાથી તીર્થંકર નામકર્મ બંધાય છે. ભક્તિપૂર્વક આઠ કરોડ, આઠ હજાર, આઠસો ને આઠ નવકાર જે ગણે છે, તે મોક્ષ પામે છે.

અરિહંત સિદ્ધને સમજાવે (ઓળખાવે) છે. તેથી અરિહંત મોટા છે. અરિહંત દીક્ષા વખતે સામાયિક વ્રત ઉચ્ચરતાં સિદ્ધને નમસ્કાર કરે છે, તેથી સિદ્ધ મોટા કહેવાય. એટલે કે અમુક અપેક્ષાએ અરિહંત મહાન છે તો અમુક અપેક્ષાએ સિદ્ધ મહાન છે.

### [ ૯૯–૧૭ ] શ્રી નવકાર મહામંત્ર પ્રબંધ.

આ પ્રબંધમાં ‘નમો અરિહંતાણું’’ પદ વડે સર્વ શાશ્વત અને અશાશ્વત જિનબિંબોને વિસ્તારથી નમસ્કાર કરેલ છે. કયાં કયાં કેટલી સંખ્યામાં જિનબિંબો છે તે અહીં કહેલ છે.

### [ ૧૦૧–૧૯ ] પંચ પરમેષ્ઠિ સજ્ઝાય.

આમાં છ ઢાળમાં પાંચ પરમેષ્ઠિના ૧૦૮ ગુણ કહ્યા છે. એ ગુણો શ્રી ઠાણાંગ–સૂત્રના આધારે કહ્યા છે.

### [ ૧૦૨–૨૦ ] પંચ પરમેષ્ઠિ વિનતિ.

આમાં પ્રથમ નામ–સ્થાપના–દ્રવ્ય–ભાવ એમ ચાર પ્રકારના જિનેશ્વરોને નમસ્કાર છે.

### [ ૧૦૩–૨૧ ] શ્રી નવકાર મંત્રનો છંદ

આ સંદર્ભમાં નવકારના સૌથી વધુ દૃષ્ટાંતો આપવામાં આવ્યાં છે.

卐 卐 卐



સરસ્વતીદેવી  બિકાનેર મ્યુઝિયમના ચિત્ર પરથી

# નમસ્કાર સ્વાધ્યાય

## નમસ્કાર અર્થ સંગતિ વગેરે

### ( શાસ્ત્રીય દૃષ્ટિએ )

# પ્રકરણ-પહેલું

## પાઠ પરિચય

પરમ મંગલકારી દ્વાદશાંગી સાર સ્વરૂપ નમસ્કાર-મંત્રનો પાઠ આ પ્રમાણે બોલાય છે :

**नमो अरिहंताणं ।**
**नमो सिद्धाणं ।**
**नमो आयरियाणं ।**
**नमो उवज्झायाणं ।**
**नमो लोए सव्वसाहूणं ।**

**एसो पंच नमुक्कारो सव्व-पाव-प्पणासणो ।**
**मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं ॥**

મહાપુરુષોએ આ મંત્રનું અહર્નિશ આરાધન કરીને એવો અભિપ્રાય ઉચ્ચાર્યો છે કે 'ત્રણ લોકમાં નમસ્કારથી સારભૂત અન્ય કોઈ મંત્ર નથી,' માટે તેનું પ્રતિદિન પરમ ભક્તિથી સ્મરણ કરવું જોઈએ.'

આ અભિપ્રાયને માન્ય રાખીને જૈન સંઘમાં શાસ્ત્રનો ઉપદેશ દેતાં, વિદ્યાભ્યાસ કરતાં કરાવતાં, કોઈપણ પ્રકારનું ધર્માનુષ્ઠાન કરતાં તેમજ જાગવાના સમયે, ભોજન-સમયે, શયન-સમયે, નગરાદિ પ્રવેશ સમયે કે કોઇ પણ પ્રકારનું સંકટ ઉપસ્થિત થયે નમસ્કાર-મંત્રનું શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરવામાં આવે છે.

જૈન કુળમાં જન્મેલા કોઈપણ બાલક-બાલિકા એવા ભાગ્યે જ હશે કે જેઓ આ મંત્રને જાણતા નહિ હોય ! જ્યારે અમુક વ્યક્તિ જૈન છે કે નહિ તે નક્કી કરવાનો પ્રસંગ આવે છે, ત્યારે તેને પ્રથમ નમસ્કાર-મંત્ર બોલાવવામાં આવે છે અને તે જો સારી રીતે બોલી શકે તો એમ માનવામાં આવે છે કે તે જૈન હોવો જોઈએ.

નમસ્કાર-મંત્રનું રહસ્ય પ્રકાશવા માટે આચાર્યોએ નિર્યુક્તિ; ભાષ્ય, ચૂર્ણિ અને ટીકારૂપી વિવેચન ગ્રન્થો લખ્યા છે, માહાત્મ્ય-સૂચિક કૃતિઓ નિર્માણ કરી છે તથા ચમત્કારિક સ્તોત્રો, કલામય કાવ્યો અને નાનાં મોટાં અનેક પ્રકારનાં પદો ઉપરાંત રાસ અને કથાઓની પણ વિપુલ પ્રમાણમાં રચના કરી છે. વળી તેના કલ્પો અને યંત્રો પણ બનાવ્યા છે. એટલે નમસ્કાર-મંત્ર સંબંધી જેમને વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તેમને માટે પુષ્કળ સામગ્રી પડેલી છે.

અહીં એટલું સ્પષ્ટીકરણ કરવું ઉચિત લેખાશે કે આ સામગ્રી કાંઈ એક જ સ્થળે નથી પણ જુદાં જુદાં અનેક સ્થાનોમાં અત્ર–તત્ર વિખરાયેલી પડી છે અને કેટલીક બહુમૂલ્ય વસ્તુઓનો બહુ શોધ કરવા છતાં પત્તો લાગતો નથી. દાખલા તરીકે જૈન સાહિત્યમાં નમસ્કાર–લઘુ–પંજિકાનો ઉલ્લેખ આવે છે અને બહુ પ્રયત્ન પછી અમે તેની એક નકલ મેળવીને જોવા પામ્યા છીએ પણ **લઘુપંજિકા** નામ એવું સૂચન કરે છે કે તેની એક **બૃહત–પંજિકા** પણ હોવી જોઈએ–તે ક્યાં? વળી જૈન સાહિત્યમાં **નમસ્કારાવલિ ગ્રંથનું** નામ આવે છે, તે હજી સુધી પ્રાપ્ત થયેલ નથી. શ્રીમાનતુંગસૂરિએ भक्तिब्भर–अमर–पणयं શબ્દથી શરૂ થતું એક મહાચમત્કારિક સ્તોત્ર બનાવેલું છે. તે કેટલાક સ્થળે ૩૫ ગાથાઓવાળું પ્રાપ્ત થાય છે અને કેટલાક સ્થળે ૩૩ ગાથાઓવાળું પ્રાપ્ત થાય છે. પરંતુ તેનો ભાવ સમજવા માટે જે **ટીકા**–સાહિત્ય જોઈએ તે ઉપલબ્ધ થતું નથી. કેટલાક પ્રયાસ પછી ઉત્તર અને પૂર્વ પ્રદેશમાંથી તેની એક લઘુ અવચૂરિ પ્રાપ્ત થઈ છે અને પ્રાચીન પ્રતિઓના સંગ્રહમાંથી તેના પર રચાયેલી સંસ્કૃત ટીકાનો છેલ્લો ભાગ હાથમાં આવ્યો છે, તેમાં જણાવ્યું છે કે આ સ્તોત્ર ૩૧ ગાથાનું છે, એટલે ૩૫ ગાથાઓમાંની ૪ ગાથાઓ ક્ષેપક છે. આ ટીકા પરથી એવું સ્પષ્ટ જણાય છે કે શ્રી માનતુંગસૂરિએ ભક્તામર સ્તોત્રની રચના કરીને બેડીઓ તોડવાનો જે ચમત્કાર કરી બતાવ્યો તેવો જ ચમત્કાર નમસ્કાર મહા–મંત્ર બોલીને પણ કરી બતાવ્યો હતો.

વિક્રમના પંદરમા શતકમાં થયેલા શ્રી સિંહતિલકસૂરિ મંત્ર–શાસ્ત્રમાં વિશારદ હતા. તેમણે સૂરિ–મંત્ર સંબંધી **મંત્ર–રાજ રહસ્ય** નામનો ૬૩૩ ગાથા પ્રમાણ એક મહત્ત્વપૂર્ણ ગ્રંથ રચ્યો છે. તેની પ્રતિઓ આજે ઉપલબ્ધ છે પણ તેના પર મંત્રશાસ્ત્રનાં અનેક ગૂઢ રહસ્યોથી ભરપુર **લીલાવતી** નામની ટીકા રચાયેલી છે, તેમાં પણ નમસ્કાર–મંત્ર સંબંધી ઘણું વિવેચન હોવાનો સંભવ છે. પરંતુ ઘણો પ્રયત્ન કરવા છતાં તેનાં દર્શન થયાં નથી. દિગંબર સંપ્રદાયમાં પણ આ વિષયમાં તેવી જ સ્થિતિ પ્રવર્તે છે, છતાં એટલું કહી શકાય કે તેમના આચાર્યોએ મંત્રપરંપરાને જાળવી રાખવાનો ઘણો સારો પ્રયાસ કર્યો છે. અને તેથી આચાર્ય સિંહનંદી જેવા નમસ્કાર–મંત્ર ઉપર એક હજાર શ્લોક પ્રમાણ સુંદર ગ્રંથની રચના કરી શક્યા છે.

નમસ્કારના સાહિત્ય વિષે આટલો પ્રાસંગિક નિર્દેશ કરીને હવે તેના વિષે જે જે હકીકતો જાણવા જેવી છે, તેનું ક્રમશઃ વિવેચન કરીશું.

## નમસ્કાર મંત્રની અનાદિતા :

ભૂતકાળમાં અનન્ત તીર્થંકરો થઈ ગયા છે, તે બધાએ નમસ્કાર–મંત્રનું સ્વરૂપ પ્રકાશેલું છે. વર્તમાનકાળમાં મહાવિદેહાદિ ક્ષેત્રોમાં વીશ તીર્થંકરો વિહરમાન છે, તેમણે પણ નમસ્કારમંત્રનું સ્વરૂપ પ્રકાશેલું છે અને તે જ રીતે ભવિષ્યમાં જે જે તીર્થંકરો

થશે, તે પણ એનું સ્વરૂપ પ્રકાશશે અને તેમના ગણધરો તેની સૂત્રરૂપે રચના કરશે, તેથી નમસ્કાર-મંત્ર અનાદિ સિદ્ધ કહેવાય છે. જૈનાચાર્યોએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે જેમ કાળ અનાદિ છે, જીવ અનાદિ છે અને જૈન ધર્મ અનાદિ છે, તેમ નમસ્કાર મંત્ર પણ અનાદિ છે.

નમસ્કાર મંત્રના સંબંધમાં મહાનિશીથસૂત્રના ત્રીજા અધ્યયનમાં જણાવ્યું છે કે 'નમસ્કારનું મૂલ-સૂત્ર' સૂત્રત્વની અપેક્ષાએ ગણધરો દ્વારા અને અર્થત્વની અપેક્ષાએ અરિહંત ભગવંત ધર્મતીર્થંકર ત્રિલોકપૂજ્ય શ્રી વીર જિનેન્દ્ર દ્વારા પ્રજ્ઞાપિત છે, એવો વૃદ્ધ સંપ્રદાય છે.'

દિગમ્બર સંપ્રદાયના આચાર્યો પણ આવો જ મત ધરાવે છે. તેમણે એક સ્થળે કહ્યું છે કે :

अनादिमूलमन्त्रोऽयं, सर्वविघ्नविनाशनः ।
मंगलेषु च सर्वेषु, प्रथमं मङ्गलं मतः ॥

'આ અનાદિ મૂળ-મંત્ર સર્વ વિઘ્નોનો વિનાશ કરનારો છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ મનાયેલો છે.'

તેમણે અધ્યાત્મ મંજરી નામક ગ્રંથમાં કહ્યું છે કે :

'इदं अर्थमन्त्रं परमार्थतीर्थपरम्पराप्रसिद्धं विशुद्धोपदेशदं ।'

'આ અભીષ્ટ સિદ્ધિકારક મંત્ર પરમાર્થથી તીર્થંકરોની પરંપરા તથા ગુરુઓની પરંપરાથી અનાદિકાળથી ચાલ્યો આવે છે અને વિશુદ્ધ ઉપદેશ આપનારો છે.'

તેમણે નમસ્કાર-દીપક ગ્રંથમાં કહ્યું છે કે :

मन्त्रस्थाऽऽख्या तु पञ्चाङ्गं नमस्कारस्तु पञ्चकम् ।
अनादिसिद्धमन्त्रोऽयं न हि केनापि तत्कृतम् ॥

અને આ મંત્રનું નામ પંચાંગ-નમસ્કાર કે પંચ નમસ્કાર છે, તથા આ મંત્ર અનાદિ સિદ્ધ છે. તેની રચના કોઈએ કરી પણ નથી.

पूव ये वै जिना जातास्ते वै यास्यन्ति यान्ति
चेत्यनेनैव हि मुक्त्यङ्गं मूलमन्त्रमनादितः ॥

ખરેખર ! પૂર્વકાળમાં જે જિનો થઈ ગયા છે, તેવા જિનો ભવિષ્યકાળમાં થશે અને વર્તમાન કાળમાં પણ થાય છે, એ કારણથી મૂલમંત્ર અનાદિકાળથી મુક્તિનું અંગ ગણાય છે.'

પરંતુ ષટ્ખંડ જિનાગમની પ્રસ્તાવનામાં તેના સંપાદક મહાશયે વિસ્તૃત ચર્ચા કર્યા પછી નમસ્કાર-મંત્ર પુષ્પદન્તાચાર્યે વિક્રમ સંવત ૧૪૪ એટલે ઇ. સન ૮૭ માં રચ્યો હોય એવું અનુમાન દોર્યું છે. પરંતુ ઓરિસાની હાથીગુફામાં કલિંગનરેશ ખારવેલના જે શિલાલેખ પ્રાપ્ત થાય છે અને જેમાં 'नमो अरहंतानं । नमो सवसिधानं' એવો પાઠ પ્રાપ્ત થાય છે, તેનો સમય પ્રસિદ્ધ પુરાતત્ત્વવેત્તા શ્રીમાન કાશીપ્રસાદ જાયસ્વાલે અનેક પ્રમાણો આપીને ઇ. સ. પૂર્વેનો નિશ્ચિત કરેલો છે, તેથી સંપાદક મહાશયની ઉપર્યુક્ત માન્યતા બાધિત થાય છે અને શ્રી નમસ્કાર-મંત્રના રચયિતા શ્રી પુષ્પદંત ઠરી શકતા નથી.

ધાર્મિક માન્યતા અને ઐતિહાસિક દૃષ્ટિનું અવલોકન કર્યા પછી નમસ્કાર-મંત્રની રચના સંબંધી જૈન-દર્શનનો શું અભિપ્રાય છે, તે પણ જાણી લઇએ. જૈન દર્શન શબ્દને દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય માને છે, એટલે શબ્દાત્મક નમસ્કાર મંત્ર દ્રવ્યથી નિત્ય છે અને પર્યાયથી અનિત્ય છે. નયોમાંનો સર્વ-સંગ્રાહી નૈગમનય સામાન્ય માત્રનું જ અવલંબન કરનારો હોવાથી તેના અભિપ્રાયે સર્વ કંઇ ઉત્પાદ-વ્યય રહિત છે, એટલે નમસ્કાર-મંત્ર અનુત્પન્ન છે. જ્યારે વિશેષગ્રાહી નૈગમ નય અને વ્યવહારાદિ અન્ય નયો વસ્તુને ઉત્પાદ-વ્યય સહિત માને છે, એટલે તેમની દૃષ્ટિએ નમસ્કાર-મંત્ર ઉત્પન્ન છે. આ વિષયમાં વધારે જાણવાની ઇચ્છાવાળાએ શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણકૃત વિશેષાવશ્યકભાષ્ય અને તેના પરની મલ્લધારી શ્રી હેમચંદ્રાચાર્ય કૃત ટીકા જોવી.

## નમસ્કાર સૂત્ર અને મંત્ર

થોડા સમય પહેલાં 'નમસ્કાર-મંત્ર' સંબંધી કેટલાક નિબંધો લખાવવામાં આવ્યા હતા, તેમાં એવું જોવામાં આવ્યું હતું કે આપણા શિક્ષિત વર્ગને પણ નમસ્કાર મંત્ર શું છે-તેનો સ્પષ્ટ ખ્યાલ નથી. કેટલાકે લખ્યું હતું કે નમસ્કાર-મંત્ર એક પ્રકારની સ્તુતિ છે, તો કેટલાકે લખ્યું હતું કે નમસ્કાર-મંત્ર એક પ્રકારની પ્રાર્થના છે, એટલે કે એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે નમસ્કાર-મંત્રમાં કોઈની સ્તુતિ નથી કે કોઇને પ્રાર્થના કરવામાં આવતી નથી. પણ મંગલ નિમિત્તે સૂત્રપાઠ બોલીને પંચ-પરમેષ્ઠિને નમસ્કાર કરવામાં આવે છે. તેથી તે એક પ્રકારનું મંગલ-સૂત્ર કે નમસ્કાર સૂત્ર છે.

અહીં એ જાણી લેવું જરૂરનું છે કે જૈન શાસ્ત્રકારો સૂત્રસંજ્ઞા તે પાઠ કે કૃતિને જ લગાડે છે કે જેની રચના ગણધર ભગવંતોએ, પ્રત્યેક બુદ્ધોએ, ચતુર્દશ પૂર્વધરોએ કે અભિન્ન દશપૂર્વીઓએ કરેલી હોય. નમસ્કાર-મંત્ર સૂત્રરૂપે શ્રીગણધર ભગવંતોએ પ્રકાશેલ છે, તે વાત ઉપર કહેવાઇ ગઈ છે, એટલે તેનું સૂત્રત્વ સિદ્ધ છે. પરંતુ આ સૂત્ર વારંવાર મનન કરવા જેવું હોવાથી તેમજ તેના આરાધન દ્વારા અનેક પ્રકારના ચમત્કારિક પરિણામો આવતાં હોવાથી લોકવ્યવહારમાં તેની પ્રસિદ્ધિ નમસ્કાર-મંત્ર તરીકે થઇ છે અને આજે સર્વત્ર તેને નમસ્કારમંત્ર તરીકે જ ઓળખવામાં આવે છે.

## નમસ્કાર મંત્રનાં નામો

(૧) **પંચ મંગલ** : આવશ્યક-નિર્યુક્તિ (ગા. ૧. ૩.), મહાનિશીથ સૂત્ર તથા પ્રતિક્રમણની પ્રાચીન વિધિ દર્શાવતી ગાથાઓમાં આ નામ આવે છે.

(૨) **પંચ મંગલ-મહાશ્રુત-સ્કન્ધ** : આ શબ્દ-પ્રયોગ મુખ્યત્વે મહાનિશીથ સૂત્રમાં થયેલો છે.

(૩) **પંચ નમુક્કાર** : નમસ્કાર મંત્રનાં પાછલાં ચાર પદોમાં તથા આવશ્યક નિર્યુક્તિ અને કેટલાંક સ્તોત્રોમાં આ નામ જોવાય છે.

(૪) **પંચ નમોક્કાર** : શ્રી જયસિંહસૂરિએ ધમ્મોવએસમાલા વિવરણમાં આ નામનો વ્યવહાર કર્યો છે.

(૫) **પંચ-ણમોક્કાર** : ષટ્ખંડાગમની ધવલા-ટીકામાં આ નામ જોવામાં આવે છે.

(૬) **પંચ-ણમોયાર** : મૂલાચારના ષડાવશ્યકાધિકારમાં આ નામ જોવામાં આવે છે.

(૭) **પંચ-નમસ્કાર** : ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર, પાર્શ્વનાથ ચરિત્ર વગેરે અનેક સંસ્કૃત ગ્રન્થોમાં આ નામનો પ્રયોગ થયેલો છે.

(૮) **પંચ-નમસ્કૃતિ** : ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્રમાં તથા બીજી સંસ્કૃત કૃતિઓમાં આ નામ જોવામાં આવે છે.

(૯) **પરમેષ્ટિ-નમસ્કાર** : યોગશાસ્ત્ર, શ્રાવક ધર્મ-કૃત્ય પ્રકરણ, ઉપદેશ તરંગિણી આદિ ગ્રન્થોમાં આ નામ જોવા મળે છે.

(૧૦) **પંચ-પરમેષ્ઠિ-નમસ્કાર** : યોગશાસ્ત્રમાં આ નામ પણ જોવાય છે.

(૧૧) **પંચ-પરમેષ્ઠિ-નમસ્ક્રિયા** : યોગશાસ્ત્રમાં આ નામ પણ જોવામાં આવે છે.

(૧૨) **પરમેષ્ઠિ-પંચક-નમસ્કાર** : શ્રી અભયદેવસૂરિએ ભગવતી સૂત્રની ટીકામાં આ શબ્દનો પ્રયોગ કરેલો છે.

(૧૩) **નમોક્કાર** : ધમ્મોવએસમાલામાં આ નામ પણ જોવામાં આવે છે.

(૧૪) **ણમોક્કાર** : મૂલારાધના વગેરે ગ્રંથોમાં આવું નામ જોવાય છે.

(૧૫) **નમસ્કાર** : વિચારમૃત સારસંગ્રહ વગેરે ગ્રંથોમાં આ નામ જોવા મળે છે.

(૧૬) **નવકાર** : શ્રાદ્ધ વિધિ-પ્રકરણ તથા કેટલાક સ્તોત્રોમાં આ નામ જોવામાં આવે છે.

(૧૭) **પંચગુરુ-નમસ્કાર** : દિગંબર સંપ્રદાયના સાહિત્યમાં આ નામ જોવામાં આવે છે.

(૧૮) **પંચગુરુ-નમસ્કૃતિ** : આ નામ પણ દિગંબર સંપ્રદાયના સાહિત્યમાં વિશેષ જોવામાં આવે છે.

(૧૯) **પંચ નમુક્કાર–મહામંત્ર** : ધમ્મોવએસમાલામાં આ નામ પણ જોવામાં આવે છે.

(૨૦) **પંચ નમુક્કાર–વરમંત** : સિરિ પયરણ–સંદોહમાં આ નામ પ્રાપ્ત થાય છે.

(૨૧) **પંચ ગુરુ મંત્ર** : દિગંબર સંપ્રદાયના સ્તોત્રોમાં આ નામ જોવામાં આવે છે.

(૨૨) **પરમિટ્ઠિ–પરમમંત** : શ્રાદ્ધ દિનકૃત્ય, યતિદિનચર્યા વગેરે ગ્રંથમાં આ નામ મળે છે.

(૨૩) **નવકાર–મહામંત્ર** : શ્રી હરખવિજયજીએ રચેલી સજ્ઝાયમાં આ નામ જોવામાં આવે છે.

(૨૪) **સિદ્ધમંત્ર** : શ્રી કુશળલાભ રચેલા છંદમાં આ નામ જોવાય છે,

આ સિવાય બીજાં પણ કેટલાંક નામો હોવાનો સંભવ છે, પણ જે નામો જૈન–સાહિત્યનું અવલોકન કરતાં અમારા જોવામાં આવ્યાં તે અહીં રજૂ કર્યા છે.

## નમસ્કાર–મંત્રનું બંધારણ

'નમસ્કાર–મંત્ર ગદ્યબદ્ધ છે કે પદ્યબદ્ધ?' તેનો ઉત્તર એ છે કે 'નમસ્કાર મંત્રનાં પ્રથમ પાંચ પદો ગદ્ય–બદ્ધ છે.× કારણ કે તેનું બંધારણ આલાપકો વડે થયેલું છે અને પછીનાં ચાર પદો પદ્યબદ્ધ છે કારણ કે તેનું બંધારણ એક પ્રકારના છંદ વડે થયેલું છે.

---

× નમસ્કાર–મંત્રનાં પાંચ પદો નીચે પ્રમાણે લખતાં તે એક જાતની ગાહા હોય તેવો ભાસ થાય છે.

**नमो अरिहंताणं नमो सिद्धाणं नमो आयरियाणं ।**
**नमो उवज्झायाणं नमो लोए सव्वसाहूणं ॥**

આ પદોની રચનામાં ત્રિકલ અને ચતુષ્કલના નિયમિત આવર્તનો જણાય છે જેમકે—

**न मो अ रि हं ता णं, न मो सि द्धा णं न मो आ य रि या णं ।**
૧ ૨ ૧ ૧ ૨ ૨ ૨ ૧ ૨ ૨ ૨ ૨ ૧ ૨ ૨ ૧ ૧ ૨ ૨
૩ ૪ ૪ ૩ ૪ ગુ ૩ ૪ ૪

**न मो उ व ज्झा या णं, न मो लो ए स व्व सा हू णं ॥**
૧ ૨ ૧ ૧ ૨ ૨ ૨ ૧ ૨ ૨ ૨ ૨ ૧ ૨ ૨ ૨
૩ ૪ ૪ ૩ ૪ ગુ ૩ ૪

આ ગણનામાં વ ને લઘુ ગણેલો છે. તે માટે પ્રાકૃત પિંગલ–સૂત્રમાં કહ્યું છે કે–

**कत्थवि संजुत्तपरा वण्णो लहु होइ दंसणेण जहा ।**
**परिह्लसइ चित्तधिज्जं, तरुणिकडक्खम्मि णिव्वुत्तमं ॥ ३ ॥**

કેટલા સ્થળે સંયુક્તની પૂર્વનો વર્ણ લઘુ ગણાય છે, જેમકે ત્રીજાના પાદના **परिह्लसइ** પાદમાં **ह्ल** ની પૂર્વનો **रि** લઘુ રહેલો છે.

છંદો બે પ્રકારના છે : (૧) જાતિ નિબદ્ધ અને
(૨) વૃત્તનિબદ્ધ.

તેમાં જાતિનિબદ્ધ છંદોનું બંધારણ માત્રાના મેળ પર થયેલું હોય છે અને વૃત્ત-નિબદ્ધ છંદોનું-બંધારણ અક્ષરોના મેળ પર થયેલું હોય છે. ગાહા, માગહિઆ વગેરે છંદો જાતિ નિબદ્ધ છે અને સિલોગો, નંદિયયં વગેરે વૃત્ત નિબદ્ધ છે.

નમસ્કાર મંત્રના છેલ્લાં ચાર પદો સ્પષ્ટતયા સિલોગો કે અનુષ્ટુપ છે, કારણ કે તે દરેકમાં અનુક્રમે ૮ + ૮ + ૮ + ૯ મળી ૩૩ અક્ષરો છે. આવા ૩૩ અક્ષરોવાળા અનુષ્ટુપ છંદો શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અને દશવૈકાલિક સૂત્રમાં અનેક સ્થળે જોવામાં આવે છે. ત્યાં એક અક્ષરને ઓછો ગણી તે છંદને શુદ્ધ માનવાનો વ્યવહાર છંદઃ શાસ્ત્રીઓમાં પ્રચલિત છે.

એ વ્યવહાર પ્રમાણે અહીં અક્ષરની ગણનામાં इ ને અનક્ષર માનવો ઘટે છે અને

---

અહીં પૂર્વદલમાં–

$$\frac{\text{ત્રિ + ચ + ચ}}{\text{૧૧}} + \frac{\text{ત્રિ ચ + ગુ + ત્રિ + ચ}}{\text{૧૬}} + \frac{\text{ચ}}{\text{૪}} = \text{૩૧ માત્રા છે.}$$

અને ઉત્તર દલમાં–

$$\frac{\text{ત્રિ + ચ + ચ}}{\text{૧૧}} + \frac{\text{ત્રિ+ચ +ગુ+ત્રિ+ચ}}{\text{૧૬}} = \text{૨૭ માત્રા છે}$$

એટલે પૂર્વદલના બધા ત્રિકલ-ચતુષ્કલોની આવૃત્તિ ક્રમશઃ ઉત્તરદલમાં છે. માત્ર તેમાં છેલ્લું ચતુષ્કલ નથી.

હવે આ પદ રચનાનું ગાહા સાથે કેટલું બધું સામ્ય છે, તે જોઈએ. આ પદ રચનામાં પહેલું અને ત્રીજું પાદ ૩ + ૪ + ૪ મળી અગિયાર માત્રાનું છે અને ગાહામાં તે ૪ + ૪ + ૪ મળી બાર માત્રાનું હોય છે. આ પદ રચનાના બીજા પાદમાં ૧૬ + ૪ મળી વીસ માત્રા છે ત્યારે ગાહામાં ૧૬ + ૨ મળી અઢાર હોય છે અને આ પદરચનામાં ચોથા પાદમાં ૧૬ માત્રા છે, ત્યારે ગાહામાં ૧૫ માત્રા હોય છે. બીજી રીતે કહીએ તો આ પદ–રચનનું પૂર્વદલ ૩૧ માત્રાનું અને ઉત્તરદલ ૨૭ માત્રાનું છે અને ગાહામાં તે અનુક્રમે ૩૦ માત્રાનું અને ૨૭ માત્રાનું હોય છે, આમ તે બન્ને વચ્ચે માત્ર એક જ માત્રાનો તફાવત છે, એટલે તે એક પ્રકારની ગાહા હોય તેમ લાગે છે.

ષટ્ ખંડાગમની ધવલા ટીકામાં આ સૂત્ર ગાથારૂપે છપાયેલું છે અને તેને છેડે ॥ ૧ ॥ એક અંક લખ્યો છે, એ પણ વિચારવા યોગ્ય છે.

+ છંદશાસ્ત્રની ભૂમિકામાં શ્રી મધુસૂદન વિદ્યાવાચસ્પતિએ લખ્યું છે કે–

**रुचं नो धेहि ब्राह्मणेषु, रुचं राजसु धारय ।**
**रुचं वैश्येषु शूद्रेषु, मयि धेहि रुचारुचम् ॥—**

**इत्यादौ ह्विकारेकारस्य ह्मकारारस्य वा अविद्यमानवद् भावादष्टाक्षरत्वम् ।**

ઈત્યાદિમાં **ह्वि** કારના **इ** કારને કે **ह्म** કારને અવિદ્યમાન સમજવાથી આઠ અક્ષરો થાય છે.

એ રીતે આ છંદમાં પાંચમો અક્ષર સર્વત્ર લઘુ છે, અને છઠ્ઠો ગુરુ છે. તેમજ બીજા અને ચોથા ચરણનો સાતમો–આઠમો અનુક્રમે લઘુ–ગુરુ છે.

## નમસ્કાર–મંત્રના વિભાગો

નમસ્કાર–મંત્ર વિષયની દૃષ્ટિએ બે વિભાગમાં વહેંચાયેલો છે. તેમાંનો પહેલો વિભાગ પાંચ પદોમાં પૂરો થાય છે અને બીજો વિભાગ ચાર પદોમાં પૂરો થાય છે. પહેલા વિભાગને શાસ્ત્રકારોએ 'મૂલ' કહ્યો છે, કારણકે તેમાં નમસ્કાર–મંત્રના મુખ્ય વિષયનું પ્રતિપાદન છે, અને બીજા વિભાગને 'ચૂલા' કે 'ચૂલિકા'ની વિશિષ્ટ સંજ્ઞા આપી છે. કારણ કે તે નમસ્કારનું પ્રયોજન અથવા ફલ બતાવનારો હોઈ સૂત્રની ચૂડા સમાન છે. પ્રાકૃત ભાષામાં ચૂડાનો અર્થ અલંકાર કે આભૂષણ વિશેષ થાય છે અને તેથી સૂત્રના છેડે જે રહસ્યપૂર્ણ વચન કે પરિશિષ્ટ મૂકેલું હોય છે. તેને ચૂડા એટલે 'ચૂલા' કે 'ચૂલિકા' કહેવામાં આવે છે. પહેલા પૂર્વ, બીજા પૂર્વ, ત્રીજા પૂર્વ, અને ચોથા પૂર્વને ચૂલિકાઓ હતી અને દશવૈકાલિક આદિ સૂત્રોને પણ ચૂલિકા છે.

## નમસ્કાર–મંત્રનું વર્ણ, પદ અને સંપદાનું માન

વર્ણોથી પદ બને છે, પદોથી સંપદા બને છે અને સંપદાઓથી સૂત્ર બને છે. તેથી શાસ્ત્રકાર મહર્ષિઓએ નમસ્કાર-સૂત્રના વર્ણ, પદ અને સંપદાઓની સંખ્યા દર્શાવેલી છે.

નમસ્કાર સૂત્રમાં વર્ણો અડસઠ (૬૮) છે, પદો નવ (૯) છે અને સંપદાઓ આઠ (૮) છે, તેમાં સાત સંપદાઓ પદ-તુલ્ય છે અને આઠમી સંપદા આઠમા અને નવમા પદના સત્તર (૧૭) અક્ષરોથી (વર્ણોથી) બનેલી છે. નમસ્કાર–સૂત્રમાં અડસઠ વર્ણોની ગણના કેવી રીતે થાય છે? તેનો ખુલાસો નીચેની ગાથા કરે છે.

पंचपयाण पणतीस, वण्ण चूलाइ-वण्ण तित्तीसं ।
एवं इमो सम्मपइ, फुडमक्खरमट्ठसट्ठीए ॥

પાંચ પદોના પાંત્રીશ વર્ણો અને ચૂલાના તેત્રીશ વર્ણો, એ પ્રમાણે આ નમસ્કાર સ્પષ્ટ અડસઠ વર્ણોવાળો છે.

આ વર્ણોમાં द्धा–ज्झा–व्व–क्का–व्व–प्प અને व्वे એ સાત જોડાક્ષરો એટલે સંયુક્ત છે અને બાકીના ૬૧ સાદા એટલે અસંયુક્ત છે.

'નમસ્કાર-સૂત્ર'માં નવ પદોની ગણના આ પ્રમાણે થાય છે :

नमो अरिहंताणं ॥ १ ॥
नमो सिद्धाणं ॥ २ ॥
नमो आयरियाणं ॥ ३ ॥

नमो उवज्झायाणं ॥ ४ ॥
नमो लोए सव्वसाहूणं ॥ ५ ॥
एसो पंच-नमुक्कारो ॥ ६ ॥
सव्व पावप्पणासणो ॥ ७ ॥
मंगलाणं च सव्वेसिं ॥ ८ ॥
पढमं हवइ मंगलं ॥ ९ ॥

સંપદા એટલે અર્થનું વિશ્રામસ્થાન કે અર્થાધિકાર. તેની વ્યાખ્યા સાસ્રકારોએ આ પ્રમાણે કરી છે: 'साङ्गत्येन-पद्यते-परिछिद्यतेऽर्थो याभिरिति संपदः ।' જેનાથી સંગત રીતે અર્થ જુદો પડાય તે સંપદ કે સંપદા. પ્રવચન સારોદ્ધારના અભિપ્રાયથી નમસ્કાર-સૂત્રમાં આવી આઠ સંપદાઓ છે.

નમસ્કારના ઉપધાન-વિધિમાં આઠ આયંબીલ કરવાનું ફરમાવ્યું છે, તે આ સંપદાના ધોરણે સમજવાનું છે.

## નમસ્કાર-મંત્રની ભાષા

જગત્‌ની ભિન્ન ભિન્ન ભાષાઓનો અભ્યાસ કરીને વિદ્વાનો એવા નિર્ણય પર આવ્યા કે પ્રથમ મનુષ્યો સ્વાભાવિક-વચન વ્યાપાર કરે છે અને પછી તેનું સંસ્કરણ થવા લાગે છે, એમ કરતાં ભાષાનું એક ચોક્કસ સ્વરૂપ ઘડાય છે. તેથી ભાષાઓના પ્રાકૃત અને સંસ્કૃત એવા બે વિભાગો અસ્તિત્વમાં આવે છે. આ પરથી જે લોકો પહેલી સંસ્કૃત અને પછી પ્રાકૃત એવા સિદ્ધાંતોનું સ્થાપન કરતા હતા તેનું નિરસન થાય છે.

ભારતમાં પ્રાચીનકાળમાં કેટલી ભાષાઓ બોલાતી તેનો સ્પષ્ટ નિર્દેશ કરવાનું શક્ય નથી. પણ સામાન્યતઃ એમ કહી શકાય કે જે ભાગ આર્યાવર્ત તરીકે ઓળખાતો હતો તેમાં પ્રાકૃત અને સંસ્કૃત એમ બે પ્રકારની ભાષાઓ બોલાતી હતી અને દક્ષિણ ભારતમાં તામીલ અને દ્રાવિડ ભાષાઓનો ઉપયોગ થતો હતો.

વેદોની રચના થઈ તે પહેલાં આ દેશમાં જે ભાષા બોલાતી તેને વિદ્વાનોએ પ્રાકૃત માની છે, વેદોની ભાષાને વૈદિક-સંસ્કૃત માની છે અને ત્યાર પછીની પાણિની વગેરેએ વ્યાકરણો રચીને તેનું જે શુદ્ધ-સ્વરૂપ નિર્માણ કર્યું અને જેમાં કાલિદાસ, ભવભૂતિ વગેરે મહાકવિઓએ પોતાનાં સુંદર કાવ્યો લખ્યાં, તેને લૌકિક સંસ્કૃત માની છે.

વિદ્વાનોએ અતિપ્રાચીન કાલમાં બોલાતી ભાષા તે પ્રાકૃતની પ્રથમ ભૂમિકા માની છે. પાલી, શૌરસેની, અર્ધમાગધી, માગધી વગેરેને બીજી ભૂમિકા માની છે અને જૈન મહારાષ્ટ્રી તથા અપભ્રંશ વગેરેને ત્રીજી ભૂમિકા માની છે.

જૈન–શાસ્ત્રોમાં એવું સ્પષ્ટ વિધાન છે કે સર્વ તીર્થંકરો અર્ધમાગધી ભાષામાં ઉપદેશ આપે છે અને ગણધર ભગવંતો તેને અર્ધમાગધીમાં જ સૂત્રરૂપે ગુંથે છે. શ્રમણ ભગવાન મહાવીરે ભારતની જનતાને જે ધાર્મિક ઉપદેશ આપ્યો, તેમાં આ જ ભાષાનો આશ્રય લેવાયો હતો એ હકીકત છે અને તેને ઇતિહાસનો સંપૂર્ણ ટેકો છે.

'અર્ધમાગધી ભાષા કોને કહેવાય?' તેનું સ્પષ્ટીકરણ નિશીથચૂર્ણિમાં આ પ્રમાણે કરેલું છે : 'જે ભાષા અર્ધા મગધદેશમાં બોલાતી હોય તે અર્ધમાગધી અથવા જે ભાષા અઢાર દેશી ભાષાઓના મિશ્રણવાળી હોય તે અર્ધ-માગધી.'

જૈન-શાસ્ત્રોકારોનું એ સ્પષ્ટ કથન છે કે સૂત્ર પૂર્વાપર સંયુક્ત, વૈરાગ્યકર, સ્વતંત્ર, શાસ્ત્રથી અવિરુદ્ધ, પુરાતન અને અર્ધમાગધી ભાષામાં રચાયેલું હોય છે. તાત્પર્ય કે ગણધર ભગવંતોએ, પ્રત્યેક બુદ્ધોએ, ચતુર્દશ પૂર્વધરોએ અને અભિન્ન દશપૂર્વીઓએ સૂત્રોની જે રચના કરી છે, તે બધાની ભાષા અર્ધમાગધી છે. શાસ્ત્રોમાં કેટલાક સ્થળે આ ભાષાને ઋષિભાષિતા કે આર્ષ પણ કહેવામાં આવી છે.

નમસ્કાર-મંત્ર સૂત્ર છે અને તેની રચના ગણધર-ભગવંતો દ્વારા થયેલી છે, એ વાત ઉપર કહેવાઈ ગઈ છે, એટલે તેની ભાષા અર્ધ-માગધી છે.

## નમસ્કાર-મંત્રનો ઉચ્ચારણ વિધિ

વૈદિક મંત્રોની ઉચ્ચારણપદ્ધતિ ચોક્કસ પ્રકારની છે. અને તે બરાબર જળવાઇ રહે તે માટે નીચેના ક્રમને અનુસરવામાં આવે છે. પ્રથમ કેવલ મંત્રોચ્ચાર શીખવવામાં આવે છે, જેને સંહિતા-પાઠ કહેવામાં આવે છે, પછી પદચ્છેદપૂર્વક મંત્ર-પાઠ શીખવવામાં આવે છે, જેને પદ-પાઠ કહેવામાં આવે છે, પછી બે પદો બોલવાં, બે પદો છોડી દેવાં, પછીનાં બે પદો બોલવાં અને પછીનાં બે પદો છોડી દેવાં એ રીતે જે પાઠ શીખવવામાં આવે છે, તેને ક્રમ-પાઠ કહેવામાં આવે છે. આ ત્રણે રીતે પાઠ લેવાથી તેમાંના દરેક શબ્દો બરાબર યાદ રહે છે અને તેના ઉચ્ચાર વિધિમાં ફેર પડતો નથી. પછી જટા, રેખા, શિખા, માળા, ધ્વજ, દંડ, રથ અને ઘન એ આઠ પ્રક્રિયાઓથી એ મંત્ર બોલતાં શિખવાય છે અને તેમાં અનુક્રમે, ઉત્ક્રમ, વ્યુત્ક્રમ, અભિક્રમ અને સંક્રમ એ પંચ-સંધિનો પ્રયોગ કરવામાં આવે છે, તેથી એ મંત્ર સ્મરણ-પટમાં શુદ્ધ સ્વરૂપે સદાને માટે જળવાઇ રહે છે. આવી કોઈ પદ્ધતિ જૈન-સૂત્રોનાં ઉચ્ચાર કરવા માટે અસ્તિત્વમાં હતી કે કેમ? તે આપણી સામે પ્રશ્ન છે અને તેનો ઉત્તર અહીં આપવામાં આવે છે.

જૈન ધર્મનો પ્રથમ આચાર જ્ઞાનપ્રાપ્તિનો છે અને તેના માટે જે આઠ નિયમો ઘડવામાં આવ્યા છે, તેમાંના છઠ્ઠા નિયમમાં એવું સ્પષ્ટ પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે સૂત્રના દરેક વર્ણનો ઉચ્ચાર શુદ્ધ કરવો. તાત્પર્ય કે જેઓ સૂત્રપાઠ અશુદ્ધ બોલે છે; તે જ્ઞાનાચારનો ભંગ કરે છે અને તેથી દોષપાત્ર થાય છે.

સૂત્ર-જ્ઞાન આપવા માટે જૈન શાસ્ત્રકારોએ છ અંગ માનેલાં છે, તે આ પ્રમાણે :

(૧) સંહિતા એટલે તેનો ઉચ્ચારવિધિ શીખવવો.

(૨) પદ એટલે સૂત્રના પદો જુદાં પાડી બતાવવાં.

(૩) પદાર્થ એટલે દરેક પદનો અર્થ શીખવવો.

(૪) પદ-વિગ્રહ એટલે સામાસિક પદોને છૂટાં પાડી બતાવવાં.

(૫) ચાલના એટલે અર્થ સંબંધી પ્રતિકૂળ તર્ક કરવો.

(૬) પ્રત્યવસ્થાન એટલે તે તર્કનો ઉત્તર આપવો. અને જે અર્થ શીખવ્યો છે, તે તે બરાબર છે, એમ સિદ્ધ કરી આપવું એટલે કોઈ એમ માનતું હોય કે જૈન-સૂત્રો તો ગમે તેમ બોલી શકાય, કારણ કે તે માટે ચોક્કસ નિયમો અસ્તિત્વમાં નથી, તો એ માન્યતા ભૂલ ભરેલી છે.

જૈન-સૂત્રોની ઉચ્ચારણવિધિ માટે અનુયોગ દ્વારા સૂત્રમાં+ કહ્યું છે કે-

**'सुत्तं उच्चारेअव्वं अक्खलिअं अमिलिअं अव्वच्चामेलियं पडिपुण्णं पडिपुण्णघोसं कंठोट्ठविप्पमुक्कं गुरुवायणोवगयं ।'**

'સૂત્રનો ઉચ્ચાર અસ્ખલિત, અમિલિત, અવ્યત્યાગ્રેડિત, પરિપૂર્ણ, ઘોષયુક્ત, કંઠોષ્ઠ-વિપ્રમુક્ત, અને ગુરુવાચના પ્રમાણે કરવો.'

અસ્ખલિતાદિ વિશેષણોનો ખુલાસો ટીકાકારોએ આ પ્રમાણે કર્યો છે.

પત્થરોથી યુક્ત ભૂમિમાં જેમ હળ બરાબર ચાલતું નથી અને ઉપર કે નીચે જાય છે, તેમ ઉચ્ચારની બાબતમાં ન થઈ જવા દેવું તે **અસ્ખલિત.** એક જાતના ધાન્યમાં બીજી જાતનું ભેળવી દેવાની જેમ એક સૂત્રમાં બીજા સૂત્રનો પાઠ મેળવી દેવો તે મિલિત અને તેમ ન થવા દેવું તે અમિલિત અથવા પદ અને વાક્યનો યોગ્ય વિચ્છેદ કરવો તે **અમિલિત.**

વિવિધ શાસ્ત્રોનાં પદ વાક્યરૂપ ઘણા પલ્લવોથી મિશ્રિત તે **વ્યત્યાગ્રેડિત.** જેમકે 'धम्मो मंगलमुक्किर्ट्ठमत एकनवते कल्पे मतोऽन्ये मदर्थाश्च गुणाः, नद्याभ्यामर्थं परिच्छद्य प्रवर्तमाने जीवा द्विविधाः' વગેરે.

'अस्थानच्छिन्नग्रथितं वा' અથવા સૂત્રને અસ્થાને છોડી દેવું અને તેમાં બીજા સૂત્રના પાઠને મૂકી દેવો તે વ્યત્યાગ્રેડિત. જેમકે प्राप्तराजस्य रामस्य राक्षसा निधनं गताः અહીં प्राप्तराजस्य रामस्य પછી જે પાઠ હોવો જોઇએ તે છૂટી ગયો છે ને બીજા શ્લોકનો राक्षसा निधनं गताः એ પાઠ દાખલ થઈ ગયો છે.

અહીં ભેરી કંથા વગેરેનાં ઉદાહરણ વિચારવા યોગ્ય છે. ભેરીનું ઉદાહરણ એવું છે કે 'શ્રી કૃષ્ણ મહારાજને એક દેવતાએ પ્રસન્ન થઇને ચંદનની ભેરી આપી હતી. તે

---

સૂત્ર ૧૫૧, પૃ. ૨૪૧-અ

ભેરી છ મહિને એક જ વાર વાગતી અને તેનો અવાજ બહુ દૂર સુધી સંભળાતો. આ ભેરીના અવાજથી છ મહિનામાં થયેલા રોગો દૂર થતા. અને ભવિષ્યમાં છ માસ સુધી નવા રોગો થતા નહિ. એક વાર દાહજ્વરથી પીડાતો કોઈક વણિક એ ભેરીનો અવાજ સાંભળવા માટે આવ્યો. પણ રસ્તામાં વિલંબ થઈ જવાથી ધારેલા સમયે પહોંચી શક્યો નહિ. એથી તે ભેરીના રક્ષણ કરનારને કહેવા લાગ્યો કે 'ભાઈ! જો તું મને આ ભેરીમાંથી ચંદનનો એક ટુકડો આપે તો મોં માગ્યું ધન આપું.' આથી ભેરીના રક્ષકે તેને ભેરીનો એક ટુકડો આપ્યો અને બીજા કાષ્ટથી તેટલો ભાગ પૂરી નાખ્યો. એ પ્રમાણે ભેરીના રક્ષકે બીજાને પણ કેટલાક ટુકડા આપ્યા. હવે જયારે તે ભેરી છ મહિને વગાડવામાં આવી ત્યારે તેનો અવાજ થોડે દૂર સુધી જ સંભળાયો. અને તેથી કોઈના રોગ મટ્યા નહિ. આ બાબતમાં તપાસ કરવામાં આવી. ત્યારે જણાયું કે ભેરીરક્ષકે આખી ભેરીને સાંધીને નકામી કરી નાખી છે. આથી તે રક્ષકને કાઢી મૂકચો. અને શ્રી કૃષ્ણે અઠ્ઠમનો તપ કરી ફરી તે દેવને આરાધ્યો. દેવે આવીને પુનઃ તેવી જ ભેરી આપી. પછી તે ભેરીનું રક્ષણ કરનાર બીજો સારો પ્રામાણિક માણસ રાખ્યો.' તે એનું યત્નથી રક્ષણ કરવા લાગ્યો. તેથી શ્રીકૃષ્ણને પણ તે ભેરીનો યોગ્ય લાભ મળ્યો. આ રીતે જેઓ સૂત્રનો એક ભાગ ભૂલી જાય છે ને તેમાં બીજાનાં બનાવેલાં સૂત્રોનો ભાગ ઉમેરતા જાય છે, તેઓ છેવટે એ સૂત્રનું સંપૂર્ણ સ્વરૂપ બગાડી નાખે છે અને તેવાં સૂત્રમાંથી ભળતા જ અર્થો નીકળે છે.

**પરિપૂર્ણ બે પ્રકારનું છે :** સૂત્રથી પરિપૂર્ણ અને અર્થથી પરિપૂર્ણ. તેમાં છંદના માત્રાદિ નિયતમાનપૂર્વક બોલવું તે **સૂત્ર–પરિપૂર્ણ** અને यत् तत् આદિનો અધ્યાહાર ન કરતાં મૂળ અર્થ સચવાઈ રહે તે રીતે બોલવું. તે **અર્થ–પરિપૂર્ણ**. ઉદાત્ત, અનુદાત્ત કે સ્વરિત સ્થાન પ્રયત્નનાં જ્ઞાનપૂર્વક ઉચ્ચારણ થાય તે **પરિપૂર્ણ ઘોષ કે ઘોષયુક્ત.** કંઠ, ઓષ્ઠ વગેરે સ્થાનોથી ઉચ્ચાર બરાબર કરવો તે **કંઠોષ્ઠવિપ્રમુક્ત** અને ગુરુદ્વારા મળેલી વાચના અનુસાર બોલવું તે '**ગુરુવાચનોપગત**'.×

આ નિયમોને અનુસરવામાં આવે તો પાઠ બોલવાની પદ્ધતિ એક જ પ્રકારની રહે અને જ્યારે પણ સમુદાય એકઠો થયો હોય ત્યારે બધા એકી સાથે સમાન ઉચ્ચારથી બોલી શકે, પરંતુ જૈનસંઘમાં ઉચ્ચારણની આ પદ્ધતિ જળવાઈ રહી નથી એ હકીકત છે અને તેથી નમસ્કાર-મંત્રનો ઉચ્ચાર જે શાસ્ત્રીય પદ્ધતિએ થવો જોઈએ તે ભાગ્યે જ જોવામાં આવે છે. આજે ભારતવર્ષમાં એક પણ જૈન–પાઠશાળા એવી નથી કે જ્યાં શાસ્ત્રોના આ નિયમોને આધીન સૂત્રનું સંહિતાદિ–પૂર્વક જ્ઞાન અપાતું હોય. આ પરિસ્થિતિ ક્યાં સુધી ચાલશે ?

---

+ અનુયોગદ્વારસૂત્ર દ્વાર ૧૩ના આધારે.

चत्तारि मंगलं - अरिहंता मंगलं,
सिद्धा मंगलं, साहू मंगलं,
केवलिपन्नत्तो धम्मो मंगलं ॥

चत्तारि लोगुत्तमा -



अरिहंता लोगुत्तमा,
सिद्धा लोगुत्तमा,
साहू लोगुत्तमा,
केवलिपन्नत्तो धम्मो लोगुत्तमो ॥

चत्तारि सरणं पवज्जामि -
अरिहंते सरणं पवज्जामि,
सिद्धे सरणं पवज्जामि, साहू सरणं पवज्जामि,
केवलिपन्नत्तं धम्मं सरणं पवज्जामि ॥

મથુરાયાગપટમધ્યસ્થાપિત મંગલપાઠ

# પ્રકરણ–બીજું

## પદાર્થ

### ( પદચ્છેદ, પદાર્થ અને પદવિગ્રહ )

કોઈપણ સૂત્ર કે મંત્રનો પાઠ અત્યન્ત શ્રદ્ધાપૂર્વક કરવામાં આવે તો તેનું યથોક્ત ફળ મળે છે, પરંતુ જ્ઞાનપ્રાપ્તિનો ક્રમ એવો છે કે પાઠનો પરિચય થયા પછી પદચ્છેદનું જ્ઞાન કરાવવું અને દરેક પદનો અર્થ સમજાવવો, એટલે અહીં પદચ્છેદ અને પદાર્થનો વિચાર કરવામાં આવે છે.

### પદચ્છેદ

પદચ્છેદ કરવો એટલે પદોનો છેદ કરવો અર્થાત્ સાથે રહેલા પદોને જુદાં પાડીને બતાવવાં. અર્થની દૃષ્ટિએ આ ક્રિયા ઘણી મહત્ત્વની છે, કારણકે બે પદો જુદાં હોય તેને એક ગણવામાં આવે કે એક પદ અખંડ હોય તેના બે ટુકડા કરવામાં આવે તો તેના અર્થમાં તફાવત પડી જાય છે. દા. ત. ‘ દીવા નથી આ રાજ્યમાં, છે અંધારુ ઘોર ’ એવો પદ સમૂહ છે. તેમાં દીવા અને નથી એ પદોને એક કરી નાખવામાં આવે તો ‘ દીવાનથી આ રાજ્યમાં, છે અંધારું ઘોર ’ એવી રચના થઈ જાય અને તેનો અર્થ મૂળ આશયથી જુદો જ સમજાય અથવા ‘ જોગણી એ તો દેવતા, નહી તો રણ પાષાણ ’ એ પદસમૂહનો એવો પદચ્છેદ કરવામાં આવે કે ‘ જો ગણીએ તો દેવતા, નહિ તો રણ પાષાણ’ તો એના અર્થમાં ખોટું અંતર પડી જાય. તાત્પર્ય કે કોઈપણ સૂત્ર પાઠનો પદચ્છેદ બરાબર કરવો જોઈએ.

‘ નમસ્કાર–મંત્રમાં કેટલા પદો છે? ’ એમ પૂછવામાં આવે તો તરત જ તેનો ઉત્તર મળશે કે ‘નવ’....પરંતુ એ સમજી લેવું આવશ્યક છે કે અહીં પદ શબ્દનો પ્રયોગ ખાસ અર્થમાં કરવામાં આવ્યો છે. નમસ્કારના મૂળ–મંત્રમાં પાંચ આલાપકો છે, તેને પાંચ પદો કહેવામાં આવ્યાં છે. અને ચૂલિકા સિલોગો છંદમાં હોઈ ચાર ચરણવાળી છે, તે દરેક ચરણને પદ કહેવામાં આવ્યું છે, આ રીતે તેની સંખ્યા નવની બનેલી છે. પરંતુ વ્યાકરણશાસ્ત્રી તો વિભક્તિવાળા દરેક શબ્દને પદ માને છે, એ દૃષ્ટિએ નમસ્કાર–મંત્રમાં વીશ પદો છે, તે આ પ્રમાણે :

(१) नमो (२) अरिहंताणं ।

(३) नमो (४) सिद्धाणं ।

(५) नमो (६) आयरियाणं ।

(૭) **नमो** (૮) **उवज्झायाणं ।**

(૯) **नमो** (૧૦) **लोए** (૧૧) **सव्वसाहूणं ॥**

(૧૨) **एसो** (૧૩) **पंच–नमुक्कारो** (૧૪) **सव्वपावप्पणासणो ।**

(૧૫) **मंगलाणं** (૧૬) **च** (૧૭) **सव्वेसिं**

(૧૮) **पढमं** (૧૯) **हवइ** (૨૦) **मंगलं ॥**

આ વિષયમાં અનુભવથી એવું જોવામાં આવ્યું છે કે તેરમા પદમાં ઘણીવાર ભૂલો થાય છે અને તે એક સામાસિક પદ હોવા છતાં पंचनमुक्कारो એમ બે પદો જુદા લખવામાં આવે છે, પરંતુ पंच અને नमुक्कारो એ પદો જુદાં હોત તો વ્યાકરણના નિયમાનુસાર पंच શબ્દ બહુવચનાંત હોવાથી नमुक्कारा એવો પ્રયોગ થાય અને તેથી एसोના સ્થાને एए અને सव्वपावप्पणासणो પદના સ્થાને 'सव्वपावप्पणासणा' એવા પ્રયોગો થાય, કારણકે તે નમસ્કારનાં વિશેષણો છે અને વિશેષણોને વિશેષ્યના જ લિંગ, વચન અને વિભક્તિ લાગે છે.

ચૌદમા પદમાં પણ ઘણીવાર ભૂલો થાય છે અને सव्वपावप्पणासणो કે सव्वपाव અને प्पणासणो એવાં બે જુદાં પદો લખવામાં આવે છે, પરંતુ ઉપર જણાવેલ કારણોસર તે યોગ્ય નથી.

## પદાર્થ

પદના અર્થો બરાબર થાય તે માટે (૧) વ્યાકરણ (૨) કોષ (૩) પૂર્વાપર સંબંધ (૪) પ્રકરણ (૫) વ્યવહાર અને (૬) પૂર્વાચાર્યકૃત વ્યાખ્યાન પર લક્ષ રાખવું જરૂરી છે. **વ્યાકરણ** વિના પદની સિદ્ધિ કેવી રીતે થઇ છે, તે સમજાતું નથી, **કોષ** વિના તેના પર્યાયવાચક શબ્દોનું જ્ઞાન થતું નથી, અને **પૂર્વાપર-સંબંધ, પ્રકરણ, વ્યવહાર** અને **પૂર્વાચાર્યોનાં વ્યાખ્યાન** વિના તે પદ ખરેખર કયા અર્થમાં વપરાયું છે, તેનો નિર્ણય થતો નથી. દા. ત. 'આવે છે વનરાજ' એ શબ્દોના અર્થ માટે વ્યાકરણ તો એટલો જ ખુલાસો કરે કે 'આવે છે' એ ક્રિયાપદ છે અને 'વનરાજ' એ કર્તા છે. માટે 'વનરાજ આવે છે,' એવો અર્થ થાય પરંતુ તે વનરાજ શબ્દ કયા અર્થમાં વપરાયેલો છે તેનો ઉત્તર આપી શકશે નહિ. કોષની મદદ લેતાં એમ જાણી શકાય કે 'વનરાજ' શબ્દ વ્યક્તિનું વિશેષ નામ સૂચવે છે અને સિંહનો અર્થ પણ બતાવે છે, પરંતુ તેથી વનરાજ નામની કોઇ વ્યક્તિ આવે છે કે સિંહ આવે છે? તેનો નિર્ણય થતો નથી. તે માટે તો પૂર્વાપર સંબંધ કે પ્રકરણ જોવું પડે છે. જો એ વાક્યની પછી એમ લખ્યું હોય કે–'આજ લઇને સેના મહાસાહસી' તો તરત જ સમજાય છે કે અહીં 'વનરાજ' શબ્દ કોઈ રાજાનું નામ દર્શાવે છે. અથવા 'ફાળ ભરતો પીઠે ધરી પૂંછને' તો તરત જ

સમજાય છે કે અહીં 'વનરાજ' શબ્દ સિંહના અર્થમાં વપરાયો છે. પૂર્વાપર સંબંધ અને પ્રકરણનું લક્ષ રાખ્યા વિના અર્થ કરવા જતાં મોટા મોટા વિદ્વાનોએ પણ ભૂલો ખાધી છે અને અનર્થને આમંત્રણ આપ્યું છે. શબ્દોનો અર્થ કરતી વખતે ભાષાનો વ્યવહાર પણ લક્ષમાં લેવાની જરૂર રહે છે, અર્થાત્ તે શબ્દો ભાષામાં જે અર્થ દર્શાવવા માટે વપરાતા હોય તે રીતે જ તેનો અર્થ કરવો ઘટે છે. દા. ત. 'તેનાં બારે વહાણ બૂડી ગયાં' એવા વાકયનો અર્થ એમ કરવામાં આવે કે 'તેના બાર વહાણો સમુદ્રમાં સફર કરતાં હતાં, તેણે જળસમાધિ લીધી' તો એ અર્થ સાચો નથી, કારણકે આ વાકય બોલવામાં વક્તાનો આશય એવો હતો કે 'તેની સર્વ આશાઓ નાશ પામી' અથવા 'તાળવે મધ ચોંટયું ?' વાકયનો અર્થ એમ કરવામાં આવે કે તેના મુખની અંદર ઉપરના ભાગમાં મધ ચોંટી ગયું, તો તે યોગ્ય નથી. કારણકે તેનો વ્યવહારિક અર્થ એવો છે કે 'તેને લાલચ લાગી' સૂત્રનો અર્થ નિર્ણય કરવા માટે છેલ્લી અને સહુથી મહત્ત્વની વાત એ છે કે તેની વ્યાખ્યા પૂર્વાચાર્યોએ જે રીતે કરી હોય તે લક્ષમાં લેવી. કારણકે તેમાં પરંપરાગત અર્થ અને શાસ્ત્રીય દૃષ્ટિનો સુમેળ હોય છે.

અહીં જેટલું જણાવવું ઉચિત લેખાશે કે પૂર્વાચાર્યોએ ગણધર ભગવંત વગેરેનાં રચેલાં સૂત્રોનો અર્થ પ્રકાશવા માટે ભારે પરિશ્રમ ઉઠાવીને નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ તથા ટીકાની રચનાઓ કરેલી છે અને તેને શ્રીસંઘે મૂલસૂત્રો જેટલી જ પવિત્ર માનેલી છે, એટલે સૂત્રોનો સુસંગત અર્થ **કરવા માટે તેનું મનનપરિશીલન આવશ્યક છે.**×

## नमो

અર્ધમાગધી ભાષામાં 'नमो' પદને અવ્યય માનવામાં આવ્યું છે. તેનો ભાવ સંસ્કૃત ભાષામાં **नमस्** અવ્યયથી આવે છે, પરંતુ ગુજરાતી ભાષામાં આ જાતનાં અવ્યયો નહિ હોવાથી તેનો ભાવ દર્શાવવા માટે 'નમસ્કાર હો' એમ નામ અને ક્રિયાપદપૂર્વક બોલવું પડે છે. તેથી ગુજરાતી અનુવાદમાં 'નમસ્કાર હો' એવાં પદો મૂકેલાં છે+

'नमो પદથી શું સમજવું ?' તેનો ઉત્તર નિર્યુક્તિકારે આ પ્રમાણે આપ્યો છે : '**दव्व-भाव-संकोअण-पयत्थो ।**' 'नमो પદનો અર્થ દ્રવ્ય અને ભાવનો સંકોચ છે.'

---

× શબ્દનો અર્થ વિચારવા માટે સાહિત્યકારોએ નીચેની વસ્તુઓ ઉપયુક્ત માની છે.

(૧) સંયોગ, (૨) વિયોગ, (૩) સાહચર્ય, (૪) વિરોધ, (૫) અર્થ, (૬) પ્રકરણ, (૭) લિંગ, (૮) અન્યવાકય સન્નિધિ, (૯) સામર્થ્ય, (૧૦) ઔચિતિ (૧૧) દેશ (૧૨) કાલ, (૧૩) વ્યક્તિ, (૧૪) સ્વરાદિ,

—કાવ્ય પ્રકાશ, દ્વિતીય ઉલ્લાસ.

નૈયાયિકોએ શબ્દનો શક્તિગ્રહ આઠ પ્રકારનો માન્યો છે. (૧) વ્યાકરણ (૨) ઉપમાન (૩) કોષ (૪) આપ્તવાકય (૫) વ્યવહાર (૬) વાકયશેષ (૭) વિવૃત્તિ અને (૮) પ્રસિદ્ધ પદ સન્નિધાન.

+ અનુવાદિત પદોની સંકલના પ્રકરણના છેડે કરવામાં આવી છે.

આ ઉત્તર ઘણો માર્મિક છે અને તેનો ભાવ એકદમ સમજમાં આવી શકે તેવો નથી, તેથી લલિતવિસ્તરા ચૈત્યવંદનવૃત્તિમાંથી શ્રી હરિભદ્રસૂરિએ આ શબ્દોનો અર્થ સમજાવ્યો છે. તેમણે કહ્યું છે કે कर–शिरः पादादि संन्यासो द्रव्य संकोचः भावसङ्कोचस्तु विशुद्धस्य मनसो नियोग इति ।' અર્થાત્ હાથ, મસ્તક અને પગ વગેરે અવયવોને સારી રીતે રાખવાં તે દ્રવ્ય સંકોચ અને તેમાં વિશુદ્ધ મનને જોડવું તે ભાવ સંકોચ.

વધારે સ્પષ્ટ કહીએ તો શેરડીના સાંઠાની જેમ સીધા રહેલા બન્ને હાથોને છાતી સન્મુખ લાવવા અને દશે આંગળીઓને ભેગી કરવી તે કર–સંકોચ કહેવાય. પર્વતના શિખરની જેમ ઉન્નત રહેલા મસ્તકને છાતી ભણી નીચું નમાવવું તે શિરઃસંકોચ કહેવાય. અને થાંભલાની જેમ સ્થિર રહેલા બન્ને પગોને ઢીંચણમાંથી વાળીને જમીનને અડાડવા તેને પાદસંકોચ કહેવાય. કરસંકોચ, શિરસંકોચ અને પાદસંકોચની સંયુક્ત ક્રિયાને પંચાંગ પ્રણિપાત કહેવામાં આવે છે, કારણ કે તેમાં બે હાથ, બે ઢીંચણ અને મસ્તક એમ પાંચ અંગો ભેગાં થયેલાં હોય છે.

યુદ્ધમાં નમી જવાની નીતિને એક પ્રકારનું દૂષણ માનવમાં આવે છે, પણ આધ્યાત્મિક ક્ષેત્રમાં સ્થિતિ જુદા પ્રકારની છે. તેમાં તો પહેલો ગુણ નમવાનો જોઈએ. જે પૂજ્ય પુરુષોને નમી શકતો નથી, તે કોઇ જાતનું જ્ઞાન પામી શકતો નથી, પામવાનો અધિકારી નથી. તેથી શ્રી હરિભદ્રસૂરિએ 'લલિતવિસ્તરા' નામની ચૈત્યવંદનવૃત્તિમાં કહ્યું છે કે 'धर्मं प्रति मूलभूता वन्दना–ધર્મ પ્રત્યે લઇ જવા માટે મૂળભૂત વંદના છે.'

અહીં એવો પ્રશ્ન થવાનો સંભવ છે કે 'વંદના એટલે નમસ્કાર કરવાથી ધર્મ પ્રત્યે શી રીતે જવાય ?' તેના ઉત્તરમાં ત્યાં જણાવ્યું છે કે 'નમસ્કાર વડે ઉત્પન્ન થતો ભાવોલ્લાસ આત્મક્ષેત્રમાં ધર્મપ્રસંશા કે ધર્મબહુમાન રૂપી બીજને વાવે છે, ધર્મ–ચિન્તનાદિરૂપ અંકુરાઓને પ્રકટાવે છે. ધર્મ શ્રવણ અને ધર્માચારરૂપ શાખા–પ્રશાખાઓનો વિસ્તાર કરે છે તથા સ્વર્ગ અને મોક્ષનાં સુખોની પ્રાપ્તિરૂપ ફૂલ તથા ફલોને આપે છે.'

શ્રી હરિભદ્રસૂરિના આ ઉત્તરમાંથી એવું તાત્પર્ય કાઢવામાં આવે કે જે નમસ્કારની ક્રિયા ભાવોલ્લાસને જગાડનારી હોય છે, તેના વડે ધર્મ પ્રત્યે જવાય છે અને અનુક્રમે મોક્ષ સુધી પહોંચાય છે, પણ જે ક્રિયામાં ભાવનો જરાયે ઉલ્લાસ નથી, તે માત્ર દ્રવ્ય–નમસ્કારની ક્રિયા છે, એટલે તેનાથી તેવા ફળની પ્રાપ્તિ નથી' તો તે ઉચિત ગણાશે.

શ્રી સિદ્ધસેનસૂરિએ નમસ્કાર માહાત્મ્યના છઠ્ઠા પ્રકાશમાં આ વસ્તુ સ્પષ્ટ શબ્દોમાં જણાવી છે. તેમણે કહ્યું છે કે 'કૃષ્ણ અને શાંબની માફક ભાવનમસ્કારમાં તત્પર થા અને વીરા શાળવી તથા પાલકની જેમ દ્રવ્યનમસ્કાર કરીને આત્માની ખોટી વિડંબના ન કર.' ×

× શ્રીકૃષ્ણ અને વીરા શાળવી તથા પાલક અને શાંબના દૃષ્ટાંતો નીચે મુજબ છે:

એકદા શ્રીકૃષ્ણે ૧૮૦૦૦ સાધુઓને દ્વાદશાવર્ત–વંદના કરવા માંડી, એટલે બીજા રાજાઓ થોડા થોડા મુનિઓને વાંદીને બેસી ગયા, પણ વીરા નામના શાળવીએ શ્રીકૃષ્ણના અનુકરણરૂપ બધા સાધુઓને

'જેમ નક્ષત્રોમાં ચંદ્રમા શોભાયમાન છે, તેમ તમામ પુણ્યરાશિમાં ભાવ-નમસ્કાર શોભાયમાન છે-શ્રેષ્ઠ છે.'

'ભાવ-નમસ્કાર વિના જીવે અનંતીવાર દ્રવ્ય-ચારિત્ર ગ્રહણ કર્યું અને મૂક્યું પણ તે કંઈ જ ફળ આપનાર ન થયું આ ભાવ નમસ્કાર અવશ્ય ઉત્કૃષ્ટ તે જ છે. સ્વર્ગ અને મોક્ષમાં જવાનો સન્માર્ગ છે તથા દુર્ગતિરૂપ વાદળાંઓને વિખેરવામાં પ્રલયકાલીન પવનની સમાન છે.'

જો ભાવ નમસ્કાર ઉત્કૃષ્ટ છે, તો દ્રવ્ય-નમસ્કારની આવશ્યકતા શું? એ પ્રશ્નનો ઉત્તર અહીં આપવામાં આવે છે. 'ઉત્કૃષ્ટ-નિકૃષ્ટનો વ્યવહાર અપેક્ષાકૃત છે. અર્થાત્ એક વસ્તુ નિકૃષ્ટની અપેક્ષાએ ઉત્કૃષ્ટ કહેવાય છે અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ નિકૃષ્ટ કહેવાય છે, પણ તેથી નિકૃષ્ટ અનાવશ્યક છે, એવું સિદ્ધ થતું નથી. દા. ત. પહેલી કક્ષા કરતાં બીજી કક્ષાનું શિક્ષણ ઉત્તમ ગણાય છે. આમ ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, કરતાં સાતમી કક્ષાનું શિક્ષણ ઉત્તમ ગણાય છે, પરંતુ તેથી એમ કહેવામાં આવે છે કે પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, અને છઠ્ઠી કક્ષાનું શિક્ષણ અનાવશ્યક છે, તો તે વાત બરાબર નથી,

---

વંદના કરી. પછી શ્રીકૃષ્ણે નેમિનાથ પ્રભુને કહ્યું કે સર્વ મુનિઓને દ્વાદશાવર્ત વંદના કરવાથી આજે મને જેટલો શ્રમ લાગ્યો છે, તેટલો શ્રમ ત્રણસોને સાઠ યુદ્ધ કરતાં પણ લાગ્યો ન હતો. એટલે પ્રભુ બોલ્યા કે 'હે વાસુદેવ! તમે આજે ઘણું પુણ્ય, ક્ષાયિક સમકિત અને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું છે. વળી સાતમી નરકને યોગ્ય કર્મ પુદ્‌ગલોને ખપાવીને ત્રીજી નરકને યોગ્ય આયુષ્ય બાંધ્યું છે, જેને તમે આ ભવને છેડે નિકાચિત કરશો.' એ સાંભળી શ્રીકૃષ્ણે કહ્યું: 'હે ભગવાન્! હવે ફરીવાર સર્વ મુનિઓને વંદન કરું જેથી પૂર્વની જેમ મારું નરકનું આયુષ્ય મૂળમાંથી ક્ષય થઈ જાય!' ત્યારે પ્રભુ બોલ્યા 'હે ધર્મશીલ! હવે જે વંદના કરો તે દ્રવ્યવંદના થશે અને ફળ તો ભાવવંદનાથી મળે છે, અન્યથા મળતું નથી.' ત્યારે શ્રીકૃષ્ણે પેલા વીરા શાળવીએ કરેલી મુનિવંદનાના ફળ વિષે પૂછ્યું એટલે પ્રભુ બોલ્યા, 'એને વંદના કરવાનું ફળ માત્ર તેના શરીરને ક્લેશ થયો તેજ થયું, કારણ કે તેણે તમારા અનુકરણરૂપે ભાવ વિના વંદન કર્યું છે, તે પછી શ્રીકૃષ્ણ ભગવંતને નમીને તેમનાં વચનો પર વિચાર કરતા દ્વારકાપુરીમાં આવ્યા.

એકદા શ્રી નેમીનાથ પ્રભુ રૈવતગિરી ઉપર સમવસર્યા, તે ખબર જાણી શ્રીકૃષ્ણે પાલક અને શાંબ વગેરે પુત્રોને કહ્યું કે જે સવારે વહેલા ઉઠીને સૌથી પ્રથમ પ્રભુને વાંદશે તેને હું મનોવાંછિત વસ્તુ આપીશ તે સાંભળી શાંબકુમારે પ્રાતઃકાલે શય્યામાંથી ઉઠી ઘરમાં જ રહીને ભાવથી પ્રભુને વંદના કરી, અને પાલકે મળસ્કે વહેલા ઉઠી મોટા અશ્વ ઉપર બેસી ઉતાવળા ગિરનાર પર જઈ વંદના કરી. પછી શ્રીકૃષ્ણ પાસે આવી દર્પક નામના અશ્વની માંગણી કરી. શ્રીકૃષ્ણે કહ્યું કે શ્રી નેમિનાથ પ્રભુ જેને પ્રથમ વંદના કહેશે, તેને એ અશ્વ આપીશ, શ્રીકૃષ્ણે પ્રભુ પાસે જઈને પૂછ્યું કે 'સ્વામિન્! આપને પ્રથમ વંદના કોણે કરી છે? પ્રભુ બોલ્યા, 'પાલકે દ્રવ્યથી અને શાંબે ભાવથી પ્રથમ વંદના કરી છે.' શ્રીકૃષ્ણે પૂછ્યું: એ કેવી રીતે? એટલે પ્રભુએ કહ્યું કે: પાલક અભવ્ય છે. અને જાંબવતીનો પુત્ર શાંબ ભવ્ય છે, માટે એમ બન્યું. એ સાંભળી શ્રીકૃષ્ણે કોપ કરીને ભાવરહિત પાલકને કાઢી મૂકયો અને શાંબને માગ્યા પ્રમાણે તે ઉત્તમ અશ્વ આપ્યો તથા મોટો માંડલિક રાજા બનાવ્યો.

કારણ કે પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી અને છઠ્ઠી કક્ષા વિના સાતમી કક્ષા સિદ્ધ જ થતી નથી. દ્રવ્યનમસ્કાર અને ભાવ-નમસ્કારમાં પણ તેમજ સમજવાનું છે. ભાવ-નમસ્કારને દ્રવ્ય-નમસ્કારની અપેક્ષાએ ઉત્કૃષ્ટ ગણવામાં આવે છે અને દ્રવ્ય-નમસ્કારને ભાવ-નમસ્કારની દૃષ્ટિએ નિકૃષ્ટ ગણવામાં આવે છે. પણ તેથી દ્રવ્ય-નમસ્કારની અનાવશ્યક્તા સિદ્ધ થતી નથી. વળી વ્યવહારમાં દ્રવ્ય નમસ્કાર પહેલો છે, કારણ કે તેના વિના નમસ્કારની પ્રવૃત્તિ કે નમસ્કારનો વ્યવહાર સંભવતો નથી. અને એટલું યાદ રાખવું કે બાળ-જીવોને પ્રાયઃદ્રવ્ય-નમસ્કાર જ હોય છે.

નમસ્કારનો વિચાર તંત્ર ગ્રંથોમાં પણ સારી રીતે કરવામાં આવ્યો છે.

ગંધર્વ-તંત્રમાં નમસ્કારની મહત્તા દર્શાવતાં કહ્યું છે કે—

देवमानुषगन्धर्वाः, यक्षराक्षसपन्नगाः ।
नमस्कारेण तुष्यन्ति, महात्मानःसमन्ततः ॥
नमस्कारेण लभते, चतुर्वर्गं महोदयम् ।
सर्वत्र सर्वसिद्धयर्थं नतिरेका प्रवर्तते ॥
नत्या विजयते लोकान्, नत्या धर्मः प्रवर्तते ।
नमस्कारेण दीर्घायुरछिन्ना लभते प्रजाः ॥

'દેવ, મનુષ્ય, ગન્ધર્વ, યક્ષ, રાક્ષસ, નાગ અને અન્ય મહાત્મા પુરુષો નમસ્કારથી સર્વ રીતે સંતોષ પામે છે.'

મહાન ઉન્નતિ કરનાર એવા ચતુવર્ગને મનુષ્યો નમસ્કારથી પ્રાપ્ત કરે છે. બધાં કાર્યોની સિદ્ધિ માટે દરેક સ્થળે નમસ્કાર જ પ્રશંસનીય છે.

'નમસ્કારથી લોકો જીતાય છે. નમસ્કારથી ધર્મનું પ્રવર્તન થાય છે, અને નમસ્કારથી પ્રજાજનો રોગરહિત દીર્ઘાયુને પ્રાપ્ત કરે છે.'

તંત્ર-વિશારદોએ નમસ્કારના ત્રણ પ્રકારો માન્યા છે: કાયિક, વાચિક અને માનસિક. તેમાં કાયિકને ઉત્તમ માન્યો છે, વાચિકને અધમ માન્યો છે અને માનસિકને મધ્યમ માન્યો છે.

તેમણે નમસ્કારનાં લક્ષણો જણાવતાં કહ્યું છે કે—

त्रिकोणमथ षट्कोणमर्द्धचन्द्रं प्रदक्षिणम् ।
दण्डमष्टाङ्गमुग्रश्च, सप्तधा नतिलक्षणम् ॥

ત્રિકોણ, ષટ્કોણ, અર્ધચંદ્ર, પ્રદક્ષિણ, દંડ, અષ્ટાંગ, અને ઉગ્ર એમ નમસ્કારના લક્ષણ સાત પ્રકારનાં છે.

દેવ-દેવીઓ કયા નમસ્કારથી શીઘ્ર પ્રસન્ન થાય છે તે પણ તેમણે નક્કી કરેલું છે અને તે માટે દિશા-કાલ વગેરેનો ક્રમ નિશ્ચિત કરેલો છે.

મંત્ર-વિશારદ જૈનાચાર્યો જણાવે છે કે ॐ પૂર્વક नमो પદનો પ્રયોગ કરવાથી સર્વ ઇષ્ટ કાર્યોની સિદ્ધિ થાય છે અને ॐ વિના માત્ર नमो પદ બોલવામાં આવે તો તે મોક્ષ-બીજ છે × અને તે જ કારણે શ્રીહેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રના આઠમા પ્રકાશમાં (શ્લોક-૭૨) જણાવ્યું છે કે આલોક સંબંધી ફળ ઇચ્છનારાઓએ નમસ્કાર-મંત્રનું ॐ સહિત ધ્યાન ધરવું અને મોક્ષ-પદની ઇચ્છા છે, તેણે ॐકાર વિના ધ્યાન ધરવું.

એક મત એવો છે કે नमो એ શોધિત બીજ છે. ० એટલે કે તેનો પ્રયોગ કરવાથી આત્મશુદ્ધિ થાય છે.

લોકવ્યવહારમાં પણ નમસ્કારને વિશિષ્ટ સ્થાન છે અને દેશ તથા જાતિ પરત્વે તેના અનેક પ્રકારો પ્રવર્તે છે, પરંતુ તેનું વર્ણન અહીં પ્રસ્તુત નથી.

## अरिहंताणं

अरिहंताणं પદ છઠ્ઠીના બહુવચનમાં આવેલું છે, તેમાં મૂળ શબ્દ अरिहंत છે. સંસ્કૃત ભાષામાં આવો જ અર્થ દર્શાવનારો શબ્દ "अर्हत्" છે.

શ્રી હેમચન્દ્રાચાર્ય સિદ્ધ-હેમચંદ્ર શબ્દાનુશાસનના આઠમા અધ્યાયના બીજા પાદમાં એક ખાસ સૂત્ર રચીને જણાવ્યું છે કે 'अर्हत्' શબ્દમાં ह્ના માથે જે રેફ રહેલો છે, તેનો પ્રાકૃતમાં ઉકાર, અકાર અને ઇકાર આગમ થાય છે, એટલે अर्हत् ના અરુહત, અરહત્ અને અરિહત્ એવાં રૂપો બને છે. સંસ્કૃત ભાષામાં अर्हत् શબ્દ अर्ह ધાતુને शतृ પ્રત્યય આવીને થયેલો છે અને આવા પ્રત્યયવાળા શબ્દોને 'इयशवः' સિંદ્ધ હે ૨-૧-૧૧૬ સૂત્રથી અંતનો 'अन्त' એવો આદેશ થાય છે. એટલે તે રૂપોનું પરિણમન અરુહંત અરહંત અને અરિહંત એ શબ્દોમાં થાય છે. તાત્પર્ય કે પ્રાકૃત ભાષામાં અરુહંત, અરહંત અને અરિહંત એવા જે શબ્દો વપરાયા છે, તે બધાનો મૂળ અર્થ अर्हत् છે.

નમસ્કાર-મંત્રનો સંસ્કૃત ભાષામાં જે ભાવાનુવાદ થયો છે, તેમાં अर्हत् શબ્દ જ મુકાયેલો છે. જેમકે 'नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः।' જૈનાગમો તથા પ્રકરણ ગ્રંથો પર સંસ્કૃત ટીકા લખનારા સર્વ આચાર્યો અને ગીતાર્થીઓએ પણ આ શબ્દનો જ ઉપયોગ કરેલો છે.

अर्ह ધાતુ પૂજા અને યોગ્યતાનો અર્થ દર્શાવે છે એટલે अर्हत् શબ્દનો અર્થ પૂજાને યોગ્ય-પૂજ્ય એવો થાય છે.

---

× प्रणवनमोयुक्तानि पदानि सर्वाणि इष्टं कार्यं जनयति ।
प्रणवं विना नमो इति मोक्षबीजम् ।

—મેરુતુંગાચાર્યકૃત સૂરિમંત્ર, અષ્ટવિદ્યાધિકાર.

० જુઓ જૈન ભાસ્કર ભાગ ૨૦, કિરણ બીજું પૃ. ૫૬.

નિર્યુક્તિકારે અરિહંત શબ્દનો અર્થ કરતાં જણાવ્યું છે કે—

अरिहंति वंदण नमंसणाइं, अरिहंति पूयसक्कारं ।
सिद्धिगमणं च अरिहा, अरिहंता तेण वुच्चन्ति ॥

જેઓ વંદન અને નમસ્કારને યોગ્ય છે, જેઓ પૂજા અને સત્કારને યોગ્ય છે, તથા જેઓ સિદ્ધિ-ગમનને યોગ્ય છે, તે અરહંત કહેવાય છે.'

ચતુઃશરણ પ્રકીર્ણકની એક ગાથામાં અરિહંતોને જે વિશેષણો લગાડવામાં આવ્યાં છે, તેમાંથી પણ આવો જ અર્થ નીકળે છે. તેમાં કહ્યું છે કે—

थुइ-वंदणमरहंता, अमरिंदनरिंदपूयमरहंता ।
सासयसुहमरहंता, अरहंता हुंतु मे सरणं ॥

'જેઓ સ્તુતિ અને વંદનાને યોગ્ય છે, જેઓ અમરેન્દ્ર અને નરેન્દ્રની પૂજાને યોગ્ય છે અને જેઓ શાશ્વત સુખને યોગ્ય છે, તે અરહંતો મને શરણ આપનારા થાઓ.'

શ્રી મહાનિશીથ સૂત્રમાં પણ અરિહંત શબ્દના જે અર્થો કરવામાં આવ્યા છે, તેમાં પહેલો અર્થ એ જ રીતે કરવામાં આવ્યો છે.

જૈન સૂત્ર ગ્રંથો ઉપર સંસ્કૃતમાં ટીકા કરવાની પહેલ શ્રી હરિભદ્રસૂરિએ કરી. તેમણે આવશ્યક સૂત્રના પાંચમા અધ્યયનમાં આવેલા ચૈત્યસ્તવના પાઠ પરની ટીકા કરતાં અરિહંત શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે. 'अशोकाद्यष्टमहाप्रातिहार्यरूपां पूजामर्हन्तीत्यर्हन्तः तीर्थकराः' 'જેઓ અશોક વગેરે અષ્ટ મહાપ્રાતિહાર્યરૂપ પૂજાને યોગ્ય છે, તે અરિહંતો અર્થાત્ તીર્થંકરો.'

શ્રી હેમચંદ્રાચાર્યે અભિધાન ચિંતામણિમાં 'अर्हन्' શબ્દની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે 'चतुस्त्रिंशदतिशयान् सुरेन्द्रादिकृतां पूजां वार्हन्तीत्यर्हन्'

'જે ચોત્રીશ અતિશયો કે સુરેન્દ્ર વગેરેની પૂજાને યોગ્ય છે, તે અર્હન્.'

શ્રી અભયદેવસૂરિએ ભગવતી સૂત્રની ટીકામાં 'नमो अरिहंताणं' પદની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે 'अमरवरनिर्मिताऽशोकादिमहाप्रातिहार्यरूपां पूजामर्हन्तीत्यर्हन्तः ।' 'જેઓ દેવતાઓએ રચેલી અશોક વગેરે મહાપ્રાતિહાર્યરૂપ પૂજાને યોગ્ય છે, તે અરિહંતો.'

તાત્પર્ય કે મોટા ભાગના પૂર્વાચાર્યોએ અર્હત્ શબ્દનો અર્થ 'અષ્ટ મહાપ્રતિહાર્યની પૂજાને યોગ્ય' એવો કર્યો છે.× વ્યાકરણશાસ્ત્રનો તેને સંપૂર્ણ ટેકો છે.

નિર્યુક્તિકારે અરિહંત શબ્દના બીજા પણ અર્થો કર્યા છે જેમકે—

इंदिय-विसय-कसाए, परिसहे वेयणा उवसग्गे ।
एए अरिणो हंता, अरिहंता तेण वुच्चन्ति ॥९१९॥

× વેદો, બ્રાહ્મણગ્રંથો, ઉપનિષદો, સંહિતાઓ અને બૌદ્ધ સાહિત્યમાં પણ અર્હત્ શબ્દ પૂજ્યના અર્થમાં વપરાયેલો છે.

अट्ठविहंपि य कम्मं, अरिभूयं होइ सव्वजीवाणं ।
ते कम्ममरिहंता, अरिहंता तेण वुच्चंति ।।९२०।।

'(અપ્રશસ્ત ભાવમાં વર્તતી) ઇંદ્રિયો, કામભોગની ઇચ્છા, (ક્રોધ, માન, માયા, લોભ આદિ) કષાયો, (બાવીશ પ્રકારના) પરીષહો. (શારીરિક અને માનસિક દુઃખના અનુભવરૂપ) વેદનાઓ તથા (મનુષ્ય, તિર્યંચ અને દેવોએ કરેલા) ઉપસર્ગો એ (અંતરંગ અથવા ભાવ) અરિ (શત્રુ) છે. આ અરિઓને હણનારા અરિહંત કહેવાય છે.'

'આઠ પ્રકારનાં કર્મો જ સર્વ જીવોને અરિભૂત છે.') આ કર્મરૂપ અરિઓને નાશ કરનારા હોવાથી તેઓ અરિહંત કહેવાય છે.'

अरिहंत પદને છઠ્ઠીના બહુવચનનો પ્રત્યય લાગી अरिहंताणं પદ બનેલું છે.

'અહીં છઠ્ઠીના બહુવચનનો પ્રત્યય લાગવાનું કારણ શું? એનો ઉત્તર એ છે કે અર્ધમાગધી ભાષાના નિયમ પ્રમાણે नमो અવ્યયના યોગમાં આવેલું પદ છઠ્ઠી વિભક્તિમાં હોવું જોઈએ અને નમસ્કાર એક અરિહંતને નહિ પણ અનેક અરિહંતોને કરવાનો છે, એટલે તેને છઠ્ઠીના બહુવચનનો પ્રત્યય લગાડેલ છે.

સંસ્કૃત ભાષામાં नमस् અવ્યયના યોગમાં આવેલું પદ ચતુર્થ વિભક્તિમાં હોવું જોઈએ. એવો નિયમ છે, તેથી अरिहंताणं પદનો સંસ્કૃત અનુવાદ 'अर्हद्भ्यः' કરેલો છે.

ગુજરાતી ભાષામાં અરિહંત શબ્દ તત્સમ છે. અને 'નમસ્કાર હો' એ બે પદોના યોગમાં આવેલો છે. તેથી તેને દ્વિતીયાના બહુવચનનો પ્રત્યય લગાડી 'અરિહંતોને' એવો અનુવાદ કરવામાં આવ્યો છે.

## सिद्धाणं

"अरिहंताणं' પદની જેમ 'सिद्धाण' પદ છઠ્ઠીના બહુવચનમાં આવેલું છે. તેમાં મૂળ શબ્દ सिद्ध છે. આ શબ્દ સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં તત્સમ હોવાથી અનુવાદમાં અનુક્રમે 'सिद्धेभ्यः' અને 'સિદ્ધોને' એ પદ મૂકવામાં આવ્યાં છે.

'સિદ્ધ' શબ્દથી શું સમજવું?' એ પ્રશ્નોનો ઉત્તર શ્રી જિનભદ્રગણિ ક્ષમાક્ષમણે વિશેષાવશ્યક-ભાષ્યમાં આ પ્રમાણે આપ્યો છે : 'सिद्धो जो निप्फन्नो जेण गुणेण स य चोदस विगप्पो।' અર્થાત્ જે પોતાના ગુણ વડે નિષ્પન્ન હોય તો તે સિદ્ધ કહેવાય. તેનો વિકલ્પ કે વ્યવહાર ચૌદ પ્રકારે થાય છે.

પાઠકોની જાણ માટે તે ચૌદ પ્રકારો અહિં રજૂ કરવામાં આવે છે :

(૧) કોઈનું નામ સિદ્ધ હોય તેને **નામસિદ્ધ** કહેવાય.

(૨) કોઈ વસ્તુની સિદ્ધ તરીકે સ્થાપના કરવામાં આવી હોય તેને **સ્થાપના-સિદ્ધ** કહેવાય.

(૩) કોઈ દ્રવ્ય સિદ્ધ કરેલું એટલે રાંધેલું હોય તેને **દ્રવ્યસિદ્ધ** કહેવાય.

(૪) ભારવાહન, કૃષિ, વાણિજ્ય આદિ કર્મો કહેવાય છે, તેમાં જે કુશળ હોય તેને **કર્મસિદ્ધ** કહેવાય.

(૫) કુંભારકામ, ચિત્રકામ, સુથારીકામ, દરજીકામ, લુહારકામ, વણકરનું કામ, હજામનું કામ વગેરે શિલ્પો કહેવાય છે, તેમાં જે કુશળ હોય તેને **શિલ્પસિદ્ધ** કહેવાય.

(૬) જેણે ઘણી કે કોઈ પ્રધાનવિદ્યા સિદ્ધ કરેલી હોય તેને **વિદ્યાસિદ્ધ** કહેવાય.

(૭) જેણે ઘણા મંત્રો કે કોઈ પ્રધાનમંત્રની સિદ્ધિ કરેલી હોય તેને **મંત્ર-સિદ્ધ** કહેવાય.

(૮) ચમત્કારિક સંયોજનવાળા લેપ, ગુટિકા, અંજન, ચૂર્ણ વગેરેને યોગ કહેવાય છે. તેનો પ્રયોગ કરવામાં જે કુશળ હોય તેને **યોગ-સિદ્ધ** કહેવાય.

(૯) જે આગમોમાં એટલે શાસ્ત્રોમાં વિશારદ હોય, તેને **આગમ-સિદ્ધ** કહેવાય.

(૧૦) જે અર્થનું ઉપાર્જન કરવામાં તથા તેનો સંગ્રહ કરવામાં કુશળ હોય, તે **અર્થ-સિદ્ધ** કહેવાય.

(૧૧) સ્થળ અને જળના પ્રવાસને યાત્રા કહેવામાં આવે છે તેમાં જે નિષ્ણાત હોય તેને **યાત્રા-સિદ્ધ** કહેવાય.

(૧૨) જેની બુદ્ધિ વિપુલ, વિમલ અને સૂક્ષ્મ હોય અથવા ઔત્પતિકી, વૈનેયિકી, કાર્મિકી કે પારિણામિકી હોય તેને **બુદ્ધિ-સિદ્ધ** કે **અભિપ્રાય-સિદ્ધ** કહેવાય.

(૧૩) જે વિવિધ પ્રકારની ઉગ્ર તપશ્ચર્યાઓ કરી શકે તે **તપઃસિદ્ધ** કહેવાય.

(૧૪) જેણે કર્મનો સર્વાંશે નાશ કર્યો હોય તે **કર્મક્ષય-સિદ્ધ** કહેવાય.

નિર્યુક્તિકારે જણાવ્યું છે કે અહીં આ ચૌદમો પ્રકાર ગ્રહણ કરવાનો છે.

ટીકાકારોએ સિદ્ધ શબ્દની વ્યાખ્યા જુદા જુદા અનેક પ્રકારોએ કરી બતાવી છે. તેમાં નિરુક્તવિધિથી સિદ્ધ શબ્દનો અર્થ કરતાં જણાવ્યું છે કે સિદ્ધ શબ્દના સિત્ અને ધ એવા બે ભાગો છે, તેમાં સિત્ પદ સિતં એટલે અષ્ટ પ્રકારનાં કર્મરૂપી ઇંધનને બાળવાનો ભાવ દર્શાવનારું છે અને ધ પદ ધ્માતં એટલે તે ઇંધનને પૂરેપૂરાં બાળી નાખવાનો અર્થ દર્શાવનારું છે. આ રીતે સિદ્ધ શબ્દનો અર્થ આઠ પ્રકારનાં કર્મોને સંપૂર્ણ બાળી નાખનાર એવો થાય છે.

તેમણે શબ્દશાસ્ત્રની દૃષ્ટિએ સિદ્ધ શબ્દનો અર્થ કરતાં જણાવ્યું છે કે 'षिध्' ધાતુ ગતિનો અર્થ બતાવે છે, એટલે જેઓ ફરી પાછું ન આવવું પડે એ રીતે સિધ્યા–સિધાવ્યા–મોક્ષમાં ગયા તે સિદ્ધ. અથવા 'षिध्' ધાતુ નિષ્પત્તિનો અર્થ બતાવે છે એટલે જેઓ સિધ્યા–નિષ્ઠિતાર્થ થયા–કૃતકૃત્ય થયા તે સિદ્ધ. અથવા 'षिध्' ધાતુ शास्य અને માંગલ્યનો અર્થ દર્શાવે છે, એટલે જેઓ સિધ્યા–અનુશાસ્તા થયા અને જેમણે મંગલરૂપતા અનુભવી તે સિદ્ધ.

કોષમાં સિદ્ધ શબ્દના નિત્ય અને પ્રખ્યાત એવા અર્થો જોવામાં આવે છે, તેને ટીકાકારોએ આ રીતે સંગત કર્યા છે : 'સિદ્ધો અપર્યવસાન સ્થિતિને લીધે નિત્ય છે અને ગુણ સમૂહને પામેલા હોવાથી ભવ્ય જીવોમાં પ્રખ્યાત છે.'×

સિદ્ધ શબ્દના આ અર્થોનો સંગ્રહ નીચેના શ્લોકમાં જોવાય છે :

ध्मातं सितं येन पुराणकर्म,<br>
यो वा गतो निर्वृत्तिसौधमुर्ध्नि ।<br>
ख्यातोऽनुशास्ता परिनिष्ठितार्थो,<br>
यःसोऽस्तु सिद्धः कृतमङ्गलो मे ॥

'જેના વડે પુરાણાં કર્મો બળી ગયાં છે, અથવા જે મોક્ષ–મંદિરના અગ્રભાગે ગયેલા છે, અથવા જે ખ્યાત, અનુશાસ્તા કે પરિનિષ્ઠિતાર્થ છે, તે સિદ્ધ મને મંગલ કરનારા થાઓ.'

અહીં એ સ્પષ્ટતા કરવી ઉચિત ગણાશે કે સિદ્ધના આ સર્વ અર્થોમાં કર્મક્ષયને લગતો જે પહેલો અર્થ છે, તે મુખ્ય છે અને શાસ્ત્રકારોએ તેને જ મહત્ત્વ આપ્યું છે. તે સંબંધી નિર્યુક્તિકારે કહ્યું છે કે–પ્રવાહની અપેક્ષાએ દીર્ઘકાલની સ્થિતિવાળું અને સ્વભાવથી આત્માને મલીન કરનારું જે કર્મ તે ( જ્ઞાનાવરણીયાદિ ) આઠ પ્રકારે બંધાય છે. આ અષ્ટવિધ બદ્ધકર્મને બાળી નાખે અર્થાત્ તેનો ક્ષય કરે તે સિદ્ધ કહેવાય છે, કારણકે સિદ્ધત્વ તેમને જ પ્રાપ્ત થાય છે.'

તાત્પર્ય કે જે આત્મા સર્વકર્મોનો નાશ કરીને પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરે છે, તે સિદ્ધ કહેવાય છે.

## आयरियाणं

'अरिहंताणं' પદની જેમ 'आयरियाणं' પદ છઠ્ઠીના બહુવચનમાં આવેલું છે. તેમાં મૂળ શબ્દ आयरिय છે, અહીં કેટલાક आइरियाणं એવો પાઠ પણ બોલે છે, તેમાં મૂળ

---

× सिद्धा :—नित्याः अपर्यवसानस्थितिकत्वात्, प्रख्याता वा भव्यैरुपलब्ध गुणसन्दोहत्वात् ।'

—અભયદેવસૂરિકૃત 'ભગવતીસૂત્ર'ની ટીકાનું મંગલાચરણ.

શબ્દ आइरिय છે આ બન્ને શબ્દોનો ભાવ સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં 'आचार्य' શબ્દ વડે આવે છે, એટલે તેનો અનુવાદ અનુક્રમે 'आचार्येभ्यः' અને 'આચાર્યોને' એ પદો વડે કરવામાં આવ્યો છે.

ભારત દેશમાં પ્રાચીનકાળમાં આચાર્ય શબ્દનો વ્યાપક ઉપયોગ થતો. તેમાં જેઓ પુરુષની ૬૪ કલા અને સ્ત્રીઓની ૭૨ કલાઓનું શિક્ષણ આપતા, તેમને કલાચાર્ય કહેવામાં આવતા. જેઓ ચિત્રકામ, સુથારીકામ, કુંભારકામ વગેરે પંચશિલ્પ અને તેની વિવિધ શાખાઓનું શિક્ષણ આપતા તેમને શિલ્પાચાર્ય કહેવામાં આવતા અને જેઓ ધર્મસંબંધી ઊંડું જ્ઞાન આપતા કે ધર્મસંઘનું આધિપત્ય ભોગવતા તેમને ધર્માચાર્ય કહેવામાં આવતા. આ ત્રણ પ્રકારના આચાર્યોમાંથી અહીં ધર્માચાર્ય પ્રસ્તુત છે. ×

વૈદિક પરંપરામાં આચાર્યનો અર્થ વેદનું અધ્યયન કરાવનાર કે વૈદિક મંત્રોની વ્યાખ્યા કરનાર વિદ્વાન બ્રાહ્મણ થાય છે. + ત્યારે બૌદ્ધ અને જૈન પરંપરામાં આચાર્યનો અર્થ શ્રમણસંઘના કોઇ એક ભાગનો વિધિસર સ્થપાયેલો અગ્રણી થાય છે.

નિર્યુક્તિકારે આચાર્ય શબ્દનો અર્થ કરતાં જણાવ્યું છે કે 'જેઓ પંચવિધ આચારને આચરનારા તથા પ્રકાશનારા છે, તેમજ (સાધુઓને તથા શ્રાવકોને તેમનો વિશિષ્ટ) આચાર દર્શાવનારા છે, તે આચાર્ય કહેવાય છે.'

'ગચ્છાચાર પ્રકીર્ણકમાં આચાર્યનો પરિચય આપતાં કહ્યું છે કે, 'આચાર્ય ગચ્છ (સાધુ-સમુદાય)ને માટે મેઢી, આલંબન, સ્તંભ, દૃષ્ટિ અને ઉત્તમ યાન સમાન છે. અર્થાત્ મેઢીમાં બંધાયેલા પશુઓ જેમ મર્યાદામાં વર્તે છે, તેમ ગચ્છ પણ આચાર્યના બંધનથી મર્યાદામાં વર્તે છે. હસ્તનું આલંબન જેમ ખાડા વગેરેમાં પડતાં અટકાવે છે, તેમ આચાર્યનું આલંબન સંસારરૂપ ખાડામાં પડતાં અટકાવે છે. જેમ સ્તંભ પ્રાસાદ (મહેલ)ને આધારભૂત છે, તેમ આચાર્ય ગચ્છના આધારભૂત છે, જેમ દૃષ્ટિ શુભાશુભ વસ્તુને દર્શાવે છે, તેમ આચાર્ય પણ ગચ્છને ભાવિ શુભાશુભ દર્શાવે છે. અને જેમ છિદ્ર વિનાનું ઉત્તમ વહાણ મનુષ્યોને સમુદ્રતીરે પહોંચાડે છે, તેમ આચાર્ય પણ ગચ્છને સંસારના તીરે પહોંચાડે છે. તાત્પર્ય કે આચાર્ય સાધુ સમુદાયના અગ્રણી છે અને તેમની દોરવણીથી જ તે ઉન્નતિને પામે છે.

---

× રાયપસેણી સૂત્રમાં પ્રદેશી રાજા કહે છે: હે ભગવન! હું જાણું છું કે આચાર્યો ત્રણ પ્રકારના હોય છે, તે આ પ્રમાણે: કલાચાર્ય, શિલ્પાચાર્ય અને ધર્માચાર્ય-સૂત્ર ૯૧.

ચરકે આયુર્વેદાચાર્ય કેવો હોવો જોઈએ તેનું વર્ણન ચરકસંહિતામાં કર્યું છે.

+ મનસ્મૃતિના બીજા અધ્યાયમાં કહ્યું છે કે–

उपनीय तु यः शिष्यं वेदमध्यापयेत् द्विजः ।
सकल्पं सरहस्यं च तमाचार्यं प्रचक्षते ॥ १४० ॥

જે બ્રાહ્મણ પોતાના શિષ્યને ઉપનયન (જનોઈ દેવાનો) સંસ્કાર કરે, કલ્પો અને રહસ્યો સાથે વેદ ભણાવે છે, તે આચાર્ય કહેવાય છે.

સૂત્ર-સિદ્ધાંતનાં રહસ્યો સમજાવવાનું કાર્ય આચાર્યનું છે, તે માટે કહ્યું છે કે 'જે સૂત્ર અને અર્થનું રહસ્ય બરાબર જાણનાર હોય, અનેક શુભ લક્ષણોથી યુક્ત હોય, ગચ્છને માટે મેઢી સમાન હોય અને ગણની ચિંતાથી મુક્ત હોય તે આચાર્ય સૂત્રનાં રહસ્યો પ્રકાશે છે.'

ટીકાકારોએ આચાર્ય શબ્દની જે વ્યાખ્યાઓ કરી છે, તેમાંથી બે વ્યાખ્યાઓ ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. એક વ્યાખ્યામાં તેમણે કહ્યું છે: 'आ मर्यादया चरतीत्याचार्यः' 'જે મર્યાદાથી વર્તે છે તે આચાર્ય' અહીં તેમણે મર્યાદા શબ્દથી શાસ્ત્રોક્ત આચાર સમજવાનો છે, એવો ખુલાસો કર્યો છે, એટલે આચાર્યનો અર્થ 'શાસ્ત્રમાં વર્ણવેલા આચાર પ્રમાણે વર્તનાર' એમ સમજવાનું છે. બીજી વ્યાખ્યામાં તેમણે કહ્યું છે: 'आचर्य्यते असावाचार्य्यः' 'જે સેવાય તે આચાર્ય' અને તેના સ્પષ્ટીકરણમાં કહ્યું છે: 'सूत्रार्थावगमार्थं मुमुक्षुभिरासेव्यते इत्यर्थः' 'સૂત્ર અને તેનો અર્થ અથવા સૂત્રનો અર્થ જાણવા માટે જે મુમુક્ષુઓ વડે સેવાય' એમ અહીં સમજવાનું છે. તાત્પર્ય કે 'મુમુક્ષુઓ જેમનાં ચરણે બેસીને સર્વજ્ઞ ભગવંતોએ કહેલાં શાસ્ત્રોનું રહસ્ય પામી શકે તે આચાર્ય.'

જૈન પરંપરામાં આચાર્યને માટે સૂરિ શબ્દ પણ વપરાય છે.

## उवज्झायाणं

'अरिहंताणं' 'પદની જેમ' 'उवज्झायाणं' પદ છઠ્ઠીના બહુવચનમાં આવેલું છે, તેમાં મૂળ શબ્દ 'उवज्झाय' છે. સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં આ શબ્દનો ભાવ 'उपाध्याय' શબ્દ વડે આવે છે, એટલે તેનો અનુવાદ અનુક્રમે 'उपाध्यायेभ्यः' અને 'ઉપાધ્યાયોને' એ પદો વડે કરેલો છે.'

વૈદિક સંસ્કૃતિમાં જે બ્રાહ્મણ વેદનો એક ભાગ અથવા તો વેદનાં છ અંગો આજીવિકા માટે ભણાવે તેને ઉપાધ્યાય કહેવાય છે. બૌદ્ધ સંસ્કૃતિમાં જે શ્રમણ શિષ્યોને સારી રીતે સાચવે અને શાસ્ત્રજ્ઞાન આપે તે ઉપાધ્યાય કહેવાય છે અને જૈન શાસ્ત્રોમાં જે સાધુ અન્ય સાધુઓને સૂત્ર-સિદ્ધાંત તથા પ્રક્રિયાનું જ્ઞાન આપે તેને ઉપાધ્યાય કહેવાય છે.

નિર્યુક્તિકારે ઉપાધ્યાય શબ્દનો અર્થ કરતાં જણાવ્યું છે કે 'જે બાર અંગવાળો સ્વાધ્યાય (અર્થથી જિનેશ્વરોએ પ્રરૂપેલો છે અને (સૂત્રથી) ગણધર ભગવંતોએ કહેલો છે, તેનો શિષ્યોને ઉપદેશ કરે છે, તેથી તે ઉપાધ્યાય કહેવાય છે.'

નમસ્કાર-મંત્રના એક પ્રાચીન સ્તવનમાં કહ્યું છે કે 'બાર પ્રકારનાં અપૂર્વશ્રુતનો શિષ્યોને ઉપદેશ કરનારા, શાસ્ત્રના જાણકાર તથા સ્વાધ્યાય અને ધ્યાનમાં તત્પર એવા ઉપાધ્યાયોને સદા નમસ્કાર હો.'

ટીકાકારોએ ઉપાધ્યાય શબ્દની વ્યાખ્યા અનેક પ્રકારે કરી છે તેમાંની થોડી વ્યાખ્યાઓ આ પ્રમાણે છે:

(१) उपेत्य समीपमागत्य अधीयते अस्मात् इति उपाध्यायः

જેની સમીપે આવીને ભણાય છે–અધ્યયન કરાય છે, તે ઉપાધ્યાય.

(२) उप–समीपं अधि–आधिक्येन ईयते–गम्यते इति उपाध्यायः

જેની સમીપે ઘણી વાર જવાય છે–જવું પડે છે, તે તાત્પર્ય કારણ કે વાચના–પૃચ્છનાદિ માટે જેની પાસે ઘણીવાર જવું પડે તે ઉપાધ્યાય.

(३) उप–समीपं अधि–आधिक्येन ईयत–स्मर्यते इति उपाध्यायः

જેની સમીપે ઘણું યાદ કરાય છે, તે ઉપાધ્યાય. તાત્પર્ય કે જેની પાસે જઈને સૂત્ર–સિદ્ધાંતનું સ્મરણ કરાય છે, તે ઉપાધ્યાય.

નિરુક્ત વિધિથી 'उपाध्याय' શબ્દની વ્યુત્પત્તિ કરતાં તેમણે જણાવ્યું છે કે ' उप–समीपे अधिषसनात् श्रुतस्यायो लाभो भवति येभ्यस्ते उपाध्यायाः

જેની સમીપે વસવાથી શ્રુતનો લાભ થાય તે ઉપાધ્યાયો.

ઉપાધ્યાય શબ્દની એક વ્યાખ્યા એવી છે કે 'उप–उपयोगेन आ समन्तात् ध्यायन्तीति उपाध्यायाः ' જેઓ ઉપયોગપૂર્વક સારી રીતે ધ્યાન ધરે છે, તે ઉપાધ્યાય. વળી અર્ધમાગધીમાં उवज्झाय નો પર્યાય શબ્દ उज्झ છે, તેનો અર્થ પણ એવો જ થાય છે. તે સંબંધી નિર્યુક્તિકારે કહ્યું છે કે–

उ त्ति उवओगकरणे, ज्झत्ति अ झाणस्स होइ निद्देसे ।
एएण हुंति उज्झा, एसो अन्नो वि पज्झाओ ॥९१८॥

उ ઉપયોગ રાખવાનો અર્થ દર્શાવે છે અને ज्झ ધ્યાનનો નિર્દેશ કરે છે. અર્થાત્ જેઓ ઉપયોગપૂર્વક ધ્યાન કરે છે, તે उज्झा (ઉપાધ્યાયો) કહેવાય છે.×

અહીં એ વાત સ્પષ્ટ રીતે સમજી લેવી જોઈએ કે જિનેશ્વરોએ જે બાર અંગની પ્રરૂપણા કરેલી છે, તેમાં સંવર અને નિર્જરા અગ્રસ્થાને છે અને તેમાં સ્વાધ્યાય તથા ધ્યાનની મુખ્યતા છે. એટલે ઉપાધ્યાય તે બન્નેનું સમ્યગ્શિક્ષણ આપે છે. વળી એ વાત પણ લક્ષ્યમાં રહેવી ઘટે કે જિનશાસનમાં શિક્ષા બે પ્રકારની મનાયેલી છે : ગ્રહણ અને આસેવના. તેમાં ગ્રહણ શિક્ષા સૂત્રોના સ્વાધ્યાયરૂપ છે અને આસેવના શિક્ષા સામાચારીના સમ્યગ્ અનુષ્ઠાનરૂપ છે, એટલે ઉપાધ્યાય સૂત્રોનાં જ્ઞાન સાથે તેમાં ઉપદેશાયેલી ક્રિયાઓને પણ શિખવે છે અને એ રીતે સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ક્રિયાની પરંપરા જાળવી રાખે છે.

જૈન પરંપરામાં ઉપાધ્યાયને માટે વાચક, પાઠક કે વિદ્યાગુરુ શબ્દનો પ્રયોગ પણ થાય છે.

---

× ઓઝા અને ઝા એ उज्झाનાં અપભ્રંશ રૂપો છે.

## लोए

लोए પદ સપ્તમીના એકવચનમાં આવેલું છે, તેમાં મૂળ શબ્દ 'लोअ', છે. સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં તેનો ભાવ 'लोक' શબ્દ વડે આવી શકે છે. તેથી તેનો અનુવાદ અનુક્રમે 'लोके' અને 'લોકમાં' એ પદો વડે કરેલો છે.

'લોક કોને કહેવાય ?' તેના ઉત્તરમાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના અઠ્ઠાવીસમા અધ્યયનમાં કહ્યું છે કે–'+ધર્મ, અધર્મ, આકાશ, કાલ, પુદ્ગલ અને જીવ એ છ દ્રવ્યના સમૂહને કેવલજ્ઞાની જિનેશ્વર ભગવંતોએ લોક કહ્યો છે.

શ્રી ભગવતી સૂત્રના તેરમા શતકના ચોથા ઉદ્દેશકમાં એવો પ્રશ્ન પુછાયો છે કે 'હે ભગવંત' આ લોક કેવો કહેવાય ?' તેના ઉત્તરમાં ભગવંતે કહ્યું છે કે 'હે ગૌતમ ! આ લોક પંચાસ્તિકાયરૂપ કહેવાય છે, તે આ પ્રમાણે: (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિ-કાય, (૩) આકાશાસ્તિકાય, (૪) જીવાસ્તિકાય, અને (૫) પુદ્ગલાસ્તિકાય.'

તાત્પર્ય કે લોક ષડ્દ્રવ્ય કે પંચાસ્તિકાયના સમૂહરૂપ છે. અહીં એટલો ખુલાસો કરવો આવશ્યક છે કે છ દ્રવ્યમાંના કાલદ્રવ્યને અસ્તિકાય માનવામાં આવતો નથી. અને બાકીનાં દ્રવ્યોને અસ્તિકાય માનવામાં આવે છે, એટલે પાંચ દ્રવ્યો અસ્તિકાય છે અને તેનું સૂચન કરવા માટે જ 'પંચાસ્તિકાય' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

આ લોક ચૌદ રજ્જુ× પ્રમાણ છે અને તેના ઊર્ધ્વ, તિર્યગ્ અને અધો (અધસ્) એવા ત્રણ ભાગો છે. તેમાં તિર્યગ્ લોકનો અઢી દ્વીપ પ્રમાણ મધ્યવર્તી ભાગ મનુષ્યલોક કહેવાય છે. કારણ કે મનુષ્યોની ઉત્પત્તિ તેમાં જ થાય છે. અહીં લોક શબ્દથી આ મનુષ્યલોક સમજવાનો છે.

ટીકાકારોએ લોક શબ્દની જે વ્યુત્પત્તિ કરી છે. તેને પણ ધ્યાનમાં રાખીએ. તેઓ કહે છે : 'लोक्यते इति लोकः જે દેખાય છે–જણાય છે, તે લોક' અથવા लोक्यते प्रमाणेन दृश्यते इति लोकः 'જે જણાય છે, એટલે પ્રમાણથી દેખાય છે તે લોક' અથવા 'लोक्यते दृश्यते केवलज्ञानभास्वतेति लोकः 'જે કેવલજ્ઞાનરૂપ સૂર્ય વડે દેખાય છે, તે લોક.'

અહીં પ્રાસંગિક એટલું જણાવવું ઉચિત જણાશે કે જેટલા ભાગમાં પંચાસ્તિકાય વ્યાપીને રહેલ છે તેટલા ભાગને જૈન શાસ્ત્રકારો લોક કહે છે અને જેમાં માત્ર આકાશ સિવાય બીજું કંઈ પણ નથી. તે ભાગને અલોક કહે છે.

---

+ અહીં ધર્મ અને અધર્મ શબ્દ પુણ્ય–પાપનો નહિ પણ પંચાસ્તિકાયમાંના ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો અર્થ દર્શાવે છે.

× ક્ષેત્રની લંબાઇ–પહોળાઈ દર્શાવનારું એક જાતનું અતિ વિસ્તૃત માપ. વિશેષ માટે જુઓ પ્રબોધટીકા ભાગ–૧ પૃષ્ઠ ૧૬૧.

## सव्व-साहूणं

'अरिहंताणं' પદની જેમ 'सव्व-साहूणं' પદ છઠ્ઠીના બહુવચનમાં આવેલું છે. તેમાં મૂળ શબ્દ 'सव्व-साहु' છે. સંસ્કૃત તથા ગુજરાતી ભાષામાં આ શબ્દનો ભાવ 'सर्व-साधु' શબ્દ વડે આવી શકે છે. તેથી તેનો અનુવાદ અનુક્રમે 'सर्वसाधुभ्यः' અને 'સર્વ સાધુઓને' એ પદો વડે કરવામાં આવ્યો છે.

ભાષા વિશારદોએ પદોને ચાર પ્રકારનાં માન્યાં છે :

(૧) કારક વાચ્ય, (૨) સમાસ-વાચ્ય, (૩) તદ્ધિત-વાચ્ય અને (૪) નિરુક્ત-વાચ્ય. તેમાં पाचक એ કારક-વાચ્ય પદ છે, કારણકે તે પચનની ક્રિયાનો અર્થ દર્શાવે છે : તેની વ્યુત્પત્તિ આ પ્રમાણે થાય છે : 'पचतीति पाचकः । राजपुरुष એ સમાસ-વાચ્ય પદ છે, કારણકે તેમાં राज અને पुरुष એ બે શબ્દોનો સમાસ થયેલો છે. વ્યુ. 'राज्ञः पुरुषः राजपुरुषः' । वासुदेव એ તદ્ધિત-વાચ્ય પદ છે, કારણકે તે વસુદેવ ઉપરથી બનેલો છે. વ્યુ. 'वसुदेवस्यापत्यं पुमान् वासुदेवः અને भ्रमर પદ નિરુક્ત-વાચ્ય પદ છે, કારણકે તેનો અર્થ નિરુક્તથી સિદ્ધ થઇ શકે છે. વ્યુ. 'भ्रमति च रौति च भ्रमरः'

सर्व-સાધુ એ સમાસ-વાચ્ય પદ છે, કારણકે તેમાં सर्व અને साधु એ બે પદોનો સમાસ થયેલો છે. તેનો પદ-વિગ્રહ આ પ્રમાણે થાય છે : सर्वश्चासौ साधु इति सर्वसाधुः । ભાષા વિશારદોએ સમાસના પાંચ પ્રકારો માન્યા છે : (૧) અવ્યયીભાવ, (૨) તત્પુરુષ, (૩) દ્વિગુ, (૪) દ્વન્દ્વ, અને (૫) બહુવ્રીહિ. કેટલાક તત્પુરુષ અને કર્મધારયને જુદા ગણી તેના છ પ્રકારો પણ માને છે. તેમાં વિશેષણ અને વિશેષ્યનો જે સમાસ થાય તેને કર્મધારય કહેવામાં આવે છે, એટલે ઉપરનો સમાસ કર્મધારય છે.

શાસ્ત્રકારે એ સર્વ ચાર પ્રકારનું માન્યું છે: નામ સર્વ, સ્થાપના સર્વ, દેશ સર્વ અને નિરવશેષ સર્વ.×

કોઈનું નામ સર્વ હોય તો તે નામ-સર્વ કહેવાય, અથવા સર્વ એવો બે અક્ષરનો શબ્દ તે નામ-સર્વ કહેવાય. કોઈપણ પદાર્થમાં સર્વની સ્થાપના કરી હોય તેને સ્થાપના-સર્વ કહેવાય. બહુતર, પ્રધાન કે દેશ સર્વને આદેશ-સર્વ કહેવાય. જેમકે ગ્રહણ કરેલાં ભોજનમાંથી ઘણા ભાગે ખાધું હોય તેને થોડું બાકી હોય તો 'તેણે સર્વ ભોજન ખાધું' એમ કહેવાય છે. આ પ્રધાન-સર્વ છે, અને ગામમાં પધારેલા બધા મુનિરાજોને વંદન કર્યું હોય તો 'સર્વે મુનિરાજોને વાંદ્યા' એમ કહેવાય છે. આ દેશ-સર્વ છે, કારણ કે જે મુનિરાજોને વાંદ્યા તે સર્વ મુનિરાજોનો એક ભાગ છે. જેમાં કોઈ અવશેષ ન રહે-બાકી ન રહે, તે નિરવશેષ-સર્વ કહેવાય. જેમકે 'સર્વ દેવો અનિમેષ નયનવાળા હોય છે.'

× चत्तारि सव्वा पन्नत्ता तं जहा नाम-सव्वए ठाण-सव्वए आएस-सव्वए निरवसेस-सव्वए । સ્થાનાંગસૂત્ર, સ્થા. ૪, ઉ. ૨.

અહીં સર્વ વિશેષણ નિરવશેષ-સર્વના અર્થમાં વપરાયેલું છે.

નિર્યુક્તિકારે साधु શબ્દનો અર્થ કરતાં જણાવ્યું છે કે 'સાધુ ચાર પ્રકારના હોય છેઃ નામ-સાધુ, સ્થાપના-સાધુ, દ્રવ્ય-સાધુ, ભાવ-સાધુ.' કોઈનું નામ સાધુ હોય તે નામ-સાધુ, કોઈ વસ્તુમાં સાધુની સ્થાપના કરી હોય તે સ્થાપના-સાધુ. જે સાધુનો વેશ ધારણ કરતા હોય પણ સાધુને યોગ્ય સંયમાદિ ગુણોનું ભાવથી પાલન ન કરતા હોય તે દ્રવ્ય-સાધુ અને જે સાધુના વેશની સાથે અંતરમાં પણ સાધુતા રાખતા હોય તે ભાવ-સાધુ.

નિર્યુક્તિકારે ભાવ-સાધુનો પરિચય આ પ્રમાણે આપ્યો છેઃ 'જે સાધુઓ નિર્વાણસાધક યોગોને સાધે અને પ્રાણીઓ પ્રત્યે સમ હોય તે-ભાવ-સાધુઓ છે.'

ટીકાકારોએ साधु શબ્દની વ્યુત્પત્તિ જુદી જુદી અનેક રીતે કરી છે જેમકે-

(१) 'साधयति निष्पादयति धर्म्मादिकार्यमिति साधुः

'જે ધર્માદિ કાર્યને નિષ્પાદન કરે તે સાધુ.'

(२) 'साधयति ज्ञानादि-शक्तिभिर्मोक्षमिति साधुः'

'જે જ્ઞાનાદિ શક્તિ વડે મોક્ષને સાધે તે સાધુ.'

(३) 'सम्यग्दर्शन-ज्ञान-चारित्रै र्मोक्षं साधयतीति साधुः'

'જે સમ્યગ્-દર્શન, સમ્યગ્-જ્ઞાન અને સમ્યક્-ચારિત્ર વડે મોક્ષને સાધે તે સાધુ.'

(४) 'स्व-परहितं मोक्षानुष्ठानं वा साधयतीति साधुः'

'જે સ્વ અને પરહિતને સાધે અથવા મોક્ષના અનુષ્ઠાનને સાધે તે સાધુ.'

(५) 'साधयति पोषयति विशिष्टक्रियाभिरपवर्गमिति साधुः'

'જે વિશિષ્ટ ક્રિયાવડે મોક્ષનું પોષણ કરે તે સાધુ.'

(६) 'अभिलषितमर्थं साधयतीति साधुः'

'જે ઇચ્છિત અર્થને (મોક્ષને) સાધે તે સાધુ.'

તાત્પર્ય કે અહીં सव्व-साहूणं પદથી વિવિધ પ્રકારનાં સાધનો વડે મોક્ષ માર્ગની સાધના કરનારા સઘળા સાધુઓને ગ્રહણ કરવાના છે.

## एसो

'एसो' પદ દર્શક-સર્વનામ છે અને पंच-नमुक्कारो પદના સંબંધમાં વપરાયેલું છે, તેથી પહેલીના એક-વચનમાં આવેલું છે× તેમાં મૂળ શબ્દ एस છે.

× જે સર્વનામો વિશેષણના સ્થાને વપરાયેલાં હોય તેને વિશેષ્યનાં લિંગ વચન અને વિભક્તિ લાગે છે.

સંસ્કૃત ભાષામાં આ સર્વનામનો ભાવ **एतद्** સર્વનામથી આવે છે, એટલે તેનો અનુવાદ પહેલીના એક વચનમાં 'एषः' પદ વડે કરવામાં આવ્યો છે.

પ્રાકૃત ભાષામાં **ईअ** અને **एअ** સર્વનામ અને સંસ્કૃત-ભાષામાં **इदम्** અને **एतद्** સર્વનામ અનુક્રમે સમીપના અને વધારે સમીપના પદાર્થ માટે વપરાય છે.× એટલે અહીં **एअ** પરથી બનેલા **एसो** રૂપનો પ્રયોગ કરવામાં આવ્યો છે, પરંતુ ગુજરાતી ભાષામાં વસ્તુસ્થિતિ જુદી છે. તેમાં **इदम्** સર્વનામ પરથી આવેલું આ* રૂપ વધારે સમીપના પદાર્થ માટે વપરાય છે અને **एतद्** સર્વનામ પરથી આવેલું 'એ' રૂપ સમીપના પદાર્થ માટે વપરાય છે, તેથી **एसो** પદનો ભાવ લાવવા માટે ગુજરાતી અનુવાદમાં 'આ' પદ મૂકવામાં આવેલું છે.

## पञ्च—नमुक्कारो

'**पञ्च–नमुक्कारो**' પદ પહેલીના એકવચનમાં આવેલું છે, તેમાં મૂળ શબ્દ **पञ्च–नमुक्कार** છે. સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં આ પદનો ભાવ '**पञ्च–नमस्कार**' શબ્દ વડે આવે છે, તેથી તેનો અનુવાદ અનુક્રમે '**पञ्च–नमस्कारः**' અને 'પંચ-નમસ્કાર' એ પદો વડે કરવામાં આવ્યો છે.

'**पञ्च–नमस्कार**' એ સમાસ-વાચ્ય કે સામાસિક પદ છે. તેનો પદ વિગ્રહ આ પ્રમાણે કરવામાં આવે છે: '**पञ्चानामर्हदादीनां नमस्कारः पञ्चनमस्कारः**'+ અર્હત્ આદિ પાંચનો નમસ્કાર અર્થાત્ અર્હત્ આદિ પાંચને કરેલો નમસ્કાર, તે 'પંચ-નમસ્કાર' આ ષષ્ઠી તત્પુરુષ સમાસ છે.

સામાન્ય રીતે સંખ્યાવાચક પદ આગળ આવે તો દ્વિગુ સમાસ થાય છે અને તે સામાસિક પદ નપુંસક લિંગમાં હોય છે, પરંતુ અહીં '**नमुक्कारो**' રૂપ ઉત્તર પદની પ્રધાનતા હોવાથી તત્પુરુષ સમાસ થયેલો છે અને તે પુલ્લિંગમાં આવેલો છે.

## सव्व—पाव—प्पणासणो

'**सव्व–पाव–प्पणासणो**' પદ પ્રથમાના એક વચનમાં આવેલું છે, કારણ કે તે **पंच–नमुक्कारो** પદનું વિશેષણ છે. તેમાં મૂળ શબ્દ '**सव्व–पाव–प्पणासण**' છે.

---

× **इदमस्तु संनिकृष्टे समीपतरवर्ति चैतदो रूपम् ।**
**अदसस्तु विप्रकृष्टं तदिति परोक्षे विजानीयात् ॥**

**इदम्** સંનિકૃષ્ટ-સમીપના પદાર્થને માટે, **एतद्** વધારે સમીપના પદાર્થને માટે, **अदस्** દૂરના પદાર્થને માટે અને **तद्** પરોક્ષ પદાર્થને માટે વપરાય છે.

* **इदम्** નું અપભ્રંશમાં પુલ્લિંગે **आअ** અને સ્ત્રીલિંગે **आआ** એવું રૂપ બને છે. તેમાંથી **आ** નો લોપ થઈ ગુજરાતીમાં 'આ' રૂપ બનેલું છે. **एतद्** નું અપભ્રંશના પુલ્લિંગે **एह** રૂપ બને છે, તેમાંથી **ह** નો લોપ થઈ ગુજરાતીમાં 'એ' રૂપ બનેલું છે.

\+ જુઓ સિદ્ધિચંદ્રગણિકૃત સપ્ત-સ્મરણની વ્યાખ્યા.

શ્રી હર્ષકીર્તિસૂરીએ પણ સપ્ત-સ્મરણની ટીકામાં આ જાતનો જ પદ-વિગ્રહ કર્યો છે.

સંસ્કૃત-ભાષામાં ' सव्व ' શબ્દનો ભાવ ' सर्व ' શબ્દ ' पाव ' શબ્દનો ભાવ 'पाप' શબ્દથી અને ' प्पणासणो ' શબ્દનો ભાવ ' प्रणाशन ' શબ્દથી આવે છે, એટલે તેનો સંસ્કૃત અનુવાદ ' सर्व-पाप-प्रणाशनः ' કરેલો છે.

ગુજરાતી-ભાષામાં ' सव्व ' શબ્દનો ભાવ ' સર્વ ' શબ્દથી, 'पाव' શબ્દનો ભાવ ' પાપ ' શબ્દથી અને ' प्पणासणो ' શબ્દનો ભાવ ' પ્રણાશક ' શબ્દથી આવે છે. એટલે તેના અનુવાદમાં ' સર્વ-પાપ-પ્રણાશક ' પદ મૂકેલ છે.

' सर्व-पाप-प्रणाशनः ' ' એ સમાસ-વાક્ય કે સામાસિક-પદ છે. તેનો પદ-વિગ્રહ આ પ્રમાણે સમજવાનો છે; ' सर्वाणि च तानि पापानि-सर्वपापानि ' સર્વ એવાં જે પાપો તે સર્વ-પાપ અને ' सर्वपापानां प्रकर्षेण नाशनः-विध्वंसकः सर्वपापप्रणाशनः ' સર્વ પાપોનો પ્રકર્ષથી નાશ કરનાર અર્થાત્ વિધ્વંસક તે ' સર્વ પાપ પ્રણાશક '.× આ સમાસો પૈકી પહેલો કર્મધારય અને બીજો ષષ્ઠી તત્પુરુષ છે.

અહીં સર્વ શબ્દ નિરવશેષ સર્વના અર્થમાં છે, પાપ શબ્દ અધર્મ કે અશુભ કર્મના અર્થમાં છે અને પ્રણાશન શબ્દ અત્યન્તનાશ કે સર્વથાનાશ કરવાનો અર્થ દર્શાવે છે, એટલે 'સર્વ-પાપ-પ્રણાશક' નો અર્થ 'સર્વ અધર્મનો કે અશુભ કર્મનો અત્યન્ત નાશ કરનાર' એવો થાય છે.

## मंगलाणं

'मंगलाणं' પદ છઠ્ઠીના બહુવચનમાં આવેલું છે, તેમાં મૂળ શબ્દ 'मंगल' છે.

સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં આ શબ્દ તત્સમ છે, એટલે તેનો અનુવાદ અનુક્રમે 'मंगलानां' અને 'મંગળોનું' એ પદો વડે કરવામાં આવેલ છે.

'મંગલ' શબ્દનો પ્રયોગ અતિ પ્રાચીન કાળથી ધાર્મિક તથા વ્યાવહારિક ક્ષેત્રમાં વિપુલ પ્રમાણમાં થતો આવ્યો છે, એટલે એ શબ્દ સહુ કોઈને પરિચિત લાગે છે, પરંતુ તેનો વાસ્તવિક અર્થ તો વ્યાકરણ-શાસ્ત્રનો આધાર લઈએ તો જ સમજાય તેવો છે.

શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે વિશેષાવશ્યક ભાષ્યમાં મંગલ શબ્દના અર્થો આ પ્રમાણે સમજાવ્યા છે : ' मंगिज्जइऽधिगम्मइ, जेण हिअं तेण मंगलं होइ. ' ' જેના વડે હિતની પ્રાપ્તિ થાય તે મંગલ.+ પછી તેમણે મંગલ શબ્દની વિશેષ વ્યુત્પત્તિ કરી છે : 'अहवा मंगो धम्मो, तं लाइ तयं समादत्ते ' અથવા મંગ એટલે ધર્મ, તેને જે લાવે, તેને સ્વાધીન

× જુઓ સિદ્ધિચંદ્ર ગણિકૃત ' સપ્ત-સ્મરણ ' વ્યાખ્યા.

+ मंग् ધાતુ ગતિ અર્થવાળો છે અને બધા ગતિ અર્થવાળા ધાતુઓ પ્રાપ્તિના અર્થમાં પણ વપરાય છે.

કરે તે મંગલ.' પછી તેમણે જણાવ્યું છે કે વ્યાકરણના નિયમ અનુસાર મંગલ શબ્દ અનેક રીતે સિદ્ધ થાય છે અને ટીકાકારોએ તેનાં ઉદાહરણો આ રીતે આપ્યાં છે :

(૧) मङ्ग् ધાતુ પરથી मङ्ग्यते જેના વડે શાસ્ત્ર શોભાવાય (શોભે) તે મંગલ.
(૨) मन् ધાતુ પરથી मन्यते, જેનાથી વિઘ્નના અભાવનો નિશ્ચય કરાય તે મંગલ.
(૩) मद् ધાતુ પરથી माद्यति જેથી હર્ષ થાય તે મંગલ.
(૪) मुद् ધાતુ પરથી मोदन्ते, જેથી નિશ્ચિંતપણે શાસ્ત્રનો પાર પમાય તે મંગલ.
(૫) मह् ધાતુ પરથી मह्यन्ते જેથી પૂજાય તે મંગલ અથવા.
(૬) मां गालयति भवाद्धेति मंगलम्–અથવા મને જે ભવથી એટલે કે સંસારથી દૂર કરે (તેનાથી છોડાવે) તે મંગલ.
(૭) मा भद् गलः–જેથી શાસ્ત્રમાં વિઘ્ન ન થાય અથવા જેથી શાસ્ત્રનો નાશ ન થાય તે મંગલ.

(૮) मार्गलयनात्–જે સમ્યગ્‌-દર્શનાદિ મોક્ષમાર્ગ પમાડે તે મંગલ.

કલ્યાણ, શુભ, ક્ષેમ, પ્રશસ્ત, ભદ્ર, શિવ, કુશલ વગેરે મંગલ શબ્દના પર્યાયો એટલે સમાનાર્થ શબ્દો છે.

શાસ્ત્રકારોએ મંગલના બે પ્રકારો માન્યા છે. દ્રવ્યમંગલ અને ભાવમંગલ. તેમાં જે વસ્તુઓ વ્યવહારથી મંગલ ગણાતી હોય તેને દ્રવ્યમંગલ કહી છે. જેમકે દહીં, દુર્વા (ધરો), અક્ષત ચંદન, વગેરે. પ્રાચીન કાળમાં મંગલકારક વસ્તુઓના સમૂહ તરીકે અષ્ટમંગલને ખાસ સ્થાન આપવામાં આવતું અને કાંઇ મોટા યુદ્ધે ચડવું હોય કે ધાર્મિક ઉત્સવો કરવા હોય તો તેનું વિશિષ્ટ રીતે આલેખન થતું.× અષ્ટમંગલમાં નીચેની વસ્તુઓ સ્થાન પામેલી છેઃ (૧) સ્વસ્તિક (૨) શ્રીવત્સ, (૩) નંદ્યાવર્ત, (૪) વર્ધમાનક (શરાવ-સંપુટ), (૫) ભદ્રાસન, (૬) કલશ (૭) મત્સ્યયુગલ અને (૮) દર્પણ.

જે વસ્તુઓ પરમાર્થથી મંગલ-ગણાતી હોય, તેને ભાવ-મંગલ કહેવાય. આ વ્યાખ્યા પ્રમાણે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવલ એ પાંચ જ્ઞાનના સમૂહને ભાવ-મંગલ ગણવામાં આવે છે. શાસ્ત્રોમાં અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલિ-પ્રણીત ધર્મની ગણના પણ ભાવ-મંગલમાં કરેલી છે. તથા અહિંસા, સંયમ અને તપને ભાવ-મંગલ કહ્યા છે.

---

× શ્રી ભરત ચક્રવર્તીએ છ ખંડની સાધના કરી વખતે તમિસ્રા ગુહાના દ્વાર આગળ અષ્ટ-મંગલ આલેખ્યા હતા અને શ્રી ઋષભદેવના જન્માભિષેક સમયે ઇન્દ્ર મહારાજે અષ્ટમંગલનું આલેખન કર્યું હતું. કોણિક મહારાજાએ ચરમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુનું સામૈયું કર્યું હતું ત્યારે અષ્ટમંગલ આગળ રાખ્યા હતા.

## च

'च' એ નૈપાતિક પદ એટલે એક પ્રકારનું અવ્યય છે.

સંસ્કૃત ભાષામાં આ શબ્દ તત્સમ છે, એટલે તેનો અનુવાદ 'च' પદ વડે જ કરવામાં આવે છે. પરંતુ ગુજરાતી ભાષામાં તેનો ભાવ લાવવા માટે 'અને' અવ્યય વાપરવું પડે છે.*

'च' અવ્યય નીચેના અર્થમાં વપરાય છે.

(૧) **અન્વાચય**-પ્રધાન વસ્તુની સાથે ગૌણ વસ્તુને જોડવી તે. જેમકે 'भिक्षामट गाञ्चानय'-હે શિષ્ય ? ભિક્ષા લેવા જા અને ગાયને લેતો આવ.' અહીં ભિક્ષા લેવા જવી એ પ્રધાન કાર્ય છે અને ગાયને લઈ આવવી તે ગૌણ કાર્ય છે.

(૨) **સમાહાર**-સમૂહને સંગ્રહ કરવો તે. જેમકે पाणी च पादौच तत् पाणिपादम्-બે પાણી (હાથ) અને બે પાદ (પગ) તે પાણિપાદ.'

(૩) **ઈતરેતરયોગ**-એકથી વધારે વસ્તુઓનું અંદરોઅંદર મળી જવું તે. જેમકે धवश्च खदिरश्च धवखदिरौ-ધવ (ધાવડી) અને ખદિર (ખેર) ધવખદિર.

(૪) **સમુચ્ચય**-પરસ્પર નિરપેક્ષ ક્રિયાઓનો અન્વય કરવો તે. જેમ કે 'पठति पचति च मैत्रः-મૈત્ર ભણે છે અને રસોઈ કરે છે.

(૫) **વિનિયોગ**-અનુષ્ઠાન કે ક્રમ-વિધાન દર્શાવવું તે જેમકે-'अहं च त्वं च वृत्रहन्! संयुज्याव-હે વૃતહા ! હું અને તું (બંને મળીને) આમાં જોડાઇ જઇએ.'

(૬) **તુલ્યયોગિતા**-સરખાપણું દર્શાવનારો એક પ્રકારનો અલંકાર જેમકે-'ध्यातश्चोपस्थितश्च--ધ્યાન કર્યું અને હાજર થયો.'

(૭) **કારણ**-હેતુ-જેમકે 'ग्रामश्च गन्तव्यः आतपश्च-ગામ જવું છે અને તાપ છે. અર્થાત્ તાપ પડે છે, તેથી ગામ કેવી રીતે જવાય ?'

(૮) **પક્ષાન્તર**-અથવા જેમકે-

मूर्खोऽपि शोभते तावत्, सभायां वस्त्रवेष्टितः ।
तावच्च शोभते मूर्खो, यावत् किञ्चिन्न भाषते ॥

સભામાં વસ્ત્રધારણ કરેલો મૂર્ખ પણ શોભે છે. અથવા મૂર્ખ ત્યાં સુધી જ શોભે છે, કે જ્યાં સુધી તે કાંઈ બોલતો નથી.

(૯) **પાદપૂરણ**-પાદ પૂરવા માટે નિરર્થક સમાવેશ કરવો જેમ કે-मारीचश्च

* 'અને' એ સમુચ્ચયવાચક ઉભયાન્વયી-અવ્યય છે અને તે अन्यत् પરથી બનેલું છે.

सुबाहुश्च यज्ञविघ्नं करिष्यतः–મારીચ અને સુબાહુ યજ્ઞમાં વિઘ્ન કરશે. અહીં બીજો च પાદપૂરણ માટે છે

(૧૦) **અવધારણ**–નિશ્ચયનો અર્થ દર્શાવવો તે જેમકે-इति च नुता–તેથી જ........ સ્તવાયેલી છે.

અહીં (નવકારમાં) च શબ્દ સમુચ્ચયના અર્થમાં વપરાયેલો છે. કારણ કે એક ક્રિયા સર્વ પાપ પ્રણાશનની છે અને બીજી ક્રિયા સર્વ મંગલોમાં શ્રેષ્ઠ મંગલ થવાની છે.

## सव्वेसिं

'सव्वेसिं' પદ સર્વનામ છે અને 'मंगलाणं' પદના સંબંધમાં હોવાથી છઠ્ઠીના બહુ-વચનમાં આવેલું છે. તેમાં મૂળ શબ્દ 'सव्व' છે. તેના સંસ્કૃત-ગુજરાતી અનુવાદ અનુક્રમે 'सर्वेषां' અને 'સર્વેનું' એ પદો વડે કરવામાં આવે છે.

અહીં 'સર્વ' શબ્દ નિરવશેષ-સર્વના અર્થમાં છે, એટલે જગત્‌માં મંગલના જેટલા પ્રકારો વિદ્યમાન હોય તે સઘળાં ગ્રહણ કરવાનાં છે.

## पढमं

'पढमं' પદ मंगलं પદનું વિશેષણ હોવાથી પહેલી વિભક્તિના એકવચનમાં આવેલ છે.

સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં તેનો ભાવ 'પ્રથમ' શબ્દ વડે આવી શકે છે. એટલે તેનો અનુવાદ અનુક્રમે 'प्रथमं' અને 'પ્રથમ' એ પદો વડે કરવામાં આવ્યો છે.

અહીં એ જાણવું જરૂરી છે કે શબ્દો ત્રણ પ્રકારના છે. યોગિક, અને યોગરૂઢ કે મિશ્ર. તેમાં જે શબ્દો યોગનો અર્થ દર્શાવતા હોય તે યોગિક કહેવાય છે, જેમકે-पचतीति पाचकः। (જે રસોઈ કરે છે તે રસોઇઓ) અહીં पच् ધાતુ પ્રકૃતિ છે અને अक પ્રત્યય છે. તેમાં पच् ધાતુ પાક-રસોઈ કરવાના અર્થમાં છે, તેથી पचतिનો અર્થ રસોઈ કરે છે, એવો થાય છે અને अक પ્રત્યયનો અર્થ કર્તા છે, એટલે જે પકાવતો હોય-રસોઇ કરતો હોય તે पाचक-રસોઈઓ-એવો અર્થ નીકળે છે. જે શબ્દો અવ્યયશક્તિથી નીકળતા અર્થની અપેક્ષા રાખ્યા વિના સમુદાયશક્તિથી પોતાને અભિમત અર્થ ગ્રહણ કરે અથવા મૂળ અર્થનો સંકોચ કરે કે વધારે, તે રૂઢ કહેવાય છે. જેમકે गो એટલે વૃષભ. गम् ધાતુને डो પ્રત્યય લગાવીને-શબ્દ બનેલો છે, એટલે તેનો અર્થ ગમન કરનાર એવો થાય છે. પરંતુ તે અવયવાર્થનો ત્યાગ કરીને તેણે પોતાને અભિમત 'વૃષભ' એવો અર્થ સમુદાયશક્તિથી દર્શાવ્યો એટલે તે રૂઢ છે. અહીં 'ગો' શબ્દના મૂળ અર્થનો સંકોચ થયો છે. જે શબ્દો અવયવશક્તિ તથા સમુદાયશક્તિના સહકારથી અર્થ દર્શાવે તે મિશ્ર (યોગરૂઢ) કહેવાય છે. જેમકે-पङ्कज-કમળ. અહીં 'पङ्के जः पङ्कात् जायते इति वा पङ्कजः' એવી વ્યુત્પત્તિ કરવામાં આવે છે, એટલે જે पङ्क માં જન્મેલું છે, તે

पङ्कज પરંતુ પંકમાં તો દેડકાં, સેવાળ, પોયણાં બધું જન્મે છે. તે સર્વનો ત્યાગ કરીને તેણે માત્ર કમળનો જ અર્થ દર્શાવ્યો, એટલે તે યોગરૂઢ કે મિશ્ર ગણાય છે.

પ્રથમ શબ્દની વ્યુત્પત્તિ 'प्रथते प्रसिद्धो भवतीति प्रथमः-જે પ્રસિદ્ધ થાય તે પ્રથમ' એ પ્રમાણે થાય છે, પણ સમુદાયશક્તિથી તે પ્રધાન (ઉત્કૃષ્ટ) પૂર્વ કે આદ્યનો અર્થ દર્શાવે છે.

'સર્વ ધાતુઓમાં સુવર્ણ પ્રથમ છે.' એ વાકયમાં પ્રથમનો અર્થ પ્રધાન કે ઉત્કૃષ્ટ છે.

'પ્રથમ શત્રુંજયની યાત્રા કરી, પછી ગિરનારની યાત્રા કરી.' એ વાકયમાં પ્રથમનો અર્થ પૂર્વે છે.

'પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ થયા.' એ વાકયમાં પ્રથમનો અર્થ આદ્ય (પહેલા) છે.

પ્રથમ શબ્દનું આટલું વિવેચન સાંભળ્યા પછી પાઠકના મનમાં એવો પ્રશ્ન જરૂર થશે કે 'અહીં પ્રથમ શબ્દ કયા અર્થમાં વપરાયેલો છે?' તેનો ઉત્તર એ છે કે અહીં પ્રથમ શબ્દ પ્રધાન, પૂર્વ અને આદ્ય એ ત્રણે અર્થોમાં વપરાયેલો છે, તે આ રીતે :

પંચનમસ્કાર સર્વમંગલોમાં પ્રધાન મંગલ છે, એમ કહેવાનો આશય એ છે કે ગુણની અપેક્ષાએ તે ઉત્કૃષ્ટ છે.

પંચ-નમસ્કાર સર્વ મંગલોનું પૂર્વ મંગલ છે, એ કહેવાનું તાત્પર્ય એ છે કે 'અન્ય મંગલોની મંગલતા પણ તેને જ આભારી છે.'

અને 'પંચ-નમસ્કાર સર્વ મંગલોનું આદ્યમંગલ છે.' એમ કહેવાનું રહસ્ય એ છે કે 'આ જગત્માં પરમાર્થ કે વ્યવહારને અનુલક્ષીને કોઈ પણ શુભ કાર્ય કરવું હોય તો તેના પ્રારંભમાં આ પંચ-નમસ્કારનો ઉચ્ચાર કરાય છે.'

## हवइ

'हवइ' પદ વર્તમાનકાળમાં તૃતીય પુરુષના એકવચનમાં આવેલું છે. તેમાં મૂળ ધાતુ 'हो' છે.

સંસ્કૃત ભાષામાં તેનો ભાવ 'भू' ધાતુથી આવે છે. એટલે તેનો અનુવાદ 'भवति' પદ વડે કરવામાં આવ્યો છે.

અહીં એ જાણી લેવું જરૂરનું છે કે 'भू' ધાતુ સત્તા, પ્રાદુર્ભાવ અને સંપાદનનો અર્થ દર્શાવે છે. જેમકે (૧) बहुनि धनानि अस्य भवन्ति-એની પાસે ઘણું ધન છે. અહીં भवन्ति પદ સત્તાના અર્થમાં છે, એટલે અર્થ દર્શાવે છે. (૨) वचाक्षीरभोजिन्याः श्रुतधरः पुत्रो भवति-વજ અને દૂધનું ભોજન કરનારી સ્ત્રીનો પુત્ર વિદ્વાન જન્મે છે. અહીં 'भवति' પદ પ્રાદુર્ભાવના અર્થમાં છે. એટલે 'जायते'નો અર્થ દર્શાવે છે.

(૩) अशुक्लो शुक्लो भवति–અશુક્લ શુક્લ થાય છે. અહીં ' भवति ' પદ સંપાદનના અર્થમાં છે. એટલે सम्पद्यते નો અર્થ દર્શાવે છેઃ

ગુજરાતી ભાષામાં हो અથવા भू ધાતુનો ભાવ ' હોવું ' ધાતુથી આવે છે. એટલે તેનો અનુવાદ ' હોય ' પદ વડે અથવા ' છે' પદ વડે કરેલ છે.

## मंगलं

मंगलं પદ પહેલીના એકવચનમાં આવેલું છે. તેમાં મૂળ શબ્દ मंगल છે. સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં તેનો અનુવાદ અનુક્રમે 'मङ्गलम्' અને 'મંગલ' પદ વડે કરવામાં આવે છે.

અહીં નમસ્કાર-મંત્રના બધાં પદોનો અર્થ પૂર્ણ થાય છે. એટલે તેના સંસ્કૃત અને ગુજરાતી અનુવાદોની સંકલના કરી બતાવીશું અને તેમાંથી નીકળતા અર્થોની સંગતિ કરી કરી આ પ્રકરણ પૂરું કરીશું.

અહીં એટલું સ્પષ્ટીકરણ કરવું ઉચિત ગણાશે કે એક ભાષાનાં પદોને સમાન અર્થવાળા બીજી ભાષાના પદોમાં ઉતારવાં તેને અનુવાદ, ભાષાંતર કે તરજુમો કહેવાય છે અને તેનો ભાવ સ્પષ્ટ સમજાય એ રીતે તેના અર્થોને બેસાડવા તેને અર્થસંગતિ કે ભાવાર્થ કહેવામાં આવે છે.

## નમસ્કાર મંત્રનો સંસ્કૃત અનુવાદ

नमोऽर्हद्भ्यः ।
नमः सिद्धेभ्यः ।
नम आचार्येभ्यः ।
नम उपाध्यायेभ्यः ।
नमो लोके सर्व-साधुभ्यः ।
एष पञ्च-नमस्कारः सर्व-पाप-प्रणाशनः ।
मङ्गलानां च सर्वेषां, प्रथमं भवति मङ्गलम् ।

અનુવાદિત થયેલાં સંસ્કૃત ભાષાના પદોને સાથે મૂકતાં સંધિના નિયમ અનુસાર પહેલા પદમાં વિસર્ગની પછી अ આવવાથી વિસર્ગનો उ થયો છે, તે પ્રથમના अ ની સાથે સંધિ પામી ओ બન્યો છે અને अ નો લોપ થઈ તેનાં સ્થાને અવગ્રહ આવેલો છે. બીજા પદમાં વિસર્ગ પછી स આવવાથી સંધિ થયેલી નથી. ત્રીજા પદમાં વિસર્ગ પછી आ આવવાથી અને ચોથા પદમાં વિસર્ગ પછી उ આવવાથી વિસર્ગનો લોપ× થયો છે. પાંચમા પદમાં વિસર્ગ પછી ल એવો કોમળ વ્યંજન આવવાથી વિસર્ગનો उ થયો છે

× સંસ્કૃત ભાષામાં લોપ થયા પછી આગળના સ્વરની પૂર્વના સ્વર સાથે સંધિ થતી નથી.

અને આગળના अ ની સાથે સંધિ પામી ओ બનેલો છે. છઠ્ઠા પદમાં एषः પદની આગળના વિસર્ગનો લોપ થયો છે, કારણકે एतद् શબ્દની આગળના વિસર્ગનો વ્યંજન પર રહેતાં લોપ થાય છે, એવો સંસ્કૃત ભાષાનો નિયમ છે.

## નમસ્કાર-મંત્રનો ગુજરાતી અનુવાદ

નમસ્કાર હો અરિહંતોને.
નમસ્કાર હો સિદ્ધોને.
નમસ્કાર હો આચાર્યોને.
નમસ્કાર હો ઉપાધ્યાયોને.
નમસ્કાર હો લોકમાં સર્વ સાધુઓને.

આ પંચ-નમસ્કાર, સર્વ-પાપ-પ્રણાશક;
મંગલોનું અને સર્વેનું, પ્રથમ હોય મંગલ.

## નમસ્કાર-મંત્રનો ગુજરાતી ભાવાર્થ

અરિહંતોને નમસ્કાર હો.
સિદ્ધોને નમસ્કાર હો.
આચાર્યોને નમસ્કાર હો.
ઉપાધ્યાયોને નમસ્કાર હો.
લોકમાંના સર્વ સાધુઓને નમસ્કાર હો.

આ પંચ-પરમેષ્ઠીને કરેલો નમસ્કાર સર્વ અશુભ-કર્મોનો અત્યન્ત નાશ કરે છે, અને બધા મંગલોમાં પ્રથમ મંગલ છે.

# પ્રકરણ ત્રીજું

## પ્રશ્ન અને ઉત્તર

(ચાલના અને પ્રત્યવસ્થાન)

સૂત્રનો વિશેષ બોધ થવા માટે ચાલના અને પ્રત્યવસ્થાન અર્થાત્ શંકા અને સમાધાન કે પ્રશ્ન અને ઉત્તરનો ક્રમ ઉપયોગી મનાય છે, એટલે આ પ્રકરણમાં નમસ્કાર–મંત્ર સંબંધી જે જે પ્રશ્નો ઉઠે છે કે ઉઠવા સંભવ છે, તેનો સંગ્રહ કરેલો છે અને તેનો યથામતિ યથાશક્તિ ઉત્તર આપવામાં આવ્યો છે.

પ્રશ્ન : '**नमो**' પદને અરિહંતાદિ પદોની પહેલાં કેમ મુકેલું છે?

ઉત્તર : સૂત્ર કે મંત્રમાં **नमो** પદ ઘણા ભાગે પહેલું મૂકવામાં આવે છે. જેમકે–

'**नमो त्थुणं अरिहंताणं भगवंताणं,**' **नमोऽस्तु वर्धमानाय,**'

'**नमो भगवते पार्श्वनाथाय धरणेन्द्रपद्मावतीसहिताय**'

વગેરે. વૈદિક મંત્રોમાં પણ **नमः** પદનો પ્રયોગ ઘણા ભાગે પૂર્વમાં જોવાય છે. જેમકે– '**नमस्ते रुद्रमन्यवः**' '**नमो हिरण्यबाहवे**', '**नमः शम्भवाय च**' (યજુર્વેદ) ઇત્યાદિ. તેથી અહીં **नमो** પદને અરિહંતાદિ પાંચ પદોની પહેલાં મૂક્યું છે.

પ્રશ્ન : વ્યાકરણની દૃષ્ટિએ '**नमो**' પદ યોગ્ય છે કે '**णमो**'?

ઉત્તર : વરરુચિ વગેરે કેટલાક વૈયાકરણોનો મત એવો છે કે પ્રાકૃતમાં '**न**' ને સ્થાને સર્વત્ર '**ण**' નો આદેશ થાય છે. '**नो ण सर्वत्र**' (પ્રાકૃત પ્રકાશ ૨, ૪૨) સેતુબંધ આદિ ગ્રંથોમાં આ પ્રકારે સર્વત્ર '**ण**' જોવાય છે. પરંતુ મહાવૈયાકરણ શ્રી હેમચન્દ્રાચાર્ય સિદ્ધહેમ શબ્દાનુશાસનમાં '**वादौ**' (૮–૧–૨૨૯) સૂત્રથી જણાવ્યું છે કે આદિમાં રહેલા અસંયુક્ત '**न**' ના સ્થાનમાં '**ण**' નો આદેશ વિકલ્પે થાય છે. ગઉડવહો આદિ ગ્રંથોમાં '**ण**' નો પ્રયોગ વૈકલ્પિક જણાય છે, તેથી વ્યાકરણદૃષ્ટિએ '**नमो**' અને '**णमो**' એ બન્ને પ્રયોગો શુદ્ધ છે. હસ્ત–લિખિત પત્રોમાં આ બન્ને પ્રયોગો જોવામાં આવે છે.

પ્રશ્ન : પ્રાચીન શિલા–લેખોમાં **नमो** પદ વિશેષ જોવામાં આવે છે કે **णमो**?

ઉત્તર : બધા પ્રાચીન શિલા–લેખો જોવાનો પ્રસંગ પ્રાપ્ત થયો નથી, પરંતુ ઓરિસાની હાથીગુફા તથા ગણેશગુફા (જે ઇ. સ. પૂર્વેની છે તેના) પર મહામેઘવાહન કલિંગાધિપતિ મહારાજા ખારવેલનો જે શિલાલેખ છે, તેમાં નીચેના શબ્દો જોવામાં આવે છે : '**नमो अरहंतानं। नमो सिद्धानं।.... महाराजेन अरहंत प्रसादानं कलिंगानं**'.... 'મથુરાના પ્રાચીન સ્તૂપો ઉપર પણ '**नमो अरहतो वधमानस अरहतपूजाये।**' એવા શબ્દો જોવામાં આવે છે. એટલે '**नमो**' શબ્દનો વ્યવહાર પ્રાચીનકાળમાં પ્રચલિત હતો એમ સિદ્ધ થાય છે.

પ્રશ્ન : નમસ્કારનાં માહાત્મ્ય–ગ્રંથો એ સંબંધમાં શું કહે છે?

ઉત્તર : શ્રી સિદ્ધસેનાચાર્યનું નમસ્કાર-માહાત્મ્ય સુપ્રસિદ્ધ છે : તેના પ્રથમ પ્રકાશમાં જણાવ્યું છે કે :-

ये **नमो** अरिहंताणं, **नमो** सिद्धाणमित्यथ ।
**नमो** आयरियाणं चोवज्झायाणं **नमो**ऽग्रगम् ॥ ८ ॥
**नमो** लोए सव्वसाहूण-मेवं पदपञ्चकम् ।
स्मरन्ति भावतो भव्याः, कुतस्तेषां भवभ्रमः ॥ ९ ॥

નમસ્કાર-સૂત્રનાં પ્રત્યેક અક્ષર લઈને જે શ્લોકો બનાવ્યા છે, તેમાં પણ-' **नमो** ' પદને જ રાખેલું છે જેમકે-

**नरनाथा** वशे तेषां, नतास्तेभ्यः सुरेश्वराः ।
**न** ते बिभेति नागेभ्यो, येऽर्हन्तं शरणं श्रिताः ॥ १२ ॥
**मोह**स्तं प्रति न द्रोही, मोदते स निरन्तरम् ।
**मोक्षं** गमी सोऽचिरेण, भव्यो योऽर्हन्तमर्हति ॥ १३ ॥

પ્રશ્ન : મંત્ર-શાસ્ત્રની દૃષ્ટિએ ' नमो ' પદ ઠીક છે કે **णमो** ?

ઉત્તર : મંત્ર-શાસ્ત્ર તો अ કારથી ह કાર પર્યંતના સર્વ અક્ષરોને મંત્ર માને છે.

' अकारादि हकारान्ता, वर्णमन्त्राः प्रकीर्तिताः ।

( આર્ષ વિદ્યાનું શાસન, અ-૧ ) એટલે **न** ની શક્તિ ઓછી છે અને ण ની શક્તિ વિશેષ છે, એમ માનવાનું કાંઈ કારણ નથી.

પ્રશ્ન : મંત્રાભિધાનમાં ण નાં ૨૦ નામો નીચે પ્રમાણે આપવામાં આવ્યા છે : ×

નિર્ગુણ[૧] રતિ[૨], જ્ઞાન[૩], જૃંભન[૪], પક્ષિવાહન[૫], જયા[૬], શંભુ[૭], નરકજિત્[૮]
નિષ્કલ[૯] યોગિનીપ્રિય[૧૦], દ્વિમુખ[૧૧], કોટવી[૧૨], શ્રોત્ર[૧૩], સમૃદ્ધિ[૧૪],
બોધિની[૧૫], રાઘવ[૧૬], શંખિની[૧૭], વીર[૧૮], નારાયણ[૧૯] અને નિર્ણય[૨૦],

એટલે તેનું માહાત્મ્ય અધિક હોય તેમ નથી લાગતું ?

---

× णो निर्गुणोरतिर्ज्ञानं, जृम्भनः पक्षिवाहनः ।
जया शम्भुर्नरकजित्, निष्फलो योगिनीप्रियः ॥१०० ।
द्विमुखं कोटवी श्रोत्रं, समृद्धिर्बोधिनी मता ।
राघवः शङ्खिनी वीरो, नारायणश्च निर्णयः ॥१०१ ।

શબ્દ કલ્પદ્રુમમાં ચોથી પંક્તિ આ પ્રમાણે આપેલી છે :

त्रिनेत्रो मानुषीव्योम, दक्षपादाङ्गुलेर्मुखः । પછી
माधवः शङ्खिनी वीरो, नारायणश्च निर्णयः ।

એ પ્રમાણે પાંચમી પંક્તિ આપેલી છે. વાચસ્પત્યાભિધાનમાં પણ આ પ્રમાણે પાંચ પંક્તિ આપેલી છે, તાત્પર્ય કે આ ગણના પ્રમાણે **ण** નાં ૨૪ નામો છે.

ઉત્તરઃ–જે મંત્રાભિધાનમાં ण નાં ૨૦ નામો આ પ્રમાણે જણાવેલાં છે, તે જ મંત્રાભિધાનમાં न નાં ૩૫ નામો આ પ્રમાણે જણાવેલાં છે :

૧ ગર્જિની, ૨ ક્ષમા, ૩ સૌરિ, ૪ વારુણી, ૫ વિશ્વિ–પાવની, ૬ મેષ, ૭ સવિતા,
૮ નેત્ર, ૯ દંતુર, ૧૦ નારદ, ૧૧ અંજન, ૧૨ ઊર્ધ્વવાસી, ૧૩ દ્વિરંડ, ૧૪ વામપાદાંગુલિમુખ,
૧૫ વૈનતેય, ૧૬ સ્તુતિ, ૧૭ વર્ત્મન્, ૧૮ તરણિ, ૧૯ વાલિ, ૨૦ આગમ, ૨૧ વામન,
૨૨ જ્વાલિની, ૨૩ દીર્ઘ, ૨૪ નિરીહ, ૨૫ સુગતિ, ૨૬ વિયત્, ૨૭ શબ્દાત્મા, ૨૮ દીર્ઘઘોણા,
૨૯ હસ્તિનાપુર, ૩૦ મેચક, ૩૧ ગિરિનાયક, ૩૨ નીલ, ૩૩ શિવ, ૩૪ અનાદિ, અને ૩૫ મહામતિ. *

એટલે નામોનું અધિક માહાત્મ્ય ગણીએ તો न નું માહાત્મ્ય વધી જાય છે.

પ્રશ્ન : કવિ–સંપ્રદાય પ્રમાણે न અક્ષર ઠીક છે કે ण ?

ઉત્તર : વૃત્ત–રત્નાકરના ટીકાકાર નારાયણ વગેરે કવિવરો માતૃકાક્ષરોનાં શુભાશુભ ફળ નીચે પ્રમાણે થવાનું કહે છે :

ऋ અને ऌ સિવાય સઘળા સ્વરો સંપત્તિકારક છે.

| | |
|---|---|
| क, ख, ग, घ | –સંપત્ કરે છે. |
| ङ– | – અપકીર્તિ કરે છે. |
| च– | – સુખ આપે છે. |
| छ– | – પ્રેમનો વધારો કરે છે. |
| ज– | – મિત્રલાભ કરાવે છે. |
| झ– | – ભય ઉપજાવે છે. |
| ञ– | – મરણ નિપજાવે છે. |
| ट–ठ- | – દુઃખ આપે છે. |

---

* नो गर्ज्जिनी क्षमा सौरिर्व्वारुणी विश्वपावनी ।
मेषश्च सविता नेत्रं, दन्तुरो नारदोऽञ्जनः ।।११७।।
ऊर्ध्ववासी द्विरण्डश्च, वामपादाङ्गुलेर्मुखम् ।
वैनतेयस्तुतिर्वर्त्म, तरणिर्व्वालिरागमः ।।११८।।
वामनो ज्वालिनी दीर्घो, निरीहः सुगतो वियत् ।
शब्दात्मा दीर्घघोणा च, हस्तिनापुरमेचकौ ।।११९।।
गिरिनायकनीलौ च, शिवोऽनादिर्महामतिः ।।१२०।।

| | |
|---|---|
| ड- | – શોભામાં વધારો કરે છે. |
| ढ- | – શોભા ઘટાડે છે. |
| ण- | – શ્રમ કરાવે છે. |
| त- | – સુખ આપે છે. |
| थ- | – ઝઘડો કરાવે છે. |
| द- | – સુખ આપે છે. |
| ध–न- | – સંતોષ ઉપજાવે છે. |
| प- | – સુખ આપે છે. |
| फ- | – ભય ઉપજાવે છે. |
| ब- | – મરણ નિપજાવે છે. |
| भ- | – કલેશ કરાવે છે. |
| म- | – દુઃખ આપે છે. |
| य- | – લક્ષ્મીનો વધારો કરે છે. |
| र- | – દાહ પેદા કરે છે. |
| ल–व- | – વ્યસની બનાવે છે. |
| श- | – સુખ આપે છે. |
| ष- | – ખેદ કરાવે છે. |
| स- | – સુખ આપે છે. |
| ह- | – ખેદ કરાવે છે. |
| क्ष- | – સમૃદ્ધિ આપે છે. |

એટલે न સંતોષ આપનારો છે અને 'ण' પરિશ્રમ કરાવનારો છે.

આ બધી દૃષ્ટિએ વિચાર કરતાં 'नमो' પાઠનો જે વ્યવહાર ચાલી રહ્યો છે, તે સંગત જણાય છે.

પ્રશ્ન : નમસ્કાર બે રીતે થઈ શકે : સંક્ષેપથી અને વિસ્તારથી તેમાં સંક્ષેપથી નમસ્કાર કરવો હોય તો માત્ર સિદ્ધોને અને સાધુઓને જ કરવો જોઈએ કારણ કે સાધુઓને નમસ્કાર કરતાં અરિહંતો, આચાર્યો, ઉપાધ્યાયોને નમસ્કાર થઈ જાય છે. અને વિસ્તારથી નમસ્કાર કરવો હોય તો ઋષભાદિ તીર્થંકરો, પુંડરીકાદિ ગણધરો વગેરે પ્રત્યેકના નામ લઈને કરવો જોઇએ, પરંતુ આ રીતે પાંચને નમસ્કાર કરીએ તો નથી સંક્ષિપ્ત નમસ્કાર થતો કે નથી વિસ્તૃત નમસ્કાર થતો–તેનું કેમ ?

ઉત્તર : અરિહંતો, આચાર્યો અને ઉપાધ્યાયો અવશ્ય સાધુઓ હોય છે, કેમ કે તેમનામાં સાધુઓના ગુણો હોય છે. પણ બધા સાધુઓ અરિહંત, આચાર્ય કે ઉપાધ્યાય હોતા નથી. તાત્પર્ય કે તેમાંના કેટલાક અરિહંતો હોય છે, કેટલાક સામાન્ય કેવલીઓ

હોય છે, કેટલાક તત્ત્વોપદેશક આચાર્યો હોય છે, કેટલાક સૂત્ર–પાઠક ઉપાધ્યાયો હોય છે, તો કેટલાક સામાન્ય સાધુઓ જ હોય છે. તેથી અરિહંતાદિને નમસ્કાર કરતાં જે વિશિષ્ટ ફળની પ્રાપ્ત થાય છે, તે માત્ર સાધુઓને નમસ્કાર કરવાથી થતી નથી. આ કારણે સંક્ષિપ્ત નમસ્કાર પાંચને કરવો જ યોગ્ય છે, અને વિસ્તારથી તો નમસ્કાર કરાતો જ નથી, કેમ કે તેમ થવું અશક્ય છે.

**પ્રશ્ન : સંક્ષિપ્ત નમસ્કાર અરિહંતાદિ પાંચને કરવામાં આવે છે, તેના કારણો શું ?**

ઉત્તર : અરિહંતો મોક્ષ–માર્ગના ઉપદેશક છે, તેથી તેમને નમસ્કાર કરવામાં આવે છે. સિદ્ધો પોતાની અક્ષય–અનન્ત સ્થિતિવડે મોક્ષમાં અને મોક્ષ–માર્ગમાં અવિનાશીપણાની બુદ્ધિ ઉત્પન્ન કરનારા છે, તેથી તેમને નમસ્કાર કરવામાં આવે છે. આચાર્યો આચારની દેશના વડે ધર્મની પરંપરા જાળવી રાખનારા છે, તેથી તેમને નમસ્કાર કરવામાં આવે છે. ઉપાધ્યાયો વિનયાદિ ગુણોના શિક્ષણપૂર્વક શાસ્ત્રનું જ્ઞાન આપનારા છે, તેથી તેમને નમસ્કાર કરવામાં આવે છે. અને સાધુઓ મોક્ષની સાધનામાં પોતે તત્પર હોય છે અને બીજાને તેમાં સહાય કરનારા છે, તેથી તેમને નમસ્કાર કરવામાં આવે છે.

પ્રશ્ન : અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓને નમસ્કાર કરવાનો ક્રમ પૂર્વાનુપૂર્વી પણ નથી અને પશ્ચાનુપૂર્વી પણ નથી; કારણ કે પૂર્વાનુપૂર્વીથી નમસ્કાર કરીએ તો પહેલાં સિદ્ધોને, પછી અરિહંતોને પછી આચાર્યોને, પછી ઉપાધ્યાયોને અને છેવટે સાધુઓને કરવો જોઈએ. સિદ્ધોએ સર્વ કર્મો ખપાવેલ હોવાથી કૃતકૃત્ય છે અને અરિહંતો પણ પૂજ્ય છે, કારણકે દીક્ષા લેતી વખતે તેઓ સિદ્ધોને નમસ્કાર કરીને સામાયિક ઉચ્ચરે છે અને પશ્ચાનુપૂર્વીથી નમસ્કાર કરીએ તો પહેલો નમસ્કાર સાધુઓને, પછી ઉપાધ્યાયોને, પછી આચાર્યોને, પછી અરિહંતોને અને છેવટે સિદ્ધોને કરવો જોઈએ. આ વિષયમાં આપનો શો ઉત્તર છે ?

ઉત્તર : અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓને નમસ્કાર કરવાનો ક્રમ જ ઉચિત છે, કારણકે અરિહંતો ધર્મના પ્રવર્તન દ્વારા આપણા ઉપર મહાન્ ઉપકાર કરે છે અને તેમના ઉપદેશ દ્વારા જ આપણે સિદ્ધ ભગવંતોને જાણી શકીએ છીએ, તેથી પહેલો નમસ્કાર તેમને કરવો યોગ્ય છે. અરિહંતો દીક્ષા લેતી વખતે સિદ્ધોને નમસ્કાર કરે છે, તે વાત સાચી છે, પરંતુ અરિહંતોનો અને આપણો કલ્પ જુદો છે; આપણા માટે અરિહંતો જ પ્રથમ વંદનીય છે. લોકોમાં એવો રિવાજ છે કે પ્રથમ રાજાને નમસ્કાર કરવો અને પછી પરિષદને ( પર્ષદાને ) નમસ્કાર કરવો. તે પ્રમાણે અહીં રાજાતુલ્ય અરિહંતોને પ્રથમ નમસ્કાર કરવામાં આવે છે અને પરિષદ્તુલ્ય સિદ્ધોને, આચાર્યોને, ઉપાધ્યાયોને તથા સાધુઓને પછી નમસ્કાર કરવામાં આવે છે. ×

× વિશેષ ખુલાસા માટે વિશેષાવશ્યક ભાષ્યની ગાથા ૩૨૦૧, ૩૨૦૨, ૩૨૧૦, ૩૨૧૩ જોવી.

**પ્રશ્ન :** સામાન્ય અને વિશેષની અપેક્ષાએ નામો બે પ્રકારનાં છે, તેમાંથી અરિહંત (અરહંત કે અરુહંત) શબ્દ કયા પ્રકારમાં આવે છે ?

**ઉત્તર :** અરિહંત શબ્દ એક અપેક્ષાએ સામાન્ય નામની કોટિમાં આવે છે અને બીજી અપેક્ષાએ વિશેષ નામની કોટિમાં આવે છે.

**પ્રશ્ન :** એક નામ સામાન્ય નામની કોટિમાં હોય અથવા વિશેષ-નામની કોટિમાં હોય પણ ઉભય નામની કોટિમાં કેમ આવી શકે ?

**ઉત્તર :** આ લોકની તમામ વસ્તુઓ અનન્તધર્માત્મક છે, તેમાંથી અમુક ધર્મની અપેક્ષાએ તે એક પ્રકારની કહેવાય છે અને બીજા ધર્મની અપેક્ષાએ તે બીજા પ્રકારની કહેવાય છે. એક વ્યક્તિ પુત્રની અપેક્ષાએ પિતા કહેવાય છે અને પિતાની અપેક્ષાએ પુત્ર કહેવાય છે. તેથી એક નામ સામાન્ય અને વિશેષ એમ બન્ને પ્રકારનું સંભવી શકે છે. અરિહંત શબ્દ વડે જેના જેનામાં અર્હત્ત્વ છે તે સઘળાનો સંગ્રહ થાય છે, એટલે તે સામાન્ય-નામની કોટિમાં આવે છે અને સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ વગેરેથી પોતાની વિશેષતા બતાવે છે, એટલે તે વિશેષ-નામની કોટિમાં આવે છે.

**પ્રશ્ન :** જો અરિહંત શબ્દ સામાન્ય-નામની કોટિમાં છે તો અહીં **नमो अरिहंतस्स** એવો પ્રયોગ કરવાની જરૂર હતી, કારણકે તેથી બધા અર્હતોને નમસ્કાર થાત, પણ તેમ ન કરતાં બહુવચનનો પ્રયોગ કરવામાં આવ્યો છે, તેનું કેમ ?

**ઉત્તર :** પૂજ્ય પુરુષોને માનાર્થે બહુવચનથી સંબોધવા જોઈએ એવો શિષ્ટ સંપ્રદાય છે, તેથી અહીં **अरिहंताणं** એવો બહુવચનનો પ્રયોગ કરવામાં આવ્યો છે. વળી વ્યાકરણમાં પણ સૂત્ર છે. કે '**गुरावेकश्च**' ૨/૨/૧૨૪/ ગુરુ એક હોય છે કે બે હોય તો પણ તેમના માટે બહુવચનનો પ્રયોગ કરવો જોઇએ. એટલે **अरिहंताणं** પદ બહુવચનમાં મુકાયેલું છે. બીજાં પદોનું પણ તેમજ સમજવું.

**પ્રશ્ન :** અરિહંત દેવ છે કે ગુરુ ?

**ઉત્તર :** જો દેવ અને ગુરુ એવા બે ભાગ પાડવા હોય તો અરિહંતોનો સમાવેશ દેવમાં થાય, કારણકે તે જૈન-ધર્મના મુખ્ય ઉપાસ્ય દેવ છે અને દેવ અને ગુરુ એવા બે વિભાગો ન પાડવા હોય તો તેમને દેવ પણ કહી શકાય અને ગુરુ પણ કહી શકાય કારણકે તેમણે જગદ્‌ગુરુનું પદ સાર્થક કરેલું છે.× અહીં એટલું સ્પષ્ટીકરણ કરવું જરૂરી છે કે 'જેઓ દેવયોનિમાં જન્મ્યા હોય તેઓ જન્મથી દેવ છે અને જેમણે આત્માના દિવ્ય ગુણો પ્રકટ કર્યા છે, તે ગુણથી દેવ છે. જૈનશાસ્ત્રોના અભિપ્રાયથી આ બીજા પ્રકારના દેવો ઉપાસ્ય છે, કારણકે તેઓ અઢાર દોષથી રહિત છે અને આત્માના કૈવલજ્ઞાનાદિ દિવ્ય ગુણોને પૂરેપૂરા પ્રકટાવનાર છે.

---

× 'જગચિંતામણિ સુત્ત' તથા 'અજિઅ-સંતિથઓ'માં અરિહંતોને જગગુરુનું વિશેષણ લગાડવામાં આવ્યું છે.

**પ્રશ્ન :** અરિહંત કયા અઢાર દોષથી રહિત હોય છે?

**ઉત્તર :** સંબોધ-પ્રકરણના પ્રથમ પ્રકરણમાં જણાવ્યું છે કે-જેના (૧) અજ્ઞાન (૨) ક્રોધ, (૩) મદ, (૪) માન, (૫) માયા, (૬) લોભ, (૭) રતિ, (૮) અરતિ, (૯) નિદ્રા (૧૦) શોક (૧૧) અલીક (અસત્ય) વચન (૧૨) ચોરિકા (૧૩) મત્સર, (૧૪) ભય, (૧૫) પ્રાણિવધ, (૧૬) પ્રેમ (૧૭) ક્રીડા-પ્રસંગ અને (૧૮) હાસ (હાસ્ય) એ અઢારે દોષ નાશ પામ્યા છે, તે દેવાધિદેવને હું નમું છું.

આ પ્રત્યેક દોષનો શો અર્થ થાય છે, તે સ્પષ્ટ સમજી લઈએ. પ્રવચન-સારોદ્ધારની ટીકાના આધારે તે અહીં આપવામાં આવે છે.

**અજ્ઞાન** : એટલે સંશય, અનધ્યવસાય અને વિપર્યયરૂપ મૂઢતા.

**ક્રોધ** : એટલે કોપ

**મદ** : એટલે કુલ, બલ, ઐશ્વર્ય, રૂપ, વિદ્યા વગેરે આઠ વસ્તુનો અહંકાર કરવો કે બીજાનો મર્યાદારહિત બનીને તિરસ્કાર કરવો.

**માન** : એટલે દુરાગ્રહ ન છોડવો અથવા યોગ્ય સલાહને ગ્રહણ ન કરવી.

**લોભ** : એટલે આસક્તિ.

**માયા** : એટલે દંભ.

**રતિ** : એટલે અભીષ્ટ પદાર્થ ઉપર મનની પ્રીતિ.

**અરતિ** : એટલે અનિષ્ટના સંપ્રયોગથી (આવી પડવાથી) ઉત્પન્ન થતું મનોદુઃખ.

**નિદ્રા** : એટલે ઉંઘ.

**શોક** : એટલે ચિત્તની વિષમય વિહ્વલતા.

**અલીક વચન** : એટલે મૃષાવાદ.

**ચોરિકા** : એટલે બીજાના દ્રવ્યનું હરણ તે.

**મત્સર** : એટલે બીજાની સંપત્તિ વગેરે જોઈને અસહિષ્ણુ થવું.

**ભય** : એટલે ભીતિ, બીક કે ડર.

**પ્રાણિવધ** : એટલે પ્રાણીની હિંસા.

**પ્રેમ** : એટલે સ્નેહવિશેષ.

**ક્રીડા પ્રસંગ** : એટલે ક્રીડામાં રમત-ગમતમાં આસક્તિ.

**હાસ** : એટલે હાસ્ય.

શ્રી હેમચંદ્રાચાર્યે અભિધાન ચિંતામણિના દેવાધિદેવકાંડમાં અઢાર દોષોની ગણના આ પ્રમાણે કરી છે :

(૧) દાનાન્તદાય, (૨) લાભાન્તરાય, (૩) વીર્યાન્તરાય, (૪) ભોગાન્તરાય, (૫) ઉપભોગાન્તરાય (૬) હાસ (હાસ્ય), (૭) રતિ, (૮) અરતિ (૯) ભય, (૧૦) જુગુપ્સા, (૧૧) શોક,

(૧૨) કામ, (૧૩) મિથ્યાત્વ, (૧૪) અજ્ઞાન, (૧૫) નિદ્રા (૧૬) અવિરતિ (૧૭) રાગ અને (૧૮) દ્વેષ.

પ્રશ્ન : આત્મગુણોને પૂર્ણપણે પ્રકટાવ્યા ક્યારે ગણાય ?

ઉત્તર : આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય નામના જે ગુણો રહેલા છે, તે અનંતની કોટિમાં આવે ત્યારે આત્મગુણોને પૂર્ણપણે પ્રકટાવ્યા ગણાય.

પ્રશ્ન : અરિહંત શબ્દનો બોધ કરાવનારા બીજા શબ્દો કયા છે ?

ઉત્તર : અરિહંત શબ્દનો બોધ કરાવનારા બીજા શબ્દો નીચે મુજબ છે :

(૧) ભગવાન (૨) તીર્થંકર–તીર્થકૃત્ (૩) જિન–જિનેશ–જિનેન્દ્ર–જિનેશ્વર (૪) સર્વજ્ઞ (૫) સર્વદર્શી (૬) કેવલી (૭) દેવાધિદેવ (૮) પુરુષોત્તમ (૯) પ્રભુ (૧૦) બુદ્ધ (૧૧) વીતરાગ (૧૨) આપ્ત (૧૩) જગદ્ગુરુ (૧૪) જગન્નાથ (૧૫) જગ–બાંધવ (૧૬) જગ–રક્ષક (૧૭) જગ–સાર્થવાહ (૧૮) લોકોત્તમ (૧૯) લોકનાથ (૨૦) ત્રિલોકનાથ (૨૧) ત્રિભુવનસ્વામી (૨૨) પરમ પરમેષ્ઠી (૨૩) પરમેશ્વર (૨૪) પરમાત્મા વગેરે.

પ્રશ્ન : નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથી અરિહંતો ચાર પ્રકારના મનાય છે, તેમાં 'नमो अरिहंताणं' પદ બોલતાં કયા અરિહંતોને નમસ્કાર થાય છે ?

ઉત્તર : 'नमो अरिहंताणं' પદ બોલતાં નામ–અરિહંત, સ્થાપના–અરિહંત, દ્રવ્ય–અરિહંત અને ભાવ–અરિહંત એ ચારે પ્રકારના અરિહંતોને નમસ્કાર થાય છે. શ્રીહેમચંદ્રાચાર્યે ચતુર્વિંશતિ–જિન–સ્તુતિ (સકલાર્હત્–સ્તોત્ર) ના પ્રારંભમાં આ પદના ભાવ નીચેના શબ્દોમાં ઉતાર્યા છે.

**नामाऽऽकृति–द्रव्य–भावैः पुनतस्त्रिजगज्जनम् ।**
**क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे ।। २ ।।**

'જેઓ સર્વક્ષેત્રમાં અને સર્વકાલમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ વડે ત્રણે જગત્‌ના લોકોને પવિત્ર કરી રહેલા છે, તે અર્હતોની અમે સમ્યગ્ ઉપાસના કરીએ છીએ.'

પ્રશ્ન : અહીં સર્વક્ષેત્રથી શું સમજવું ?

ઉત્તર : અહીં સર્વક્ષેત્રથી પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહા–વિદેહ એમ પંદર કર્મભૂમિઓ સમજવી કે જ્યાં અર્હતોનો જન્મ થાય છે. ૫ હેમવત, ૫ હૈરણ્યવત, ૫ હરિવર્ષ, ૫ રમ્યક્‌વર્ષ, ૫ દેવકુરુ અને ૫ ઉત્તરકુરુ એ ૩૦ અકર્મભૂમિઓમાં અર્હતોનો જન્મ થતો નથી, એટલે તે ક્ષેત્રો અહીં ગણવાનાં નથી.

પ્રશ્ન : અને સર્વકાલથી શું સમજવું ?

ઉત્તર : સર્વકાલથી ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાલ સમજવો, અર્થાત્ ભૂતકાલમાં જે અર્હતો થઇ ગયા, વર્તમાન કાલમાં વિદ્યમાન છે અને ભવિષ્યકાળમાં થનારા છે તે સર્વેને નમસ્કાર કરું છું. 'નમો ત્થુ ણં' સૂત્રના છેડે બોલાતી ગાથામાં આ ભાવ સ્પષ્ટતયા પ્રકટ કરવામાં આવે છે.

જે અર્હંતો ભૂતકાલમાં સિદ્ધ થયા છે, જે અર્હંતો ભવિષ્યકાળમાં સિદ્ધ થશે અને જેઓ સાંપ્રત કાલે વિદ્યમાન છે, તે સર્વેને મન, વચન અને કાયાના પ્રણિધાનપૂર્વક વંદન કરું છું.×

अरिहंताणं પદની જેમ सिद्धाणं વગેરે પદોને પણ સર્વક્ષેત્ર અને સર્વકાલવાચી સમજવાનાં છે.

પ્રશ્ન : શું સિદ્ધો સર્વ ક્ષેત્રમાંથી થાય છે?

ઉત્તર : ના. સિદ્ધો મનુષ્ય–લોક અને તેની ઉપર નીચેના મર્યાદિત ભાગમાંથી થાય છે.

પ્રશ્ન : સિદ્ધ પ્રાભૃત* નામના પ્રકરણ–ગ્રંથમાં કહ્યું છે કે સિદ્ધો ઊર્ધ્વલોક, અધોલોક અને તિર્યગલોકમાંથી થાય છે તેનું કેમ ?

ઉત્તર : ત્યાં ઊર્ધ્વલોકથી મેરુપર્વતની ચૂલિકા સુધીનો ભાગ, અધોલોકથી એક હજાર યોજન નીચેનો ભાગ અને તિર્યગ્લોકથી અઢી દ્વીપવર્તી મનુષ્યલોક સૂચવવામાં આવ્યો છે, એટલે ઉપરનાં કથનની સાથે તેનો જરાયે વિરોધ નથી. પરંતુ અહીં એટલું સ્પષ્ટીકરણ જરૂરી છે કે મનુષ્યલોકમાંથી કોઇનું દેવતા વગેરે વડે અપહરણ વગેરે થયું હોય તો વર્ષધર પર્વતો અને દ્વીપ–સમુદ્રમાંથી પણ સિદ્ધો થાય છે, અન્યથા મનુષ્ય-લોકમાંથી–મનુષ્ય લોકમાં રહેલી પંદર કર્મભૂમિમાંથી જ સિદ્ધો થાય છે.

પ્રશ્ન : ભૂતકાલમાં કેટલા સિદ્ધો થયા હશે ?

ઉત્તર : અનંતીક્રોડ, તેથી જ કોઇ મહર્ષિએ ગાયું છે કે 'અનંત ચોવીશી જિન નમું, સિદ્ધ અનંતી ક્રોડ.'

પ્રશ્ન : વર્તમાનકાલમાં કેટલા સિદ્ધો થતા હશે ?

ઉત્તર : વર્તમાનકાલ એક + સમયનો હોય છે, તેટલા કાળમાં જઘન્યથી એક કે બે અને ઉત્કૃષ્ટથી એકસો ને આઠ સિદ્ધ થાય છે.卐

---

× બુદ્ધવંદનામાં નીચેની ગાથા બોલવામાં આવે છે :

ये बुद्धा अतीता च, ये च बुद्धा अनागता ।
पच्चुपन्ना च ये बुद्धा, अहं वंदामि सव्वदा ।।२।।

જે બુદ્ધો અતીત છે, જે બુદ્ધો અનાગત છે અને જે બુદ્ધો વર્તમાન છે, તેમને હું સર્વદા વંદન કરું છું.

* खेत्ते उ उड्ढलोए तिरिए य अहेय तिविहलोए वि । ગાથા ૨૧

× સમય એ કાલનો ભાગ છે. અસંખ્યાત સમયની ૧ આવલિકા, સંખ્યાત આવલિકાનો ૧ શ્વાસ, ૨ શ્વાસનો ૧ પ્રાણ, ૭ પ્રાણનો ૧ સ્તોક, ૭ સ્તોકનો ૧ લવ, ૭૭ લવનું ૧ મુહૂર્ત અને ૩૦ મુહૂર્તની એક અહોરાત્રિ થાય છે. આ પરથી સમયની સૂક્ષ્મતાનો ખ્યાલ આવી શકશે.

卐 इक्को व दो व तिन्नि व अट्ठसयं जाव एक्कसमयम्मि ।
मणुयगईए सिज्झइ संखाउ य वीयरागाउ ।।४७२।।

— પ્રવચન–સારોદ્ધાર

પ્રશ્ન : ભવિષ્યકાલમાં કેટલા સિદ્ધો થયા હશે ?

ઉત્તર : અનંત

પ્રશ્ન : અનંત આત્માઓમાંથી અનંત આત્માઓ સિદ્ધ થયા પછી કેટલા આત્માઓ બાકી રહે ?

ઉત્તર : અનંત તીર્થંકર ભગવંતોને જ્યારે પણ એમ પૂછવામાં આવે છે કે કેટલા આત્માઓ સિદ્ધ થયા ? ત્યારે તેઓ જણાવે છે કે એક નિગોદનો અનંતમો ભાગ સિદ્ધ થયો છે, એટલે કે અનંતાનંત આત્માઓ હજી સિદ્ધ થવાના બાકી છે. સંખ્યાતના ગણિતમાં અમુક સંખ્યામાંથી અમુક સંખ્યા બાદ થાય તો અમુક સંખ્યા બાકી રહે તેમ કહી શકાય છે, પણ અનંતનું ગણિત તેથી જુદું છે. તેમાં તો અનંતમાંથી અનંત બાદ જાય તો પણ અનંત જ રહે છે.

પ્રશ્ન : જીવો કેટલા પ્રકારે સિદ્ધ થાય છે ?

ઉત્તર : જીવો પંદર પ્રકારે સિદ્ધ થાય છે, તે આ પ્રમાણે :

(૧) **તીર્થ-સિદ્ધો**–તીર્થ ઉત્પન્ન થયા પછી તેના સદ્ભાવમાં સિદ્ધ થયેલા.

**અતીર્થ-સિદ્ધો**–તીર્થ સ્થપાયા પહેલાં કે તીર્થનો વિચ્છેદ થયો હોય તે કાલમાં સિદ્ધ થયેલા )

(૩) **તીર્થંકર-સિદ્ધો** તીર્થંકરની પદવી પામીને સિદ્ધ થયેલા.

(૪) **અતીર્થંકર-સિદ્ધો** તીર્થંકરની પદવી પામ્યા વિના સિદ્ધ થયેલ.

(૫) **સ્વયં-બુદ્ધ-સિદ્ધો**–જેઓ કોઈના ઉપદેશ સિવાય પોતાની મેળે બોધ પામીને સિદ્ધ થયેલા.

(૬) **પ્રત્યેકબુદ્ધ-સિદ્ધો**–રાજર્ષિ કરકંડૂ અને નમિરાજ વગેરેની માફક એકાદ નિમિત્તથી બોધ પામીને સિદ્ધ થયેલા.

(૭) **બુદ્ધબોધિત-સિદ્ધો**–આચાર્યાદિથી બોધ પામીને સિદ્ધ થયેલા.

(૮) **સ્ત્રીલિંગ-સિદ્ધો**–સ્ત્રીપણામાં–સ્ત્રીના વેશમાં સિદ્ધ થયેલા. અહીં લિંગ શબ્દથી બાહ્યાકાર સમજવો પણ વિષયની ઇચ્છારૂપ ભાવ વેદ ન સમજવો, કારણ કે ભાવવેદમાં વર્તતો કોઈપણ જીવ સિદ્ધ થતો નથી.

(૯) પુરુષલિંગ–સિદ્ધો–પુરૂષપણામાં–પુરૂષના વેશમાં સિદ્ધ થયેલા.

(૧૦) નપુંસકલિંગ-સિદ્ધો–ગાંગેયની જેમ નપુંસકલિંગે સિદ્ધ થયેલા.

(૧૧) **સ્વલિંગ-સિદ્ધો**–અહીં લિંગ એટલે વેશ–રજોહરણાદિરૂપ સાધુના વેશે સિદ્ધ થયેલા.

(૧૨) **અન્યલિંગ-સિદ્ધો**–વલ્કલ, ભગવા વસ્ત્ર વગેરેરૂપ સંન્યાસી આદિના વેશે સિદ્ધ થયેલા.

(૧૩) **ગૃહિલિંગ સિદ્ધો**–મરુદેવી માતા વગેરેની જેમ ગૃહસ્થના વેશમાં સિદ્ધ થયેલા.

(૧૪) **એક-સિદ્ધો**–એક સમયે એક મોક્ષે ગયેલા.

(૧૫) **અનેક સિદ્ધો**–એક સમયે અનેક મોક્ષે ગયેલા.

પ્રશ્ન : તીર્થસિદ્ધો અને અતીર્થસિદ્ધો એ બે ભેદમાં જ બાકીના ભેદોનો સમાવેશ થાય છે, તો બીજા ભેદોનું નિરૂપણ શા માટે ?

ઉત્તર : તીર્થસિદ્ધો અને અતીર્થસિદ્ધો એ બે ભેદમાં બાકીના બધાનો સમાવેશ થાય છે. પરંતુ તીર્થસિદ્ધ અને અતીર્થસિદ્ધ કહેવાથી બાકીના ભેદોનું જ્ઞાન થાય નહિ અને વિશેષ ભેદોનું પરિજ્ઞાન થવા માટે જ શાસ્ત્રનો પ્રયત્ન છે, તેથી બીજા ભેદોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

પ્રશ્ન : સંન્યાસી વગેરેના વેશમાં રહેલાઓ પણ સિદ્ધ થાય છે ?

ઉત્તર : હા. જે કોઈ કર્મનો ક્ષય કરે તે સિદ્ધ થાય છે તે, માટે શ્રી હરિભદ્રસૂરિજીએ સંબોધ–પ્રકરણની આદિમાં કહ્યું છે કે–

**सेयंवरो य आसंवरो य, बुद्धो य अहव अण्णो वा ।**
**समभाव भाविअप्पा, लहइ मुक्खं न संदेहो ॥ ३ ॥**

શ્વેતામ્બર હો કે દિગમ્બર હો, બૌદ્ધ હો કે અન્ય કોઈ પણ હો, જેનો આત્મા સમભાવથી ભાવિત છે, તે મોક્ષ પામે છે તેમાં સંદેહ નથી.

પ્રશ્ન : સંસારમાં પરિભ્રમણ કરી રહેલા જીવો કોઈ ને કોઈ કાલે તો કર્મક્ષય કરીને સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરતા જ હશે ને ?

ઉત્તર : સંસારમાં પરિભ્રમણ કરી રહેલા ભવ્ય જીવો કાલાંતરે કર્મક્ષય કરીને સિદ્ધાવસ્થાને પ્રાપ્ત થાય છે, પણ જાતિભવ્ય તથા અભવ્ય જીવો કોઈપણ કાલે તેમ કરવાને સમર્થ થતા નથી.

પ્રશ્ન : અમુક જીવો ભવ્ય કેમ અને અમુક જીવો જાતિભવ્ય તથા અભવ્ય કેમ ?

ઉત્તર : કેટલાક પ્રશ્નો એવા હોય છે કે જેનો ઉત્તર યુક્તિથી આપી શકાય અને કેટલાક પ્રશ્નો એવા હોય છે કે જેનો ઉત્તર આગમથી જ આપી શકાય. શાસ્ત્રમાં કહ્યું છે કે–

**जो हेउवायपक्खम्मि हेउओ आगमम्मि आगमिओ ।**
**सो समयपन्नवओ सिद्धंत विराहगो अन्नो ॥**

જે વસ્તુ આગમોથી સમજાય તેવી હોય તે આગમોથી સમજે અને સમજાવે અને દલીલોથી સમજાય તેવી હોય તે દલીલોથી સમજે અને સમજાવે. તે શાસ્ત્રનો વાસ્તવિક પ્રરૂપક છે અને તેનાથી ભિન્ન એટલે જુદી રીતે વર્તનાર શાસ્ત્રનો વિરોધી છે. તાત્પર્ય કે સર્વજ્ઞ ભગવંતે પોતાના જ્ઞાનથી આ પ્રકારની સ્થિતિ જોઈ છે અને તે આગમોમાં દર્શાવેલી છે. તેથી આગમવાદના વિષયમાં હેતુવાદ અથવા યુક્તિને સ્થાન નથી.

પ્રશ્ન : સિદ્ધના જીવો ક્યાં રહેતા હશે ?

ઉત્તર : સિદ્ધના જીવો લોકના અગ્રભાગે રહે છે.

પ્રશ્ન : સિદ્ધના જીવો ત્યાં કેવી રીતે પહોંચ્યા હશે ?

ઉત્તર : જીવની સ્વાભાવિક ગતિ ઊર્ધ્વ છે, એટલે તે સકલ કર્મથી મુક્ત થાય છે ત્યારે સીધી ઊર્ધ્વ ગતિ કરે છે અને ઉપર જણાવ્યું તેમ લોકના અગ્રભાગે ફક્ત એક જ સમયમાં પહોંચે છે.

પ્રશ્ન : સકલ કર્મથી મુક્ત થયેલો જીવ લોકના અગ્રભાગે જ શા માટે સ્થિર થાય છે ? ત્યાંથી આગળ ગતિ કેમ કરતો નથી ?

ઉત્તર : જીવમાં ગતિમાન થવાની શક્તિ છે, પણ જ્યાં ગતિસહાયક ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય હોય ત્યાં જ તેની ગતિ સંભવે છે. લોક પૂરો થતાં અલોક શરૂ થાય છે, ત્યાં ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય નથી એટલે સકલ કર્મથી મુક્ત થયેલો જીવ ઊર્ધ્વગતિ કરતો ત્યાં જ અટકી જાય છે. શ્રી ઔપપાતિક સૂત્રમાં કહ્યું છે કે : **अलोय-पडिहया सिद्धा, लोयग्गे य पइट्ठिया ।** અલોકથી અટકેલા સિદ્ધના જીવો લોકના અગ્રભાગે સ્થિર થયેલા છે.'

પ્રશ્ન : અલોકમાં શું હોય છે ?

ઉત્તર : અલોકમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવ, પુદ્ગલ કે કાલ નામનાં દ્રવ્યો હોતા નથી પણ માત્ર આકાશ દ્રવ્ય. જ હોય છે. તેથી જીવ અને પુદ્ગલની ગતિ–સ્થિતિ માત્ર લોકમાં જ સંભવે છે.

*પ્રશ્ન : સિદ્ધના જીવો લોકના અગ્રભાગે સ્થિર થઈને શું કરતા હશે ?*

ઉત્તર : સિદ્ધના જીવો કૃતકૃત્ય હોઇને તેમને કંઈપણ કરવાપણું રહેતું નથી. પરંતુ તેઓ પોતાની ચિદાનંદમય અવસ્થામાં મગ્ન હોય છે, અને અનંતાનંત સુખનો અનુભવ કરે છે કે જેનું વર્ણન વૈખરી વાણીથી થઈ શકતું નથી. એક જંગલમાં રહેનારો મનુષ્ય જેમ ચક્રવર્તીના ભોજનનો સ્વાદ કેવો હોય છે, તે સમજી શકે નહિ, તેમ સાંસારિક સુખમાં રચ્યાપચ્યા રહેલા આત્માઓ સિદ્ધનાં સુખને યત્કિંચિત્ પણ સમજી શકે નહિ કે તેમની યથાર્થ કલ્પના કરી શકે નહિ. માત્ર યોગાભ્યાસીઓ જ તેના સુખની યત્કિંચિત્ કલ્પના કરી શકે.

પ્રશ્ન : આચાર્યો પંચાચારને શા માટે પ્રકાશે ?

ઉત્તર : મુમુક્ષુઓ મોક્ષના સુવિહિત માર્ગને જાણી શકે તે માટે આચાર્યો પંચા-ચારને પ્રકાશે.

પ્રશ્ન : આચાર્યો પંચાચારને કેવી રીતે પ્રકાશે ?

ઉત્તર : આચાર્યો સૂત્ર–સિદ્ધાંતના વ્યાખ્યાન વડે પંચાચારને પ્રકાશે, પણ પોતાની કલ્પનામાત્રથી પ્રકાશે નહિ.

પ્રશ્ન : આચાર્ય સૂત્ર-સિદ્ધાંતનું વ્યાખ્યાન કેવી રીતે કરે ?

ઉત્તર : આચાર્ય સૂત્ર-સિદ્ધાંતનું વ્યાખ્યાન દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ જોઈને કરે. બીજા શબ્દમાં કહીએ તો આચાર્ય ઉપસ્થિત થયેલા શ્રોતાઓની યોગ્યતા વગેરેને લક્ષમાં રાખીને ઉપદેશ આપે.

પ્રશ્ન : શ્રોતાઓની યોગ્યતાથી શું કહેવા ઇચ્છો છો ?

ઉત્તર : વિનય, વિવેક, નમ્રતા, સરળતા, મધ્યસ્થતા, જિજ્ઞાસાવૃત્તિ વગેરે ગુણોને શ્રોતાઓની યોગ્યતા માનવામાં આવે છે અને તેથી વિપરીત ગુણોને શ્રોતાઓની અયોગ્યતા માનવામાં આવે છે.

પ્રશ્ન : આચાર્યને ઘણા સાધુઓની સાર–સંભાળ કરવાની હોવાથી તેમને વ્યાખ્યાન કરવાનો સમય ક્યાંથી મળે ?

ઉત્તર : આચાર્યનો ઘણો ભાર પ્રવર્તક, સ્થવિર, ગણાવચ્છેદક વગેરે ઉપાડી લે છે, એટલે તેમને વ્યાખ્યાન કરવાનો સમય મળે છે.

પ્રશ્ન : પ્રવર્તક કોને કહેવાય ?

ઉત્તર : જે સાધુઓને સામર્થ્ય પ્રમાણે જુદા જુદા યોગોમાં પ્રવર્તાવે તે પ્રવર્તક કહેવાય.

પ્રશ્ન : સ્થવિર કોને કહેવાય ?

ઉત્તર : પ્રવર્તક સામર્થ્ય અનુસાર સાધુને જે યોગમાં પ્રવર્તાવ્યા હોય તેમાં ખેદ પામવાનો પ્રસંગ આવતાં (કંટાળો ઉપજતાં) તેને ઉપદેશાદિકથી સ્થિર કરે તે સ્થવિર કહેવાય.

પ્રશ્ન : ગણાવચ્છેદક કોને કહેવાય ?

ઉત્તર : ગચ્છનું કાર્ય ઉપસ્થિત થતાં જે પોતાના આત્માની અનુગ્રહબુદ્ધિ વડે પ્રવૃત્તિ કરે અને તે કાર્યને શીઘ્ર કરી દે તથા ક્ષેત્રયાચના અને ઉપધિની યાચનામાં જે ખેદ ન પામે, તેમજ સૂત્રાર્થના જાણકાર હોય તેને ગણાવચ્છેદક કહેવાય.

પ્રશ્ન : આચાર્યોને '**पंचविहं आयारं आयरमाणा तहा य पभासंता**' કહ્યા પછી '**आयारं दंसंता**' શા માટે કહ્યા ?

ઉત્તર : આચાર્યો પંચવિધ આચારનું સ્વયં પાલન કરનારા હોય છે અને મુમુક્ષુઓને ઉપદેશ આપે છે, તેમજ તેઓ ગચ્છના સાધુઓને સારણા, વારણા, ચોયણા અને પડિચોયણા વડે તેમનો વિશિષ્ટ આચાર દર્શાવનારા હોય છે, તેથી તેમને आयारं दंसंता–કહ્યા છે. તાત્પર્ય કે અહીં યોજાયેલો આચાર શબ્દ સાધુના વિશિષ્ટ આચારનો સૂચક છે.

પ્રશ્ન : સારણા એટલે ?

ઉત્તર : સારણા ( સ્મારણા ) એટલે પોતાના હાથ નીચેના સાધુઓની વારંવાર સાર–સંભાળ કરવી અને તેઓના આચારમાં કંઈપણ ભૂલ થતી હોય તો તેનું સ્મરણ કરાવવું.

પ્રશ્ન : વારણા એટલે ?

ઉત્તર : વારણા એટલે સાધુઓના ચારિત્રમાં કંઈ અતિચાર લાગતો હોય કે અનાચાર થતો હોય તો તેનું નિવારણ કરવું, તેનો નિષેધ કરવો.

પ્રશ્ન : ચોયણા એટલે ?

ઉત્તર : ચોયણા ( ચોદના ) એટલે સાધુઓ પ્રમાદમાં રહેતા હોય તો તેમને ઇષ્ટ ઉપાયોથી સન્માર્ગે વાળવા વારંવાર પ્રેરણા કરવી અને જરૂર પડતાં કઠોર શબ્દો કહીને પણ તેમને સદાચારમાં પ્રવર્તાવવા.

પ્રશ્ન : આચાર્યો જેમ સાધુઓને તેમના વિશિષ્ટ આચારનું દર્શન કરાવે છે, તેમ શ્રાવકોને તેમના વિશિષ્ટ આચારનું દર્શન કરાવે કે નહિ ?

ઉત્તર : આચાર્યો શ્રાવકોને પણ તેમના વિશિષ્ટ આચારનું દર્શન કરાવે, કારણકે

તેઓ તીર્થંકર ભગવંતે સ્થાપેલા ચતુર્વિધ સંઘનો જ એક ભાગ છે.

પ્રશ્ન : સ્વાધ્યાય કોને કહેવાય?

ઉત્તર : સ્વાધ્યાય શબ્દમાં ત્રણ પદો છે, सु+आ+अध्याय. તેમાં सु પદ સુષ્ઠુ કે શોભનનો અર્થ ( સારા ) દર્શાવે છે. આ પદ અભિવ્યાપ્તિ કે વિધિનો અર્થ દર્શાવે છે અને अध्याय પદ અધ્યયનનો અર્થ દર્શાવે છે. એટલે **સારી રીતે વિધિપૂર્વક અધ્યયન કરવું તેને સ્વાધ્યાય કહેવાય.** અથવા જે સારી રીતે વિધિ-પૂર્વક અધ્યયન કરવા યોગ્ય છે, તેને પણ સ્વાધ્યાય જ કહેવાય. અને સ્વાધ્યાય શબ્દને स्व અને अध्याय એવા બે પદોથી બનેલો માનીએ તો આત્મા સંબંધી જે અધ્યયન તે સ્વાધ્યાય-એવો અર્થ પણ નીકળી શકે. ઉપાધ્યાય શ્રીયશોવિજયજીએ શ્રી હરિભદ્રસૂરિકૃત ષોડશકની યોગ-દીપિકા વૃત્તિમાં પહેલો અને ત્રીજો અર્થ કરેલો છે.

પ્રશ્ન : શ્રી ઔપપાતિક સૂત્રમાં સ્વાધ્યાયને પાંચ પ્રકારનો અર્થાત્ પાંચ અંગવાળો કહ્યો છે.* અને આવશ્યક-નિર્યુક્તિમાં ઉપાધ્યાયનો પરિચય કરાવતા સ્વાધ્યાયને બાર અંગ-વાળો કહ્યો છે તેનું કેમ ?

ઉત્તર : શ્રી ઔપપાતિક સૂત્રમાં સ્વાધ્યાય શબ્દ પહેલા અર્થમાં વપરાયેલો છે, એટલે સ્વાધ્યાય કરવાની રીત પાંચ પ્રકારની છે, એમ સમજવાનું છે, અને આવશ્યક-નિર્યુક્તિમાં સ્વાધ્યાય શબ્દ બીજા અર્થમાં વપરાયેલો છે, એટલે સ્વાધ્યાય કરવા યોગ્ય શાસ્ત્રો બાર અંગમાં વિભક્ત થયેલાં છે, એમ સમજવાનું છે. આ બાર અંગોને અર્ધમાગધી ભાષામાં 'दुवालसंग' અને સંસ્કૃત ભાષામાં 'द्वादशांग' કે 'द्वादशांगी' કહેવામાં આવે છે.

પ્રશ્ન : દ્વાદશાંગીની રચના ગણધરો કેવી રીતે કરે છે ?

ઉત્તર : ગણધરો તીર્થ-સ્થાપના વખતે શ્રી તીર્થંકર ભગવંતને પ્રદક્ષિણા દઈને નમસ્કાર કરીને પૂછે છે કે 'હે ભગવંત ! તત્ત્વ શું છે ? તે કહો.' ત્યારે ભગવંત કહે છે કે-' उपपन्नेइ वा-વસ્તુ ઉત્પન્ન થાય છે.' ફરી ગણધરો પ્રદક્ષિણા દઈને નમસ્કાર કરીને એ જ પ્રશ્ન પૂછે છે, ત્યારે ભગવંત કહે છે કે 'विगमेइ वा-વસ્તુ નાશ પામે છે,' તેમજ ત્રીજીવાર ગણધરો પ્રદક્ષિણા દઈને નમસ્કાર કરીને એ જ પ્રશ્ન પૂછે છે, ત્યારે કહે છે કે 'धुवेइ वा' તેમ છતાં વસ્તુ સ્થિર રહે છે.' આ પ્રમાણે પ્રણામ કરીને પૂછવું તે નિષદ્યા કહેવાય છે. આ ત્રણ નિષદ્યાથી ગણધર ભગવંતોને એવો નિશ્ચય થાય છે કે 'સર્વ-વસ્તુઓ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય યુક્ત છે.' આ પછી ગણધર ભગવંતો બીજબુદ્ધિ નામની વિશિષ્ટ લબ્ધિવાળા હોવાથી સંપૂર્ણ શ્રુતજ્ઞાન પામે છે. અને શ્રી તીર્થંકર ભગવંતની આજ્ઞા થતાં તેની દ્વાદશાંગી રૂપે રચના કરે છે.

પ્રશ્ન : દ્વાદશાંગીમાં કયા સૂત્રો રચાય છે ?

ગ્રંથ સંગ્રહ

ઉત્તર : દ્વાદશાંગીમાં નીચેના બાર સૂત્રો રચાય છે :

---

* सज्झाए पंचविहे पण्णत्त, तं जहा-वायणा, पडिपुच्छा, परिअट्टणा, अणुप्पेहा, धम्मकहा ।

(૧) આયાર (આચાર) (૨) સૂયગડ (સૂત્રકૃત), (૩) ઠાણ (સ્થાન) (૪) સમવાય (સમવાય) (૫) વિવાહપણ્ણતિ (વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ અથવા ભગવતીજી) (૬) નાયાધમ્મકહા (જ્ઞાતા ધર્મકથા) (૭) ઉવાસગ દસા (ઉપાસક દશા) (૮) અંતગડદસા (અંતકૃદ્દશા) (૯) અણુત્તરોવવાઇયદસા (અનુત્તરોપપાતિક દશા) (૧૦) પણ્હાવાગરણ (પ્રશ્ન–વ્યાકરણ) (૧૧) વિવાગસુય (વિપાકશ્રુત) અને (૧૨) *દિટ્ઠીવાય (દષ્ટિવાદ)

પ્રશ્ન : ગણધરો આ સૂત્રો કયા ક્રમે રચે છે ?

ઉત્તર : ગણધરો પ્રથમ દૃષ્ટિવાદ રચે છે કે જેનું બીજું નામ 'પૂર્વગત' છે.* અને પછી આયાર, સુયગડ વગેરે અગિયાર અંગોની રચના કરે છે.

આ વસ્તુનું પ્રમાણ એ છે કે શાસ્ત્રકારોએ પૂર્વની વ્યાખ્યા' આ પ્રમાણે કરેલી છે. पूर्वंकृतानि पूर्वाणि–પૂર્વે રચાયાં તે પૂર્વ 'અથવા' सर्वश्रुतात् पूर्वंक्रियते इति पूर्वाणि उत्पाद-पूर्वाऽऽदीनि चतुर्दश સર્વશ્રુતની પૂર્વે કરાય છે માટે પૂર્વ, તે ઉત્પાદપૂર્વ વગેરે ચૌદ છે.'

વિશેષાવશ્યક-ભાષ્યની નિમ્ન–ગાથામાં પણ આવો જ અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યો છે.

**जइवि य भूयावाए, सव्वस्स वओगयस्स ओयारो ।**
**निज्जूहणा तहा विहु, दुम्मेहे पथ इत्थीय ॥ ५५१ ॥**

( શિષ્ય પ્રશ્ન કરે છે : 'હે પ્રભો ! આગમમાંથી સંભળાય છે કે ગણધર મહારાજ પ્રથમ પૂર્વોની રચના કરે છે અને એ પૂર્વમાં સંપૂર્ણ વાઙ્મય અંતર્ભૂત થાય છે. તો શેષ અંગો (બાકીનાં અગિયાર અંગો) અથવા અંગ–બાહ્ય–શ્રુત રચવાથી શો લાભ ?' એનો ઉત્તર આપતાં ગુરુ જણાવે છે કે હે શિષ્ય ! )

જો કે ભૂતવાદમાં–દૃષ્ટિવાદમાં સર્વ વાઙ્મયનો અન્તર્ભાવ થાય છે, તો પણ મંદમતિવાળા તથા સ્ત્રીઓના ઉપકાર માટે શેષશ્રુતની રચના થાય છે. તાત્પર્ય કે પ્રથમ સર્વ વાઙ્મયનો અન્તર્ભાવ કરનારા પૂર્વોની રચના થાય છે અને પછી મંદમતિવાળા તથા સ્ત્રી વગેરેના ઉપકાર માટે બાકીનાં અગિયાર અંગો રચવામાં આવે છે.

---

* શ્રી સ્થાનાંગસૂત્રના દસમા સ્થાનમાં દૃષ્ટિવાદનાં દસ નામો આ પ્રમાણે આપેલાં છે :

दिट्ठिवातेति वा हेउवातेति वा भूयवातेति वा तच्चावातेति वा
सम्मावातेति वा धम्मावातेति भासविजतेति वा पूव्वगतेति वा
अणुजोगगतेति वा सव्वपाणभूतजीवसत्तसुहावहेति वा

(૧) દૃષ્ટિવાદ, (૨) હેતુવાદ, (૩) ભૂતવાદ, (૪) તત્ત્વવાદ, (૫) સમ્યગ્વાદ, (૬) ધર્મવાદ, (૭) ભાષાવિજય (૮) પૂર્વગત, (૯) અનુયોગગત અને (૧૦) સર્વપ્રાણભૂત જીવસત્ત્વ સુખાવહ. દૃષ્ટિવાદના પાંચ વિભાગો મનાય છે : (૧) પરિકર્મ, (૨) સૂત્ર, (૩) પૂર્વગત (૪) અનુયોગ અને (૫) ચૂલિકા. એટલે પૂર્વગત એ તેના એક વિભાગનું પણ નામ છે. આ પૂર્વગત વિભાગમાં ઉત્પાદપૂર્વ વગેરે ૧૪ પૂર્વો આવેલાં છે.

પ્રશ્ન : શિષ્યોને શાસ્ત્રનો સ્વાધ્યાય કરાવવા માટે કયા ગુણો અપેક્ષિત છે?

ઉત્તર : પ્રથમ તો ઉપાધ્યાય પોતે દ્વાદશાંગીના પારગામી અને તેના અર્થને બરાબર જાણનારા હોવા જોઈએ તથા સૂત્ર અને અર્થનો વિસ્તાર કરી શકે તેવા બહુશ્રુત જોઈએ. વળી તેમની શીખવવાની પદ્ધતિ એવી સુંદર હોવી જોઈએ કે જેથી ગમે તેવા જડ શિષ્યને પણ શાસ્ત્રજ્ઞાનની પ્રાપ્તિ થાય અને એ રીતે તે પોતાની સાધના સફળ બનાવી શકે. તે ઉપરાંત તેમનો સ્વભાવ ઘણો શાંત જોઈએ, જેથી શિષ્યો તેમની આગળ છૂટથી પોતાની શંકાઓ રજૂ કરી શકે અને તેનું સમાધાન મેળવી શકે.×

પ્રશ્ન : **साहूणं** પદ સર્વ સાધુઓનો સંગ્રહ કરનાર છે, તો **सव्व** વિશેષણની જરૂર શું?

ઉત્તર : **साहूणं** પદ સામાન્ય રીતે સાધુઓનો સંગ્રહ કરનાર છે, પણ સાધુઓના પ્રમત્ત, અપ્રમત્ત, સ્થવિરકલ્પિક, જિનકલ્પિક, પ્રતિમા કલ્પિક, કલ્પાતિત વગેરે અનેક પ્રકારો હોઈ તેમાંનો કોઈ પ્રકાર રહી ન જાય તે સ્પષ્ટતયા સૂચવવા માટે અહીં **सव्व** વિશેષણ યોજેલું છે.

પ્રશ્ન : **सव्व** ને ષષ્ઠીલુપ્તક પદ માનીને તેનો સંબંધ अरिहंताणं આદિ પદો સાથે જોડવામાં આવે તો કેમ?

ઉત્તર : ભાષા-શાસ્ત્રની દૃષ્ટિએ તેમાં કંઈ વાંધો નથી પરંતુ નિર્યુક્તિકાર-

**असहाइ सहायत्तं, करंति जे संजमं करिंतस्स ।**

**एएण कारणेणं, नमामि हं सव्वसाहूणं ॥ १००५ ॥**

એવી જે ગાથા રચી છે, તથા શ્રીઅભયદેવસૂરિ વગેરે પૂર્વાચાર્યોએ તેનું જે રીતે વ્યાખ્યાન કર્યું છે, તે એમ દર્શાવે છે કે **सव्वसाहूणं** એ એક જ પદ છે. પણ **सव्व** અને **साहूणं**

---

× जे बारसंग—सज्झाय—पारगा—धारगा तयत्थाणं ।

तदुभयवित्थाररयो, तेऽहं झाएमि उज्झाए ॥१२४५॥

જે દ્વાદશાંગરૂપ સ્વાધ્યાયના પારગામી છે, તેના અર્થોના ધારક છે અને તદુપરાંત તદુભય એટલે સૂત્ર અને અર્થનો વિસ્તાર કરવામાં રસિક છે, તે ઉપાધ્યાયોનું હું ધ્યાન ધરું છું.

पाहाणसमाणविहु, कुणंति जे सुत्तधारया सीसे ।

सयलजणपुयणिज्जे, तेऽहं झाएमि उज्झाए ॥१२४७॥

જે સૂત્રધારકો પાષાણ જેવા જડ શિષ્યોને પણ (સૂત્ર-સિદ્ધાંતોનો સ્વાધ્યાય કરાવીને) સર્વજનોના પૂજનીય બનાવે છે, તે ઉપાધ્યાયોનું હું ધ્યાન ધરું છું.

बावन्नवन्नचंदरसेण, जे लोयपावतावाइं ।

उवसामयंति सहसा, तेऽहं झाएमि उज्झाए ॥१२५२॥

બાવન અક્ષરરૂપી ચંદનરસથી જે લોકના પાપ અને તાપને જલ્દી સમાવે છે, તે ઉપાધ્યાયોનું ધ્યાન ધરું છું.

— પ્રાકૃત શ્રીપાલચરિત્ર.

એવાં બે જુદાં પદો નથી. नमोऽर्हत् તથા 'भगवदादि-वंदन' નો પાઠ પણ એ પદ એક હોવાનું સૂચન કરે છે.

પ્રશ્ન : અહીં पंच શબ્દ જરૂરનો છે? શું एसो नमुक्कारो કહેવાથી પાંચને કરેલા નમસ્કારનો બોધ થતો નથી?

ઉત્તર : 'एषः' एतद् નું રૂપ છે અને एतद् વધારે સમીપના પદાર્થનો વાચક છે. તેથી एसो શબ્દ વડે સમીપવર્તી એવા સાધુઓને કરેલા નમસ્કારનો બોધ થાય પણ પાંચને કરેલા નમસ્કારનો બોધ થાય નહિ. માટે અહીં पंच શબ્દ આવશ્યક છે. તેના વડે 'પાંચને કરેલો નમસ્કાર' એવો સ્પષ્ટ બોધ થાય છે.

પ્રશ્ન : શ્રી જિનેશ્વર ભગવંતની આગળ અષ્ટ-મંગલનું આલેખન શા માટે કરવામાં આવે છે?

ઉત્તર : બિંબવિધિ પ્રવેશમાં તેનાં કારણો જણાવેલાં છે, તે આ પ્રમાણે છે:

### (૧) સ્વસ્તિકનો હેતુ

स्वस्ति भूगगननागविष्टपेषूदितं जिनवरोदये क्षणात् ।
स्वस्तिकं तदनुमानतो जिनस्याग्रतो बुधजनैर्विलिख्यते ॥

જિનવરોનો ઉદય થતાં,-જન્મ થતાં તરત જ પૃથ્વી, આકાશ અને પાતાળ એ ત્રણલોકમાં સ્વસ્તિ એટલે ક્ષેમ થાય છે, તેથી જિનેશ્વરની આગળ સુજ્ઞજનોવડે સ્વસ્તિક આલેખાય છે.

### (૨) શ્રીવત્સનો હેતુ

अन्तः परमज्ञानं, यद् भाति जिनाधिनाथ हृदयस्य ।
तच्छ्रीवत्सव्याजात्, प्रकटीभूतं वहिर्वन्दे ॥

જિનેશ્વરનાં હૃદયની અંદર જે પરમજ્ઞાન રહેલું છે, તે શ્રીવત્સના વ્યાજથી બહાર પ્રગટ થયું છે તેને હું વંદના કરું છું.

### (૩) નંદ્યાવર્તનો હેતુ

त्वत्सेवकानां जिननाथ ! दिक्षु, सर्वासु सर्वे निधयः स्फुरन्ति ।
अतश्चतुर्धा नवकोणनन्द्यावर्तः सतां वर्तयतां सुखानि ॥

હે જિનનાથ! તમારા સેવકોને સર્વે દિશામાંથી સર્વે નિધિઓ મળે છે. તેથી ચાર દિશામાં પ્રસરતો નવકોણ (જેના એક પાંખડામાં નવ ખૂણા પડે છે તેવો) વાળો નંદ્યાવર્ત સત્પુરુષોને સુખ પ્રવર્તાવો.

### (૪) વર્ધમાનકનો હેતુ

पुण्यं यशः समुदयः प्रभुता महत्त्वं, सौभाग्य-धी-विनय-शर्म-मनोरथाश्च ।
वर्धन्त एव जिननायक ! ते प्रसादात्, तद्वर्धमानयुगलं पटमादधानः ॥

હે જિનનાયક! તમારી કૃપાથી, પુણ્ય, કીર્તિ, અભ્યુદય, અધિકાર, મહત્ત્વ, સૌભાગ્ય, બુદ્ધિ, વિનય, સુખ અને મનોરથો જરૂર વધે છે, તેથી વર્ધમાન યુગલનું (ઉપરથી વધતું નીચે જાય અને નીચેથી વધતું ઉપર આવે, શરાવ-સંપુટનું એમ) આલેખન કરીએ છીએ.

## (૫) ભદ્રાસનનો હેતુ

**जिनेन्द्रपादैः परिपूज्यपृष्ठै–रतिप्रभावैरतिसन्निकृष्टम् ।**
**भद्रासनं भद्रकरं जिनेन्द्रपुरो लिखेन्मङ्गलसत्सयोगम् ॥**

વિશેષ પ્રકારે પૂજાયેલ ચરણતળવાળા અતિપ્રભાવશાળી જિનેશ્વર દેવોના ચરણોની ખૂબજ નજીક રહેલું, સર્વેનું ભદ્ર કરનારું અને મંગલરૂપી સત્પદાર્થથી યુક્ત એવું ભદ્રાસન શ્રી જિનેન્દ્ર ભગવાનની આગળ આલેખવું.

## (૬) કલશનો હેતુ

**विश्वत्रये च स्वकुले जिनेशो, व्याख्यायते श्रीकलशायमानः ।**
**अतोऽत्र पूर्ण कलशं लिखित्वा, जिनार्चना–कर्म कृतार्थयामः ॥**

ત્રણ ભુવનમાં અને પોતાના કુલમાં જિનેશ્વર શ્રીકલશ જેવા ગણાય છે, તેથી અહીં પૂર્ણ કલશનું આલેખન કરીને અમે જિનપૂજારૂપી કર્મને સફળ કરીએ છીએ.

## (૭) મીન-યુગલનો હેતુ

**त्वद्वध्य–पञ्चशरकेतन–भावक्लृप्तं, कर्तुं मुधा भुवननाथ ! निजापराधम् ।**
**सेवां तनोति पुरतस्तव मीनयुग्मं, श्राद्धैः पुरो विलिखितं तु निजाङ्गयुक्त्या ॥**

હે ભુવનનાથ! તમારાથી વધ્ય એવા કામદેવના ધ્વજમાં રહેવાથી તેવા જ ભાવને પામેલું મીનયુગ્મ પોતાની અંગ-યુક્તિવડે અપરાધને વૃથા કરવા માટે તમારી સેવા કરે છે તેથી શ્રાવકો વડે તમારી સમક્ષ આ મીન-યુગલ આલેખાયું છે.

## (૮) દર્પણનો હેતુ

**आत्मालोकविधौ जिनोऽपि सकलस्तीव्रं तपो दुश्चरं,**
**दानं ब्रह्म परोपकारकरणं कुर्वन् परिस्फुर्जति ।**
**सोऽयं यत्र सुखेन राजति स वै तीर्थाधिपस्याग्रतो,**
**निर्मेयः परमार्थवृत्तिविदुरैः संज्ञानिभिर्दर्पणः ॥**

આત્માનું દર્શન કરવામાં બધા જિનેશ્વર ભગવાન પણ દુશ્ચર તપ, દાન, અધ્યાત્મ જ્ઞાન, પરોપકાર આદિ કરતાં દેદીપ્યમાન થાય છે. અને એવા તે ભગવાન જેમાં સુખપૂર્વક રાજે-શોભે છે, તે દર્પણ પરમાર્થવૃત્તિના જાણકાર વિશિષ્ટ જ્ઞાનીઓ વડે તીર્થંકર ભગવાનની આગળ આલેખાય છે.

પ્રશ્ન : **हवइ** ના સ્થાને કેટલાક **होइ** પાઠ બોલે છે, તેનું કેમ ?

ઉત્તર : વ્યાકરણની દૃષ્ટિએ हवइ અને होइ એ બન્ને પાઠ શુદ્ધ છે, પણ होइ પાઠ બોલવાથી શાસ્ત્રકારોએ નમસ્કારના ૬૮ અક્ષરની જ ગણના બતાવી છે, ને બાધિત થાય છે, તેથી हवइ પાઠ બોલવો ઉચિત છે.

પ્રશ્ન : નમસ્કારના અક્ષરો ૬૮ હોવાનો પાઠ કોઈ આગમમાં છે ?

ઉત્તર : હા, મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે–

**तहेव इक्कारसपयपरिछिन्न ति आलावग तित्तीस अक्खर परिमाणं, ' एसो पंच नमुक्कारो, सव्व पावप्पणासणो, मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं ' ति चूलं ।**

નમસ્કારરૂપ મૂળમંત્ર અગિયાર પદો તથા તેત્રીસ અક્ષરપ્રમાણ ત્રણ આલાવાથી યુક્ત છે. અર્થાત્ મૂળ–મંત્રના પ્રભાવને દર્શાવનારાં પાછલાં ચાર પદોનાં અક્ષરોનું પરિમાણ ૩૩ અક્ષરોનું છે, અને તેમાં આલાપકો ત્રણ છે.'

પ્રશ્ન : અનુષ્ટુપ શ્લોકમાં ૩૨ અક્ષરો હોય છે અને होइ પાઠથી ૩૨ અક્ષરો થાય છે. એટલે हवइ કરતાં होइ પાઠ ઠીક લાગતો નથી ?

ઉત્તર : અનુષ્ટુપ શ્લોકમાં સામાન્ય રીતે ૩૨ અક્ષરો હોય છે, પણ પ્રાચીન અનુષ્ટુપોમાં ઘણાં સ્થળે ૩૩ અક્ષરો પણ જોવામાં આવે છે. જેમકે–

**जहा दुमस्स पुप्फेसु, भमरो आवियइ रसं ।**
**न य पुप्फं किलामेइ, सो य पीणेइ अप्पयं ॥ १ ॥** दशवै. अ. १
**अहं भोगरायस्स, तं चऽसि अंधगवण्हिणो ।**
**मा कुले गंधणा होमो, संजमं निहुओ चर ॥**

– દશવૈકાલિક સૂત્ર–અ–૨.

ઉત્તરાધ્યયનસૂત્ર વગેરેમાં પણ આવી ગાથાઓ મળે છે. એટલે ૩૩ અક્ષરોવાળો અનુષ્ટુપ પણ શુદ્ધ જ છે.

પ્રશ્ન : બીજી ગાથાના અક્ષરો ૩૨ માનતાં અન્ય કંઈ બાધ આવે છે ?

ઉત્તર : હા. જ્યારે કોઈ વિશિષ્ટ કાર્ય ઉપસ્થિત થયું હોય ત્યારે બીજી ગાથાનાં ચાર પદોનું ધ્યાન કરવામાં આવે છે, અને તે વખતે ૩૨ પાંખડીનું કમળ કલ્પી દરેક પાંખડીમાં એક એક અક્ષર અને કર્ણિકામાં એક અક્ષરની સ્થાપના કરવામાં આવે છે. તે ૩૨ અક્ષરને માનતાં થઈ શકતી નથી, તેથી हवइ પાઠ રાખવો ઉચિત છે.

પ્રશ્ન : વાક્યોમાં પ્રાયઃ 'अस्ति' 'भवति' 'वर्तते' ઇત્યાદિ ક્રિયાપદોનો અર્થ અધ્યાહારથી જાણી શકાય છે, તો અહીં 'हवइ' 'भवति' ક્રિયાપદ મૂકવાનું પ્રયોજન શું ?

ઉત્તર : 'अस्ति' આદિ ક્રિયાપદોનો અર્થ અધ્યાહારથી જાણી શકાય છે તો પણ અહીં हवइ પદનો પ્રકટ પ્રયોગ કરવાનું પ્રયોજન એ છે કે તેનાથી મંગલની ભવન (થવારૂપ) ક્રિયાનો બોધ થાય છે. અને તેની સદા–સર્વદા વિદ્યમાનતાનો ખ્યાલ આવે છે.

તાત્પર્ય કે આ પંચ-નમસ્કાર સર્વ મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે અને તે નિરંતર વિદ્યમાન રહે છે. જો **हवइ** પદનો પ્રયોગ ન કર્યો હોત તો આવો અર્થ કદી પણ પ્રાપ્ત થઈ શકત નહીં.

પ્રશ્ન : અહીં **मंगलं** શબ્દનો પ્રયોગ કરવાની શી જરૂર પડી? 'સર્વ મંગલોમાં પ્રથમ છે.' એમ કહેવાથી શું પ્રથમ મંગલનો બોધ નથી થતો ?

ઉત્તર : અહીં **मंगलं** શબ્દનો પ્રયોગ ન કર્યો હોત તો તેના અર્થની પ્રતીતિ થઈ શકતી હતી, પરંતુ જગત્ કલ્યાણકારી વિષયનું પ્રતિપાદન કરનારા શાસ્ત્રમાં આદિ, મધ્ય અને અન્ત્ય મંગલ કરવું જોઈએ, એવો સંપ્રદાય હોવાથી અહીં અન્ત્ય મંગલ તરીકે **मंगल** શબ્દની યોજના કરેલી છે.

પ્રશ્ન : નમસ્કાર સૂત્રમાં આદિ અને મધ્ય મંગલ કયું છે ?

ઉત્તર : નમસ્કારસૂત્રની આદિમાં **नमो** પદ છે અને મધ્યમાં **लोए** પદ છે તે મધ્યમંગલ છે.

પ્રશ્ન : **नमो** પદને મંગલ ગણવામાં કારણ શું ?

ઉત્તર : શાસ્ત્રના પ્રારંભમાં મંગલ ત્રણ પ્રકારનાં થાય છે : આશીર્વાદાત્મક, નમસ્કારાત્મક અને વસ્તુનિર્દેશાત્મક. કહ્યું છે કે–' **नमस्क्रिया वस्तुनिर्देशो वाऽपि तन्मुखम्** '

અહીં **नमो** શબ્દ નમસ્કારની ક્રિયાને સૂચવતો હોવાથી મંગલરૂપ છે.

પ્રશ્ન : **लोए** પદને મધ્ય-મંગલ ગણવાનું કારણ શું ?

ઉત્તર : **लोए** પદ મધ્યમાં આવેલું છે અને **लोक** ધાતુ દર્શાનાર્થક-જ્ઞાનાર્થક હોવાથી તેને મધ્ય-મંગલ ગણેલું છે. એ જાણી લેવું જરૂરનું છે કે સઘળા જ્ઞાનાર્થક ધાતુઓના શબ્દો મંગલરૂપ ગણાય છે.

પ્રશ્ન : નમસ્કારમંત્રને પરમેષ્ઠિ નમસ્કાર, પંચ-પરમેષ્ઠિ નમસ્કાર કે પરમેષ્ઠિ-પંચક નમસ્કાર કહેવાનું કારણ શું ?

ઉત્તર : નમસ્કાર મંત્રને પરમેષ્ઠિ-નમસ્કાર, પંચ-પરમેષ્ઠિ નમસ્કાર કે પરમેષ્ઠિ પંચક નમસ્કાર કહેવાનું કારણ એ છે કે તેમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવે છે.

પ્રશ્ન : પરમેષ્ઠી એટલે ?

**परमे पदे निष्ठतीति परमेष्ठी ।**

ઉત્તર : પરમેષ્ઠી એટલે પરમ પદે રહેલા. પરમ પદો પાંચ છે: અરિહંતપદ, સિદ્ધપદ, આચાર્યપદ, ઉપાધ્યાયપદ અને સાધુપદ. એ પાંચ પરમપદોમાં બિરાજમાન હોવાથી અરિહંતો વગેરે પરમેષ્ઠી કહેવાય છે. તેમાં અરિહંતને પરમપરમેષ્ઠી કહેવામાં આવે છે. એ પાંચે પદોનું વર્ણન હવે પછીના પ્રકરણોમાં અનુક્રમે કરવામાં આવેલ છે.

# પ્રકરણ ચોથું

## અરિહંત પદ

નમસ્કારમંત્ર સંબંધી ગત પ્રકરણોમાં જે વિવેચન કરવામાં આવ્યું છે, તેના પરથી વાંચકો સમજી શક્યા હશે કે પ્રસ્તુત મંત્રનું રહસ્ય પંચપરમેષ્ઠી છે અને તેમાં અગ્રપદ અરિહંતોને અપાયેલું છે, એટલે પ્રથમ પરિચય તેમનો આપવામાં આવે છે :

જૈન મહર્ષિઓ કહે છે કે આ વિશ્વમાં જો કોઈને ઈશ્વર કે પરમેશ્વરની સંજ્ઞા આપવી હોય તો તે અરિહંતોને- તીર્થંકરોને આપી શકાય, કારણ કે તેઓ બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી અને ઈન્દ્ર કરતાં પણ વિશેષ ઐશ્વર્યશાળી હોય છે અને ત્રણે લોક પર પ્રભુત્વ ધરાવે છે.

'કોઈપણ આત્મા અરિહંત-પદને ક્યારે પામી શકે ?' એનો ઉત્તર આપતાં જૈન શાસ્ત્રકારોએ જણાવ્યું છે કે 'અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરી રહેલો આત્મા જ્યારે (૧) અરિહંત, (૨) સિદ્ધ, (૩) પ્રવચન, (૪) આચાર્ય, (૫) સ્થવિર, (૬) ઉપાધ્યાય, (૭) સાધુ (૮) જ્ઞાન, (૯) દર્શન (૧૦) વિનય (૧૧) ચારિત્ર (૧૨) શીલવ્રત (૧૩) સમાધિ (૧૪) તપ, (૧૫) દાન, (૧૬) વૈયાવૃત્ય (૧૭) સંયમ (૧૮) અભિનવજ્ઞાન (૧૯) શ્રુત અને (૨૦) તીર્થ એ **વીસ-સ્થાનકમાંથી** કોઈ પણ સ્થાનકનું ઉત્કૃષ્ટભાવે આરાધન કરે છે, ત્યારે તીર્થંકર નામકર્મ બાંધે છે અને તે તીર્થંકર નામકર્મના ઉદયથી ભવિષ્યમાં તીર્થંકર અરિહંત બની શકે છે. ×

પહેલા અને છેલ્લા તીર્થંકરે એટલે શ્રી ઋષભદેવ અને શ્રી મહાવીર સ્વામીએ પોતાના પૂર્વજીવનમાં આ વીશે સ્થાનકોને સ્પર્શ્યાં હતાં અને મધ્યના તીર્થંકરોમાંથી કોઈએ એક, કોઈએ બે, કોઈએ ત્રણ તો કોઈએ સર્વ-સ્થાનોને સ્પર્શ્યાં હતાં.+

'અરિહંત થનાર આત્માઓ બીજા આત્માઓ જેવા જ હોય છે કે તેમનામાં કોઈ વિશેષતા હોય છે ?' એ પ્રશ્ન જરૂર વિચારણીય છે, એટલે તેનો ઉત્તર અહીં આપવામાં આવે છે. 'આમ તો અરિહંત થનાર આત્માઓ બીજા આત્માઓ જેવા જ હોય છે,

---

× આવશ્યક નિયુક્તિ ગાથા (૧૭૯, ૧૮૦, ૧૮૧)

+ આવશ્યક નિર્યુક્તિ ગાથા ૧૮૨-

અહીં એ જણાવવું ઉપયોગી થઈ પડશે કે બૌદ્ધ-ધર્મમાં પણ લગભગ આવી જ માન્યતા પ્રચલિત છે તેના શાસ્ત્રોમાં જણાવ્યું છે કે જે આત્મા ભવિષ્યમાં બુદ્ધ થનારો હોય તેણે પૂર્વભવોમાં દાન, શીલ, નૈષ્કર્મ્ય, (વૈરાગ્ય) પ્રજ્ઞા, વીર્ય, ક્ષાંતિ, સત્ય, અધિષ્ઠાન (અડગતા) મૈત્રી, અને ઉપેક્ષા એ દશ પારમિતાઓનું આરાધન કરવું પડે છે. શાક્યપુત્ર ગૌતમબુદ્ધે તેમના પૂર્વ-જીવનમાં આ દશે પારિમિતાઓનું આરાધન કર્યું હતું.

પરંતુ તેમનામાં વિશેષતા એટલી હોય છે કે તેઓ પરોપકાર કરવાના સ્વભાવવાળા, સ્વાર્થને ગૌણ કરનારા, સર્વત્ર ઊચિત ક્રિયાને આચરનારા, દીનતા વિનાના સફળ કાર્યનો જ આરંભ કરનારા, કૃતજ્ઞતા દર્શાવનારા, દુષ્ટવૃત્તિઓથી નહિ હણાયેલ ચિત્તવાળા, દેવ અને ગુરુનું બહુમાન કરનારા તથા ગંભીર આશયને ધારણ કરનારા હોય છે.×

જેમ અરિહંત થવાનો સમય નજીક આવતો જાય છે, તેમ તેમ આ ગુણો વધારે વિકાસ પામતા જાય છે અને છેવટે તે મહાન કરૂણા ભાવનામાં પરિણમે છે. આ વખતે તીર્થંકર નામકર્મનો બંધ નિકાચિત થાય છે. પછી તેઓ પ્રાયઃ ઉચ્ચપ્રકારના દેવલોકમાં* જન્મે છે અને ત્યાંથી ચ્યવીને મનુષ્યલોકમાં, પંદર કર્મભૂમિમાં, આર્યક્ષેત્રમાં અને આર્યકુલમાં જન્મે છે.

અહીં વાંચકો પૂછશે કે ' અરિહંત થનાર આત્માઓ દેવલોક છોડીને મનુષ્યલોકમાં શા માટે અવતરતા હશે? અને તેમાં ય કર્મભૂમિમાં, આર્યક્ષેત્રમાં ને આર્યકુલમાં જ કેમ ઉત્પન્ન થતા હશે?' એટલે પ્રથમ તેમના મનનું સમાધાન કરવામાં આવે છે.

' શાસ્ત્રકારોએ ચાર પ્રકારની ગતિ માની છે, નરક, તિર્યંચ, મનુષ્ય, અને દેવ. તેમાં મનુષ્યગતિમાં જ મોક્ષના અનંતર કારણરૂપ સમ્યક્ ચારિત્રનો સદ્ભાવ છે, એટલે છેલ્લો ભવ કરનાર આત્મા મનુષ્યગતિમાં જ જન્મે એવો સિદ્ધાંત સ્થાપિત થયેલો છે અને મનુષ્યગતિને પ્રાપ્ત કરનાર આત્માઓ કર્મભૂમિ અને અકર્મભૂમિ એવા બે વિભાગોમાં જન્મે છે. તેમાં કર્મભૂમિમાં કૃષિ, વાણિજ્ય, કળા, હુન્નર, ધર્મ આદિનો વ્યવહાર પ્રવર્તે છે અને અકર્મભૂમિમાં તો માત્ર યુગલિક અવસ્થા જ પ્રવર્તે છે, તેથી છેલ્લો ભવ કરનાર આત્માઓ મનુષ્યલોકના કર્મભૂમિ નામક વિભાગમાં જ જન્મે એ વાત નક્કી કરેલી છે. વળી કર્મભૂમિમાં પણ આર્યક્ષેત્ર અને અનાર્યક્ષેત્ર એવા બે વિભાગો છે, તેમાં ધર્મારાધનની વિશેષ અનુકૂળતા આર્યક્ષેત્રમાં જ હોવાથી અરિહંતો આર્યક્ષેત્રમાં જન્મે. જે આત્મા ધર્મચક્રનું પ્રવર્તન કરીને જગત્નો ઉદ્ધાર કરવાનો છે અને જગત્-પૂજ્ય બનવાનો છે, તે આર્યકુળમાં જ ઉત્પન્ન થાય, એમ માનવામાં આવ્યું છે.

તે માટે આ રહ્યા નિર્યુક્તિકારના શબ્દો :

अरिहंत चक्कवट्टी बलदेवा चेव वासुदेवा य
एए उत्तमपुरिसा न हु तुच्छकुलेसु जायंति ॥४९॥
उग्गकुल भोगखत्ति अ कुलेसु इक्खागनायकोरव्वे ।
हरिवंसे अ विसाले आयंति तहिं पुरिससीहा ॥५०॥

× લલિત-વિસ્તરા ચૈત્ય-વંદન વૃત્તિ

* કોઈક આત્માઓ નરકનો ભવ કરીને પછી મનુષ્ય થાય છે, તેથી અહીં પ્રાયઃ શબ્દનો પ્રયોગ કર્યો છે.

'તીર્થંકરો, ચક્રવર્તીઓ, બલદેવો અને અને વાસુદેવો આ ઉત્તમ-પુરુષો કદી હલકા કુળમાં ઉત્પન્ન થતા નથી.

તે પુરુષસિંહો ઉગ્ર, ભોગ, ક્ષત્રિય, ઇક્ષ્વાકુ, જ્ઞાત, કૌરવ્ય, હરિવંશ વગેરે વિશાલ ઉત્તમ કુળોમાં ઉત્પન્ન થાય છે.+

'અરિહંત દેવો ક્યારે ઉત્પન્ન થાય છે? અને કેટલા ઉત્પન્ન થાય છે, એ પ્રશ્નનો ઉત્તર શાસ્ત્રકાર મહર્ષિઓએ આ પ્રમાણે આપ્યો છે: 'કાલચક્રના બે વિભાગો છે: અવસર્પિણીકાલ અને ઉત્સર્પિણીકાલ. તેમાં અવસર્પિણીકાલમાં દરેક વસ્તુના રસકસ અનુક્રમે ઉતરતા જાય છે અને ઉત્સર્પિણી કાલમાં દરેક વસ્તુના રસકસ અનુક્રમે ચઢતા જાય છે. આ બંને કાલમાં છ છ આરાઓ હોય છે. એટલે સમસ્ત કાલ-ચક્ર બાર આરાનું બને છે.

અવસર્પિણીનો પ્રથમ આરો એકાંત સુષમા ચાર કોટાકોટી સાગરોપમનો હોય છે, બીજો આરો સુષમા ત્રણ કોટાકોટી સાગરોપમનો હોય છે. ત્રીજો આરો સુષમદુષમા બે કોટાકોટી સાગરોપમનો હોય છે. ચોથો આરો દુષમસુષમા બેંતાલીશ હજાર વર્ષ ન્યૂન એક કોટાકોટી સાગરોપમનો હોય છે. પાંચમો આરો દુષમા અને છઠ્ઠો આરો એકાંત દુષમા એકવીસ-એકવીસ હજાર વર્ષના હોય છે. ઉત્સર્પિણીમાં આથી ઉલટો ક્રમ હોય છે, એટલે પ્રથમ આરો એકાંત દુઃષમા અને બીજો આરો દુઃષમા એકવીશ-એકવીસ હજાર વર્ષના હોય છે. ત્રીજો આરો દુઃષમ સુષમા બેંતાલીશ હજાર વર્ષ ન્યુન એક કોટાકોટી સાગરોપમનો હોય છે, ચોથો આરો સુષમ-દુઃષમા બે કોટાકોટી સાગરોપમનો હોય છે, પાંચમો આરો સુષમા ત્રણ કોટાકોટીનો સાગરોપમનો હોય છે અને છઠ્ઠો આરો એકાંત સુષમા ચાર કોટાકોટી સાગરોપમનો હોય છે. ઉત્સર્પિણીકાળ પૂરો થતાં જ અવસર્પિણીકાળ શરૂ થાય છે. અને અવસર્પિણી કાલ પૂરો થતાં જ ઉત્સર્પિણી કાલ શરૂ થાય છે. આમ કાળનું ચક્ર અવિરત ગતિએ ચાલ્યા કરે છે. બંને કાળમાં અરિહંતોનો જન્મ ત્રીજા આરાના અંત ભાગથી લઈ ચોથા આરાની પૂર્ણાહુતિ સુધી થાય છે અને તેમની સંખ્યા ચોવીસની હોય છે.

અહીં એ સ્પષ્ટીકરણ કરવું આવશ્યક લેખાશે કે આ કાળ-વ્યવસ્થા ભરત તથા ઐરવત ક્ષેત્રમાં જ છે, પણ મહાવિદેહ ક્ષેત્રમાં નથી. ત્યાં તો બધો કાળ સરખો સુખમય જ હોય છે અને તેમાં સમયાનુસાર અરિહંતો ઉત્પન્ન થાય છે.

ભરતક્ષેત્રમાં ત્રીજા આરાના અંતભાગથી ચોથા આરાની સમાપ્તિ સુધીમાં શ્રી ઋષભાદિ ચોવીશ અરિહંતો થયા તેને ભરતક્ષેત્રની વર્તમાન ચોવીશી ગણવામાં આવે છે

+ બૌદ્ધ ગ્રંથોમાં જણાવ્યું છે કે બુદ્ધનો જન્મ ઊંચા ક્ષત્રિય કુળમાં થાય છે. બોધિસત્વ જ્યારે દેવલોકમાંથી ચ્યવીને બુદ્ધ તરીકે મનુષ્યલોકમાં અવતરવાના હતા, ત્યારે દેવપુત્રોએ તેમના જન્મવાનાં સ્થાન અને રાજકુળ વિષે ઘણી ચર્ચા કરી અને છેવટે કપિલવસ્તુ નગર તથા શાક્યકુળ પર પસંદગી ઉતરી.



# अर्हं

'अर्हं इत्येतदक्षरम्, परमेश्वरस्य परमेष्ठिनो वाचकम्, सिद्धचक्रस्यादिबीजम्, सकलागमोपनिषद्भूतम्, अशेषविघ्नविघातनिघ्नम्, अखिलदृष्टादृष्टफलसंकल्पकल्पद्रुमोपमम्, आशास्त्राध्ययनाध्यापनावधि प्रणिधेयम्। प्रणिधानं चानेनात्मनः सर्वतः संभेदस्तदभिधेयेन चाभेदः। वयमपि चैतच्छास्त्रारम्भे प्रणिदध्महे। अयमेव हि तात्त्विको नमस्कार इति॥१॥

કલામય અર્હં મંગલપાઠ

અને તે ચોવીશીની પૂર્વે જે ચોવીશ અરિહંતો થયા તેને અતીત ચોવીશી કહેવામાં આવે છે. વાંચકોની જાણુ માટે તેનાં નામો અહીં રજૂ કરીએ છીએ :

## અતીત ચોવીશીનાં નામો

| | |
|---|---|
| (૧) કેવલ જ્ઞાની | (૧૩) સુમતિ |
| (૨) નિર્વાણી | (૧૪) શિવગતિ |
| (૩) સાગર | (૧૫) અસ્તાથ |
| (૪) મહાયશ | (૧૬) નમિનાથ |
| (૫) વિમલ | (૧૭) અનિલ |
| (૬) સર્વાનુભૂતિ | (૧૮) યશોધર |
| (૭) શ્રીધર | (૧૯) કૃતાર્થ |
| (૮) દત્ત | (૨૦) જિનેશ્વર |
| (૯) દામોદર | (૨૧) શુદ્ધમતિ |
| (૧૦) સુતેજ | (૨૨) શિવકર |
| (૧૧) સ્વામી | (૨૩) સ્યંદન |
| (૧૨) મુનિસુવ્રત | (૨૪) સંપ્રતિ |

ભરતક્ષેત્રમાં હવે પછી થનારી (અનાગત) ચોવીસીનાં નામો પણ વાંચકોની જાણ માટે રજૂ કરવામાં આવે છે.

| | |
|---|---|
| (૧) પદ્મનાભ | (૧૩) નિષ્કષાય |
| (૨) સુરદેવ | (૧૪) નિષ્પુલાક |
| (૩) સુપાર્શ્વ | (૧૫) નિર્મમ |
| (૪) સ્વયંપ્રભ | (૧૬) ચિત્રગુપ્ત |
| (૫) સર્વાનુભૂતિ | (૧૭) સમાધિ |
| (૬) દેવશ્રુત | (૧૮) સંવર |
| (૭) ઉદયનાથ | (૧૯) યશોધર |
| (૮) પેઢાલ | (૨૦) વિજય |
| (૯) પોટિલ | (૨૧) મલ્લ |
| (૧૦) શતકીર્તિ | (૨૨) દેવપ્રભ |
| (૧૧) મુનિસુવ્રત | (૨૩) અનંતવીર્ય |
| (૧૨) અમમ | (૨૪) ભદ્રંકર |

વર્તમાનકાળે પાંચ મહાવિદેહક્ષેત્રમાં વીસ જિનો વિદ્યમાન છે, તેમનાં નામો આ પ્રમાણે સમજવાં :

## જંબુદ્વીપમાં

(૧) શ્રી સીમંધર સ્વામી          (૩) શ્રી બાહુસ્વામી
(૨) શ્રી યુગંધર સ્વામી          (૪) શ્રી સુબાહુ સ્વામી

## ધાતકીખંડમાં

(૫) શ્રી સુજાતસ્વામી          (૯) શ્રી સુરપ્રભ સ્વામી
(૬) શ્રી સ્વયંપ્રભ સ્વામી          (૧૦) શ્રી વિશાલસ્વામી.
(૭) શ્રી ઋષભાનનસ્વામી          (૧૧) શ્રી વજ્રધર સ્વામી
(૮) શ્રી અનંતવીર્યસ્વામી          (૧૨) શ્રી ચંદ્રાનન સ્વામી.

## અર્ધપુષ્કરાવર્તમાં

(૧૩) શ્રી ચંદ્રબાહુસ્વામી          (૧૭) શ્રી વારિષેણ સ્વામી
(૧૪) શ્રી ભુજંગસ્વામી          (૧૮) શ્રી મહાભદ્રસ્વામી
(૧૫). શ્રી ઈશ્વિરદેવ સ્વામી          (૧૯) શ્રી દેવયશાસ્વામી
(૧૬) શ્રી નમિપ્રભસ્વામી          (૨૦) શ્રી અજિતવીર્યસ્વામી.

અહીં એ જાણવું ઉપયોગી થઈ પડશે કે શ્રી ઋષભસ્વામી, શ્રી ચંદ્રાનનસ્વામી, શ્રી વારિષેણસ્વામી અને શ્રી વર્ધમાનસ્વામી એ ચાર નામો શાશ્વત છે, એટલે અરિહંતોની જે ચોવીશી તથા વીશીઓ થાય છે, તેમાં આ નામવાળા અરિહંતો અવશ્ય હોય છે.

એક અરિહંત પછી બીજા અરિહંત કયારે થાય? તેને માટે કોઈ ચોક્કસ નિયમ નથી. પણ તે અમુક અમુક અંતરે થાય છે અને કાળ જો ઉતરતો હોય તો તે અંતર ક્રમશઃ ઘટે છે અને કાલ જો ચડતો હોય તો તે અંતર ક્રમશઃ વધે છે. દાખલા તરીકે શ્રી ઋષભાદિ અરિહંતો ભરતક્ષેત્રમાં ઉતરતા કાળમાં થયા. તેમાં પહેલા અરિહંત શ્રી ઋષભદેવ અને બીજા અરિહંત શ્રી અજિતનાથના નિર્વાણ વચ્ચે પચાસલાખ કોટિ સાગરોપમનું અંતર હતું. તે અંતર ઘટતું ઘટતું બાવીશમા અને તેવીશમા અરિહંતની વચ્ચે. ૮૩૭૫૦ વર્ષનું રહ્યું તેવીશમા અને અને ચોવીશમા તીર્થંકર વચ્ચે તે અંતર માત્ર ૨૫૦ વર્ષનું રહ્યું.

સામાન્ય મનુષ્યને મતિ અને શ્રુત એ બે જ્ઞાન હોય છે, પરંતુ અરિહંતો માતાના ગર્ભમાં અવતરે ત્યારથી મતિ, શ્રુતિ અને અવધિ એ ત્રણ જ્ઞાનવાળા હોય છે.× તેથી એટલું જાણી શકે છે કે હું અમુક દેવલોકમાંથી ચ્યવીને અહીં આવ્યો છું.

---

+ જૈન શાસ્ત્રો જ્ઞાનના પાંચ પ્રકારો માને છે :

(૧) મતિ (૨) શ્રુત (૩) અવધિ, (૪) મનઃપર્યવ અને (૫) કેવલ. તેમાં ઈન્દ્રિય અને મનના વ્યાપારને લીધે જે જ્ઞાન થાય તેને મતિ કહે છે, ઈન્દ્રિય અને મનના વ્યાપારને લીધે જે શાસ્ત્રાનુસારી

અરિહંતો ગર્ભમાં આવે છે, ત્યારે માતાને હાથી, વૃષભ, સિંહ, લક્ષ્મીદેવી, પુષ્પમાળા, ચંદ્ર, સૂર્ય, ધજા, પૂર્ણ કલશ, પદ્મસરોવર, ક્ષીરસમુદ્ર, વિમાન (જો નરકમાંથી ચ્યવીને આવેલ હોય તો અસુરપતિના ભવન), રત્નરાશિ અને નિર્ધૂમ અગ્નિ દર્શાવતાં ચૌદ સ્વપ્નો આવે છે, જે પવિત્ર, પરાક્રમી અને પરોપકારી પુત્રરત્નની આગાહી કરે છે.

અરિહંતો દેવલોકમાંથી ચ્યવીને મનુષ્યલોકમાં અવતરે તે ઘટનાને **ચ્યવનકલ્યાણક** કહેવાય છે. તેમનો જન્મ થાય તે ઘટનાને **જન્મકલ્યાણક** કહેવાય છે. તેઓ સંસારનો ત્યાગ કરીને સંયમ દીક્ષા ધારણ કરે તે ઘટનાને **દીક્ષા–કલ્યાણક** કહેવાય છે. તેઓ ચારિત્ર કે ધ્યાનના બળે કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરે છે તે ઘટનાને **કેવલજ્ઞાન–કલ્યાણક** કહેવાય છે. અને તેઓ દેહનો ત્યાગ કરીને નિર્વાણપદને પામે તે ઘટનાને **નિર્વાણ–કલ્યાણક** કહેવાય છે. અરિહંતોના જીવનની આ પાંચ ઘટનાઓને કલ્યાણક કહેવાનું નિમિત્ત થાય છે.

ગર્ભસ્થિતિ પૂર્ણ થયે અરિહંતનો જન્મ થાય છે, ત્યારે સમસ્ત વાતાવરણમાં એક પ્રકારનો આનંદ પ્રસરી જાય છે. દિશાઓ નિર્મળ બને છે, વિદ્યુત્‌ના પ્રકાશ જેવો ઉદ્દ્યોત સર્વત્ર જોવામાં આવે છે, પવન મંદ મંદ વહીને પૃથ્વી પરની રજ દૂર કરે છે, અને મેઘો તેના તેના પર સુગંધી જળની વૃષ્ટિ કરે છે. તે વખતે નારકીઓને પણ સુખ પ્રાપ્ત થાય છે, તો તિર્યંચ, મનુષ્ય અને દેવોનું તો કહેવું જ શું? તાત્પર્ય કે તે સમયે બધાને અપૂર્વ સુખનો અનુભવ થાય છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે અરિહંતનો જન્મ થયેલો જાણીને દિશા અને વિદિશાઓમાંથી છપ્પન દિક્કુમારિકાઓ તેમની માતા આગળ આવે છે અને મંગલ મહોત્સવપૂર્વક સૂતિકાકર્મ કરે છે. પછી દેવો તેમને મેરુ પર્વત ઉપર લઈ જાય છે અને પોતાના કલ્પ (આચાર) અનુસાર તેમનો સ્નાત્ર મહોત્સવ કરે છે. આ મહોત્સવ ઘણો જ ભવ્ય હોય છે અને તેમાં વિવિધ તીર્થોમાંથી લાવેલા જલ વડે ભાવી તીર્થંકરને સ્નાન કરાવવામાં આવે છે. પછી દેવો તેમને માતા આગળ પાછા મૂકી જાય છે અને નંદીશ્વરદ્વીપે જઈ અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે.

---

જ્ઞાન થાય તે શ્રુત કહે છે. ઇન્દ્રિય અને મનની સહાય વિના આત્માને રૂપી દ્રવ્યોનું મર્યાદિત સીધું જ્ઞાન થાય તેને અવધિ કહે છે. મનના પર્યાયોનું જ્ઞાન થાય તેને મનઃપર્યય અથવા મનઃપર્યવ કહે છે. જે જ્ઞાન પરિપૂર્ણ, અસાધારણ ને અનંત હોય તેને કેવળ કહે છે. કેવલજ્ઞાનથી આત્મા સર્વ પદાર્થોના સર્વ ભાવ જાણી શકે છે.

આધુનિક વિજ્ઞાને સ્વીકારેલા 'ક્લેર વોયન્સ અને 'ઇન્ટયુશનલ નોલેજ' અવધિજ્ઞાનની સાબિતી આપે છે. 'ટેલીપથી' મનઃપર્યય જ્ઞાનનું પ્રમાણ પુરું પાડે છે. અને 'સાઇકોમેટ્રી'એ એ વાત સિદ્ધ કરી આપી છે કે ધ્યાનબળથી જગત્‌ની જડ કે ચૈતન્ય વસ્તુનો હજારો–લાખો વર્ષનો ઇતિહાસ જાણી શકાય છે તથા તેના સ્વરૂપનું આબેહુબ વર્ણન કરી શકાય છે, એટલે કેવલજ્ઞાનનો સિદ્ધાંત યથાર્થ ઠરે છે.

તીર્થંકરોનો જન્મ થતાં માતાપિતાને અતિ હર્ષ થાય છે અને તેઓ પણ તેમનો ભવ્ય જન્મ મહોત્સવ ઉજવી નામાદિ સંસ્કારો કરે છે.

અરિહંતોના શરીરમાં કેટલીક વિશેષતાઓ હોય છે, તેની નોંધ શાસ્ત્રકારોએ કરેલી છે. તે પરથી શ્રી હેમચંદ્રાચાર્યે અભિધાન ચિંતામણિના દેવાધિદેવકાંડમાં કહ્યું છે કે–

(૧) તીર્થંકરોનું શરીર અદ્‌ભુત રૂપ અને સુગંધવાળું, નિરોગી અને પરસેવા તથા મેલથી રહિત હોય છે.

(૨) શ્વાસ કમળ જેવા સુગંધી હોય છે.

(૩) રુધિર અને માંસ ગાયના દૂધ જેવા સફેદ અને દુર્ગંધરહિત હોય છે,

(૪) ભોજન તથા મલ-મૂત્ર વિસર્જનની ક્રિયા ચર્મ-ચક્ષુવડે જોઇ શકાતી નથી.

આ ચાર શારીરિક વિશેષતાઓને સહજાતિશય* (જન્માતિશય) કહેવામાં આવે છે.

અરિહંતો ચરમ શરીર હોવાથી તેમનું શરીર વજ્ર–ઋષભ–નારાચ સંઘયણવાળું હોય છે.× એટલે તેઓ યોગ-સાધના વખતે ઘોર ઉપસર્ગો અને પરીષહો સહન કરી શકે છે. અરિહંતો (સમચતુરસ્ર સંસ્થાનવાળા હોય છે, તેમની છાતી પહોળી અને ભરાવદાર હોય અને તેના પર શ્રીવત્સનું ચિહ્ન હોય છે, તેમના હાથ હાથીની સૂંઢ જેવા લાંબા અને ઢીંચણ સુધી પહોંચે તેવા હોય છે, તેમજ તેઓ અનેક શુભ લક્ષણોથી યુક્ત અને દેખાવમાં શાંત તથા મનોહર હોય છે.

અરિહંતોના બોલ કાનને સુખકારક અને મનને આનંદ આપનારા હોય છે તથા શ્રેષ્ઠ દુંદુભિના નાદ કરતાં પણ વધારે મધુર હોય છે. વળી તે શુભ અને મંગલમય હોવાથી સાંભળનારનું અત્યંત કલ્યાણ કરે છે. તેઓની ચાલ બહુ ઝડપી કે બહુમંદ નહિ પણ શ્રેષ્ઠ ગંધહસ્તિની જેમ મધ્યમગતિવાળી હોય છે. અને તેથી જોનારના દિલમાં આનંદની લાગણી ઉત્પન્ન કરે છે.

અરિહંતોનું શરીર અત્યંત બળવાળું હોય છે તેથી ગમે તેવો મજબુત અશ્વ, હાથી કે મનુષ્ય તેમનો સામનો કરી શકતો નથી.

---

* વિસ્તૃત વર્ણન માટે જુઓ પ્રસ્તુત સંપાદક વિરચિત ગ્રંથ 'દેવાધિદેવ ભગવાન મહાવીર'

+ સામાન્ય મનુષ્યોનું ચિત્ત ઘણું વિક્ષેપવાળું હોવાથી કોઈપણ વિષય પર બે ઘડી સુધી સ્થિર થઇ શકતું નથી, તેથી આવા મનુષ્યોને ધર્મધ્યાન કે શુકલધ્યાન સિદ્ધ થતું નથી. અને તેઓ મોક્ષની પ્રાપ્તિ કરી શકતા નથી, ત્યારે ઉત્તમ સંહનનવાળા આત્માઓનું ચિત્ત કોઈપણ વિષય પર બે ઘડી સુધી સ્થિર થઈ શકે છે એટલે તેઓ ધર્મધ્યાન અને શુકલધ્યાન સિદ્ધ કરી શકે છે અને તેના બળે સિદ્ધિ–પદના સોપન પર પદાર્પણ કરી શકે છે. આ ઘટનામાંથી એવો સિદ્ધાંત ફલિત થાય છે કે જેઓ ચરમ શરીરી હોય તેનું સંઘયણ (શરીરનો બાંધો) ઉત્તમ એટલે વજ્ર-ઋષભ–નારાચ હોવું જોઈએ.

અરિહંતો બાલ્યાવસ્થામાં માતાનું સ્તનપાન ન કરતાં અંગૂઠામાંનું અમૃત ચૂસે છે, પછી કંઇક મોટા થતાં ફળ કે રાંધેલા અન્નનું ભોજન કરે છે, અને એ રીતે તેમના શરીરનું સંવર્ધન થાય છે.

## દીક્ષા પૂર્વેનું જીવન

અરિહંતો કુમાર અવસ્થામાં આવે છે, ત્યારે સમવયસ્ક મિત્રો સાથે અનેક પ્રકારની આનંદક્રીડા કરે છે અને તેમાં વીરતા, ધીરતા, ઔદાર્ય વગેરે ગુણોનો પરિચય આપે છે. પછી યુવાન થતાં ભોગ્ય કર્મનો ઉદય હોય તો વિવાહિત થાય છે અને નિરાસક્તપણે સંસારનાં સુખો ભોગવતાં રાજકુમારને યોગ્ય સઘળાં કર્તવ્યોનું પાલન કરે છે. ત્યારબાદ રાજ્યપદની પ્રાપ્તિ થાય તો પ્રજાનું કલ્યાણ થાય એ રીતે વર્તે છે અને સંયોગો પ્રમાણે યુદ્ધો ખેડીને રાજ્યનો વિસ્તાર પણ કરે છે.+

અરિહંતો સ્વયંજ્ઞાની હોવાથી અને જગદ્‌ગુરુ થવાને સર્જાયેલા હોવાથી પ્રચલિત શિક્ષાની અપેક્ષા રાખતા નથી.

સમય જતાં અરિહંતોને સંસારના સર્વ સુખો અસાર જણાય છે અને મોક્ષની તાલાવેલી લાગે છે. તે જ વખતે પાંચમા દેવલોકને અંતે વસનારા સારસ્વતાદિ નવ લોકાંતિક દેવો તેમની સમીપે આવીને વિનયપૂર્વક કહે છે : 'હે ભગવંત ! સર્વજીવોનું હિત કરનારું તીર્થ પ્રવર્તાવો.' આ શબ્દોનું નિમિત્ત પામીને અરિહંતો સંસાર છોડવાની તૈયારી કરે છે અને બાર માસ સુધી કરોડો સુવર્ણ મહોરોનું દાન દે છે. પછી નિયત દિવસે ઉપવાસાદિ તપશ્ચર્યા કરીને દેવોએ આણેલી શિબિકામાં બેસી નગર બહાર ઉદ્યાનમાં જાય છે અને અશોકવૃક્ષ નીચે ઉભા રહી સર્વવસ્ત્ર, માલ્ય અને અલંકારોનો ત્યાગ કરે છે. તે જ વખતે ઈન્દ્ર તેમના ખભા પર દેવદુષ્ય નામનું વસ્ત્ર નાખે છે. પછી અરિહંત પાંચ મૂઠી ભરીને પોતાના મસ્તક પર રહેલા સર્વકેશોનો લોચ કરે છે અને સૌધર્માધિપતિ તેને પોતાનાં વસ્ત્રમાં ગ્રહણ કરે છે. આટલો વિધિ થયા બાદ અરિહંત ભગવંત 'नमो सिद्धाणं' બોલીને સર્વ પાપ–વ્યાપારોનું નવકોટિ પ્રત્યાખ્યાન કરી સમતા યોગની સાધના સ્વીકારે છે અને ત્યાંથી અન્યત્ર વિહાર કરી જાય છે. આ પ્રતિજ્ઞાને શાસ્ત્રીય પરિભાષામાં સર્વ–વિરતિ સામાયિક કહેવામાં આવે છે.

---

+ ચોવીશ તીર્થંકરોમાંના શ્રીવાસુપૂજ્ય, શ્રી મલ્લિનાથ, શ્રી અરિષ્ટનેમી શ્રી પાર્શ્વનાથ શ્રી મહાવીરે રાજ્યપદ ગ્રહણ કર્યું ન હતું. બાકીના તીર્થંકરોએ રાજ્યપદ ગ્રહણ કર્યું હતું અને તેમાંના શ્રી શાંતિનાથ શ્રી કુંથુનાથ અને શ્રી અરનાથ તો છ ખંડ જીતીને ચક્રવર્તી પણ થયા હતા.

(૧) પાપ મનથી કરવું નહીં, (૨) પાપ મનથી કરાવવું નહિ. (૩) પાપ મનથી અનુમોદવું નહિ, (૪) પાપ વચનથી કરવું નહિ. (૫) પાપ વચનથી કરાવવું નહિ, (૬) પાપ વચનથી અનુમોદવું નહિ (૭) પાપ કાયાથી કરવું નહિ. (૮) પાપ કાયાથી કરાવવું નહિ (૯) પાપ કાયાથી અનુમોદવું નહિ

## સાધના

સર્વ-વિરતિ સામાયિકથી નવા કર્મ આવતાં અટકે છે પણ જે કર્મો આત્માને લાગેલાં છે અને જેને લીધે આત્માની શક્તિઓ પૂર્ણરૂપે પ્રકટ થઈ નથી, તેને ખેરવવા માટે તપશ્ચર્યાની જરૂર પડે છે, એટલે અરિહંતો બાહ્ય અને આભ્યન્તર તપશ્ચર્યાનો આશ્રય લે છે. તેઓ પરીષહોને સહન કરે છે અને એક આસને લાંબો વખત ધ્યાનસ્થ રહે છે. વળી ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયોને ક્રમશઃ ક્ષીણ કરતા જાય છે અને છેવટે શુકલ ધ્યાનના બીજા પાયા× પર આરૂઢ થાય છે. ત્યાં પહેલો દર્શન-મોહનીય અને ચારિત્ર-મોહનીય કર્મનો ક્ષય કરે છે, તેથી તેમને અનંત (યથાખ્યાત) ચારિત્રની પ્રાપ્તિ થાય છે. પછી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણ કર્મનો શીઘ્ર ક્ષય કરે છે, તેથી અનંતજ્ઞાન (કેવલજ્ઞાન), અનંત દર્શન (કેવલદર્શન) અને અનંત વીર્યની પ્રાપ્તિ થાય છે.

આ રીતે અનંત ચતુષ્ટયના સ્વામી બન્યા પછી કેટલીક એવી ઘટનાઓ બને છે કે જેને આપણે ચમત્કાર કહી શકીએ. શાસ્ત્રકારોએ તેને કર્મક્ષયથી ઉત્પન્ન થતા અગિયાર* અતિશયો કહ્યા છે તે આ પ્રમાણે :

(૧) દેશના સમયે યોજન પ્રમાણભૂમિમાં અસંખ્ય દેવો, મનુષ્યો તથા તિર્યંચો સમાઈ જાય છે.

(૨) તેમની વાણી એક યોજન સુધી સંભળાય છે અને તે બધા પોતપોતાની ભાષામાં સમજી જાય છે.

(૩) તેમના મસ્તક પાછળ ભામંડળ જોવામાં આવે છે તે અરિહંતના શરીરમાંથી નીકળતાં અદ્ભૂત પ્રકાશનું સંવરણ કરે છે, અન્યથા મનુષ્યો તેમના શરીર સામું જોઈ શકે નહિ.

(૪-૧૧) તેમના પગલાં થાય ત્યાંથી સવાસો યોજન જેટલા વિસ્તારમાં જ્વરાદિ રોગો થતાં નથી.

(૫) અરસપરસના વૈર શાંત થઈ જાય છે.

(૬) ઇતિ એટલે ધાન્ય વગેરેને હાનિ કરનાર ઉંદરો તીડો વગેરેનો સમૂહ ન હોય.

(૭) મારી સામૂહિક મરણો થતાં નથી.

(૮) અતિવૃષ્ટિ અને અવૃષ્ટિ બંનેનો અભાવ થાય છે.

(૯) દુર્ભિક્ષ એટલે ભિક્ષાનો અભાવ અટકી જાય છે અને સાધુ-સંત વગેરેને જોઈતી ભિક્ષા પૂરતા પ્રમાણમાં મળી રહે છે.

---

× શુકલ ધ્યાનના ચાર પાયા ગણાય છે, તે આ પ્રમાણે (૧) પૃથક્ત્વ-વિતર્ક સવિચાર (૨) (૨) એકત્વ-વિતર્ક-નિર્વિચાર (૩) સૂક્ષ્મક્રિયાઽપ્રતિપાતિ અને (૪) વ્યુપરત ક્રિયાઽનિવૃત્તિ.

* વિસ્તૃત વર્ણન માટે જુઓ પ્રસ્તુત સંપાદક વિરચિત ગ્રંથ: 'દેવાધિદેવ ભગવાન મહાવીર.'

(૧૦) પરચક્રભય એટલે શત્રુ સૈન્યની ચડાઈ વગેરે થતી નથી અને,

(૧૧) સ્વચક્રભય એટલે પોતાના સૈન્યમાં બળવો ફાટી નીકળવો વગેરે ભયજનક ઘટનાઓ બનતી નથી.

શાસ્ત્રકારો જણાવે છે કે અરિહંતને કૈવલજ્ઞાન ઉત્પન્ન થયું છે, એ જાણતાં જ ઇન્દ્રાદિ દેવોને અત્યંત આનંદ થાય છે અને તેઓ પોતપોતાના પરિવાર સહિત વિમાન વગેરે દિવ્ય વાહનોમાં નીચે ઉતરી આવી અપૂર્વ ગીતો ગાય છે, અદ્ભૂત નૃત્ય કરે છે. પછી તેઓ અરિહંતને વંદે છે, સ્તવે છે, પૂજે છે અને ત્રણ પ્રદક્ષિણા દઇ વંદન કરી પોતાની અપૂર્વ ભક્તિ પ્રદર્શીત કરે છે અને અરિહંત ભગવંત સર્વેને ધર્મની દેશના દઇ શકે તે માટે સમવસરણની રચના કરે છે.

એ વખતે દેવતાઓ ૧૯ અતિશયો કરે છે. તે આ રીતે :—

(૧) પ્રથમ વાયુકુમાર જાતિના ભવનપતિ દેવો એક યોજન પ્રમાણે ભૂમિને સંવર્તક વાયુ વડે સાફ કરે છે.

(૨) પછી મેઘકુમાર નામના ભવનપતિ દેવો ધૂળ સમાવવા માટે ગંધોદકની વૃષ્ટિ કરે છે.

(૩) પછી વ્યંતરદેવો તે પર પંચરંગી પુષ્પોની વૃષ્ટિ કરે છે અને વનસ્પતિકાયને બાધા ન થાય તેવી રીતે રત્ન-શીલા વડે પૃથ્વી-પીઠ બાંધે છે.

(૪) તેના પર ભવનપતિ દેવો રજત-પ્રાકાર એટલે રૂપાનો ગઢ રચે છે. તે કોટની અંદર જ્યોતિષી દેવો સુવર્ણમય-પ્રાકાર એટલે સોનાનો ગઢ રચે છે, અને તે કોટની અંદર વૈમાનિક દેવો રત્નમયપ્રાકાર એટલે રત્નનો ગઢ રચે છે.

(૫) આ ત્રણ ગઢોની અંદર મધ્ય ભાગમાં વ્યંતરદેવો રત્ન જડિત પીઠ રચે છે, તેના પર કંઇક ઊંચી એક બેઠક બનાવે છે અને તેના પર અશોક વૃક્ષ (ચૈત્ય-વૃક્ષ)ની રચના કરે છે.

(૬) તેની નીચે સ્ફટિક રત્નનું સિંહાસન રચે છે.

(૭-૮) તેના પર ત્રણ છત્રો અને ચામર વગેરે રચે છે.

(૯) અરિહંત ભગવંત ચાલે છે, ત્યારે પગ મૂકવા માટે દેવો, નવ સુવર્ણ-કમળની રચના કરે છે.

(૧૦) આ કમળો પર પગ મૂકતાં અરિહંત ભગવંત સમવસરણના પૂર્વ દ્વારે આવે છે અને ત્યાંથી પ્રવેશ કરી ચૈત્ય વૃક્ષને× પ્રદક્ષિણા દઈ 'नमो तित्थस्स' એમ બોલી

+ વિસ્તૃત વર્ણન માટે જુઓ પ્રસ્તુત સંપાદક વિરચિત ગ્રંથ : 'દેવાધિદેવ ભગવાન મહાવીર'

× ચૈત્યવૃક્ષનું રહસ્ય જાણવા જુઓ પ્રસ્તુત સંપાદક વિરચિત 'દેવાધિદેવ ભગવાન મહાવીર'

પૂર્વાભિમુખ બેસે છે. અરિહંત ભગવંતનું મુખ બધા જોઇ શકે તે માટે દેવો ઉત્તર, પશ્ચિમ અને દક્ષિણ દિશામાં તેમની ત્રણ પ્રતિકૃતિઓ સ્થાપે છે.

(૧૧) અરિહંત ભગવંત જ્યારે વિહાર કરે છે, ત્યારે દેવો આકાશમાં સૂર્યમંડળના જેવું તેજસ્વી ધર્મચક્રને આગળ ચલાવે છે.

(૧૨) તેની સાથે અત્યંત ઊંચો ધર્મ–ધ્વજ રાખે છે.

(૧૩) વળી દેવ–શક્તિથી વાયુ અનુકૂળ વાય છે.

(૧૪) પક્ષિઓ પ્રદક્ષિણાવાળી ગતિમાં ઉડતાં હોય છે.

(૧૫) માર્ગમાં રહેલા કંટકો અધોમુખ થાય છે.

(૧૬) વૃક્ષો નમ્ર થાય છે અને પુષ્પો વડે અરિહંત ભગવંતને વધાવે છે.

(૧૭) સર્વ ઋતુઓ અનુકૂળ થાય છે.

(૧૮) અરિહંત ભગવંતના નખ તથા કેશ વૃદ્ધિ પામતા નથી.

(૧૯) અને ચારે નિકાયના મળી ઓછામાં ઓછા એક કોટિ દેવ સાથે રહે છે.

ચાર જન્માતિશયો, અગિયાર કર્મક્ષયજ અતિશયો અને ઓગણીશ દેવતાકૃત અતિશયો મળી અરિહંત ભગવંતના કુલ ચોત્રીશ અતિશયો ગણાય છે.

અરિહંતો માલવકૌશિક (માલકોશ) આદિ રાગમાં દેશના દે છે. તે વખતે દેવો તેમાં દિવ્ય–ધ્વનિ પૂરે છે એટલે તે અત્યંત કર્ણ મધુર લાગે છે. તેઓ થોડા શબ્દોમાં ઘણું કહે છે, લોક-ભાષાનો જ ઉપયોગ કરે છે અને દાન, શીલ, તપ તથા ભાવમય ધર્મનું અનેકાન્ત દૃષ્ટિએ પ્રતિપાદન કરે છે. તેમના સમવસરણમાં યંત્રણા (પીડા) વિકથા, પરસ્પર મત્સર કે ભય હોતો નથી. તેથી સર્વ પ્રકારના દેવો, મનુષ્યો અને તિર્યંચો તેમની દેશના સાંભળવાને આવે છે અને તેમની યોજન–ગામિની મધુર વાણી સાંભળી સર્વ–વિરતિ, દેશ–વિરતિ કે સમ્યક્ત્વ–સામાયિક પામે છે. અરિહંતોની દેશના કદી પણ નિષ્ફળ જતી નથી. પ્રભુ મહાવીરની પ્રથમ દેશના નિષ્ફળ ગઈ એ એક અચ્છેરું એટલે આશ્ચર્યજનક ઘટના ગણાય છે.

અપૂર્વ દેશના શક્તિને લીધે અરિહંતો લાખો–ક્રોડો જીવોના હૃદયમાં પવિત્ર જીવન જીવવાની ભાવના પ્રકટાવે છે. અને તેમનો એક સંઘ રચી તીર્થનું પ્રવર્તન કરે છે. આ સંઘમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એવા ચાર અંગો હોય છે, એટલે તે ચતુર્વિધ સંઘ કહેવાય છે.

અરિહંતની ગેરહાજરીમાં આ સંઘ તેમણે ઉપદેશેલા ધર્મનો પ્રચાર ચાલુ રાખે છે અને તેના લીધે ભાવિ જગત્ પોતાનું કલ્યાણ સાધવાનો માર્ગ પામી શકે છે.

આયુઃ સ્થિતિ પૂર્ણ થયે અરિહંતો પર્યંકાસન આદિ મુદ્રાએ શુક્લધ્યાનની ત્રીજી

અને ચોથી અવસ્થા પ્રાપ્ત કરે છે, અને અવશિષ્ટ કર્મો ખપાવી નિર્વાણ પદની પ્રાપ્તિ કરે છે.

અરિહંતના દેહને ઈન્દ્ર દિવ્ય-જળથી નવરાવે છે, તેના પર ગોશીર્ષ ચંદનનો લેપ કરે છે અને દિવ્ય વસ્ત્રાભૂષણોથી શણગારી ગોશીર્ષ ચંદનના કાષ્ઠની ચિતા પર મૂકે છે. પછી અગ્નિકુમાર દેવો ચિતામાં અગ્નિ પ્રકટાવે છે, વાયુકુમાર દેવો વાયુ વડે તેને પ્રજવલિત કરે છે અને અન્ય દેવો તેમાં કેસર, કસ્તુરી, ઘૃત વગેરે પદાર્થો નાખે છે. આ ચિતામાં અરિહંતના દેહની સર્વ ધાતુઓ બળી જાય છે, પરંતુ અસ્થિ બાકી રહે છે. તેમાંથી જમણી અને ડાબી ડાઢ શક્ર તથા ઈશાનેન્દ્ર ગ્રહણ કરે છે. નીચેની બંને ડાઢો ચમર અને બલિ ઈન્દ્ર ગ્રહણ કરે છે, બાકીના દાંત બીજા ઈન્દ્રો ગ્રહણ કરે છે અને શેષ અસ્થિને દેવતાઓ અતિ આદરથી લઈ લે છે. પછી નિર્વાણના સ્થાને મણિમય સ્તૂપની રચના કરે છે અને ત્યાંથી નંદીશ્વરદ્વીપે જઈ અષ્ટાહ્નિકા મહોત્સવ કરી પોતાના સ્થાને જાય છે.

આ વખતે વિશ્વના મનુષ્યોની સ્થિતિ બહુ વિષાદમય થઈ પડે છે. તેમને માર્ગ દર્શાવનાર, તેમના મનના સંશયો ભાંગનાર, તેમને નવી આશા અને નવું જીવન આપનારનો વિયોગ તેમનાથી સહન થતો નથી, છેવટે ગમેતેમ કરીને તેઓ પોતાના મનને સમજાવે છે, અને તેમને પુનઃ પુનઃ વંદન કરીને કૃતાર્થ થાય છે.

અરિહંત ભગવંતની ખાસ વિશેષતા જણાવવા માટે શાસ્ત્રકારોએ અષ્ટ-પ્રાતિહાર્ય અને ચાર મૂલાતિશય એમ બાર ગુણોની * જે પ્રરૂપણા કરી છે, તેનાથી પણ પાઠકોએ પરિચિત થવું જરૂરી છે.

શાસ્ત્રકારો કહે છે કે ઈન્દ્ર વડે નિયુક્ત કરાયેલા છડીદાર જેવા દેવો તે પ્રતિહાર અને તેમણે ભક્તિવશાત્ કરેલાં જે કાર્યો તે પ્રાતિહાર્ય. તાત્પર્ય કે અરિહંત ભગવંતની ભક્તિ નિમિત્તે દેવો દ્વારા જે વિશિષ્ટ ઉપચાર થાય છે, તેને પ્રાતિહાર્ય કહેવાય છે.

પ્રાતિહાર્યની સંખ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ ચેઈઅવંદણ મહાભાસમાં મળે છે :

**अट्ठविहपाडिहेर अरिहंति तेण अरहंता** (गाथा-२७७)

આઠ પ્રાતિહાર્યોની પૂજાને યોગ્ય હોવાથી તે અરિહંતો કહેવાય છે અને તેમાં તેનાં નામો પણ જણાવેલાં છે, તે આ પ્રમાણે :

**असोगरुक्खो सुरपुप्फवुट्ठी,**
**दिव्वोज्झुणी चामरमासणंच ।**
**भामंडलं दुंदुहि याऽऽयवत्तं,**
**सुपाडिहेराणि जिणाणमेव ॥**

× આ બારગુણોના વિસ્તૃત વર્ણન માટે જુઓ 'દેવાધિદેવ ભગવાન મહાવીર.'

(૧) અશોકવૃક્ષ (૨) સુરપુષ્પવૃષ્ટિ, (૩) દિવ્યધ્વનિ, (૪) ચામર, (૫) આસન, (૬) ભામંડલ (૭) દુંદુભિ (૮) છત્ર એ સુપ્રાતિહાર્યો જિનોને જ હોય છે. આવાં જ નામો દર્શન--શુદ્ધિનાં નીચેના શ્લોકમાં આવે છે.

अशोकवृक्षः सुरपुष्पवृष्टिः,
दिव्यध्वनिश्चामरमासनं च
भामण्डलं दुन्दुभिरातपत्रं,
सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥

પ્રવચન સારોદ્ધારની નિમ્ન ગાથા અષ્ટ પ્રાતિહાર્યના આ નામોનું સંપૂર્ણ અનુમોદન કરે છે :

कंकिल्लि कुसुमवुट्ठी देवज्झुणी चामराऽऽसणाइं च ।
भावलय भेरी छत्तं जयंति जिणपाडिहेराइं ॥ ४४० ॥

(૧) કંકિલી–અશોકવૃક્ષ, (૨) કુસુમવૃષ્ટિ, (૩) દિવ્યધ્વનિ (૪) ચામર, (૫) આસન, (૬) ભામંડલ, (૭) દુંદુભિ અને (૮) છત્ર એ આઠ પ્રાતિહાર્યો જય પામે છે.

અહીં એટલું જણાવવું ઉચિત લેખાશે કે દિગમ્બર સંપ્રદાય પણ આ પ્રકારના પ્રાતિહાર્યનો સ્વીકાર કરે છે અને તેની સંખ્યા આઠની જ માને છે.

અરિહંત ભગવંતના **શરીર માન** કરતાં બાર ગણું ઊંચું, સુંદર આકૃતિવાળું, વિશાલ ઘટાયુક્ત, રક્ત વર્ણનાં પર્ણો તથા વિવિધરંગી પુષ્પેથી સુશોભિત જે અશોકવૃક્ષ દેવતાઓ રચે છે, તેને **અશોકવૃક્ષ** પ્રાતિહાર્ય કહેવામાં આવે છે.

સમવસરણની **ભૂમિમાં દેવતાઓ** પંચરંગી પુષ્પોની વૃષ્ટિ કરે છે, તેને **સુરપુષ્પ-વૃષ્ટિ** પ્રાતિહાર્ય કહેવામાં આવે છે.

અરિહંત ભગવંતની દેશના માલકોશ વગેરે રાગોના સ્વરને અનુસરતી હોય છે, તેમાં દેવતાઓ વેણુ–વીણા આદિ દિવ્ય–વાજીંત્રોના સૂરની જે મિલાવટ કરે છે, તેને **દિવ્ય ધ્વનિ** પ્રાતિહાર્ય કહેવામાં આવે છે.

અરિહંત ભગવંત દેશના દે છે, તે વખતે તેમની બંને બાજુ દેવતાઓ શ્વેત ચામર વીંજે છે, તેને **ચામર** પ્રાતિહાર્ય કહેવામાં આવે છે.

અરિહંત ભગવંતને બેસવા માટે પાદપીઠ સહિત સિંહની આકૃતિનું સ્ફટિકમય જે આસન બનાવે છે. તેને **સિંહાસન** પ્રાતિહાર્ય કહેવામાં આવે છે.

અરિહંત ભગવંતના **શરીરમાંથી** નીકળી રહેલી દિવ્યપ્રભાનું સંવરણ કરવા માટે તેમના મસ્તકની પાછળ જે રચના કરવામાં આવે છે, તેને **ભામંડલ** પ્રતિહાર્ય કહેવામાં આવે છે.

અરિહંત ભગવંતની સ્થિરતા હોય કે તેઓ વિહારમાં હોય ત્યારે આકાશમાં દેવો અદૃશ્ય રીતે દુંદુભિ નાના વાદ્યો વગાડ્યા કરે છે, તેને **દુંદુભિ** પ્રતિહાર્ય કહેવામાં આવે છે.

અને અરિહંત ભગવંત દેશના દે છે, તે વખતે તેમનાં મસ્તક પર મોતીઓની માળાઓથી યુક્ત, કુંદ પુષ્પની માળાથી શણગારેલા અને સ્ફટિક રત્નમય ત્રણ છત્રો વિકુર્વે છે, તેને **છત્ર** નામનું આઠમું પ્રાતિહાર્ય માનવામાં આવે છે.

જિનમુર્તિના પરિકરમાં આઠે પ્રાતિહાર્યનો કલામય ઉપયોગ થાય છે અને સમવસરણસ્થિત અરિહંત ભગવંતનું ધ્યાન ધરતાં તેનું આલંબન અવશ્ય લેવું પડે છે, આ પરથી પાઠકોને અષ્ટ–પ્રતિહાર્યની મહત્તાનો ખ્યાલ જરૂર આવી જશે.

શાસ્ત્રકારો શિષ્ય કે શ્રોતાઓને વિશદ જ્ઞાન આપવા માટે સંક્ષિપ્ત વસ્તુનો વિસ્તાર કરે છે અને વિસ્તૃત વસ્તુનો સંક્ષેપ કરે છે. તે રીતે તેમણે ચોત્રીશ અતિશયોનો સંક્ષેપ ચાર અતિશયોમાં કર્યો છે. તેનાં નામો અનુક્રમે જ્ઞાનાતિશય, પૂજાતિશય, વચનાતિશય અને અપાયાપગમાતિશય છે.

વાસ્તવિક અર્હત્પણાની શરૂઆત કેવલજ્ઞાન પ્રકટવાથી થાય છે, એટલે પ્રથમ વિધાન જ્ઞાનાતિશયનું કરવામાં આવ્યું છે. જ્ઞાન પ્રકટ થતાં દેવ–દાનવો વગેરે તેમની વિશિષ્ટ પ્રકારે પૂજા કરે છે, માટે બીજું વિધાન પૂજાતિશયનું કરવામાં આવ્યું છે. એ પ્રકારે પૂજા થયા પછી અરિહંત ભગવંત અદ્‌ભૂત વાણી વડે ધર્મની દેશના દે છે. એટલે ત્રીજું વિધાન વચનાતિશયનું કરવામાં આવ્યું છે અને અરિહંત ભગવંત સ્થિર હોય કે વિચરતા હોય ત્યાં ત્યાંથી સર્વ અપાયોનો અપગમ થાય છે એટલે ચોથું વિધાન અપાયાગમાતિશયનું કરવામાં આવ્યું છે. ×

અરિહંત ભગવંતો તપશ્ચર્યાનાં બળે જ્ઞાનનું આવરણ કરનારા સર્વ કર્મોનો ક્ષય કરી કેવળ–જ્ઞાનની પ્રાપ્તિ કરે છે, તેને **જ્ઞાનાતિશય** કહેવામાં આવે છે. આ જ્ઞાનને લીધે તેઓ લોકાલોકના સર્વ ભાવો જાણી શકે છે. જ્ઞાનાતિશયના પ્રભાવથી ભગવંતના અસ્તિત્વ માત્રથી અનેક જીવોના સંશયો એકી સાથે સમકાળે દૂર થઈ જાય છે.

અરિહંત ભગવંતને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતાં જ દેવેંદ્રો વગરે અષ્ટમહાપ્રાતિહાર્યાદિની રચના વડે ભગવંતની મહાન ભક્તિ કરે છે તેને **પૂજાતિશય** કહેવામાં આવે છે.

અરિહંત ભગવંત કેળવજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી જ દેશના દે છે. તે વખતે તેમની વાણીમાં નીચેના ૩૫ ગુણો હોય છે, એ વચનાતિશય છે :

---

* કેટલાક ગ્રંથોમાં અપાયાપગમાતિશ પ્રેથમ કહેલ છે.

× આ ચાર મૂલાતિશયોના વિસ્તૃત વર્ણન માટે જુઓ પ્રસ્તુત સંપાદક વિરચિત ગ્રંથ 'દેવાધિદેવ ભગવાન મહાવીર.'

(૧) संस्कारवत्त्व–વ્યાકરણના નિયમોથી યુક્ત હોય છે.

(૨) औदात्त्य–ઉચ્ચ સ્વરે બોલાતી હોય છે.

(૩) उपचार–परीतता–ગ્રામ્યપ્રયોગથી રહિત હોય છે.

(૪) मेघगम्भीरघोषत्व–મેઘની જેમ ગંભીર શબ્દવાળી હોય છે.

(૫) प्रतिनादविधायिता–પડઘો પાડનારી હોય છે.

(૬) दक्षिणत्व–સરલતાવાળી હોય છે.

(૭) उपनीत–रागत्व–મલકોશ વગેરે રાગોના સ્વરવાળી હોય છે.

આ સાત અતિશયો શબ્દની અપેક્ષાએ હોય છે, બાકી અતિશયો અર્થની અપેક્ષાએ હોય છે, તે આ પ્રમાણે–

(૮) महार्थता–મહાન અર્થવાળી હોય છે.

(૯) अव्याहतत्व–પૂર્વાપર વાક્યના અને અર્થના વિરોધ વિનાની હોય છે.

(૧૦) शिष्टत्व–ઇષ્ટ સિદ્ધાંતના અર્થને કથન કરનારી તથા વાક્યની શિષ્ટતા સૂચવનારી હોય છે.

(૧૧) संशयासम्भव–સંદેહથી રહિત હોય છે.

(૧૨) निराकृतान्योत्तरत्व–બીજાનાં દૂષણોથી રહિત હોય છે.

(૧૩) हृदयङ्गमता–અંતઃકરણને પ્રસન્ન કરનારી હોય છે.

(૧૪) मिथःसाक्षाङ्क्षता–પદો અને વાક્યોની પરસ્પર સાપેક્ષતાવાળી હોય છે.

(૧૫) प्रस्तावौचित्य–દેશ અને કાલને અનુસરનારી હોય છે.

(૧૬) तत्त्वनिष्ठता–વસ્તુ સ્વરૂપને દર્શાવનારી હોય છે.

(૧૭) अप्रकीर्ण–प्रसृतत्व–વિષયાંતરથી રહિત અને નિરર્થક વિસ્તારના અભાવવાળી હોય છે.

(૧૮) अस्वश्लाघाऽन्यनिन्दता–પોતાની પ્રસંશા અને પરની નિંદાથી રહિત હોય છે.

(૧૯) आभिजात्य–વક્તાની મહાન કુલીનતાને સૂચવનારી અને પ્રતિપાદ્ય વિષયની ભૂમિકાને અનુસરનારી હોય છે.

(૨૦) अतिस्निग्ध–मधुरत्व–ઘીની જેમ સ્નિગ્ધ અને ગોળની જેમ મધુર હોય છે.

(૨૧) प्रशस्यता–પ્રસંશાને યોગ્ય હોય છે.

(૨૨) अमर्मवेधिता–બીજાનાં મર્મને ન ઉઘાડવાના સ્વરૂપવાળી હોય છે.

(૨૩) औदार्य–કથન કરવા યોગ્ય અર્થની ઉદારતાવાળી હોય છે.

(૨૪) धर्मार्थप्रतिबद्धता-ધર્મ અને અર્થથી યુક્ત હોય છે. પદાર્થો સાંભળતાં સાંભળતાં જીવોના હૃદયમાં ધર્મને વિકસાવનારી હોય છે.

(૨૫) कारकाद्यविपर्यास-કારક, કાળ, વચન, લિંગ, વિભક્તિ વગેરેના વિપર્યાસવાળા દોષોથી રહિત હોય છે.

(૨૬) विभ्रमादि-वियुक्तता-વિભ્રમ, વિક્ષેપ, વગેરે મનના દોષોથી રહિત હોય છે.

(૨૭) चित्रकृत्व-શ્રોતાઓના ચિત્તમાં અવિચ્છિન્નપણે આશ્ચર્ય ઉત્પન્ન કરનારી હોય છે.

(૨૮) अद्भुतत्व-અદ્ભૂત હોય છે.

(૨૯) अनतिविलम्बिता-અત્યન્ત વિલંબ રહિત હોય છે.

(૩૦) अनेकजातिवैचित्र्य-વસ્તુઓને વિવિધ રીતે વર્ણવનારી હોય છે.

(૩૧) आरोपित-विशेषता-બીજા વચનોની અપેક્ષાએ વિશેષતા સ્થાપન કરનારી હોય છે.

(૩૨) सत्त्वप्रधानता-સત્વપ્રધાન હોય છે.

(૩૩) वर्ण-पद-वाक्य-विविक्तता-વર્ણ, પદ, વાક્યના સ્પષ્ટ વિવેકવાળી હોય છે.

(૩૪) अव्युच्छित्ति-કહેવાને ઇચ્છેલા વિષયની સારી રીતે સિદ્ધિ થતાં સુધી ન અટકનારી હોય છે.

(૩૫) अखेदित्व-અનાયાસે ઉત્પન્ન થનારી હોય છે.

અરિહંત ભગવંતો કેવલજ્ઞાનની પ્રાપ્તિ થયા પછી જ્યાં જ્યાં વિચરે છે, ત્યાં ત્યાં સવાસો યોજન સુધી રોગ, વૈર, ઇતિ, મરણ, અતિવૃષ્ટિ, અવૃષ્ટિ, દુર્ભિક્ષ અને કરનારો સ્વરાષ્ટ્ર-પરરાષ્ટ્ર તરફથી ભય થતો નથી, તેને અપાયોનો-અનિષ્ટોનો અપગમ ( નાશ ) અતિશય અર્થાત્ અપાયાપગમાતિશય કહેવામાં આવે છે.

સારાંશ એ છે કે મહાન અનુભવી પુરુષોએ કહ્યું છે કે **'અરિહંતોનું નિરંતર મનન કરનાર આત્મા છેવટે અરિહંત બને છે.'**

# પ્રકરણ પાંચમું

## સિદ્ધ–પદ

સર્વ અરિહંતોએ કહ્યું છે કે કર્મવશાત્ અનાદિકાલથી સંસારમાં પરિભ્રમણ કરી રહેલો જીવ ધર્મ પુરુષાર્થના યોગે ગુણ શ્રેણીએ (ગુણસ્થાનકે) ચઢતો સર્વ કર્મનો નાશ કરીને સિદ્ધ પદને પામે છે.

સુજ્ઞ પાઠકો આ કથનમાંથી ત્રણ સિદ્ધાંતો તારવી શકશે.

(૧) આત્માને અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે, તેનું મૂળ કારણ કર્મનો સંયોગ કે કર્મનું બંધન છે.

(૨) આત્મા પુરુષાર્થના યોગે તે કર્મનો નાશ કરી શકે છે.

(૩) કર્મનો નાશ કરવા માટે ગુણશ્રેણિ કે ગુણસ્થાનનું આરોહણ આવશ્યક છે.

આ સિદ્ધાંતો અંગે એટલું સ્પષ્ટીકરણ કરવું આવશ્યક છે કે 'આત્મા પ્રથમ શુદ્ધ હતો ને પછી તેને કર્મનો બંધ થયો' એમ જૈન મહર્ષિઓનું માનવું નથી. તેઓ કહે છે કે 'જો શુદ્ધ આત્માને કર્મનો બંધ થતો હોય તો સિદ્ધપદને પામેલા જીવોને પણ કર્મનો બંધ થાય છે અને એ રીતે વાસ્તવિક મુક્તિ, મોક્ષ કે નિર્વાણ સંભવી શકે જ નહિ; એટલે સત્ય હકીકત એ છે કે, આત્મા માટીની ખાણમાં રહેલા સોનાની જેમ પ્રથમ અશુદ્ધ અવસ્થામાં હોય છે અને પછી ક્રમશઃ શુદ્ધ થતો થતો સિદ્ધિ–પદને પામે છે. આ રીતે સિદ્ધિ–પદ પામ્યા પછી તેને પુનઃ કર્મનો બંધ થતો નથી."

અહીં એ સ્પષ્ટીકરણ પણ આવશ્યક છે કે જૈન મહર્ષિઓ કારણ અને કાર્યના કાયદામાં પૂરી શ્રદ્ધા ધરાવે છે, તેથી એવું વિધાન કરે છે કે–'મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ કારણોને લીધે કર્મનો બંધ થાય છે અને જ્યારે એ કારણોનો અભાવ થાય છે, ત્યારે કર્મનો બંધ થતો નથી.' તાત્પર્ય કે આત્મા પ્રથમ કર્મબદ્ધ હોય છે ત્યારે આ કારણો વિદ્યમાન હોય છે અને પછી સિદ્ધ થાય છે ત્યારે આ કારણો વિદ્યમાન હોતાં નથી.

મોક્ષ–માર્ગનું નિરૂપણ કરવા માટે જૈન મહર્ષિઓએ છ સ્થાનનું નિરૂપણ કર્યું છે,તે પાઠકોએ અવશ્ય જાણવા જેવું છે. તેઓ કહે છે :

> अत्थि जीओ तह निच्चं, कत्ता भोत्ता य पुन्नपावाणं।
> अत्थि धुवं निव्वाणं तदुवाओ अत्थि छट्ठाणे ॥

(૧) જીવ છે.

(૨) તે નિત્ય છે

(૩-૪) તે પુણ્ય અને પાપનો અર્થાત્ શુભાશુભ કર્મનો કર્તા પણ છે અને ભોક્તા પણ છે.

(૫) તે કર્મનો સર્વાંશે નાશ કરીને મોક્ષ કે નિર્વાણ મેળવી શકે છે. એટલે નિર્વાણ અવશ્ય છે.

(૬) અને તેનો ઉપાય વિદ્યમાન છે.

આ છ સ્થાનમાંથી એક પણ સ્થાનનો સ્વીકાર કરવામાં ન આવે તો મોક્ષ માટેનો પુરુષાર્થ સંભવી શકતો નથી. થોડી સ્પષ્ટતાથી આ વિધાનનું રહસ્ય બરાબર સમજાઈ જશે.

જો જીવ કે આત્મા જેવી કોઈ વસ્તુનું અસ્તિત્વ જ ન હોય તો મુક્તિ કોને થાય? મોક્ષ કોને મળે?

જો જીવ કે આત્મા ક્ષણિક હોય અથવા દેહ સાથે જ નાશ પામતો હોય તો પરલોક કે મુક્તિની ચિંતા શા માટે? એ પરિસ્થિતિમાં વર્તમાન જીવનમાં જે સુખ મળ્યું તે ભોગવી લેવું જ ઇષ્ટ ગણાય.

જો આત્મા કર્મનો કર્તા ન હોય તો તેને કર્મનું બંધન કેમ હોય? અને કર્મનું બંધન ન હોય તો તેમાંથી છૂટવાનું ક્યાં રહ્યું?

જો આત્મા કર્મનો કર્તા હોય પણ ભોક્તા ન હોય તો તેને પુણ્ય-પાપનો વિવેક કરવાની જરૂર શી!

જો આત્મા કર્મનો નાશ કરવાની શક્તિ ન ધરાવતો હોય તો તે મુક્ત કેમ થઈ શકે? અને આત્મા કર્મનો નાશ કરવાની શક્તિ ધરાવતો હોય પણ તે માટે કોઈ ઉપાય વિદ્યમાન ન હોય તો પુરુષાર્થ કરવાનો અર્થ શું?

તાત્પર્ય કે જીવ છે, તે નિત્ય છે, કર્મનો કર્તા છે, કર્મનો ભોક્તા છે, કર્મનો નાશ કરવાની શક્તિ ધરાવે છે અને તે માટેનો ઉપાય વિદ્યમાન છે, એમ માનવાથી જ કોઈપણ આત્માને મુક્તિ, મોક્ષ, નિર્વાણ, પરમપદ કે સિદ્ધ-પદની સાધના માટે પુરુષાર્થ કરવાનો ઉત્સાહ જાગે છે અને ઉત્તરોત્તર ગુણસ્થાનક પર આરૂઢ થતો જાય છે.

જૈન મહર્ષિઓએ ગુણસ્થાનકની પરંપરાનું જે વર્ણન કર્યું છે.+ તે આ રીતે છે:

---

+ યોગ-વાસિષ્ઠમાં આત્માની મુખ્ય બે અને અવાંતર ચૌદ અવસ્થાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે, આ રીતે:

**અજ્ઞાનમય-અવસ્થા.**

(૧) બીજ જાગ્રત, (૨) જાગ્રત (૩) મહાજાગ્રત, (૪) જાગ્રતસ્વપ્ન (૫) સ્વપ્ન, (૬) સ્વપ્ન જાગ્રત, (૭) સુષુપ્તક.

**જ્ઞાનમય-અવસ્થા**

(૮) શુભેચ્છા, (૯) વિચારણા, (૧૦) તનુમાનસા, (૧૧) સત્ત્વાપત્તિ, (૧૨) અસંસક્તિ (૧૩) પદાર્થાભાવની, (૧૪) તુર્યગા.

## (૧) મિથ્યાદષ્ટિ-ગુણસ્થાન

તેઓ જણાવે છે કે દરેક આત્મા પ્રથમ મિથ્યાદષ્ટિ ગુણસ્થાને હોય છે, ત્યાં તે કર્મોની પ્રચુરતાને લીધે અનન્તકાળ પર્યંત નિગોદના ભવો કરે છે.

તે પછી કર્મ અનુસાર પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય તથા પ્રત્યેક વનસ્પતિ કાયમાં ફરીફરીને જન્મ ધારણ કરે છે. અહીં તેને છેદન, ભેદન, શીત, તાપ, વર્ષા વગેરેનાં પારાવાર દુઃખો સહન કરવા પડે છે.

આ પ્રમાણે અનંતા એકેન્દ્રિયના ભવો કર્યા પછી આત્મા બેઇન્દ્રિય, તેઈન્દ્રિય, અને ચઉરિંદ્રિય એટલે કીડાના વગેરેના ભવો કરે છે. તેમાં પણ દુઃખનો સરવાળો બહુ મોટો હોય છે. અને મનુષ્યના જીવન સાથે સરખામણી કરીએ તો એમજ કહેવું પડે કે એમનાં દુઃખો અગણિત હોય છે. ક્ષણ પહેલાં જન્મેલો કીડો બીજી જ ક્ષણે કોઈના પગ તળે ચગદાઈ જાય છે કે કોઈ મોટા કીડાના મુખમાં જઈ પડે છે, અથવા ટાઢ, તાપ કે છેદન-ભેદનનો ભયંકર ભોગ થઈ પોતાના પ્રાણ ગુમાવે છે.

આ રીતે લાંબા કાળ સુધી કીડા વગેરેના અનેક ભવો કર્યા પછી તે પંચેન્દ્રિપણું પામે છે અને કર્માનુસાર તિર્યંચ, નારક, મનુષ્ય તથા દેવ એ ચાર ગતિના ભવો કરે છે. તેમાં નારક કે દેવના ભવો એકી સાથે બે થતા નથી અને પંચેન્દ્રિય તિર્યંઝચપણું કે મનુષ્યપણું એકી સાથે વધારેમાં વધારે સાત કે આઠ ભવ સુધી ચાલે છે. તાત્પર્ય કે ત્યાર પછી આત્માને કર્માનુસાર જુદી જુદી ગતિમાં ઉત્પન્ન થવું પડે છે.

આમ ભવસાગરમાં ભટકતાં ભટકતાં સિદ્ધાવસ્થા પ્રાપ્ત થવા માટે જ્યારે એક પુદ્ગલ-પરાવર્ત જેટલો કાળ (અનંત ઉત્સર્પિણી-અવસર્પિણીને ભેગી કરીએ તેટલો સમય) બાકી રહે છે, ત્યારે આત્માને સત્યધર્મનો આશ્રય લેવાની પ્રબળ ઉત્કંઠા જાગે છે. આ કાળમાં અધ્યવસાયોની તેવા પ્રકારની વિશુદ્ધિથી આત્મા આયુષ્ય-કર્મ સિવાય બાકીનાં સાતે કર્મોની * સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન એવા એક કોડાકોડી સાગરોપમ જેટલી કરે છે. શાસ્ત્રકારો આ પગલાને 'યથાપ્રવૃત્તિકરણ' કહે છે..

---

બૌદ્ધ મતમાં વિકાસ ક્રમની છ અવસ્થાઓ નીચે પ્રમાણે સ્વીકારવામાં આવી છે :

(૧) અંધપૃથુજ્જન (પૃથક્-જન) (૨) કલ્યાણ પૃથુજ્જન, (૩ સોતાપન્ન (૪) સકદાગામી (૫) ઔપપાતિક અને (૬) અરહા.

આ અવસ્થાઓ ઉત્તરોત્તર વિકાસના ચઢતા ક્રમે સૂચવે છે.

+ બૃહત સંગ્રહણિમાં કહ્યું છે કે 'નિગોદના ગોળાઓ (સકલ લોકાકાસમાં વ્યાપેલા હોવાથી) અસંખ્ય છે. તે દરેક ગોળામાં સાધારણ શરીરો અસંખ્ય છે અને તે દરેક સાધારણ શરીરમાં જીવો અનન્ત છે. (અત્યાર સુધીમાં એક નિગોદના જીવોનો અનંતમો ભાગ સિદ્ધ થયો છે.)

* એકેન્દ્રિય બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચઉરિંદ્રિય જીવોનો સમાવેશ તિર્યંચ ગતિમાં થાય છે.

+ કર્મની આઠ પ્રકૃતિઓનાં નામો આ રીતે છે: જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય

અહીંય યથાપ્રવૃત્તિ શબ્દ અનાભોગપણાનું અને કરણ શબ્દ અધ્યવસાયનું સૂચન કરે છે. તાત્પર્ય કે આત્માએ આ રીતે કર્મોનો જે ઘટાડો કર્યો છે તે અકામ નિર્જરાને આભારી છે. તેમાં સકામ નિર્જરાનો કોઇ હિસ્સો નથી.

યથાપ્રવૃત્તિકરણનો સ્પષ્ટ ખ્યાલ 'આપવા માટે શાસ્ત્રકારો ધાન્યના ઢગલાનું તથા ગિરિપાષાણ-નદી ન્યાયનું દૃષ્ટાંત આપે છે. ધાન્યના એક ઢગલામાંથી કુટુંબના નિર્વાહ માટે રોજ જેટલું ધાન્ય કાઢવામાં આવે તેનાં કરતાં તેમાં થોડું નાખવામાં આવે તો સમય જતાં એ ઢગલો ઓછો થઇ જાય છે. તેમ જીવ અનાભોગપણે ઘણાં કર્મોને ખપાવતો જાય અને થોડાં કર્મોને બાંધતો જાય તો કાલાંતરે ઓછા કર્મવાળો થઇ જાય છે. અથવા ગિરિપ્રદેશમાંથી એક પાષાણ તૂટીને નદીના પ્રવાહમાં આવે ને તેની સામે ઘસડાતો જાય તો ધીમે ધીમે ચારે બાજુથી ઘસાઇને ગોળ બની જાય છે, તેમ સંસારમાં અથડાતો કુટાતો જીવ અનાભોગપણે કર્મ ખપાવતો જાય તો કાલક્રમે ઓછા કર્મવાળો બને છે.

આ કરણ વડે જીવ નિબિડ-રાગ-દ્વેષના પરિણામરૂપ ગ્રંથિપ્રદેશની સમીપમાં આવે છે. અહીં એટલું સ્પષ્ટ કરવાની આવશ્યકતા છે કે અભવ્ય જીવો* પણ ગ્રંથિપ્રદેશની સમીપમાં આવી શકે છે અને તીર્થંકરોની અપૂર્વ ઋદ્ધિ કે સાધુઓનાં સન્માન જોઇને અથવા સ્વર્ગાદિ સુખની ઇચ્છાથી દીક્ષા ગ્રહણ કરી નવપૂર્વ સુધીનું શ્રુતજ્ઞાન સંપાદન કરી શકે અને ભવાંતરે નવમા ગ્રૈવેયકમાં× ઉત્પન્ન થઇ શકે છે, પણ ગ્રંથિનો ભેદ કરીને સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી શકતા નથી.

---

* શ્રી સર્વજ્ઞ ભગવંતોએ જીવોના બે પ્રકાર કહ્યા છે :

ભવ્ય અને અભવ્ય, મોક્ષમાં જવાની યોગ્યતાવાળા જીવોને ભવ્ય કહેવામાં આવે છે. અને તેવી યોગ્યતા વિનાના જીવોને અભવ્ય કહેવામાં આવે છે.

× દૃષ્ટિવાદના એક વિભાગ તરીકે ગણાતા ચૌદ પૂર્વનાં નામો નીચે પ્રમાણે છે :

| | |
|---|---|
| (૧) ઉત્પાદપૂર્વ | (૮) કર્મપ્રવાદ |
| (૨) અગ્રાયણીય | (૯) પ્રત્યાખ્યાનપ્રવાદ |
| (૩) વીર્ય | (૧૦) વિદ્યાપ્રવાદ |
| (૪) અસ્તિ-નાસ્તિપ્રવાદ | (૧૧) અવન્ધ્ય |
| (૫) જ્ઞાનપ્રવાદ | (૧૨) પ્રાણાયુ |
| (૬) સત્યપ્રવાદ | (૧૩) ક્રિયાવિશાલ |
| (૭) આત્મપ્રવાદ | (૧૪) લોક-બિંદુસાર |

બાર દેવલોકની ઉપર અને પાંચ અનુત્તર વિમાનની નીચે નવગ્રૈવેયકનાં વિમાનો ઉપરાઉપર આવેલાં છે. તેનાં નામો નીચે પ્રમાણે છે.

(૧) સુદર્શન, (૨) સુપ્રતિબુદ્ધ (૩) મનોરમ (૪) સર્વતોભદ્ર (૫) સુવિશાલ (૬) સુમનસ (૭) સૌમનસ્ય (૮) પ્રિયંકર અને (૯) નન્દિકર.

ભવ્ય જીવોમાં જે દીર્ઘ સંસારી હોય છે, તે અહીંથી પાછા ફરે છે અને ફરી પાછાં દીર્ઘસ્થિતિવાળા કર્મો બાંધે છે; જે અવસ્થિત પરિણામી હોય છે, તે કેટલોક કાળ એમ ને એમ પડયા રહે છે. અર્થાત્ તેઓ કર્મની સ્થિતિ ઓછી કે વધારે કરતા નથી અને જેઓ લઘુસંસારી હોઈ અર્ધ પુદ્ગલપરાવર્ત જેટલા કાળમાં અવશ્ય મોક્ષે જનારા હોય છે, તેઓ અપૂર્વકરણની (પૂર્વ કદી ન થયો હોય તેવા અધ્યવસાયની) મદદથી ગ્રંથિનો ભેદ કરે છે અને અનિવૃત્તિકરણ (જે કાર્ય કર્યા વિના નિવૃત્તિ ન પામે તેવા અધ્યવસાયની મદદ) વડે સમ્યક્ત્વને અવશ્ય સ્પર્શે છે કે જેને અવિરત-સમ્યગ્દૃષ્ટિ નામનું ચોથું ગુણસ્થાન કહેવામાં આવે છે.

## (૨) સાસ્વાદન-સમ્યગદૃષ્ટિ-ગુણસ્થાન

વૃક્ષ પરથી પડેલું ફળ ભૂમિ સુધી ન પહોંચ્યું હોય ત્યાં સુધી અંતરાલ અવસ્થામાં ગણાય છે, તેમ સમ્યકત્વને સ્પર્શી ચૂકેલો આત્મા નીચે પડતો હોય અને મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન સુધી પહોંચ્યો ન હોય ત્યાં સુધી અંતરાલ અવસ્થામાં ગણાય છે. આ વખતે તે સમ્યકત્વના કંઈ સ્વાદવાળો હોય છે, તેથી તેની અવસ્થાવિશેષને સાસ્વાદન-સમ્યગ્દૃષ્ટિ-ગુણસ્થાન કહેવામાં આવે છે.

## (૩) સમ્યગ-મિથ્યાદૃષ્ટિ-ગુણસ્થાન

આત્મા જ્યારે કથંચિત્ સમ્યકત્વના પરિણામવાળો અને કથંચિત્ મિથ્યાત્વના પરિણામવાળો એમ મિશ્ર પરિણામવાળો હોય છે, ત્યારે તેની અવસ્થાવિશેષને સમ્યગ્-મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન કહેવામાં આવે છે. આ વખતે તેને સમ્યકત્વ પર રુચિ પણ હોતી નથી અને અરુચિ પણ હોતી નથી. પહેલા ગુણસ્થાનથી ચડેલો અને ચોથા ગુણસ્થાનથી પડેલો આત્મા આ સ્થાને આવે છે.

## (૪) અવિરત-સમ્યગ્દૃષ્ટિ-ગુણસ્થાન

યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના યોગે સમ્યકત્વને પામેલા અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ થયેલા પણ વીર્યોલ્લાસની ઉણપને લીધે વિરત એટલે અંશથી પણ સંયમી ન બનેલા આત્માની અવસ્થાવિશેષને અવિરતિ-સમ્યગ્દૃષ્ટિ-ગુણસ્થાન કહેવામાં આવે છે.

ઉત્તરાધ્યયન સૂત્રના અઠ્ઠાવીસમા અધ્યયનમાં સમ્યક્ત્વનો પરિચય આપતાં જણાવ્યું છે કે જીવ, અજીવ, બંધ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા અને મોક્ષ એ નવ તત્વો છે.×

આ નવતત્ત્વોની સ્વભાવથી કે ઉપદેશથી ભાવપૂર્વક શ્રદ્ધા કરનારને સમ્યક્ત્વ કહેલું છે.

× નવતત્ત્વપ્રકરણમાં તત્ત્વનાં નામો નીચેનાં ક્રમે જણાવેલા છે :
જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વો જાણવા યોગ્ય છે.

અને એ જ અધ્યયનમાં સમ્યક્ત્વનું મહત્ત્વ સમજાવતાં કહ્યું છે કે, સમ્યક્ત્વ વિના જ્ઞાન ન હોય, જ્ઞાન વિના ચારિત્રના ગુણો ન હોય. ચારિત્રના ગુણો વિના રાગ-દ્વેષમાંથી મુક્તિ ન હોય અને રાગદ્વેષની મુક્તિ વિના નિર્વાણ ન હોય. તાત્પર્ય કે સમ્યક્ત્વ એ નિર્વાણનું-મોક્ષનું કારણ છે.

## (૫) વિરતાવિરત ગુણસ્થાન

સમ્યક્ત્વને સ્પર્શી ચૂકેલો આત્મા જ્યારે દેશવિરતિ ગ્રહણ કરીને અંશતઃ વિરત બને છે ત્યારે તેની અવસ્થાવિશેષને વિરતાવિરત ગુણસ્થાન કહેવામાં આવે છે. અંશતઃ વિરત થયેલો આત્મા બાકીના અંશોમાં અવિરત હોય છે તેથી તેને વિરતાવિરત કહેવામાં આવે છે. વ્રતધારી શ્રાવકો આ ગુણસ્થાને રહેલા કહેવાય છે.

## (૬) પ્રમત્તસંયત-ગુણસ્થાન

વિરતાવિરત ગુણસ્થાનમાંથી આગળ વધેલો આત્મા જ્યારે સર્વવિરતિ સામાયિક ગ્રહણ કરી સંયત બને છે, પણ કંઈક અંશે પ્રમાદવાળો હોય છે, ત્યારે તેની અવસ્થાવિશેષને પ્રમત્તસંયત ગુણસ્થાન કહેવામાં આવે છે. અહીં પ્રમાદ શબ્દથી આત્મવર્તી આગળ વધવાનો અનુત્સાહ સમજવાનો છે. નિદ્રા વિગેરેને પણ પ્રમાદ કહેવામાં આવે છે.

## (૭) અપ્રમત્તસંયત-ગુણસ્થાન

સર્વવિરતિને ધારણ કરનારો જે આત્મા પ્રમાદ રહિત હોય છે, તેની અવસ્થાવિશેષને અપ્રમત્ત સંયત ગુણસ્થાન કહેવામાં આવે છે. આ અવસ્થામાં રહેલો આત્મા જરા પણ પ્રમાદવાળો થયો કે છઠ્ઠા ગુણસ્થાને આવી જાય છે અને પ્રમાદ રહિત થયો કે પુનઃ સાતમા ગુણસ્થાને ચઢી જાય છે. આમ છઠ્ઠા અને સાતમા ગુણસ્થાન વચ્ચે ચઢવું-ઉતરવું લાંબા સમય સુધી ચાલે છે.

## (૮) નિવૃત્તિ બાદર-ગુણસ્થાન

અપ્રમત્ત અવસ્થામાં રહેલો સર્વવિરત આત્મા જ્યારે ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયના સ્થૂલસ્વરૂપને અમુક અંશે જીતી લે છે ત્યારે તેની અવસ્થાવિશેષને નિવૃત્તિબાદર ગુણસ્થાન કહેવામાં આવે છે.

## (૯) અનિવૃત્તિબાદર-ગુણસ્થાન

સર્વવિરત આત્મા જ્યારે કષાયનાં સ્થૂલ સ્વરૂપથી ઘણા અંશે નિવૃત્ત થયેલો હોય પણ અમુક અંશવાળો હોય ત્યારે તેની અવસ્થાવિશેષને અનિવૃત્તિ બાદર ગુણસ્થાન કહેવામાં આવે છે. આ અવસ્થામાં કષાયને પરાજિત કરવા માટે ભારે પુરુષાર્થ ચાલી રહ્યો હોય છે.

## (૧૦) સૂક્ષ્મસંપરાય-ગુણસ્થાન

જે સર્વવિરત આત્મા, ક્રોધ, માન અને માયાનો સર્વથા નાશ કરી ચૂક્યો હોય પણ લોભના સૂક્ષ્મ અંશવાળો હોય તેની અવસ્થાવિશેષને સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન કહેવામાં આવે છે.

## (૧૧) ઉપશાંત મોહ-ગુણસ્થાન

જે સર્વવિરત આત્માએ મોહનીયકર્મને કિંચિત્કાલ માટે શાંત કર્યું હોય તેની અવસ્થાવિશેષને ઉપશાંતમોહ ગુણસ્થાન કહેવામાં આવે છે. આ અવસ્થામાં અવશિષ્ટ લોભના અંશનો ઉપશમ થાય છે, પણ સર્વથા નાશ થતો નથી.

## (૧૨) ક્ષીણમોહ ગુણસ્થાન

જે સર્વવિરતને આત્માએ મોહનીયકર્મને સર્વથા ક્ષીણ કરી વીતરાગ અવસ્થા પ્રાપ્ત કરી હોય તેની અવસ્થાવિશેષને ક્ષીણમોહ ગુણસ્થાન કહેવામાં આવે છે.

## (૧૩) સયોગીકેવલી-ગુણસ્થાન

મોહનીયકર્મને ક્ષીણ કરી આત્મા જ્યારે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન, કેવલદર્શન અને અનંતવીર્યથી યુક્ત બને છે પણ મન, વચન અને કાયાના યોગથી યુક્ત હોય છે, ત્યારે તેની અસ્વસ્થાવિશેષને સયોગી કેવલી ગુણસ્થાન કહેવામાં આવે છે. અરિહંતો અને કેવલી ભગવંતો આ ગુણસ્થાને રહેલા હોય છે.

## (૧૪) અયોગીકેવલી-ગુણસ્થાન

સયોગી કેવલી ભગવંતો નિર્વાણપૂર્વે શેષ કર્મોની પરમ નિર્જરા માટે સૂક્ષ્મ ક્રિયા-અનિવૃત્તિ શુકલધ્યાનના બળથી મન, વચન અને કાયાના બાદર તથા સૂક્ષ્મ યોગોનો નિરોધ કરે છે. તેમની આ અવસ્થા વિશેષને અયોગી કેવલી ગુણસ્થાન કહેવામાં આવે છે.

આ અવસ્થામાં તેઓના આત્મપ્રદેશો એવા સંકુચિત બની જાય છે કે તે શરીરના ૨/૩ ભાવમાં સમાઇ જાય છે. ત્યારપછી તેઓ સમુચ્છિન્નક્રિયા અપ્રતિપાતિ નામના શુકલ ધ્યાનના ચોથા પાયા પર આરુઢ થાય છે, મધ્યમરીતિએ અ, ઇ, ઉ, ઋ, લૃ એ પાંચ હ્રસ્વ વર્ણોનો ઉચ્ચાર કરી એટલા સમયમાં સર્વ સંવરરૂપ શૈલેશી અવસ્થા (શૈલ-પર્વત નિશ્ચલ અવસ્થા)ને પ્રાપ્ત થઇ વેદનીય, નામ અને ગોત્ર કર્મનો ગુણશ્રેણિથી તથા આયુકર્મનો યથાસ્થિત શ્રેણિથી સર્વથા ક્ષય કરે છે અને એ ચારે કર્મો ક્ષય થતાં ઊર્ધ્વગતિએ સમયમાત્રમાં સિદ્ધશીલાના અગ્રભાગ પર પહોંચી ત્યાં સિદ્ધરૂપે સદાકાલ બિરાજે છે.

## સિદ્ધોનું સ્વરૂપ

આચારાંગસૂત્રના પાંચમા અધ્યયનમાં સિદ્ધોનું સ્વરૂપ આ રીતે જણાવ્યું છે :

'अच्चेइ जाईमरणस्स बट्टमग्गं विक्खायरए, सव्वे सरा नियट्टंति, तक्का जत्थ न विज्जइ, मइ तत्थ न गाहिया, ओए अप्पइट्ठाणस्स खेयन्ने, से न दीहे, न हस्से, न वट्टे, न तंसे न चउरंसे, न परिमंडले न किण्हे न नीले न लोहिए न हालिद्दे न सुक्किले न सुरभिगंधे न दुरभिगंधे न तित्ते न कडुए न कसाए न अंबिले न महुरे न कक्खडे न मउए न गरुए न लहुए न उण्हे न निद्धे न लुक्खे न काऊ न रुहे न संगे न इत्थी न पुरिसे न अन्नहा परिन्ने सन्ने उवमा न विज्जए, अरूवी सत्ता, अपयस्स पयं नत्थि ॥'

જન્મ-મરણના કારણભુત કર્મોનો નાશ કરીને આત્મા મોક્ષમાં લીન થાય છે. આ અવસ્થાનું વર્ણન કરનારા સર્વ શબ્દો પાછા ફરે છે અર્થાત્ તેના સંપૂર્ણ સ્વરૂપનું વર્ણન કરી શકતા નથી. ત્યાં કલ્પના જઈ શકતી નથી, ત્યાં બુદ્ધિ પહોંચી શકતી નથી, ત્યાં સમગ્ર કર્મ રહિત આત્મા શરીર વગરનો, સંસારમાં રહેલા સર્વ જીવોની અવસ્થાને જાણનારો હોય છે. તે આત્મા આકારે લાંબો, ટૂંકો, ગોળાકાર, ત્રિકોણાકાર, ચતુષ્કોણકાર કે મંડલાકાર હોતો નથી. વર્ણમાં કાળો, નીલો, લાલ, પીળો કે સફેદ હોતો નથી. ગંધમાં સુગંધી કે દુર્ગંધી હોતો નથી. સ્વાદમાં તીખો, કડવો, તુરો, ખારો કે મીઠો હોતો નથી. સ્પર્શમાં કર્કશ, કોમળ, ભારે, હલકો, ઊનો, ઠંડો, સ્નિગ્ધ કે લુખો હોતો નથી. સ્રીરૂપે, પુરુષરૂપે કે નપુંસકરૂપે પણ હોતો નથી. જ્ઞાતા અને પરિજ્ઞાતારૂપે હોય છે. તેને કોઇ ઉપમા નથી, તે અરૂપી છે. તેના સ્વરૂપને સંપૂર્ણ રીતે કહી શકે એવું કોઈ પદ (શબ્દ) નથી.

આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે 'સિદ્ધ ભગવંતો શરીર રહિત, આત્મપ્રદેશોની ઘનતાવળા, સામાન્ય વિષયરૂપ દર્શન અને વિશેષ વિષયરૂપ જ્ઞાનમાં ઉપયોગવાળા હોય છે.' વળી તેમાં જણાવ્યું છે કે જે અવ્યાબાધ સુખ મોક્ષમાં ગયેલા સિદ્ધોને હોય છે, તે સુખ મનુષ્યો તથા સર્વ દેવો પૈકી કોઈને હોતું નથી.

જીવ વિચાર પ્રકરણમાં કહ્યું છે કે 'સિદ્ધોને શરીર હોતું નથી, આયુઃકર્મ હોતું નથી, પ્રાણ કે યોનિ હોતી નથી અને તેઓની સ્થિતિ જૈનાગમમાં સાદિ-અનંત+ અર્થાત્ જેની આદિ છે પણ અંત નથી તેવી બતાવી છે.'

---

+ સ્થિતિ ચાર પ્રકારની હોય છે :

(૧) સાદિ-સાંત-જેની આદિ અને અંત બંને છે,

## સિદ્ધના આઠ ગુણો

કર્મક્ષયની અપેક્ષાએ સિદ્ધ-ભગવંતોમાં આઠ ગુણો પ્રકટે છે. તે આ પ્રમાણે છે : (૧) અનંત જ્ઞાન, (૨) અનંત-દર્શન (૩) અવ્યાબાધ સુખ (૪) અનંત-ચારિત્ર (૫) અક્ષય-સ્થિતિ (૬) અરૂપીપણું, (૭) અગુરુ-લઘુત્વ અને (૮) અનંતવીર્ય.

### (૧-૨) અનંત-જ્ઞાન-અનંત-દર્શન :

શાસ્ત્રોમાં કહ્યું છે કે 'જીવનું લક્ષણ ઉપયોગ છે.'×

દરેક જીવ ઉપયોગવાળો હોય છે.× અને ઉપયોગનો અર્થ શાસ્ત્રોમાં આ રીતે કરેલ છે.

**उपयुज्यते वस्तुपरिच्छेदं प्रति व्यापार्यते जीवाऽनेनेत्युपयोगः**

જેના વડે જીવ વસ્તુના પરિચ્છેદ (બોધ) પ્રતિ વ્યાપાર કરે-પ્રવૃત્ત થાય તે ઉપયોગ અથવા 'ઉપ' એટલે સમીપ-સમીપવર્તી અને યોગ એટલે જ્ઞાન-દર્શનનું પ્રવર્તન, અર્થાત્ જેના વડે આત્મા જ્ઞાન-દર્શનનું પ્રવર્તન કરવાની અભિમુખતાવાળો થાય તેવા ચેતના-વ્યાપારને ઉપયોગ કહેવામાં આવે છે. આ ઉપયોગ બે પ્રકારના છે : અનાકાર અને સાકાર. તેમાં વસ્તુનો સામાન્ય બોધ કરાવે તે અનાકાર ઉપયોગ કે **દર્શન** કહેવાય* અને વિશેષ બોધ કરાવે તે સાકાર ઉપયોગ કે **જ્ઞાન** કહેવાય.

'નિગોદમાં રહેલા આત્માને, ઉપયોગ હોય છે?' એ પ્રશ્નના ઉત્તરમાં શાસ્ત્રોમાં જણાવ્યું છે કે 'હા, નિગોદમાં રહેલા આત્માઓને અક્ષરના અનંતમા ભાગ જેટલો ઉપયોગ હોય છે, અન્યથા તેમની ગણના આત્મા તરીકે થઈ શકે જ નહીં.' આ સ્થળે શાસ્ત્રોમાં એ પણ સ્પષ્ટતા કરી છે કે 'બધા આત્માઓને સરખો ઉપયોગ હોતો નથી, પણ કર્મક્ષયના પ્રમાણમાં ઓછોવધતો હોય છે.' આ સ્થિતિ સમજાવવા માટે તેમણે દીપકનું દષ્ટાંત આપ્યું છે : 'જેમ એક દીપક પર જાડા કપડાનું આવરણ હોય તો તેનો પ્રકાશ બહુ ઝાંખો પડે, કાંઈક પાતળા કાપડનું આવરણ હોય તો પ્રકાશ ઓછો ઝાંખો પડે અને બિલકૂલ આવરણ ન હોય તો પ્રકાશ પૂરેપૂરો પડે.' તાત્પર્ય કે કર્મનું આવરણ જેટલા અંશે

---

(૨) સાદિ-અનંત-જેની આદિ છે પણ અંત નથી.

(૩) અનાદિ-સાંત-જેની આદિ નથી પણ અંત છે.

(૪) અનાદિ-અનંત-જેની આદિ અને અંત બંને નથી.

× **उपयोगो लक्षणम्** । તત્ત્વાર્થ સૂત્ર અ. ૨, સૂત્ર-૮.

* **जं सामन्नगहणं भावाणं ने य कट्टु आगारं ।**

**अविसेसिऊण अत्थे, दंसणमिइ वुच्चए समये ॥**

સ્ફૂટ આકાર કર્યા વિના તથા અર્થની વિશેષતા વિના ભાવોનું જે સામાન્ય ગ્રહણ કરવું તેને શાસ્ત્રોમાં દર્શન કહેલું છે.

ઓછું થાય તેટલા અંશે તેમનો ઉપયોગ તેજસ્વી બને. સિદ્ધ ભગવંતોએ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મોનો પૂરેપૂરો ક્ષય કરેલો હોવાથી તેમનામાં અનંતજ્ઞાન અને અનંતદર્શન પ્રકટે છે.

અહીં એટલી હકીકત નોંધવા યોગ્ય છે કે છદ્મસ્થ આત્માઓને પહેલો દર્શનોપયોગ અને પછી જ્ઞાનોપયોગ હોય છે. એટલે તેઓ પ્રથમ ઘટત્વ ( ઘટની જાતિ ) ગ્રહણ કર્યા પછી ઘટરૂપ વિશેષ પદાર્થને ગ્રહણ કરે છે, ત્યારે કેવલી ભગવંતોને પહેલો જ્ઞાનોપયોગ અને પછી દર્શનોપયોગ હોય છે, એટલે તેઓ પ્રથમ ઘટરૂપ વિશેષ પદાર્થને ગ્રહણ કરે છે અને પછી ઘટત્વને ગ્રહણ કરે છે અને તેથી જ તેમની સ્તુતિમાં 'सव्वन्नूणं सव्वदरिसीणं' સર્વજ્ઞ, સર્વદર્શી વિશેષણો સંગત થાય છે. વળી છદ્મસ્થોને દર્શનોપયોગ અને જ્ઞાનોપયોગ વધારેમાં વધારે અન્તર્મુહૂર્ત સુધી હોય છે, તેમાં દર્શનોપયોગ કરતાં જ્ઞાનોપયોગનો સમય સંખ્યાતા ગણો વધારે છે, ત્યારે કેવલી ભગવંતોને બંને ઉપયોગ એક એક સમયના જ હોય છે. કોઈ આત્માને એક સમયે બે ઉપયોગ હોતા નથી. તે સંબંધી વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે કે—

नाणम्मि दंसणम्मि य एगो एगयरम्मि उवउत्ता ।
सव्वस्स केवलिस्स वि जुगवं दो नत्थि उवओगा ॥

જ્ઞાન અને દર્શન એ બે ઉપયોગમાંથી સર્વ જીવો એક જ ઉપયોગવાળા હોય છે. કેવલી ભગવંતોને પણ એકી સાથે બે ઉપયોગ હોતા નથી.૦

## (૩) અવ્યાબાધ સુખ

કેટલાક મનુષ્યો એમ માને છે કે 'વિષયોનો ભોગોપયોગ કરવામાં જ સુખ હોય છે, તેથી નિર્વાણ, મુક્તિ, મોક્ષ કે સિદ્ધાવસ્થામાં કોઈ જાતનું સુખ મળવા સંભવ નથી.' તેઓ કહે છે કે—

'जइ तत्थ नत्थि सीमंतिणीओ मणहरपियंगुवन्नाओ ।
ता रे सिद्धन्तिय ! बंधणं खु मोक्खो न सो मोक्खो ॥'

'હે સૈદ્ધાંતિક ! તું જે મોક્ષ–માર્ગનું પ્રતિપાદન કરે છે, તે વાસ્તવિક મોક્ષ નથી, પણ એક જાતનું બંધન જ છે, કારણકે ત્યાં ( સુખને આપનારી ) મનહર પિયંગુ વર્ણવાળી સ્ત્રીઓ નથી.'

પૌદ્ગલિક સુખો ક્ષણિક છે, તેથી ગમે તેટલાં કે ગમે તેટલીવાર ભોગવવામાં આવે પણ તેનાથી આત્માને સંતોષ થતો નથી, છતાં જેમની મતિ મોહાવેશથી મૂઢ બનેલી છે, તેઓ એમાં જ સુખ માને છે અને એની જ ઝંખના કરે છે. તેઓ કહે છે :

૦ શ્રી મલ્લવાદી અને શ્રી સિદ્ધસેન દિવાકરનું મંતવ્ય આ બાબતમાં જુદું પડે છે, પરંતુ તેનું સમાધાન શ્રીમદ્ યશોવિજયજીએ જ્ઞાનબિંદુમાં ઘણી વિશદતાથી કર્યું છે.

'वरं वृन्दावने रम्ये क्रोष्टुत्वमभिवाञ्छितम् ।
न त्वेवाविषयो मोक्षः कदाचिदपि गोतमः ॥'

'હે ગૌતમ* ! યમુના નદીના તટ પર આવેલા રમણીય વૃંદાવનમાં શિયાળનો જન્મ લેવો તો તે ઇચ્છવા યોગ્ય છે (કારણકે ત્યાં સુંદર રૂપવાળી યુવાન ગોવાલણોના મુખ-કમળ જોવા મળે અને તેમના હાસ્ય, વિનોદ તથા ગીત સાંભળવા મળે) પરંતુ જ્યાં કોઈપણ જાતના વિષયભોગો નથી તેવા મોક્ષમાં જવું કદી પણ ઇચ્છવા યોગ્ય નથી.'

આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞામાં રાચી રહેલા આત્માઓને શાસ્ત્રકારોએ ભવાભિનંદી કહ્યા છે, તેમની વિચારધારાનાં દર્શન નિમ્નશ્લોકમાં થાય છે :

'असारोऽप्येष संसारः, सारवानिव लक्ष्यते ।
दधिदुग्धाम्बु-ताम्बुल-पुष्पपण्याङ्गनादिभिः ॥'

'અનેક દુઃખથી વ્યાપ્ત હોવાના કારણે આ સંસાર જો કે અસાર છે, તો પણ તે દહીં, દૂધ, જળ, તાંબુલ, પુષ્પ અને વારાંગનાઓને લીધે સારવાળો જણાય છે.'

આવાં વચનો સામે લાલબત્તી ધરતાં શ્રીહરિભદ્રસૂરિજીએ યોગબિંદુમાં જણાવ્યું છે કે—

श्रूयन्ते चैवदालापा, लोके तावदशोभनाः ।
शास्त्रेष्वपि हि मूढानामश्रोतव्याः सदा सताम् ॥

આવાં જે વાક્યો લોકસમૂહમાં અને લૌકિક શાસ્ત્રોમાં સંભળાય છે, તે મૂઢ મનુષ્યોનાં હોઈને સત્પુરુષોએ સર્વ સમય માટે સાંભળવા યોગ્ય નથી. તાત્પર્ય કે મુમુક્ષુઓએ તો કેવળ હિતબુદ્ધિથી કહેવાયેલાં જ્ઞાનીનાં વચનો જ સાંભળવાં જોઈએ અને તે પ્રમાણે વર્તન કરીને પોતાના જીવનને સફળ બનાવવું જોઈએ.'

પરમપવિત્ર પરમોપકારી જૈન-મહર્ષિઓએ કહ્યું છે 'કે- આત્મા જ્યાં સુધી વેદનીય કર્મથી યુક્ત હોય છે, ત્યાં સુધી તે શાતા કે અશાતાનો અનુભવ કરે છે, પણ વેદનીય કર્મનો આત્યન્તિક નાશ થાય ત્યારે તે સહજ સ્વભાવમાંથી પ્રકટતા સુખનો પૂર્ણ ભોક્તા બને છે. આ સુખની વિશેષતા એ છે કે તે પૌદ્ગલિક સુખની જેમ પુનઃવ્યાબાધા (પીડા)-વાળું બનતું નથી કે ઉત્પન્ન થયા પછી કદી પણ ચાલ્યું જતું નથી. અર્થાત્ તે અવ્યાબાધ અને અનંત હોય છે. આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે—

'वित्थिन्नसव्वदुक्खा, जाइजरामरणबंधणविमुक्का ।
अव्वाबाहं सुक्खं अणुहवंति सासयं सिद्धा ॥९८८॥'

---

* અહીં ગૌતમ એટલે ગૌતમ ગણધર સમજવાના નથી પણ ગૌતમ એ ગાલવઋષિ (સંન્યાસી)ના શિષ્યનું નામ છે.

'સર્વ દુઃખોને સર્વથા તરી ગયેલા, જન્મ, જરા અને મરણનાં બંધનથી છૂટા થયેલા સિદ્ધો એ અવ્યાબાધ અને અનંત સુખનો અનુભવ કરે છે.'

## (૪) અનંત ચારિત્ર

'આત્મા જ્ઞાન–દર્શનસ્વભાવવાળો છે, અને વિશુદ્ધ સુખ સ્વરૂપ છે, છતાં સંસારમાં કેમ પરિભ્રમણ કરે છે?' એનો ટૂંકો ઉત્તર આપતાં શાસ્ત્રકાર મહર્ષિઓએ જણાવ્યું છે કે 'मोहेण'–મોહને લીધે–મોહનીય–કર્મને લીધે તે સંસારમાં પરિભ્રમણ કરે છે.×

મદિરા પીવાથી જેમ મનુષ્યની મતિ વિકલ થાય છે, તેમ મોહના ઉદયથી આત્માની વિવેકશક્તિ વિકલ થાય છે અને તે સત્–અસત્નો કે હિતાહિતનો વિવેક કરી શકતો નથી. પરિણામે ધન–ધાન્ય, બાગ–બગીચા સ્ત્રી–પુત્ર, પરિવાર વગેરે જે વસ્તુઓ પર છે, તેને પોતાની માની લે છે, અને તેને માટે અનેક પ્રકારના અનર્થો કરવાને તે પ્રેરાય છે, તથા જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ વગેરે જે વસ્તુઓ પોતાની છે, તેને છેક ભૂલી જઇ વિવેક-હીન–આચારહીન જીવન ગાળે છે.

મોહ બધા અશુભ કર્મોનો રાજા ગણાય છે, કારણ કે તેનો કિલ્લો તૂટે ત્યારે જ બીજાં કર્મો શરણે આવે છે, એટલે સાધકોને સહુથી વધારે પ્રયત્ન તેના પર જય મેળવવા માટે કરવો પડે છે. મોહથી ઉત્પન્ન થતા અશુદ્ધ ભાવોને શાસ્ત્રકાર મહર્ષિઓએ બે ભાગમાં વહેંચ્યા છે.

(૧) સમ્યક્ત્વનો રોધ કરનારા અને (૨) ચારિત્રનો રોધ કરનારા.

તેમાં સમ્યક્ત્વનો રોધ કરનારા અશુદ્ધ ભાવો ત્રણ પ્રકારના છે :

(૧) મિથ્યાત્વ મોહનીય એટલે જેના ઉદયને લીધે આત્મામાં મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે અને વીતરાગ પ્રણીત તત્ત્વોથી વિપરીત શ્રદ્ધા થાય છે.×

---

× आया नाणसहावी, दंसणसीलो विसुद्धसुहरूवो।
सो संसारे भमई, एसो दोसो खु मोहस्स ॥

—(શ્રી જિનાગમ)

मोहेण गब्भं मरणाइ एइ, एत्थ मोहे पुणो पुणो ।

—શ્રી આચારાંગ સૂત્ર, અધ્યયન ૫ ઉદ્દેશ ૧લો

+અભિગ્રહ એટલે 'મારું તે સારું' એવી મનોવૃત્તિને લીધે. અનભિગ્રહ એટલે સત્ય–અસત્યનો નિર્ણય કરવાની ઉદાસીનતાને લીધે, અભિનિવેશ એટલે પકડેલું નહીં છોડવાની ટેવને લીધે, સંશય એટલે અનિર્ણયાત્મક મનોદશાને લીધે તથા અનાભોગ એટલે ઉપયોગની ખામીને લીધે આત્માનો જે દૃષ્ટિવિપર્યાસ થાય છે અને જેને લીધે તે અધર્મને ધર્મ અને ધર્મને અધર્મ, અમાર્ગને માર્ગ અને માર્ગને અમાર્ગ, અજીવને જીવ અને જીવને અજીવ, અસાધુને સાધુ અને સાધુને અસાધુ તથા અમુક્તને મુક્ત અને મુક્તને અમુક્ત માનવા લાગે છે તેમજ જે દેવ, ગુરુ અને પર્વો લોકોત્તર હોઈ શ્રેયસ્ની સાધના કરવામાં અત્યંત ઉપયોગી છે, તેનો પ્રેયસ્ની પ્રાપ્તિ માટે ઉપયોગ કરવા પ્રેરાય છે. તેને મિથ્યાત્વ સમજવું. મિથ્યાત્વના પાંચ, દસ અને ૭ પ્રકારનું રહસ્ય આમાં આવી જાય છે.

(૨) મિશ્ર મોહનીય એટલે જેના ઉદયથી આત્માને સમ્યક્ અને મિથ્યાત્વનાં મિશ્ર પરિણામો થાય છે. અને

(૩) સમ્યક્ત્વ મોહનીય એટલે જેના ઉદયથી આત્માને ક્ષાયક સમ્યક્ત્વ થતું અટકે છે.

ચારિત્રનો રોધ કરનારા અશુદ્ધ ભાવો મુખ્યત્વે બે પ્રકારના છે: કષાયરૂપ અને નોકષાયરૂપ. અહીં કષાય શબ્દ કષ એટલે કર્મ કે ભવનો અને આય એટલે લાભનો અર્થ દર્શાવનારો છે, તેથી જે ભાવો વડે કર્મ બંધાય અથવા સંસાર વધે તેને કષાયરૂપ સમજવાના છે અને જે ભાવો કષાય જેટલા પ્રબલ કે ઊગ્ર નથી પણ તેની ઉત્તેજનામાં મદદ કરનારા છે, તેમને નોકષાય સમજવાના છે.

કષાયરૂપ ભાવો મુખ્યત્વે ચાર પ્રકારના અને અવાંતર ભેદથી સોળ પ્રકારના છે, તે આ પ્રમાણે :

### (૧) ક્રોધ

×(૧) અનંતાનુબંધી ક્રોધ (૩) પ્રત્યાખ્યાની ક્રોધ.
(૨) અપ્રત્યાખ્યાની ક્રોધ (૪) સંજ્વલન ક્રોધ.

### (૨) માન

(૫) અનંતાનુબંધી માન (૬) અપ્રત્યાખ્યાની માન.
(૭) પ્રત્યાખ્યાની માન (૮) સંજ્વલન માન.

### (૩) માયા

(૯) અનંતાનુબંધી માયા (૧૦) અપ્રત્યાખ્યાની માયા
(૧૧) પ્રત્યાખ્યાની માયા (૧૨) સંજ્વલન માયા

---

**जा जीव वरिस चउमास पक्खगा, नरयतिरि नरअमरा ।**
**सम्माणुसव्वविरइ, अहक्खायचरित्तघायकरा ॥ १८ ॥**

—કર્મગ્રંથ પ્રથમ

જેનો અનુબંધ મૃત્યુપર્યંત રહે અને જે સમ્યક્ત્વને રોકે તેને અનંતાનુબંધી કષાય કહેવાય છે. જેનો અનુબંધ વર્ષ પર્યંત રહે અને જે દેશવિરતિરૂપ પ્રત્યાખ્યાન ન થવા દે તે અપ્રત્યાખ્યાની કષાય કહેવાય છે. જેનો અનુબંધ ચાર માસ પર્યંત રહે અને જે સર્વવિરતિ રૂપ પ્રત્યાખ્યાન ન થવા દે તે પ્રત્યાખ્યાની કષાય કહેવાય છે. જેનો અનુબંધ એક પક્ષ પર્યંત રહે અને જે યથાખ્યાત ચારિત્રને રોકે તે સંજ્વલન કષાય કહેવાય છે.

પ્રથમ ગુણસ્થાનથી ચોથા ગુણસ્થાને ચડવા માટે જે ગ્રંથિનો ભેદ કરવો પડે છે, તે આ ચાર અનંતાનુબંધી કષાયની ચોકડી છે. તે સંબંધી વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે કે–

**गंठित्ति सदुब्भेओ कक्खडघणरूढगंठिव्व ।**
**जीवस्स कम्मजणिओ, घणरागदोसपरिणामो ॥**

કર્કશ, ઘન અને દૃઢ ગ્રંથિની જેમ જીવનો કર્મજનિત જે ઘન રાગ દ્વેષરૂપ પરિણામ છે તેને ગ્રંથિ સમજવી. આ ગ્રંથિ ઘણા કષ્ટે ભેદાય છે.

## (૪) લોભ

(૧૫) અનંતાનુબંધી લોભ (૧૩) અપ્રત્યાખ્યાની લોભ
(૧૬) પ્રત્યાખ્યાની લોભ (૧૬) સંજ્વલન લોભ.

આ સોળ કષાયોની તીવ્રતા જેમ જેમ ઓછી થતી જાય છે. તેમ તેમ આત્માનો ચારિત્ર ગુણ ખીલે છે અને જ્યારે સર્વ કષાયો દૂર થઈ જાય છે, ત્યારે આત્મા રાગ અને દ્વેષના બંધનમાંથી સર્વથા મુક્ત થઈ વીતરાગ અવસ્થાને પામે છે.

નોકષાયરૂપ ભાવો 'હાસ્ય ષટ્ક' અને 'વેદત્રિક' બે પ્રકારમાં વહેંચાય છે, તે આ પ્રમાણે :

### હાસ્ય ષટ્ક

(૧) હાસ્ય—જેના વડે નિમિત્તથી કે નિમિત્ત વિના હસવું આવે છે.
(૨) રતિ—જેના વડે નિમિત્તથી કે નિમિત્ત વિના હર્ષ થાય છે.
(૩) અરતિ—જેના વડે નિમિત્તથી કે નિમિત્ત વિના ખેદ થાય છે.
(૪) ભય—જેના વડે નિમિત્તથી કે નિમિત્ત વિના બીક લાગે છે. મનના પરિણામો ચંચળ બને છે.
(૫) શોક—જેના વડે નિમિત્તથી કે નિમિત્ત વિના પરિતાપ ઉપજે છે.
(૬) જુગુપ્સા—જેના વડે નિમિત્તથી કે નિમિત્ત વિના ઘૃણા ઉપજે છે.

### 'વેદત્રિક'

(૭) પુરુષવેદ—સ્ત્રીને ભોગવવાની ઈચ્છા.
(૮) સ્ત્રીવેદ—પુરુષને ભોગવવાની ઈચ્છા.
(૯) નપુંસકવેદ-સ્ત્રી-પુરુષ બંનેને ભોગવવાની ઈચ્છા.

કષાયનો નાશ થતાં પહેલાં આ નોકષાયોનો નાશ થઈ જાય છે, એટલે તેની અહીં સ્વતંત્ર વિવક્ષા નથી.

સિદ્ધ ભગવંતો અનંત ચારિત્રવાળા છે, એમ કહેવાનો સ્પષ્ટ અર્થ એ છે કે તેઓ પોતાના સ્વભાવમાં મગ્ન છે અને તેવી સ્થિતિ અનંતકાળ સુધી ચાલવાની છે.×

## (૫) અક્ષય સ્થિતિ

આયુષ્ય કર્મને લીધે આત્માને એક દેહમાં અમુક સમય પૂરો કરવો પડે છે. આ કર્મની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીશ સાગરોપમની છે, પરંતુ સિદ્ધ ભગવંતોએ આયુષ્યકર્મનો સંપૂર્ણ ક્ષય કરેલો હોવાથી તેમને નવો દેહ ધારણ કરવાનો હોતો નથી....તેથી આયુષ્યની

× 'જાણ ચારિત્ર તે આતમા નિજ સ્વભાવમાં રમતો રે!' —એક જૈન મહર્ષિ.

આ મર્યાદા તેમને લાગુ પડતી નથી. તાત્પર્ય કે તેમણે જે સ્થિતિ પ્રાપ્ત કરી છે તે અક્ષય છે.

ચૈત્યવંદનના અધિકારે સક્કત્થય ( નમોત્થુણં સૂત્ર ) બોલવામાં આવે છે. તેમાં સિદ્ધગતિને માટે નીચેનાં વિશેષણો વપરાયેલાં છે :

सिवं-ઉપદ્રવ રહિત, अयलं-અચલ-સ્થિર, अरुयं-વ્યાધિ અને વેદનાઓથી રહિત, अणंतं-અનંત, अक्खयं-ક્ષયરહિત, જે કદી નાશ થતી નથી. अव्वाबाहं—કર્મજન્ય પીડાઓથી રહિત અને अपुणरावित्ति-જ્યાં ગયા પછી પાછા ફરવાનું હોતું નથી.

## (૬) અરૂપીપણું

નામ કર્મ પ્રમાણે આત્મા શુભ કે અશુભ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ સ્વભાવવાળાં પુદ્ગલો ગ્રહણ કરે છે અને તેના લીધે શુભ કે અશુભરૂપનું નિર્માણ થાય છે, પરંતુ સિદ્ધ ભગવંતોએ નામકર્મનો સર્વથા ક્ષય કરેલો હોવાથી તેઓ શુભ કે અશુભ પુદ્ગલો ગ્રહણ કરતા નથી અને તેથી કોઇપણ પ્રકારનું રૂપ નિર્માણ થતું નથી. તાત્પર્ય કે તેઓ અરૂપી હોય છે અને તે જ કારણે તેમની સ્તુતિ કરતાં ' નિરંજન ' અને ' નિરાકાર ' જેવાં વિશેષણો વપરાય છે.

## (૭) અગુરુલઘુ

સંસારની સમાન્ય રીતિ એવી છે કે ઊંચા કુળમાં કે ઉચ્ચ જાતિમાં જન્મ્યો હોય તેને ઊંચો એટલે ગુરુ ગણવો અને જે નીચા કુળમાં કે નીચ જાતિમાં જન્મ્યો હોય તેને નીચો એટલે લઘુ ગણવો. પરંતુ સિદ્ધાવસ્થામાં કોઇ કુળ નથી કે કોઇ જાતિ નથી. એટલે ત્યાં ગુરુ-લઘુનો વ્યવહાર સંભવતો નથી. વળી પૂર્વકુળની અપેક્ષાએ જોઈએ તો એક આત્મા ઊંચા ક્ષત્રિયકુળમાં જન્મ્યો હોય અને ચક્રવર્તીપદ પામીને સિદ્ધ થયો હોય અને બીજો આત્મા નીચ ચાંડાલના કુળમાં જન્મ્યો હોય અને નિરવદ્ય ચારિત્ર પાળીને સિદ્ધ થયો હોય તો એ બંને સિદ્ધોમાં કોઇ પણ પ્રકારના ગુરુ-લઘુપણાનો વ્યવહાર થતો નથી. તાત્પર્ય કે સિદ્ધના બધા જીવો સરખા છે. સાચો સામ્યવાદ સિદ્ધાવસ્થામાં છે.

## (૮) અનંત વીર્ય

દાન દેવા યોગ્ય વસ્તુ હાજર હોય, દાન લેનાર પણ ચારિત્રવંત અને સુપાત્ર હોય છતાં આત્મા દાન દઇ ન શકે, એનું કારણ દાનાંતરાય કર્મ છે. લાભ મેળવવાની ઇચ્છાથી પ્રવૃત્તિ કરી હોય અને તેને સફળ બનાવવા માટે જરૂરી સર્વ સાધનો એકઠાં કરેલ હોય છતાં લાભ ન થાય, તેનું કારણ લાભાંતરાય કર્મ છે. મિષ્ટ આહારપુષ્પાદિ ભોગવવા યોગ્ય અનેક વસ્તુઓ હાજર છતાં તેને ભોગવી શકાય નહિ તેનું કારણ ભોગાંતરાય કર્મ છે.

વારંવાર ભોગવવા યોગ્ય વસ્તુ, અલંકારાદિ વસ્તુઓ તથા સ્ત્રી વગેરે વિદ્યમાન છતાં તેનો ઉપભોગ થઈ શકે નહિ, તેનું કારણ ઉપભોગાંતરાય કર્મ છે અને છતી શક્તિએ કંઇપણ પ્રયત્ન કરવા શક્તિમાન થાય નહિ; તેનું કારણ વીર્યાંતરાય કર્મ છે. આ પાંચ પ્રકારનાં અંતરાય કર્મો જેમ જેમ પાતળાં પડતા જાય છે, તેમ તેમ દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય નામની લબ્ધિઓ વિકાસ પામતી જાય છે અને જ્યારે અંતરાય કર્મનો સર્વથા નાશ થાય છે, ત્યારે એ લબ્ધિઓ પૂર્ણ સ્વરૂપે પ્રકટ થાય છે.

સિદ્ધ ભગવંતોનું અંતરાય-કર્મ સર્વથા નાશ પામેલું હોવાથી તેમનામાં આ પાંચે લબ્ધિઓ પૂર્ણરૂપે પ્રકટેલી હોય છે, તાત્પર્ય કે તેઓ અનંતવીર્યના-અનંત શક્તિના સ્વામી બને છે, પણ પ્રયોજનના અભાવે તેને કદી પણ ફેરવતા નથી.

આ આઠ ગુણો વડે સિદ્ધ ભગવંતોનું વારંવાર ચિંતન કરવાથી સંસાર અસાર જણાય છે અને મોક્ષ-માર્ગ તરફ પ્રીતિ થાય છે.

---

# પ્રકરણ છઠ્ઠું

## આચાર્ય-પદ

આચાર્ય-પદનું મહત્ત્વ જૈન શાસ્ત્રોમાં અનેક રીતે વર્ણવાયેલું છે. શ્રી મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે 'જે ભાવાચાર્યો છે અર્થાત્ આચાર્યના સર્વ ગુણોથી વિભૂષિત છે, તેમને તીર્થંકર સમાન સમજવા અને તેમણે કરેલી આજ્ઞાનું ઉલ્લંઘન કરવું નહિ.'× સંબોધ પ્રકરણના ગુરુ સ્વરૂપાધિકારમાં જણાવ્યું છે કે 'જિનેશ્વરો તો ધર્મનો માર્ગ દર્શાવીને ક્યારનાય અજરામર પદને પામી ગયા. તેમની ગેરહાજરીમાં વર્તમાનકાળે સર્વ-શાસન આચાર્યો જ ધારણ કરે છે.'

શ્રીમદ્ યશોવિજયજીકૃત નવપદની પૂજામાં જણાવ્યું છે કે–

અત્થમિયે જિનસૂરજ કેવલ, વંદીજે જગદીવો,
ભુવન-પદારથ-પ્રકટનપટુ, આચારજ ચિરંજીવો.
ભવિકા સિદ્ધચક્ર પદવંદો

કેવળ જ્ઞાની જીનેશ્વરરુપ સૂર્યનો અસ્ત થતાં જગતના દીપકરૂપે જે પ્રકાશ આપે છે અને ત્રણ ભુવનના પદાર્થોને પ્રકટ કરવામાં જે કુશળ છે, તે આચાર્ય ઘણું જીવો.

બંધારણની દૃષ્ટિએ આચાર્યપદનું મહત્ત્વ સમજવા માટે 'ભારતીય જૈન શ્રમણ-સંસ્કૃતિ અને લેખનકળા' નામના મહાનિબંધમાં પ્રકટ થયેલી નીચેની નોંધ અતિ ઉપયોગી થઈ પડશે. 'જૈન શ્રમણ સંસ્થાનું સૂત્ર વ્યસ્થિત રીતે ચલાવવા માટે તેમાં કુલ, ગણ અને સંઘને લગતી વ્યવસ્થા હતી અને સંઘાટકની યોજના પણ ઘડવામાં આવી હતી. સંઘાટકની યોજના યુગલરૂપે પણ હતી અને સમુદાયરૂપે પણ હતી. સમુદાયરૂપ 'સાધુ-સંઘાટક' ને 'ગચ્છ' એ નામથી ઓળખતા. પરસ્પર સંબંધ ધરાવતા ગચ્છો, કુલો અને ગણોને અનુક્રમે કુલ, ગણ અને સંઘ એ નામથી ઓળખતા. એ ગચ્છો, કુલો અને ગણો ઉપર કાબુ રાખવા માટે એક સ્થવિર શ્રમણની નિમણુંક થતી. જેમને અનુક્રમે કુલાચાર્ય, ગણાચાર્ય અને સંઘાચાર્ય તરીકે માનવામાં આવતા. (તાત્પર્ય કે) સમગ્ર શ્રમણ સંસ્થા ઉપર છેવટની સત્તા ધરાવનાર સમર્થ પુરુષ સંઘાચાર્ય કહેવાતા. એમની સત્તા અને આજ્ઞા સમસ્ત શ્રમણ-સંસ્થા ઉપર પ્રવર્તતી અને મહત્ત્વના કાર્યોના અંતિમ નિર્ણયો તેમના હાથમાં રહેતા, એટલું જ નહિ પણ તેમના એ નિર્ણયો સર્વમાન્ય કરવામાં આવતા. પરંતુ આજે સંઘાચાર્યની પ્રથા અસ્તિત્વમાં નથી અને કુલાચાર્ય કે ગણાચાર્યને

---

× जे ते भावायरिया ते तित्थयरसमा चेव दट्ठव्वा ।
तेसिं सन्तिअं आणं नाइक्कमेज्जति ॥ —અધ્યયન પાંચમું

જ સામાન્ય રીતે આચાર્ય કહેવામાં આવે છે, એટલા સ્પષ્ટીકરણ સાથે આચાર્યપદની યોગ્યતાનો પરિચય કરાવીશું.

વિશેષાવશ્યક ભાષ્યમાં જણાવ્યું છે કે-

દીક્ષા ગ્રહણ કરાવ્યા પછી શિષ્યને બાર વર્ષ પર્યંત સૂત્ર ભણાવવું. તે પછી બાર વર્ષ પર્યંત એ સૂત્રનો અર્થ સમજાવવો. કારણ કે જેમ હળ, રેંટ અથવા ઘાણીમાંથી છૂટેલો ભૂખ્યો બળદ સારું અથવા ખરાબ ઘાસ સ્વાદનો અનુભવ કર્યા સિવાય ખાઈ જાય છે, અને પછી વાગોળતી વખતે એનો સ્વાદ અનુભવે છે, તેવી જ રીતે શિષ્ય પણ પ્રથમ અર્થ જાણ્યા વિના બાર વર્ષ સુધી સૂત્ર ભણે, તે વખતે તેનો અર્થ નહિ જાણવાથી રસ પડતો નથી, પરંતુ અર્થ ગ્રહણ કરતી વખતે રસ પડે છે. અથવા જેમ ખેડૂત પ્રથમ ડાંગર આદિ ધાન્ય વાવે છે. પછી તેનું રક્ષણ કરીને પકવે છે. તે પછી તેને કાપી-મસળી-સાફ કરીને ઘરે લાવીને નિશ્ચિંતપણે તેનો ઉપયોગ કરે છે. જો તેમ ન કરે તો ધાન્ય લાવવા આદિનો તેનો શ્રમ નિષ્ફળ જાય છે. તે જ પ્રમાણે શિષ્ય પણ બાર વર્ષ સુધી સૂત્ર ભણીને જો તેનો અર્થ ગ્રહણ ન કરે તો તેના અધ્યયનનો શ્રમ નિષ્ફળ જાય છે. માટે સૂત્ર ભણ્યા બાદ બાર વર્ષ પર્યંત અવશ્ય તેનો અર્થ સમજાવવો.

આ પ્રમાણે સ્થવિર કલ્પનો ક્રમ છે કે પ્રથમ દીક્ષા આપવી, તે પછી સૂત્ર ભણાવવું અને તે પછી તેનો અર્થ ભણાવવો.

ઉપર કહ્યા પ્રમાણે સૂત્રાર્થ ભણેલો શિષ્ય જો આચાર્યપદને લાયક હોય તો ઓછામાં ઓછા બે મુનિઓ અને ત્રીજો પોતે એમ ત્રણ જણને, ગ્રામ, નગર, સંનિવેશ આદિમાં વિહાર કરાવી બાર વર્ષ સુધી વિવિધ દેશોનાં દર્શન કરાવવાં. અને જો તે શિષ્ય આચાર્યપદને લાયક ન હોય તો તેને માટે આ દેશાટનનો નિયમ નથી. તેમાં આચાર્યપદને લાયક શિષ્યને દેશોના દર્શન કરાવવાનું કારણ એ જણાવ્યું છે કે 'વિવિધ દેશોમાં વિહાર કરતાં તે તીર્થંકરોની જન્મભૂમિ, દીક્ષાભૂમિ વગેરે જુએ. તે જોઇને વિચારે કે 'અહીં તીર્થંકરો જન્મ્યા હતા.' 'અહીં દીક્ષા લીધી હતી.' અહીં મોક્ષે ગયા હતા, ઈત્યાદિ. આવા વિચારો કરતાં તેને અતિશય આનંદ થાય અને સમ્યક્ત્વમાં સ્થિર થાય. વળી જુદા જુદા દેશોમાં ફરતાં અતિશય શ્રુતજ્ઞાની આચાર્યોનાં દર્શનથી સૂત્રાર્થ સંબંધી અને સામાચારી સંબંધી વિશેષ જ્ઞાન પ્રાપ્ત થાય. તેમજ જુદા જુદા દેશોની ભાષા અને આચારનું પણ જ્ઞાન થાય. તેથી તે દેશોમાં જન્મેલા શિષ્યોને તે તે ભાષામાં ધર્મોપદેશ આપી શકે. પછી એ ધર્મોપદેશથી બોધ પામેલાઓને દીક્ષા આપે. પૂર્વ દીક્ષા પામેલાઓ તેની ઉપસંપદા-નિશ્રા અંગીકાર કરે અને આ ગુરુ સર્વભાષા તથા આચારમાં કુશળ છે, એમ જાણીને તેના પર પ્રીતિ કરે. આ પ્રમાણે આચાર્ય-પદને લાયક હોય એવા શિષ્યને બાર વર્ષ સુધી દેશ-દર્શન

કરાવવારૂપ અનિયતવાસ કરાવવો. એથી ઘણા શિષ્યોની પ્રાપ્તિ થયા બાદ આચાર્ય-પદ પામીને સ્વ-પરનો ઉપકાર કરે.

આચાર્યપદની લાયકાત માટે શાસ્ત્રકારોએ કહ્યું કે-

देसकुल जाईरुवी, संघयणी धिजुझ्ओ अणासंसी ।
अविकत्थणो अमाई, थिरपरिवाडी गहियवक्को ।।९४।।
जियपरिसो जियनिद्दो, मज्झत्थो देसकालभावन्नू ।
आसन्नलद्धपइभो, नाणाविहदेसभासन्नू ।।९५।।
पंचविहे आयारे, जुत्तो सुतत्थतदुभयविहिन्नू ।
आहरणहेउ उवनय, नयनिउणो गाहणाकुसलो ।।९६।।
ससमय-परसमयविऊ, गंभीरो दित्तिमं सिवो सोमो ।
गुणसयललिओ एसो, पवयणसारं परिकहेउं ।।९७।।

—સંબોધ પ્રકરણ, સુગુરુઅધિકાર.

(૧-૪) देस-काल-जाइ-रुवे-દેશયુક્ત, કુલયુક્ત, જાતિયુક્ત અને રૂપયુક્ત,

જેમનો જન્મ મધ્યદેશ કે સાડી પચ્ચીસ આર્ય-દેશમાં० થયો હોય તે દેશયુક્ત કહેવાય છે. જેમનો પિતૃપક્ષ શુદ્ધ હોય તેમને કુલયુક્ત કહેવાય છે. જેમનો માતૃપક્ષ

० બૃહત્ કલ્પસૂત્રમાં ૨૫½ આર્ય દેશોના નામ અને તેની મુખ્ય નગરીઓ નીચે પ્રમાણે દર્શાવી છે:

| | | આજનો પ્રદેશ |
|---|---|---|
| (૧) મગધ | રાજગૃહ (રાજગીર) | -બિહાર પ્રાંતનો એક ભાગ. |
| (૨) અંગ | ચંપા (ચંપાનાળા) | -ભાગલપુર જીલ્લો વગેરે. |
| (૩) બંગ | તામ્રલિપ્તિ (તામલૂક) | -બંગાળ |
| (૪) કલિંગ | કંચનપુર | -ઓરિસ્સા. |
| (૫) કાશી | વારાણસી (બનારસ) | -ઉત્તરપ્રદેશ |
| (૬) કોશલ | સાકેત (અયોધ્યા) | ,, |
| (૭) કુરુ | ગજપુર (હસ્તિનાપુર) | -કુરુક્ષેત્ર વગેરે. |
| (૮) કુશાર્ત | સૌરીપુર | -મથુરાની ઉત્તરનો પ્રદેશ. |
| (૯) પાંચાલ | કાંપિલ્યપુર | -ફરુક્કાબાદ જિલ્લો વગેરે યુકત પ્રાંત. |
| (૧૦) જાંગલ | અહિચ્છત્રા | -બરેલી પ્રાંત વગેરે ઉત્તરપ્રદેશ |
| (૧૧) સૌરાષ્ટ્ર | બારામતી (દ્વારકા) | -સૌરાષ્ટ્ર |
| (૧૨) વિદેહ | મિથિલા | -જનકપુર જિલ્લો વગેરે (બિહાર) |
| (૧૩) વત્સ | કૌશાંબી (કોસલ) | -અલ્હાબાદ જિલ્લો વગેરે. |

શુદ્ધ હોય તેમને જાતિયુક્ત કહેવાય છે, અને જેમની આકૃતિ સુંદર હોય તેમને રૂપયુક્ત કહેવાય છે. આ ગુણોને લીધે આચાર્યનો જગતમાં પ્રભાવ પડે છે અને તેમની પાસે શિષ્યોનો બહોળો સમુદાય અધ્યયનાદિ કાર્યો કરે છે.

(૫) संघयणीं–સંઘયણવાળા. સંઘયણયુક્ત.

જેમનું શરીર સામર્થ્ય ઉત્તમ પ્રકારનું હોય તે સંઘયણ કહેવાય છે. આ ગુણોને લીધે લાંબા સમય સુધી પ્રવચનાદિ કાર્યો કરી શકે છે.

(૬) धिइजुओ–ધૃતિયુક્ત. જેમનું ચિત્ત સ્વસ્થ હોય તેમને ધૃતિયુક્ત કહેવાય છે. આ ગુણને લીધે તેઓ ગમે તેવા અટપટા પ્રશ્નોમાં પણ મુંઝાઈ જતા નથી કે ભ્રમમાં પડતા નથી.

(૭) अणासंसी–અનાશંસી. આશંસાથી રહિત.

જેઓ શ્રોતાઓ પાસેથી આહાર–પાણી, પાત્ર કે વસ્ત્રની ઈચ્છા રાખતા નથી, તે આસંશાથી રહિત કહેવાય છે.

(૮) अविकत्थणो–વિકત્થન દોષ રહિત.

કોઈનો થોડો પણ અપરાધ થયો હોય તેને ફરીફરીને કહી સંભળાવવાં તે વિકત્થનદોષ કહેવાય છે. આચાર્ય આવા દોષથી મુક્ત હોય છે અને તેથી જ શિષ્યના મુખેથી એક વાર તેનો અપરાધ સંભળાવીને ઉચિતદંડ, આલોચના કે પ્રાયશ્ચિત આપે છે.

(૯) अमायी–માયા રહિત, શઠતા રહિત.

આ ગુણોને લીધે આચાર્ય પોતાના ગચ્છનું સારી રીતે પાલન કરી શકે છે.

---

| | | |
|---|---|---|
| (૧૪) સંદર્ભ | નંદીપુર | –ઉત્તરપ્રદેશ |
| (૧૫) મલય | ભદ્રિલપુર | –હજારીબાગ જિલ્લો વ. (બિહાર) |
| (૧૬) મત્સ્ય | વૈરાટ | –જયપુર અને અલવરની આસપાસનો પ્રદેશ |
| (૧૭) વરુણ | અચ્છા | –ઉત્તરપ્રદેશ |
| (૧૮) દશાર્ણ | મૃતિકાવતી | –માળવાનો ઉત્તર ભાગ |
| (૧૯) ચેદી | શુક્તિમતી | –મધ્યપ્રાંત |
| (૨૦) સિંધુ સૌવીર | વીતભયનગર | –સિંધુ કિનારાનો પ્રદેશ |
| (૨૧) શૂરસેન | મથુરા | –મથુરાની આસપાસનો પ્રદેશ |
| (૨૨) ભંગી | પાવા | –માનભૂમ જિલ્લો વ (બિહાર) |
| (૨૩) વર્ત | માસપુરી | |
| (૨૪) કુણાલક | શ્રાવસ્તી | –અયોધ્યા જિલ્લો વગેરે. |
| (૨૫) કોટિકવર્ષ | લાટ | –ગુજરાતનો દક્ષિણ ભાગ |
| (૨૫½) કેતક | શ્વેતાંબી | –બિહાર પ્રાંત |

(૧૦) थिरपरिवाडी–સ્થિર પરિપાટીવાળા.

નિરંતર અભ્યાસને લીધે જેમની સૂત્રાર્થવાચના સ્થિર થયેલી છે, તે સ્થિર પરિપાટીવાળા કહેવાય છે. આ ગુણને લીધે સૂત્ર અને અર્થની વાચના કાયમ એક સરખી રહે છે.

(૧૧) गहियवक्को–ગૃહીત વાક્ય, ઉપાદેય વચનવાળા.

જેમનું વચન બધા ગ્રહણ કરે તે ઉપાદેય વચનવાળા કહેવાય. આ ગુણને લીધે તેમના થોડા શબ્દો ઘણા અર્થવાળા જણાય છે. તાત્પર્ય કે તેઓ થોડું કહે તો પણ ઘણી અસર થાય છે.

(૧૨) जियपरिसो–પરિષદ્‌ને (પર્ષદા)ને જીતનાર.

જેઓ ગમે તેવી મોટી સભામાં પણ ક્ષોભ ન પામે તેમને પરિષદ્ જીતનારા કહેવાય છે. આ ગુણને લીધે આચાર્ય પોતાનું મંતવ્ય સભાજનોને બહુ સ્પષ્ટતાથી સમજાવી શકે છે.

(૧૩) जियनिद्दो–નિદ્રાને જીતનાર.

જેની નિદ્રા અલ્પ હોય તેણે નિદ્રાને જીતી કહેવાય છે. આ ગુણને લીધે આચાર્ય રાત્રે સૂત્ર અને અર્થની ભાવના સારી રીતે કરી શકે છે.

(૧૪) मज्झत्थो-મધ્યસ્થ.

જે સર્વ શિષ્યોને વિષે સમચિત્તવાળા હોય તે મધ્યસ્થ કહેવાય. આ ગુણને લીધે આચાર્ય ગચ્છનું સારી રીતે પાલન કરી શકે છે.

(૧૫–૧૭) देस-काल–भावन्नू–દેશજ્ઞ, કાલજ્ઞ, ભાવજ્ઞ.

જે ક્ષેત્રની પરિસ્થિતિ બરાબર જાણતા હોય તેમને દેશજ્ઞ કહેવાય. જેઓ સમયને બરાબર ઓળખી શકતા હોય તેમને કાલજ્ઞ કહેવાય અને જેઓ લોકોની મનોદશાને બરાબર પારખી શકતા હોય તેમને ભાવજ્ઞ કહેવાય. આ ગુણોને લીધે આચાર્ય જનતાને સારી રીતે ધર્મ પમાડી શકે છે.

(૧૮) आसन्नलद्धपइभो- આસન્નલબ્ધ–પ્રતિભ.

જેમને પૂછવામાં આવે કે તરત જ પ્રતિભા–ઉત્તર આપવાની શક્તિ હોય, તેમને આસન્નલબ્ધ પ્રતિભ કહેવાય છે. આ ગુણને લીધે આચાર્ય અન્ય દર્શનીઓને તાત્કાલિક ઉત્તર આપી શકે છે.

(૧૯) नाणाविह–देस–भासन्नू–જુદા જુદા દેશોની ભાષાને જાણનાર.

આ ગુણથી જુદા જુદા દેશોના આચાર-વિચાર જાણે છે અને તેમને ધર્મનો ઉપદેશ આપે છે.

(૨૦–૨૪) पंचविहे आयारे जुत्तो–પાંચ પ્રકારના આચારમાં જોડાયેલ.

જે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પાંચ આચારનું પાલન કરનાર હોય તે પાંચ પ્રકારના આચારમાં જોડાયેલા કહેવાય છે. આ ગુણને લીધે આચાર્ય શિષ્યોમાં આચારનું પ્રવર્તન કરી શકે છે.

(૨૫) सुतत्थतदुभयविहिन्नू–સૂત્ર, અર્થ અને તે બન્નેની વિધિના જ્ઞાતા.

આ ગુણને લીધે આચાર્ય સૂત્રાનુસારી સુંદર પ્રવચન કરી શકે છે.

(૨૬–૨૯) आहरण–हेउ–उवनय–नय–निउणो–દૃષ્ટાંતનિપુણ હેતુનિપુણ, ઉપનયનિપુણ, નયનિપુણ, જે દૃષ્ટાંત દેવામાં કુશળ હોય તે દૃષ્ટાંતનિપુણ કહેવાય. જે હેતુ એટલે કારણ આપવામાં કુશળ હોય તે હેતુનિપુણ કહેવાય. જેઓ વિવેચનનો સારી રીતે ઉપસંહાર કરી શકે તેઓ ઉપનય નિપુણ કહેવાય. અને જેઓ એક જ વસ્તુને વિવિધ દૃષ્ટિબિંદુથી રજૂ કરી શકે તેઓ નયનિપુણ કહેવાય. આ ગુણોને લીધે આચાર્યનું પ્રવચન અત્યંત પ્રભાવશાળી બને છે.

(૩૦) गाहणाकुसलो–ગ્રાહણા કુશળ. જેઓ એક વસ્તુનું સમર્થ પ્રતિપાદન કરી શકે તેમને ગ્રાહણા કુશળ કહેવાય. આ ગુણને લીધે આચાર્ય ગમે તેવા દુર્જયવાદીઓને જીતી શકે છે.

(૩૧–૩૨) ससमय–परसमयविऊ–સ્વસમય-જ્ઞાતા, પરસમયજ્ઞાતા

જેઓ જિનાગમો અને તેને લગતાં શાસ્ત્રો સારી રીતે જાણતા હોય તેઓ સ્વસમયજ્ઞાતા કહેવાય અને અન્યદર્શનીઓનાં શાસ્ત્ર–સિદ્ધાંતો સારી રીતે જાણતા હોય તેઓ પરસમયજ્ઞાતા કહેવાય. આ ગુણને લીધે આચાર્યમાં ઉચ્ચ પ્રકારની વિદ્વત્તા આવે છે. અને તેના લીધે તે સર્વત્ર જય પામે છે.

(૩૩) गंभीरो ગંભીર–જેમના સ્વભાવમાં તુચ્છતા ન હોય તેઓ ગંભીર કહેવાય.

આ ગુણને લીધે આચાર્યનું ગૌરવ વધે છે.

(૩૪) दित्तिमं–દિપ્તિમાન, તેજસ્વી. જેમના તેજનો સરળતાથી પરાભવ ન થાય. તેઓ દીપ્તિમાન કહેવાય. આ ગુણને લીધે આચાર્ય કોઇથી દબતા નથી કે તેમના પર કોઈની શેહ પડતી નથી.

(૩૫) सिवो–કલ્યાણકર. આ ગુણને લીધે આચાર્ય જ્યાં જાય ત્યાં સ્વપરનું કલ્યાણ કરે છે.

(૩૬) सोमो–સૌમ્ય. જેમની દૃષ્ટિ શાંત હોય તેમને સૌમ્ય કહેવાય.

આ ગુણને લીધે સહુને આચાર્ય પ્રતિ બહુમાનની લાગણી થાય છે.

गुण–सय–कलिओ–ગુણ–શત કલિત, સેંકડો ગુણોથી યુક્ત.

एसो–આવો, આવા આચાર્ય.

पवयणसारं-પ્રવચન-સાર, દ્વાદશાંગીનું રહસ્ય.

परिकहेउं- કહેવાને યોગ્ય છે.

તાત્પર્ય કે જે આચાર્ય ભગવંતો આવા ગુણોથી યુક્ત હોય તે ગચ્છનું નેતૃત્વ કરી શકે છે અને જનતાને સમ્યક્ત્વ પમાડી ધર્મના સાચા માર્ગ પર મૂકી શકે છે.

આચાર્ય ભગવંતના છત્રીશ ગુણોની ગણના સંબોધ-પ્રકરણમાં અનેક રીતે કરાયેલી છે. તેમાંની બે ગણનાઓ વિશેષ ઉપયોગી હોવાથી અહીં આપવામાં આવે છે.

पडिरूवाइ चउदस खंतिमाइय दसविहो धम्मो ।
बारस य भावणाओ सूरिगुणा हुंति छत्तीसं ॥

પ્રતિરૂપાદિ ચૌદ ગુણો, ક્ષાંતિ આદિ દશવિધ યતિ-ધર્મ અને બાર ભાવનાઓ મળીને આચાર્યના ગુણો છત્રીસ થાય છે.×

પ્રતિરૂપાદિ ચૌદ ગુણોનું સ્પષ્ટીકરણ ગુરુ-ગુણ ષટ્‌ત્રિંશત ષટ્‌ત્રિંશિકામાં નજરે પડે છે, તે આ પ્રમાણે :

(૧) पडिरूवो-સુંદર આકૃતિવાળા.

(૨) तेयस्सी-તેજસ્વી.

(૩) जुगप्पहाणागमो-યુગ-પ્રધાનગમ, યુગ એટલે સમય કે કાળ, તેમાં પ્રધાન છે જ્ઞાન જેનું તે યુગપ્રધાનાગમ. અર્થાત્ પોતાના કાળમાં જેનું શાસ્ત્રજ્ઞાન શ્રેષ્ઠ હોય તેવા.

(૪) महुरवक्को મધુર વાક્ય બોલનાર. અનુભવી પુરુષોનું એ કથન છે કે

न तथा शशी न सलिलं, न चन्दनरसो न शीतला छाया ॥
आह्लादयन्ति पुरुषं, यथा हि मधुराक्षरा वाणी ॥

મધુર અક્ષરોવાળી વાણી પુરુષને જેટલો આનંદ આપે છે, તેટલો આનંદ ચંદ્રમા, જળ, ચન્દનરસ કે શીતલ છાયા આપી શકતી નથી. તેથી સુજ્ઞ પુરુષોએ સદા મધુર અક્ષરોવાળી વાણીનો જ પ્રયોગ કરવો જોઈએ.

(૫) गंभीरो ગંભીર. જેમના સ્વભાવમાં તુચ્છતા ન હોય તેઓ ગંભીર કહેવાય. આ ગુણને લીધે આચાર્યનું ગૌરવ વધે છે.

(૬) धिइमंतो-ધૃતિમાન્, ચિત્તને સ્વસ્થ રાખનાર, ગમે તેવા વિકટ કે વિચિત્ર પ્રસંગોમાં પણ મનનું સમતોલપણું જાળવી રાખનાર. ધીરજવાળા.

(૭) उवएसपरो-ઉપદેશ પરાયણ, ઉપદેશ દેવામાં તત્પર.

× નવપદજીની આરાધનામાં આ ગુણો પ્રમાણે આચાર્યને ૩૬ વંદન કરવામાં આવે છે.

(૮) अपरिस्सावी–અપરિસાવી, અનાશ્રવી, કર્મના આશ્રવને દૂર કરનાર. કોઇની ગુપ્ત વાત જેમના મુખમાંથી કદી ન નીકળે એવા.

(૯) सोमो–સૌમ્ય–જેમની દૃષ્ટિ શાંત હોય તેમને સૌમ્ય કહેવાય.

(૧૦) संगहसीलो–સંગ્રહશીલ, ધર્મનો સંગ્રહ કરનાર.

(૧૧) अभिग्गहमई–અભિગ્રહમતિ, સર્વગ્રાહી બુદ્ધિવાળો.

(૧૨) अविकत्थणो–વિકત્થન દોષથી રહિત. (વિસ્તૃત અર્થ પૂર્વે આવી ગયો છે.)

(૧૩) अचवलो–અચપળ, ચંચળતા રહિત.

(૧૪) पसंतहियओ–પ્રશાંત હૃદય, પ્રશાંત હૃદયવાળા.

દશ–વિધ યતિ–ધર્મની ગણના આ પ્રમાણે થાય છે :

(૧૫–૧) खंती–ક્ષાંતિ, ક્ષમા, ક્રોધ રહિતપણું.

(૧૬–૨) मद्दव–માર્દવ, નમ્રતા, નિરભિમાનપણું.

(૧૭–૩) अज्जव–આર્જવ, સરળતા, નિષ્કપટપણું.

(૧૮–૪) मुत्ति–મુક્તિ, સંતોષ, નિર્લોભપણું.

(૧૯–૫) तव–संजम–તપ અને સંયમ. તપથી ઇચ્છાનો રોધ તથા બાહ્ય અને અભ્યંતર તપશ્ચર્યા સમજવી. અને સંયમથી પાંચ મહાવ્રતાદિ સત્તર પ્રકારનો સંયમ સમજવો.

(૨૧–૭) सच्चं–સત્ય, પ્રિય, પથ્ય તથા તથ્ય વચનને સત્ય સમજવું.

(૨૨–૮) सोअं–શૌચ, મન–વચન–કાયાની પવિત્રતા.

(૨૩–૯) आकिंचणं–આકિંચન્ય, કંઇપણ પરિગ્રહ રાખવો નહિ. કોઇપણ વસ્તુ પર મમત્વ રાખવું નહિ.

(૨૪–૧૦) बंभं–બ્રહ્મ, બ્રહ્મચર્ય.

બાર ભાવનાઓ સુપ્રસિદ્ધ છે, તે આ પ્રમાણે :

(૨૫–૧) अणिच्चं–અનિત્યભાવના–સર્વપૌદ્ગલિક પદાર્થોની તથા સંબંધોની અનિત્યતા ચિંતવવી.

(૨૭–૨) असरणं–અશરણ–ભાવના–અરિહંત આદિ ચાર શરણ વિના સંસારમાં પ્રાણીને કોઈનું શરણ નથી. તેવું ચિંતન કરવું.

(૨૬–૩) संसारो– સંસાર–ભાવના, સંસારમાં જીવનું અનાદિ પરિભ્રમણ તથા તેમાં અનંત જન્મ, મરણ અને અસ્થિર સંબંધોનું ચિંતન કરવું.

(૨૮–૪) एगया–એકત્વભાવના. જન્મ–મરણ તથા સુખ–દુઃખ સંસારમાં એકલાને જ અનુભવવાં પડે છે, તેમ ચિંતવવું.

(૨૯–૫) अन्नतं અન્યત્વ-ભાવના. આત્માને શરીર, ધન, બંધુ વગેરેથી ભિન્ન ચિંતવવું

(૩૦–૬) असुइत्तं અશુચિત્વ-ભાવના. કાયાનું અપવિત્રપણું ચિંતવવું.

(૩૧–૭) आसव–આશ્રવ-ભાવના. કષાય, યોગ, પ્રમાદ, અવિરતિ તથા મિથ્યાત્વને અશુભ કર્મના હેતુ તરીકે ચિંતવવા.

(૩૨–૮) संवरो–સંવર-ભાવના. સંયમનું સ્વરૂપ ચિંતવવું.

(૩૩–૯) णिजरा–નિર્જરા–ભાવના. કર્મની નિર્જરા કરવામાં કારણભૂત તપનો મહિમા ચિંતવવો.

(૩૪–૧૦) लोग–सहावो–લોક સ્વભાવ–ભાવના. ચૌદ રાજ–લોકનું સ્વરૂપ ચિંતવવું.

(૩૫–૧૧) बोही दुक्कहा–બોધિ–દુર્લભ–ભાવના. સમ્યક્ત્વની દુર્લભતા ચિંતવવી.

(૩૬–૧૨) धम्मस्स साहगा अरिहा–ધર્મ સ્વાખ્યાત ભાવના. ધર્મના સાધક અરિહંતો (પણ દુર્લભ) છે એમ ચિંતવવું.

બીજી ગણના આ પ્રમાણે થાય છે.

पंचिंदिय–संवरणो, तह नवविह–बंभचेर–गुत्तिधरो ।
तह चत्तचउकसायो, अट्ठारसगुणेहिं संजुत्तो ॥
पंच महव्वय–जुत्तो, पंचविहायार–पालण–समत्थो ।
पंच समिइ–तिगुत्ति-गुत्तो, छत्तीसगुण–कलिओ ॥*

અર્થાત્ આચાર્ય પાંચ ઈન્દ્રિયોનો સંવર કરનાર, તથા નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર તથા ચાર પ્રકારના કષાયથી મુક્ત એમ અઢાર ગુણો વડે યુક્ત હોય છે. વળી તે પાંચ મહાવ્રતથી યુક્ત, પાંચ પ્રકારના આચાર પાળવામાં સમર્થ અને પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિથી રક્ષિત હોય છે. આ પ્રમાણે કુલ છત્રીશ ગુણવાળા હોય છે. +

આ છત્રીશ ગુણો વડે આચાર્ય ભગવંતનું ચિંતન કરતાં સમ્યક્ત્વમાં સ્થિર થવાય છે. અને અનુક્રમે આચારમાં કુશળ બની પરમપદને પામી શકાય છે.

---

* આવશ્યકના અનેક બાલાવબોધોમાં મુખ્યતત્વે આ ગુણોનું વ્યાખ્યાન થયેલું છે. સામાયિકમાં ગુરુની સ્થાપના કરતી વખતે પણ આ ગુણોનું ચિંતન કરવામાં આવે છે.

+ આ ગુણોના વિસ્તૃત વિવેચન માટે જુઓ પ્રબોધ ટીકા ભા. ૧ લો છેલ્લી આવૃત્તિ.

# પ્રકરણ–સાતમું

## ઉપાધ્યાય–પદ

ઉપાધ્યાય ભગવંતો ગચ્છની સારસંભાળ કરવામાં આચાર્ય ભગવંતોને મદદ કરે છે. તથા સાધુઓને સૂત્ર-સિદ્ધાંતનું પદ્ધતિસર શિક્ષણ આપે છે. તેથી શ્રમણ–સંઘનું મહત્વનું અંગ ગણાય છે અને તે જ કારણે આચાર્ય ભગવંતો પછી તરત જ તેમને વંદના કરવામાં આવે છે.

શ્રી હરિભદ્રસૂરિએ સંબોધ પ્રકરણના ગુરુસ્વરૂપાધિકારમાં જણાવ્યું છે કે–ઉપાધ્યાયો દૃઢ, સંઘયણવાળા, ઉત્તમ જાતિવાળા, ઉત્તમ કુલવાન્, જિતેન્દ્રિય, ભદ્ર, અંગોપાંગની ખોડ–ખાંપણથી રહિત, નીરોગી, વાચના આપવામાં કુશળ, ગુરુએ આપેલા પરમ મંત્રવાળા, દીક્ષા, વડીદીક્ષા અને પ્રતિષ્ઠા વગેરે કાર્યોમાં કુશળ ઈત્યાદિ લાખો ગુણોવડે યુક્ત કહેલા છે.×

ઉપાધ્યાય ભગવંતના પચ્ચીસ ગુણોનું વર્ણન તેમણે અનેક રીતે કર્યું છે, તેમાં એક સ્થળે જણાવ્યું છે કે–

इक्कारसंगधारी बारउवंगाणि जो अहिज्जेइ ।
तह चरण–करणसत्तरी धरावइ धरइ पणवीसं ॥

જે અગીયાર અંગ તથા બાર ઉપાંગોને ભણે છે. તથા ચરણ–સિત્તરી અને કરણ–સિત્તરીને ધારણ કરે છે તથા કરાવે છે. (તેમને ઉપાધ્યાય જાણવા.)+

જૈન–સૂત્રોના અભિપ્રાયથી શ્રુતજ્ઞાન બે પ્રકારનું છે : અંગ પ્રવિષ્ટ અને અંગ બાહ્ય× તેમાં જે શ્રુત અરિહંત ભગવંતોની દેશના સાંભળીને ગણધર ભગવંતોએ રચેલું હોય તે અંગ–પ્રવિષ્ટ કહેવાય છે અને જે શ્રુત તેના આધારે સ્થવિર મહર્ષિઓએ રચેલું હોય અંગબાહ્ય કહેવાય છે.

---

× थिरसंघयणी जाइ–विसिट्ठकुलवं जिइंदिओ भद्दो ।
नो हीणअंगुवंगो नीरोगी वायणादक्खो ॥ १८७ ॥
गुरुदत्तपरममंतो दिक्खोवठाणापइट्ठासु ।
दक्खो लक्खगुणेहिं संजुओ वायगो भणइ ॥ १८८ ॥

– શ્રીસંબોધ પ્રકરણ–ગુરુસ્વરૂપાધિકાર.

+ વર્તમાનકાળે ઉપાધ્યાયના આ પચ્ચીશ ગુણોનું વ્યાખ્યાન પ્રસિદ્ધ છે.

× 'सुयनाणं दुविहे पन्नत्ते तं जहा–अंगपविट्ठे चेव अंगबाहिरे चेव ।'

સ્થાનાંગસૂત્ર, સ્થાન બીજું, ઉદ્દેશ ૩જો, સૂત્ર ૭૧

અંગ પ્રવિષ્ટ શ્રુતના બાર પ્રકારો નંદિસૂત્રમાં આ પ્રમાણે જણાવ્યા છે; (૧) આયાર (આચાર), (૨) સુયગડ (સૂત્રકૃત), (૩) ઠાણ (સ્થાન), (૪) સમવાઓ (સમવાય), (૫) વિવાહપન્નતી (વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ), (૬) નાયાધમ્મકહાઓ (જ્ઞાતા ધર્મકથા), (૭) ઉવાસગ-દસાઓ (ઉપાસક દશા), (૮) અંતગડ દસાઓ, (અંતકૃત્ દશા), (૯) અણુત્તરોવવાઈય દસાઓ (અનુત્તરોપપાતિક), (૧૦) પણ્હાવાગરણાઈ (પ્રશ્નવ્યાકરણ), (૧૧) વિવાગ સુર્ય (વિપાકશ્રુત), (૧૨) દિટ્ઠિવાઓ (દૃષ્ટિવાદ) ॥ (સૂત્ર ૪૪).

આમાંથી બારમું દૃષ્ટિવાદ વિચ્છેદ ગયેલું છે, એટલે શેષ અગિયાર અંગોનો નિર્દેશ કરેલો છે.

અહીં એટલું સ્પષ્ટીકરણ કરવું આવશ્યક છે કે હાલમાં જે અગિયાર અંગો ઉપલબ્ધ છે, તે મૂળ અંગસૂત્રનો અમુક જ ભાગ છે અને તે દેવર્ધિંગણિ ક્ષમાશ્રમણ દ્વારા શ્રી વીરનિર્વાણ સં. ૯૮ માં સંપાદિત થયેલો છે. આમ બનવાનું કારણ એ છે કે શ્રમણ ભગવાન્ મહાવીરના નિર્વાણ પછી આશરે એકસો અડતાલીસ વર્ષે પૂર્વ દેશમાં બાર વર્ષી દુકાળ પડ્યો, તેથી કેટલાક સાધુઓ સમુદ્ર કિનારે ચાલ્યા ગયા. કેટલાકે નદીઓના તટો પર આશ્રય લીધો. કેટલાક પર્વતની ગુફાઓમાં ચાલ્યા ગયા, તો કેટલાકે અનશનપૂર્વક દેહનો ત્યાગ કર્યો. આ સ્થિતિમાં શાસ્ત્રોનો સ્વાધ્યાય બરાબર થઈ શક્યો નહિ. તેથી કેટલુંક શ્રુત ભૂલાઈ ગયું. દુકાળ પૂરો થયા પછી વીર નિર્વાણ સં. ૧૬૦ ની આસપાસ શ્રમણ સંઘને પાટલીપુત્રમાં એકઠો કરવામાં આવ્યો. અને બચ્યું હતું તેટલું શ્રુત એકઠું કરવામાં આવ્યું પણ તેમાં બારમું અંગ દૃષ્ટિવાદ પ્રાપ્ત થઈ શક્યું નહિ.

શ્રી ભદ્રબાહુસ્વામી આ અંગના જાણકાર હતા. પણ તેઓ એ વખતે નેપાળની સરહદ પર રહીને મહાપ્રાણ નામનું ધ્યાન સિદ્ધ કરી રહ્યા હતા, કે જેની સિદ્ધિથી સમસ્ત શ્રુતનું પરાવર્તન થોડીક ક્ષણોમાં થઈ શકે છે.

આ અંગ તેમની પાસેથી મેળવવા માટે સંઘે કેટલાય સાધુઓને તેમની પાસે મોકલ્યા. તેમાં માત્ર સ્થૂલિભદ્ર મુનિ સૂત્રથી ચૌદ પૂર્વ અને અર્થથી દશપૂર્વ સુધીનું જ્ઞાન મેળવીને પાછા આવ્યા. ત્યારપછી પૂર્વોનું જ્ઞાન ક્રમશઃ લુપ્ત થતું ગયું અને શ્રી મહાવીર નિર્વાણ પછી એક હજાર વર્ષે તમામ પૂર્વોનું જ્ઞાન લુપ્ત થયું.

શ્રી વીર–નિર્વાણના નવમા સૈકામાં પણ બારવર્ષી દુકાળ પડયો હતો અને ત્યારે પણ સૂત્ર સિદ્ધાંતનો કેટલોક ભાગ ભૂલાઈ ગયો હતો. તેથી આચાર્ય સ્કંદિલસૂરિએ મથુરામાં અને આચાર્ય નાગાર્જુને વલ્લભીપુરમાં શ્રી શ્રમણ સંઘને એકત્ર કર્યો હતો અને શ્રુતને વ્યવસ્થિત કર્યું હતું.

ત્યાર પછી વીરનિર્વાણના ૯૮૦ મા વર્ષે વલ્લભીપુરમાં દેવર્ધિંગણિ ક્ષમાશ્રમણે સકલ સંઘને એકત્ર કર્યો હતો. અને તેમાં શ્રુતને ગ્રંથારૂઢ કરવાનો નિર્ણય લેવાયો હતો. આ

વખતે તેમણે અવશિષ્ટ શ્રુતનું જે સંપાદન કર્યું હતું, તે પરંપરાગત આપણા સુધી પહોંચ્યું છે.

પાઠકોની જાણ માટે અહીં ઉપલબ્ધ અગિયાર અંગોનો ટૂંક પરિચય આપવામાં આવે છે.

(૧) **આયારંગ-(આચારાંગ)**–આ અંગને બે શ્રુત સ્કન્ધો છે. તેમાં પ્રથમ શ્રુતસ્કંધમાં નવ અધ્યયનો છે. અને બીજા શ્રુતસ્કંધમાં સોળ અધ્યયનો છે. આ અધ્યયનમાં મુખ્યત્વે સાધુ ધર્મના આચાર, ગોચરી વિધિ, વિનય તથા સંયમ વગેરેનું વર્ણન છે.

આ અંગ પર શ્રી ભદ્રબાહુસ્વામી કૃત નિર્યુક્તિ, શ્રી જિનદાસગણિ કૃત ચૂર્ણિ+ તથા શ્રી શીલાંકાચાર્યકૃત સંસ્કૃત ટીકા વિદ્યમાન છે. શ્રી ગંધહસ્તીએ આ અંગ પર ગહન વિવરણ રચ્યાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. પણ તેનું વિવરણ ઉપલબ્ધ થયું નથી.

(૨) **સૂયગડાંગ-(સૂત્રકૃતાંગ)**–આ અંગને બે શ્રુત સ્કન્ધો છે તેમાં પ્રથમ શ્રુતસ્કન્ધમાં સોળ અધ્યયનો છે ને બીજા શ્રુતસ્કન્ધમાં સાત અધ્યયનો છે. આ અધ્યયનોમાં ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદીના મળીને પાખંડીના ત્રણસો ને ત્રેસઠ ભેદો વિસ્તારથી વર્ણવ્યા છે, તેમજ શુદ્ધતત્ત્વનું નિરૂપણ કરેલું છે.

આ અંગ પર શ્રી ભદ્રબાહુસ્વામિકૃત નિર્યુક્તિ, શ્રી જિનદાસગણિ મહત્તરકૃત ચૂર્ણિ, શ્રી શીલાંકાચાર્યકૃત સંસ્કૃત ટીકા ઉપલબ્ધ છે.

(૩) **ઠાણાંગ-(સ્થાનાંગ)**–આ અંગમાં એક શ્રુતસ્કન્ધ છે, દશ અધ્યયનો છે. અને એકવીસ ઉદ્દેસણાકાલ છે તેમાં એકથી દસ સુધીના ભાવોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.*

આ અંગ પર શ્રી અભયદેવસૂરિએ સંસ્કૃતમાં ટીકા રચી છે, તે ઉપલબ્ધ છે.

(૪) **સમવાયાંગ-(સમવાયાંગ)**–આ અંગમાં ૧૬૦ સૂત્રો છે, તેમાં જીવ, અજીવ વગેરેની ચડતા ક્રમે પ્રરૂપણા કરવામાં આવી છે.

આ અંગ પર શ્રી અભયદેવસૂરિએ સંસ્કૃતમાં ટીકા રચી છે. તે ઉપલબ્ધ છે.

(૫) **વિવાહ પણ્ણત્યંગ-(વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ)**–આનું બીજું નામ શ્રી ભગવતીજી પણ છે. આ અંગ એક શ્રુતસ્કન્ધરૂપ છે, તેમાં ૧૦૧ શતકો અને તેટલાં જ અધ્યયનો છે, અને ૧૫૭૫૨ સૂત્રો છે. આ સૂત્રોમાં જીવ, અજીવ, જીવાજીવ, લોક, અલોક, લોકાલોક સ્વસમય અને પરસમયની વ્યાખ્યા કરેલી છે.

---

+ આચારાંગ તથા સૂત્રકૃતાંગની ચૂર્ણિ શ્રી જિનદાસગણિકૃત હોવાનો પ્રવાદ છે.

* બૌદ્ધોના અંગૂત્તર નિકાયમાં આ શૈલી જોવામાં આવે છે.

આ અંગ પર ચૂર્ણિ રચાયેલી છે, પણ તે ઉપલબ્ધ નથી. શ્રી અભયદેવસૂરિએ સંસ્કૃતમાં વિશદ ટીકા રચેલી છે, તે ઉપલબ્ધ છે.

(૬) **નાયાધમ્મકહાંગ** (જ્ઞાતાધર્મકથાંગ)–આ અંગ બે શ્રુતસ્કન્ધોમાં વહેંચાયેલું છે. પહેલા શ્રુતસ્કન્ધમાં ૧૯ અધ્યયનો છે અને બીજામાં દશ વર્ગો તથા દસ અધ્યયનો છે.

પ્રથમ શ્રુતસ્કન્ધમાં નગર, રાજા, માતપિતા, ઉદ્યાનો, પ્રવ્રજ્યા, વિશેષ તપો, પરલોકની ગતિ, અંતક્રિયાનું વર્ણન છે, અને બીજા શ્રુતસ્કન્ધમાં કથાઓ અને ઉપકથાઓ છે.

આ અંગ પર શ્રી અભયદેવ સૂરિએ સંસ્કૃતમાં ટીકા રચી છે, તે ઉપલબ્ધ છે.

(૭) **ઉવાસગ દસાંગ**–(ઉપાસક દશાંગ)–આ અંગ એક શ્રુતસ્કન્ધ છે, તેમાં દશ અધ્યયનો અને દશ ઉદ્દેશાઓ છે અને તેમાં ૮૧૨ સૂત્રો ગુંથાયેલાં છે. આ સૂત્રોમાં ઉપાસકોનાં નગરો, નગરના સ્વામી, માત–પિતા, ઉદ્યાનો, આચાર્યોનું વ્રતગ્રહણ, પરિગ્રહ પ્રમાણ, ભોગનો ત્યાગ, તપસ્યા, પ્રત્યાખ્યાન, સમાધિમરણ વગેરેનું વર્ણન છે.

આ અંગ પર શ્રી અભયદેવસૂરિએ સંસ્કૃતમાં ટીકા રચી છે, તે ઉપલબ્ધ છે.

(૮) **અંતગડદસાંગ**-(અન્તકૃદ્દશાંગ)–આ અંગ એક શ્રુતસ્કંધરૂપ છે. તેમાં આઠ વર્ગ અને આઠ ઉદ્દેશા છે. તેમાં નગરો, નગરોના રાજાઓ, માત–પિતા, સમૃદ્ધિ, ઉદ્યાનો, ચૈત્યો, આચાર્ય, પ્રવ્રજ્યા, ભોગનો ત્યાગ, વિશેષ તપો, પ્રત્યાખ્યાન અને કેવળજ્ઞાનની પ્રાપ્તિવડે અંતક્રિયા વગેરે વિષયોનું વર્ણન છે.

આ અંગ પર શ્રી અભયદેવસૂરિએ રચેલી સંસ્કૃત ટીકા ઉપલબ્ધ છે.

(૯) **અણુત્તરોવવાઈય દસાંગ** (અનુત્તરોપપાતિકદશાંગ)–આ અંગ એક શ્રુતસ્કંધરૂપ છે. તેમાં ત્રણ વર્ગો અને ત્રણ ઉદ્દેશાઓ છે. તેમાં અનુત્તરવિમાનમાં ઉપજનારાઓનાં નામો, નગરો, રાજાઓ, ઉદ્યાનો, ચૈત્યો વગેરેનું વર્ણન છે.

અનુત્તર વિમાનમાં જેની ઉત્પત્તિ થાય છે, તેની દશાનું વર્ણન હોવાથી અનુત્તરોપપાતિક દશા કહેવાય છે.

(૧૦) **પણ્હાવાગરણાંગ** (પ્રશ્નવ્યાકરણાંગ)–આ અંગ એક શ્રુતસ્કંધરૂપ છે. અને તેમાં દશ અધ્યયનો છે. તેમાં પાંચ આશ્રવ દ્વારોનું તથા પાંચ સંવરદ્વારોનું વર્ણન છે.

આ અંગ પર શ્રી અભયદેવસૂરિએ રચેલી સંસ્કૃત ટીકા ઉપલબ્ધ છે.

(૧૧) **વિવાગસુયાંગ** (વિપાકશ્રુતાંગ)–આ અંગને બે શ્રુતસ્કંધો છે, તેમાં વીશ અધ્યયનો અને વીશ ઉદ્દેશાઓ છે. પહેલા શ્રુતસ્કંધની અપેક્ષાએ બીજો શ્રુતસ્કંધ ઘણો નાનો છે. પ્રથમ શ્રુતસ્કંધમાં દુઃખમાં વિપાકવાળા જીવોનું દુઃખ વર્ણવ્યું છે અને બીજા શ્રુતસ્કંધમાં સુખના વિપાકવાળા જીવોનું સુખ અને દીક્ષા ગ્રહણનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ અંગ પર શ્રી અભયદેવસૂરિએ રચેલી સંસ્કૃત ટીકા ઉપલબ્ધ છે.

અંગબાહ્યશ્રુત બે પ્રકારનું છે : આવશ્યક અને આવશ્યક વ્યતિરિક્ત. તેમાં આવશ્યક શ્રુત સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન એ છ અધ્યયનવાળું છે અને આવશ્યક વ્યતિરિક્ત સૂત્ર બે પ્રકારનું છે. કાલિકશ્રુત તથા ઉત્કાલિકશ્રુત.× તેમાં કાલિકશ્રુત અનેક પ્રકારનું છે,* જેમકે "ઉત્તરજ્ઝયણાંઇ (ઉત્તરાધ્યયન), દસાઓ (દશા), કપ્પો (કલ્પ), વવહારો (વ્યવહાર), નિસીહં (નિશીથ), મહાનિસીહં (મહાનિશીથ), ઇસિભાસિયાંઈ, (ઋષિભાષિત), જંબૂદીવપન્નતી (જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ), દીવસાગર પન્નતી (દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ), ચંદપન્નતી (ચંદ્રપ્રજ્ઞપ્તિ), ખુડ્ડિયા વિમાણ પવિભતી (ક્ષુલ્લિકા વિમાન પ્રવિભક્તિ), અંગચૂલિયા (અંગ ચૂલિકા), વગ્ગચૂલિયા (વર્ગ-ચૂલિકા), વિવાહચૂલિયા (વિવાહચૂલિકા), અરુણોવવાએ (અરુણોપપાત), વરુણોવવાએ (વરુણોપપાત), ગુરુલોવવાએ (ગરુડોપપાત), ધરણોવવાએ (ધરણોપપાત), વેસમણોવવાએ (વૈશ્રમણોપપાત) વેલંધરોવવાએ (વેલંધરોપપાત), દેવિંદોવવાએ (દેવેન્દ્રોપપાત), ઉટ્ઠાણસુયં (ઉત્થાનશ્રુત), સમુટ્ઠાણસુયં (સમુત્થાનશ્રુત), નાગપરિયાવણિયાઓ૦ (નાગપરિજ્ઞાપનિકા), નિરયાવલિયાઓ (નિરયાવલિકા), કપ્પિયાઓ (કલ્પિકા), કપ્પવડંસિયાઓ (કલ્પાવતંસિકા), પુપ્ફિયાઓ (પુષ્પિકા), પુપ્ફચૂલિયાઓ (પુષ્પચૂલિકા), વણ્હીદસાઓ (વૃષ્ણિદશા) વગેરે.

ઉત્કાલિકશ્રુત અનેક પ્રકારનું છે, જેમ કે દસવેયાલિયં (દશવૈકાલિક), કપ્પિયાકપ્પિયં (કલ્પિકાકલ્પિક), ચુલ્લકપ્પસુયં ચુલ્લકલ્પશ્રુત) મહાકપ્પસુયં (મહાકલ્પશ્રુત), ઉવવાઇયં (ઔપપાતિકં) રાયપસેણિયં, (રાજપ્રશ્નકં), જીવાભિગમો (જીવાભિગમ), પણ્ણવણા (પ્રજ્ઞાપના) (મહાપણ્ણવણા (મહાપ્રજ્ઞાપના), પમાયપ્પમાયં (પ્રમાદાપ્રમાદ), નંદી નંદી) અણુઓગદારાઈ (અનુયોગદ્વાર), દેવિંદત્થઓ (દેવેન્દ્રસ્તવ), તંદુલવેયાલિયં (તન્દુલવૈચારિકં) ચંદા વિજ્જયં (ચંદ્રકવેધ્યં), સૂરપણ્ણતી (સૂર્યપ્રજ્ઞપ્તિ), પોરિસિમંડલં (પૌરુષી મંડલ), મંડલપ્પવેસો (મંડલપ્રવેશ), વિજ્જાચરણ વિણિચ્છઓ (વિદ્યાચરણ વિનિશ્ચય), ગણિવિજ્જા (ગણિવિદ્યા) ઝાણ વિભતી (ધ્યાન વિભક્તિ), મરણ વિભતી (મરણ વિભક્તિ), આયવિસોહી (આત્મવિશુદ્ધિ) વીયરાગ સુયં (વીતરાગશ્રુતં) સંલેહણાસુયં (સંલ્લેખના શ્રુત), વિહારકપ્પો (વિહારકલ્પ), ચરણ વિહી (ચરણવિધિ), આઉર પચ્ચકખાણં (આતુરપ્રત્યાખ્યાન) અને મહાપચ્ચકખાણં (મહાપ્રત્યાખ્યાન)

---

× अंगबाहिरे दुविहे पन्नत्ते तं जहा-आवस्सए चेव आवस्सय बहिरित्ते चेव, ।
आवस्सवबहिरित्ते दुविहे पन्नत्ते तं जहा-कालए चेव उक्कालिए चेव ॥

—સ્થાનાંગસૂત્ર સ્થાન ૨ જું, ઉદ્દેશ ૩ જો, સૂત્ર ૭૧.

* આ નામો નંદિસૂત્રમાં જણાવેલાં છે.

૦ નાગપરિયાવલિયાઓ (પાઠાંતર) (નાગપયવિલિકા)

કાલિક અને ઉત્કાલિક શ્રુતમાં જણાવેલાં નીચેનાં બાર સૂત્રોને 'ઉપાંગ' તરીકે ઓળખવામાં આવે છે :

(૧) ઓવાઇયં (ઔપપાતિક) ઉત્કાલિક શ્રુત
(૨) રાયપસેણઇયં (રાજપ્રાશ્નીક) ,,
(૩) જીવાભિગમો (જીવાભિગમ) ,,
(૪) પણ્ણવણા (પ્રજ્ઞાપના) ,,
(૫) સૂરપન્નતી (સૂર્યપ્રજ્ઞપ્તિ) ,,
(૬) જંબૂદ્દીવપન્નતી (જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ) કાલિકશ્રુત
(૭) ચંદપન્નતી (ચંદ્રપ્રજ્ઞપ્તિ) ,,
(૮) કપ્પિયા (કલ્પિકા) ,,
(૯) કપ્પવડંસિયા (કલ્પાવતંસિકા) ,,
(૧૦) પુપ્ફિયાઓ (પુષ્પિકા) ,,
(૧૧) પુપ્ફચૂલિકાઓ (પુષ્પચૂલિકા) ,,
(૧૨) વણ્હીદસાઓ (વૃષ્ણિદશા) ,,

ઉપાધ્યાય ભગવંતો આ સૂત્રોનું વિધિપૂર્વક અધ્યયન કરે છે અને તેનું બીજા સાધુઓને વિધિપૂર્વક અધ્યયન કરાવે છે, તેથી શ્રુતધર્મની પરંપરા અવિચ્છિન રહે છે અને તેના આધારે ચાલતા ચારિત્રધર્મમાં ઉજ્જવલતા આવે છે.

હવે ચરણસિત્તરી અને કરણ સિત્તરીનું સ્વરૂપ સમજીએ. ચરણ એટલે ચારિત્ર કે શ્રમણધર્મ. તેના યથાર્થ પાલન માટે શાસ્ત્રકારોએ જે સીત્તેર બોલોની પ્રરૂપણા કરી છે, તેને ચરણસિત્તરી કહેવાય છે, તે અંગે શાસ્ત્રોમાં કહ્યું છે કે–

"वय–समणधम्म–संजम–वेयावच्चं च बंभगुत्तीओ ।
नाणाइं–तिअ–निग्गहाइं–चरणमेअं ॥

'વ્રત, શ્રમણધર્મ, સંયમ, વૈયાવૃત્ય, બ્રહ્મચર્યની ગુપ્તિઓ, જ્ઞાનાદિત્રિક, તપ અને ક્રોધનિગ્રહાદિ એ ચરણ છે.'

અહીં વ્રતથી પ્રાણાતિપાતવિરમણવ્રતાદિ પંચ મહાવ્રતો, શ્રમણ ધર્મથી ક્ષમાદિ દશ પ્રકારના ગુણો, સંયમથી સત્તર પ્રકારનો સંયમ, વૈયાવૃત્યથી આચાર્યાદિ દશનું વૈયાવૃત્ય, બ્રહ્મચર્ય ગુપ્તિથી વિવિક્ત–વસતિ–સેવા આદિ નવ ગુપ્તિઓ, જ્ઞાનાદિત્રિકથી સમ્યગ્‌જ્ઞાન, સમ્યગ્‌દર્શન અને સમ્યક્‌ચારિત્ર, તપથી છ બાહ્ય અને છ અભ્યંતર તપો અને ક્રોધનિગ્રહથી ક્રોધનો નિગ્રહ, માનનો નિગ્રહ, માયાનો નિગ્રહ અને લોભનો નિગ્રહ એ ચાર નિગ્રહો સમજવાના છે. આ બધા પ્રકારોનો સરવાળો સીત્તેર થાય છે.

કરણ એટલે ક્રિયા, તેની સિદ્ધિ માટે જે સીત્તેર બોલોની પ્રરૂપણા થયેલી છે, તેને કરણસિત્તરી કહેવાય છે. તે સંબંધી જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે-

" पिंडविसोही-समिई, भावण-पडिमा य इंदियनिरोहो ।
पडिलेहणं गुत्तीओ, अभिग्गहा चेव करणं तु ॥ "

' પિંડવિશુદ્ધિ, સમિતિ, ભાવના, પ્રતિમા, ઇંદ્રિયનિરોધ, પ્રતિલેખના, ગુપ્તિ અને અભિગ્રહો એ કરણ છે.'

અહીં પિંડવિશુદ્ધિથી આહાર શય્યા, વસ્ત્ર અને પાત્ર એ ચાર પ્રકારની પિંડ-વિશુદ્ધિ, સમિતિથી ઈર્યા સમિતિ વગેરે પાંચ પ્રકારની સમિતિ, ભાવનાથી અનિત્યત્વાદિ બાર પ્રકારની ભાવનાઓ, પ્રતિમાથી બાર પ્રકારની ભિક્ષુપ્રતિમાઓ, પ્રતિલેખનાથી, ૧ દૃષ્ટિ પ્રતિ-લેખના, ૬ પ્રસ્ફોટક, (૯) આસ્ફોટક અને (૯) પ્રસ્ફોટક એ ૨૫ બોલપૂર્વક થતી વસ્ત્ર વગેરેની પ્રતિલેખના અને અભિગ્રહથી દ્રવ્યાભિગ્રહ, ક્ષેત્રાભિગ્રહ, કાલાભિગ્રહ અને ભાવાભિગ્રહ એ ચાર પ્રકારનો અભિગ્રહ સમજવાનો છે. આ બધા પ્રકારોનો સરવાળો સીત્તેર થાય છે.

આ પચ્ચીસ ગુણોવાળા ઉપાધ્યાય ભગવંતનું સ્મરણ કરતાં સમ્યગ્જ્ઞાનમાં સ્થિર થવાય છે અને પરંપરાએ પરમ-પદ પ્રાપ્ત કરી શકાય છે.

# પ્રકરણ – આઠમું

## સાધુપદ

સંસારની સર્વ કામનાઓ છોડીને મોક્ષમાર્ગની સતત સાધના કરનારા સાધુ ભગવંતો પરમ પૂજ્ય હોવાથી નવકારમાં તેમને પાંચમા પદે નમસ્કાર કરવામાં આવે છે.

આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ 'સંબોધ પ્રકરણ'ના ગુરુસ્વરૂપાધિકારમાં જણાવ્યું છે કે–

**गीयत्था संविग्गा निस्सल्ला चत्तगारवासंगा ।**
**जिणमय उज्जोयकरा सम्मत्त पभावगा मुणिणो ॥२२७॥**

સાધુઓ ગીતાર્થ (જેઓએ સૂત્ર અને અર્થને વિશિષ્ટ ગુરુપરંપરાથી આત્મસાત્ કરેલ છે, એવા) સંવિગ્ન (સંવેગયુક્ત, મોક્ષાભિલાષી), શલ્યરહિત, ગારવનો ત્યાગ કરીને અસંગ બનેલા જિનધર્મનો ઉદ્યોત કરનારા અને સમ્યક્ત્વના પ્રભાવક હોય છે.

શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજા શ્રી દશવૈકાલિક સૂત્રની નિર્યુક્તિમાં જણાવે છે કે–

**उरग–गिरि–जलण–सागर–नहयल–तरुगणसमो य जो होइ ।**
**भमर–मिग–धरणि–जलरुह–रवि–पवणसमो जओ समणो ॥१५७॥**

સાધુ ભગવાન સર્પ, પર્વત, અગ્નિ, સમુદ્ર, આકાશ, વૃક્ષ, ભ્રમર, હરણ, પૃથ્વી, કમળ, સૂર્ય, પવન જેવા હોય છે.

**સર્પ** : બીજાએ કરેલ બીલ (દર)માં રહે છે. આહારનો સ્વાદ લેતો નથી અને બીલમાં પેસતી વખતે જરાપણ આડીઅવળી ગતિ કરતો નથી. એવી જ રીતે સાધુ ભગવાન બીજાએ કરેલ સ્થાનમાં રહેનારા, આહારમાં આસક્તિ વગરના અને સંયમમાર્ગમાં સીધી (જરાપણ આડીઅવળી નહીં) ગતિ કરનારા હોય છે.

**પર્વત** : ગમે તેવા ઝંઝાવાતોમાં પણ અડોલ રહે છે.

સાધુ ભગવાન્ ઘોર પરીષહો અને ઉપસર્ગોમાં અડોલ રહે છે.

**અગ્નિ** : તેજથી દીપે છે, ઈંધનથી તૃપ્ત થતો નથી અને સારી કે ખરાબ સર્વ વસ્તુઓને બાળી નાખે છે.

સાધુ ભગવાન તપથી તેજસ્વી હોય છે, જ્ઞાન મેળવવામાં અતૃપ્ત હોય છે અને ભિક્ષામાં આપનાર કે ન આપનાર પ્રત્યે સમ હોય છે.

**સમુદ્ર** : ગંભીર, રત્નરાશિવાળો અને મર્યાદાને ન ઓળંગનાર હોય છે,

સાધુ ભગવાન ગંભીર, ક્ષમાદિ ગુણરત્નોથી ભરેલા અને શાસ્ત્રમર્યાદાને ન ઓળંગનાર હોય છે.

**આકાશ :** નિરાલંબ કોઈપણ બીજા આધારની અપેક્ષા વગરનું હોય છે.

સાધુ ભગવાન કોઈના ઉપર આધાર રાખતા નથી – સ્વાવલંબી હોય છે.

**વૃક્ષ :** ફળ અને આશ્રયના અર્થી પક્ષીઓને વસવાનું સ્થાન આપે છે અને પ્રવાસીઓનું વિશ્રામસ્થાન બને છે.

સાધુ ભગવાન મોક્ષફળને ઈચ્છનારા જીવોને તથા કષ્ટમય સંસારના પ્રવાસીઓને શાંત્વન આપે છે.

**ભ્રમર :** અનેક પ્રકારના પુષ્પોમાંથી તેઓને પીડા કર્યા વગર જરૂર પૂરતો રસ ચૂસી લે છે.

સાધુ ભગવાન અનેક ઘરોમાંથી ગૃહસ્થોને પીડા ન થાય તે રીતે થોડી થોડી ગોચરી (ભિક્ષા) પ્રાપ્ત કરી સંયમ જીવનનો નિર્વાહ કરે છે.

**મૃગ :** પારધિના ભયથી ઉદ્વિગ્ન રહે છે.

સાધુ ભગવાન સંસારના ભયથી ઉદ્વિગ્ન હોય છે.

**પૃથ્વી :** બધો ભાર સહન કરે છે.

સાધુ ભગવાન સર્વ ખેદ, પરિશ્રમ વગેરે સહન કરે છે.

**કમળ :** કાદવ વગેરેથી નિર્લેપ હોય છે.

સાધુ ભગવાન કામભોગોથી અલિપ્ત હોય છે.

**સૂર્ય :** સર્વત્ર પ્રકાશ કરે છે.

સાધુ ભગવાન જ્ઞાનરૂપ પ્રકાશ કરે છે.

**પવન :** કોઈથી પણ રોકાયા વગર સર્વત્ર ગતિ કરે છે.

સાધુ ભગવાન કોઈપણ જાતના પ્રતિબંધ વિના વિહાર કરે છે.

આ બધી ઉપમાઓ એમ બતાવે છે કે સાધુપંથે વિચરવું મહાવિકટ કાર્ય છે.

આવું મહાવિકટ કાર્ય સાધુ ભગવંતો આજીવન પાર પાડે છે, એથી તેઓ નમસ્કાર કરવા યોગ્ય છે.

પ્રવ્રજ્યા (સાધુ જીવનની દીક્ષા) માટે યોગ્ય કોણ કહેવાય? તેનો ઉત્તર આપતાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજા 'ધર્મબિંદુ' ગ્રંથના ચોથા પ્રકરણમાં જણાવે છે કે:

प्रवज्यार्हः

आर्यदेशोत्पन्नः विशिष्टजातिकुलान्वितः क्षीणप्रायकर्ममलः
तत एव विमलबुद्धिः दुर्लभं मानुष्यं, जन्म मरणनिमित्तं,

संपदश्चलाः, विषया दुःखहेतवः, संयोगे वियोगः प्रतिक्षणं मरणं,
दारुणो कर्मविपाकः इत्यवगतसंसारनैर्गुण्यः,
तत एव तद्विरक्तः प्रतनुकषायः अल्पहास्यादिः
कृतज्ञः विनीतः प्रागपि राजामात्यपौरजनबहुमतः
अद्रोहकारी कल्याणाँगः श्राद्धः स्थिरः समुपसंपन्नश्चेति ॥

સાધુ જીવનની દીક્ષા લેવા માગનાર ઉત્તમ પુરુષનાં લક્ષણો આ પ્રમાણે જાણવાં :

(૧) આર્ય દેશમાં ઉત્પન્ન થયેલો હોય છે.*

(૨) વિશિષ્ટ જાતિ તથા કુળવાળો હોય.

(૩) જેનો કર્મમલ લગભગ ક્ષીણ થયેલ હોય, એવો હોય.

(૪) અને એથી જ નિર્મલ બુદ્ધિવાળો હોય.

(૫) એ નિર્મલબુદ્ધિથી જેણે સંસારની નિર્ગુણતા (અસારતા) સારી રીતે આ પ્રમાણે જાણેલ છે :

(અ) મનુષ્ય જન્મ દુર્લભ છે.

(બ) જન્મ એ જ મરણનું કારણ છે (જન્મ ન હોય તો મરણ પણ ન હોય.)

(ક) સંપત્તિઓ ચંચલ છે.

(ડ) વિષયો દુઃખના હેતુ છે, (વિષયસુખ ભોગવવાનું પરિણામ દારુણ છે, તે દુર્ગતિમાં લઈ જનારું હોવાથી.)

(ઇ) સંયોગમાં વિયોગ રહેલો છે, (સંયોગ જ વિયોગમાં પરિણમે છે. જેનો સંયોગ થાય છે. તેનો અવશ્ય વિયોગ થતો હોય છે.)

(ફ) ક્ષણે ક્ષણે મરણ થતું હોય છે (આયુષ્ય ક્ષણે ક્ષણે ઘટી રહેલું છે, એ એક પ્રકારનું (આવીચિ નામનું મરણ જ કહેવામાં આવેલું છે.)

(જ) કર્મના વિપાકો (ફળો) દારૂણ (ભયંકર દુઃખદાયક) હોય છે

(૬) આ રીતે સંસારની અસારતા જાણી તેનાથી વિરક્ત થએલો હોય

(૭) પાતળા (અલ્પ) કષાયવાળો હોય.

(૮) હાસ્ય વગેરે નોકષાયો પણ તેનાં અલ્પ હોય.

(૯) કૃતજ્ઞ હોય

(૧૦) વિનયવંત હોય.

---

* આર્દ્રકુમાર વગેરે અનાર્ય દેશોમાં ઉત્પન્ન થયેલા ને પણ દીક્ષા અપાવેલ, પરંતુ તે અપવાદરૂપ જાણવી, તેવા દાખલાઓ બહુ જ થોડા છે.

(૧૧) ગૃહસ્થ અવસ્થામાં પણ રાજા, મંત્રી, નગરજનો વગેરેથી બહુમાનને પામેલો હોય.

(૧૨) દ્રોહ (વિશ્વાસઘાત) કરનાર ન હોય

(૧૩) ભાવી કલ્યાણનું પાત્ર હોય અથવા જેના શરીરનાં અંગો સુલક્ષણવાળાં હોય (ખોડખાંપણવાળાં ન હોય) એવો હોય.

(૧૪) સારો શ્રાવક હોય અથવા શ્રદ્ધાવંત હોય.

(૧૫) ધર્મમાં સ્થિર હોય.

(૧૬) આત્મસમર્પણ કરવા પોતાની મેળે જ શ્રી સદ્ગુરુ પાસે આવેલો હોય.

દીક્ષા માટે અયોગ્ય કોણ કહેવાય? એનો ઉત્તર આપતાં શાસ્ત્રોમાં કહ્યું છે કે-દીક્ષા માટે અઢાર પ્રકરના પુરૂષો અયોગ્ય છે તે આ રીતે આ રીતે છે:

(૧) **બાળક** : આઠ વરસની અંદરનો.

(૨) **વૃદ્ધ** : સિત્તેર વરસથી અધિક વયવાળો.

(૩) **નપુંસક** : સ્ત્રી અને પુરુષ બંનેનો વિષયસેવન માટે અભિલાષી, પુરુષાકૃતિવાળો.

(૪) **ક્લીબ** : સ્ત્રીઓનાં દર્શન, શ્રવણ વગેરેથી વિકાર પામનારો તથા તેમની ભોગપ્રાર્થનાથી વિહ્વલ બનનારો.

(૫) **જડ** : તોતડો, શરીરથી સ્થૂલ તથા ક્રિયા કરવામાં પ્રમાદી.

(૬) **વ્યાધિગ્રસ્ત** : ભગંદર, અતિસાર, કોઢ, પથરી, ક્ષય, અપસ્માર, જ્વર વગેરે ભયંકર રોગવાળો

(૭) **ચોર** : ચોરી અથવા લૂંટનો ધંધો કરનારો.

(૮) **રાજાપકારી** : રાજાના શરીરનો, ધનભંડારનો, અંતઃપુરનો, કુટુંબ વગેરેનો દ્રોહ કરનારો.

(૯) **ઉન્મત્ત** : ગાંડો, ચિત્તવિભ્રમવાળો.

(૧૦) **અદર્શન** : આંધળો.

(૧૧) **દાસ** : દાસીથી ઉત્પન્ન થએલો.

(૧૨) **દુષ્ટ** : કષાયદુષ્ટ (તીવ્રકષાયવાળો) અને વિષયદુષ્ટ (સ્ત્રી વગેરેમાં લુબ્ધ).

(૧૩) **મૂઢ** : વિવેકરહિત.

(૧૪) **ઋણાર્ત** : રાજા અથવા શાહુકાર વગેરેનો કરજદાર.

(૧૫) **જુંગતિ** : જાતિ, કર્મ કે શરીરથી દૂષિત.

(૧૬) **અવબદ્ધ** : પૈસા લેવા માટે કે વિદ્યાગ્રહણ કરવા માટે જ આવેલો.

(૧૭) **ભૃતક** : કોઇએ ભાડે લીધેલો. (જ્યાં સુધી તેની મુદત પૂરી ન થાય ત્યાં સુધી તે દીક્ષા માટે અયોગ્ય કહેવાય છે.)

(૧૮) **નિષ્ફેટિક** : માતા, પિતા, વડિલ વગેરેની રજા વિના આવેલો હોય તેને દીક્ષા આપવી તે નિષ્ફેટિકા કહેવાય.

આવા પ્રકારની સ્ત્રીઓ પણ દીક્ષા માટે અયોગ્ય છે. ઉપરાંત ગર્ભવતી સ્ત્રી અને નાનાં બાળકોવાળી સ્ત્રી પણ દીક્ષા માટે અયોગ્ય કહેવાય

સાધુ ભગવંતોના ૨૭ ગુણોનો નિર્દેશ શ્રી સમવાયાંગ સૂત્રમાં આ રીતે પ્રાપ્ત થાય છે:

**सत्तवीसं अणगारगुणा पन्नता, तंजहा—**
**पाणाइवायवेरमणे एवं पंच, पंच वि सोतिंदिय निग्गहे**
**जाव फासिंदेयनिग्गहे,**
**कोहविवेगे जाव लोभविवेगे,**
**भावसच्चे करणसच्चे जोगसच्चे,**
**खमा,**
**विरागता,**
**मणसमाहरणता, वतिसमाहरणता, कायसमाहरणता, णाणसंपण्णया, दसणसंपण्णया चरित्तसंपण्णया, वेयणाअहियासणया मारणंतिआहियासणया ॥**

સત્તાવીશ સાધુગુણો કહ્યા છે, તે આ રીતે–
પ્રાણાતિપાતવિરમણ વગેરે પાંચ,
શ્રોત્રેન્દ્રિયનિગ્રહથી સ્પર્શનેંદ્રિનિગ્રહ સુધી પાંચ.
ક્રોધના ત્યાગથી લોભના ત્યાગ સુધી (ચાર).
ભાવસત્ય, કરણસત્ય, યોગસત્ય.
ક્ષમા.
વિરાગતા.
મનસમાહરણતા, વચનાસમાહરણતા, કાયસમાહરણતા.
જ્ઞાનસંપન્નતા, દર્શનસંપન્નતા, ચારિત્રસંપન્નતા
વેદનાધ્યાસનતા, મારણાંતિકાધ્યાસનતા
આ ગુણોનું સંક્ષિપ્ત વિવેચન આ રીતે છે:

## (૧) પ્રાણાતિપાત વિરમણવ્રત

પાંચ ઇંદ્રિયો, શ્વાસોચ્છ્વાસ આયુષ્ય, મનોબળ, વચનબળ અને કાયબળ એ દશ પ્રાણ કહેવાય છે. તેનો અતિપાત એટલે નાશ. તે (નાશ) કરતાં વિરમવાનું (અટકવાનું) જે વ્રત, તે પ્રાણાતિપાત વિરમણવ્રત.

આ વ્રતથી સાધુ પૃથ્વીકાય[૧], અપ્કાય[૨], તેઉકાય[૩], વાઉકાય[૪], વનસ્પતિકાય[૫], બેઇંદ્રિય[૬], તેઇંદ્રિય[૭], ચઉરિન્દ્રિય[૮] અને પંચેન્દ્રિયને[૯], મનથી[૧], વચનથી[૨] અને કાયાથી[૩] હણે નહીં[૧], હણાવે નહીં[૨], તથા હણતાને અનુમોદે [૩]નહીં, એટલે ૯ × ૩ × ૩ = ૮૧ ભાંગાથી અહિંસાનું પાલન કરે.

## (૨) મૃષાવાદ વિરમણવ્રત

જૂઠું બોલવું તે મૃષાવાદ. તેનાથી વિરમવાનું વ્રત તે મૃષાવાદવિરમણવ્રત. આ વ્રતથી સાધુ ક્રોધથી[૧], લોભથી[૨], ભયથી[૩] કે હાસ્યથી[૪], મનથી[૧], વચનથી[૨], કાયાથી[૩], જૂઠું બોલે નહી[૧] બોલાવે નહી[૨] અને બોલતાને અનુમોદે નહી[૩]. એટલે ૪ × ૩ × ૩ = ૩૬ ભાંગાથી સત્યનું પાલન કરે.

## (૩) અદત્તાદાનવિરમણ વ્રત :

અદત્ત એટલે ન દીધેલું તેનાથી વિરમવાનું જે વ્રત, તે અદત્તાદાનવિરમણવ્રત.

આ વ્રતથી સાધુ ગામ, શહેર કે વનમાં થોડી[૧], ઘણી[૨], નાની[૩], મોટી[૪], સચિત્ત[૫] કે અચિત્ત[૬], મનથી[૧], વચનથી[૨], કાયાથી[૩] ચોરી કરે નહી[૧]. કરાવે નહી[૨] અને કરતાને અનુમોદે [૩]નહીં એટલે ૬ × ૩ × ૩ = ૫૪ ભાંગાથી અસ્તેય (અચૌર્ય)નું પાલન કરે.

## (૪) મૈથુનવિરમણવ્રત :

મૈથુન કરતાં વિરમવાનું વ્રત જે વ્રત તે મૈથુનવિરમણવ્રત. આ વ્રતથી સાધુ દેવતાની સ્ત્રી[૧], મનુષ્યની સ્ત્રી[૨], કે તિર્યંચની સ્ત્રીને[૩] મનથી[૧], વચનથી[૨], કાયાથી[૩] ભોગવે નહીં[૧], ભોગવાવે [૨]નહીં, કે ભોગવતાને અનુમોદે [૩]નહીં. એટલે ૩ × ૩ × ૩ = ૨૭ ભાંગાથી બ્રહ્મચર્યનું પાલન કરે.

## (૫) પરિગ્રહ વિરમણવ્રત :

સર્વ પ્રકારના પરિગ્રહથી વિરમવાનું જે વ્રત તે પરિગ્રહવિરમણવ્રત.

આ વ્રતથી સાધુ થોડો[૧], ઘણો[૨], નાનો[૩], મોટો[૪], સચિત્ત[૫] કે અચિત્ત[૬] પરિગ્રહ મનથી[૧], વચનથી[૨], કાયાથી[૩] પોતે રાખે નહીં[૧], બીજા પાસે રખાવે નહીં[૨], કે રાખતાને અનુમોદે [૩]નહીં, એટલે કે ૬ × ૩ × ૩ = ૫૪ ભાગાંવડે અકિંચનતાનું પાલન કરે.

## (૬) શ્રોત્રેંદ્રિયનિગ્રહ :

શ્રોત્ર (કર્ણ, કાન) ઇંદ્રિયના વિષય સચિત્ત, અચિત્ત કે મિશ્ર એમ ત્રણ પ્રકારનો શબ્દ છે. તેમાં ઇષ્ટ શબ્દ પર રાગ ન થાય અને અનિષ્ટ શબ્દ પર દ્વેષ ન થાય, તેને શ્રોત્રેન્દ્રિય નિગ્રહ કહેવામાં આવે છે.×

---

+ પાંચે ઇંદ્રિયોના નિગ્રહના વિષય શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના ૩૨મા 'પ્રમાદસ્થાનો' નામના અધ્યયનમાં અતિવિસ્તારથી સમજાવેલ છે.

પૂર્વધર ભગવાન શ્રી ઉમાસ્વાતિ વાચક 'પ્રશમરતિપ્રકરણ' ગ્રંથમાં કહે છે કે :

कलरिभितमधुरगांधर्व-तुर्ययोषिद्विभूषणरवाद्यैः ।
श्रोत्रावबद्धहृदयो हरिण इव विनाशमुपयाति ॥४१॥

મધુર અને મનોહર ગાંધર્વની વીણા અને સ્ત્રીઓનાં આભૂષણના ધ્વનિ (અવાજ) વગેરેથી શ્રોત્રેન્દ્રિયમાં લીન હૃદયવાળો જીવ હરિણની પેઠે વિનાશ પામે છે.

**(૭) ચક્ષુરિન્દ્રિયનિગ્રહ :**

ચક્ષુ (નેત્ર, આંખ) ઇંદ્રિયનો વિષય વર્ણ (રંગ) છે, તે પાંચ પ્રકારના છે. શ્વેત (સફેદ, ધોળો) વર્ણ, પીત (પીળો), વર્ણ રક્ત (લાલ) વર્ણ, નીલ (નીલો) વર્ણ, અને કૃષ્ણ (શ્યામ, કાળો) વર્ણ તેમાં ઇષ્ટ વર્ણ પર રાગ ન થાય અને અનિષ્ટ વર્ણ પર દ્વેષ ન થાય, તેને ચક્ષુ ઇંદ્રિયનો નિગ્રહ કહેવાય છે.

'પ્રશમરતિ પ્રકરણ' માં કહ્યું છે કે :

गतिविभ्रमेङ्गिताकार हास्यलीलाकटाक्षविक्षिप्तः ।
रूपावेशितचक्षुः शलभ इव विपद्यते विवशः ॥४२॥

સ્ત્રીઓનાં ગતિ (ચાલવાની રીત), વિલાસ, ઇંગિતાકાર, હાસ્ય, લીલા અને કટાક્ષથી વિહ્વલ થયેલો અને રૂપમાં લીન ચક્ષુવાળો પુરુષ પતંગિયાની જેમ પરવશ થઈ નાશ પામે છે.

**(૮) ઘ્રાણેન્દ્રિયનિગ્રહ :**

ઘ્રાણ ઇંદ્રિયનો વિષય સુરભિગંધ અને દુરભિગંધ છે. તેમાં રાગ કે દ્વેષ ન થાય તે ઘ્રાણેન્દ્રિયનિગ્રહ છે.

'પ્રશમરતિ પ્રકરણ'માં કહ્યું છે કે–

स्नानाङ्गरागवर्तिक वर्णकधूपाधिवासपटवासैः ।
गन्धभ्रमितमनस्को मधुकर इव विनाशमुपयाति । ४३॥

સ્નાન, વિલેપન, ગંધવટ્ટિ, પીઠી, ધૂપ, સુગંધ, પટવાસ વગેરે વડે કરીને ગંધથી ભ્રમિત મનવાળો જીવ ભ્રમરની પેઠે વિનાશ પામે છે.

**(૯) રસનેંદ્રિયનિગ્રહ :**

રસનેંદ્રિયનો વિષય તીખો, કડવો, તૂરો, ખારો અને મીઠો એમ પાંચ પ્રકારનો રસ છે લોકમાં ખાટો રસ પ્રસિદ્ધ છે, તેનો અંતર્ભાવ અહીં મીઠા રસમાં થાય છે. તેમાં ઇષ્ટ રસમાં રાગ કે અનિષ્ટ રસમાં દ્વેષ ન થાય, તે રસનેંદ્રિયનિગ્રહ કહેવાય છે

પ્રશમરતિમાં કહ્યું છે કે–

मिष्टान्नपानमांसौदनादिमधुररसविषयगृद्धात्मा ।
गलयन्त्रपाशबद्धो मीन इव विनाशमुपयाति ॥४४॥

મિષ્ટાન્ન, વિવિધ પ્રકારના પીણાં, માંસ, ભાત આદિ મધુર રસના વિષયમાં ગૃદ્ધ થયેલો જીવ ગલયંત્ર–લોહકંટકમય યંત્રમાં જકડાયેલ માછલાની પેઠે વિનાશ પમે છે.

**(૧૦) સ્પર્શેનેન્દ્રિયનિગ્રહ :**

સ્પર્શનેંદ્રિયનો વિષય શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રુક્ષ, લઘુ, ગુરુ, મૃદુ અને કર્કશ એમ આઠ પ્રકારનો સ્પર્શ છે. તેમાં ઇષ્ટ સ્પર્શમાં રાગ કે અનિષ્ટ સ્પર્શમાં દ્વેષ ન થાય, તે સ્પર્શનેંદ્રિયનિગ્રહ કહેવાય છે.

'પ્રશમરતિપ્રકરણ' માં કહ્યું છે કે–

**शयनासनसंबाधन सुरतस्नानानुलेपनासक्ताः ।**
**स्पर्शव्याकुलितमतिः गजेन्द्र इव बध्यते मूढः ॥४५॥**

શયન, આસન, અંગમર્દન, રતિક્રીડા, સ્નાન અને અનુલેપનમાં આસક્ત થયેલો મૂઢાત્મા સ્પર્શન્દ્રિયના વિષયમાં મુંઝાઇને ગજેંદ્રની પેઠે બંધનને પામે છે.

(૧૧) **ક્રોધવિવેક** : ક્રોધનો ત્યાગ કરે.

(૧૨) **માનવિવેક** : આઠ પ્રકારના મદનો ત્યાગ કરે.

(૧૩) **માયાવિવેક** : કપટનો ત્યાગ કરે.

(૧૪) **લોભવિવેક** : લોભનો ત્યાગ કરે.

**(૧૫) ભાવસત્ય** : અંતરાત્માને શુદ્ધ રાખવો તે ભાવસત્ય કહેવાય.

ઉત્તરાધ્યયન સૂત્રનાં પાંચમા અધ્યયનમાં કહ્યું છે કે–

**चीराजिणं नगिणिणं जडिसंघाडिमुंडिणं ।**
**एयांइं पि न तायंति, दुस्सील परियागतं ॥**

લાંબા વખતનાં ચર્મ, નગ્નત્વ, જટા, સંઘાડિ (બૌદ્ધ સંન્યાસીનું ઉત્તરીય વસ્ત્ર) કે મુંડન, આ બધાં ચિન્હો, દુરાચારીને તારી શકતાં નથી. તાત્પર્ય કે જેનો અંતરાત્મા શુદ્ધ હોય તે જ તરે છે.

**(૧૬) કરણસત્ય** : કરણ શબ્દના અનેક અર્થો છે, પણ અહીં 'પ્રતિલેખનાદિ ક્રિયા' એવો અર્થ લેવાનો છે.

સાધુ પ્રતિલેખનાદિ ક્રિયા શુદ્ધ કરે, તે કરણસત્ય ગુણ કહેવાય.

**(૧૭) યોગસત્ય** : મન, વચન અને કાયાના યોગોને પવિત્ર રાખે.

**(૧૮) ક્ષમા** : ક્રોધ ઉત્પન્ન થવાનું નિમિત્ત મળવા છતાં પોતાના સ્વરૂપમાં સ્થિર રહેવું, તે ક્ષમા કહેવાય છે.

**(૧૯) વિરાગતા :** સંસારનું સ્વરૂપ સારી રીતે સમજી અને તેનાથી ભાવિત થઈ સંસારથી વિરક્ત રહેવું તે.

વિરાગતા–વૈરાગ્ય કહેવાય.

સાચા વૈરાગ્ય વિના સાધુ ધર્મનું પાલન સારી થઈ શકતું નથી.

**(૨૦) મનસમાહરણતા :** અકુશલ (અપવિત્ર) મનનો નિગ્રહ કરે. આ ગુણનું બીજું નામ મનોગુપ્તિ છે.

**(૨૧) વચનસમાહરણતા :** અકુશલ વચનનો નિગ્રહ તે વચનસમાહરણતા છે. આ ગુણનું બીજું નામ વચનગુપ્તિ છે.

**(૨૨) કાયસમાહરણતા :** અકુશલ કાયાનો નિગ્રહ કરે. આ ગુણનું બીજું નામ કાયગુપ્તિ છે.

**(૨૩) જ્ઞાનસંપન્નતા :** સમ્યગ્જ્ઞાનથી વિભૂષિત હોય.

**(૨૪) દર્શનસંપન્નતા :** સમ્યગ્દર્શન–સમ્યક્ત્વથી વિભૂષિત હોય.

**(૨૫) ચારિત્રસંપન્નતા :** સમ્યક્ ચારિત્રથી વિભૂષિત હોય.

**(૨૬) વેદનાધિસહનતા :** બાવીસ પ્રકારના પરીષહોને સારી રીતે સહન કરે. તે આ પ્રમાણે :

**(૧) ક્ષુધા પરિષહ :** ક્ષુધા (ભૂખ)ની વેદના સહન કરે.

**(૨) પિપાસા પરિષહ :** તૃષાની વેદના સહન કરે.

**(૩) શીત પરિષહ :** ઠંડીની વેદના સહન કરે.

**(૪) ઉષ્ણુ પરિષહ :** તાપની વેદના સહન કરે.

**(૫) દંશપરિષહ :** મચ્છર વગેરેના દંશની પીડા સહન કરે.

**(૬) અચેલ પરિષહ :** વસ્ત્રની જીર્ણતા વગેરેને લીધે જે વેદના થાય તે સહન કરે.

**(૭) અરતિ પરિષહ :** સંયમમાં વિચરતાં અરતિનાં કારણ બને, તેની વેદનાને સહન કરે.

**(૮) સ્ત્રી પરિષહ :** સ્ત્રીના હાવભાવ વગેરે નજરે પડવા વગેરેથી જે વેદના થાય તે સહન કરે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે—

**पुप्फफलाणं च रसं सुराए मंसस्स महिलियाणं च ।**
**जाणंता जे विरया ते दुक्कारकारए वंदे ॥**

જેઓ પુષ્પના, ફળના, મદિરાના, માંસના અને સ્ત્રીના રસને જાણવા છતાં તેમનાથી વિરમ્યા છે, તે દુષ્કર કાર્યને કરનારાઓને હું વંદુ છું.

(૯) **ચર્યા પરિષહ :** વિહાર વગેરે કરવાથી જે કષ્ટ પડે તેને સહન કરે.

(૧૦) **નૈષેધિકી પરિષહ :** શૂન્યઘર, સ્મશાન, સર્પબિલ, સિંહગુફા, વગેરે સ્થાનમાં રહીને ધર્મધ્યાન ધરતાં જે ઉપસર્ગો થાય તેની વેદનાને સહન કરે.

(૧૧) **શય્યા પરિષહ :** ઊંચી નીચી વગેરે ભૂમિ પર શય્યા કરવાથી જે વેદના થાય તે સહન કરે.

(૧૨) **આક્રોશ પરિષહ :** કોઈ કડવાં વચન સંભળાવે કે આક્ષેપો કરે તેની વેદનાને સહન કરે.

(૧૩) **વધ પરિષહ :** કોઈ મારે કે વધ કરે તો, 'આત્માનો નાશ થતો નથી' વગેરે વિચારી સઘળી વેદના સમતાથી સહન કરે.

(૧૪) **યાચના પરિષહ :** કોઈથી આગળ વસ્ત્ર, પાત્ર, આહાર, વગેરેની યાચના કરતાં જે વેદના થાય તે સહન કરે.

(૧૫) **અલાભ પરિષહ :** ઘેર ઘેર ગોચરીએ ફરવા છતાં આહારની પ્રાપ્તિ ન થાય તો, 'અંતરાય કર્મનો ઉદય છે અથવા સહેજે તપવૃદ્ધિ થાય છે' એમ સમજી બધી વેદનાને સહન કરે.

(૧૬) **રોગ પરિષહ :** રોગની વેદના સહન કરે.

(૧૭) **તૃણ પરષિહ :** વિહાર કરતાં અથવા સંથારામાં દાભડાની અણી વગેરેનો જે સ્પર્શ થાય છે તે સહન કરે. (પૂર્વના કાળમાં મુનિઓ તૃણના સંથારામાં શયન કરતા હતા.)

(૧૮) **મલપરિષહ :** આજીવન સ્નાનનો અભાવ હોવાથી મલ તથા સ્વેદને લીધે જે વેદના થાય તે સહન કરે.

(૧૯) **સત્કાર પરિષહ :** પોતાનું ઘણું માન-સન્માન થતું દેખી મનમાં જે હર્ષની લાગણી થાય તેને સહન કરે અથવા પોતાનો સત્કાર ન થાય તો તેથી જે ઉદ્વેગની લાગણી થાય તેની પણ વેદનાને સહન કરે.

(૨૦) **પ્રજ્ઞા પરિષહ :** અધિક બુદ્ધિને લીધે વિદ્યાનો જે મદ ઉત્પન્ન થાય તેને સહન કરે. તાત્પર્ય કે 'અનંત જ્ઞાનીની તુલનામાં પોતે કાંઇ જ નથી,' એવું વિચારી મદને શાંત કરે.

(૨૧) **અજ્ઞાન પરિષહ :** ઘણા પરિશ્રમ કરવા છતાં જ્ઞાનની વૃદ્ધિ નહીં થવાથી અથવા અમુક વિષયોમાં પોતાની જાણકારી ન હોવાથી જે વેદના ઉત્પન્ન થાય તે સહન કરે.

(૨૨) **સમ્યક્ પરિષહ :** અનેક કષ્ટો અને ઉપસર્ગો પ્રાપ્ત થવા છતાં સમ્યક્ત્વથી ચલિત ન થાય.

આ રીતે સાધુ ભગવંતના ૨૬ માં ગુણુ વેદના–અધિસહનતામાં ૨૨ પરીષહો સમતાથી સહેવાના હોય છે, વેદનાનું કષ્ટ સહન કરતાં કરતાં આત્મામાં સુંદર રીતે સમભાવનો વિકાસ થાય છે અને અંતે સહજ ક્ષમા વગેરે ગુણોનું પ્રાકટ્ય થાય છે.

**(૨૭) મારણાંતિક અધિસહનતા :** મરણાંત કષ્ટ આવવા છતાં તેને સમભાવે સહન કરે.

આ રીતે શ્રી સમવાયાંગ સૂત્રમાં વર્ણવેલા સાધુ ભગવંતના ૨૭ ગુણુ સક્ષેપમાં કહ્યા છે. આગમોમાં બહુ જ વિસ્તારથી ચરણકરણાનુયોગ કહ્યો છે. તેમાં અનેક રીતે સાધુ-ધર્મ વર્ણવવામાં આવેલ છે. આ ૨૭ ગુણો પણુ અનેક રીતે વર્ણવવામાં આવ્યા છે.

પ્રકરણુ ગ્રંથોમાં આ રીતે વર્ણન મળે છે :

> छव्वय छक्कायरक्खा, पंचिंदियलोहनिग्गहो खंती ।
> भावविसोही पडिलेहणा य, करणे विसुद्धी य ॥
> संजमजोयजुत्ती, अकुसलमणवयकायसंरोहो ।
> सीयाइपीडसहणं, मरणं उवसग्गसहणं च ॥

છ વ્રત (પાંચ વ્રત મહાવ્રત અને છઠું રાત્રિભોજનવિરમણુ વ્રત), છ કાયની રક્ષા, પાંચ ઇંદ્રિયોનો તથા લોભનો નિગ્રહ, ક્ષમા, ભાવવિશુદ્ધિ, પ્રતિલેખનાદિ ક્રિયામાં શુદ્ધિ, સંયમયોગોમાં યુક્તતા, અકુસલમનવચન કાયાનો રોધ શીતાદિ (૨૨ પરીષહ) સહન અને મારણાંતિક ઉપસર્ગ સહન–ગણુના આ રીતે છે :

(૧–૬) પાંચ મહાવ્રત તથા રાત્રિભોજનાવિરસ્મણુવ્રત.

(૭–૧૨) પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય, એ છકાયના જીવોની રક્ષા.

(૧૩–૧૭) પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ

(૧૮) લોભનો નિગ્રહ

(૧૯) ક્ષમા

(૨૦) ભાવશુદ્ધિ

(૨૧) પ્રતિલેખનાદિક્રિયામાં શુદ્ધિ.

(૨૨) સંયમયોગોમાં યુક્તતા.

(૨૩) અકુશલ મનપ્રવૃત્તિને રોકે.

(૨૪) અકુશલ વચનપ્રવૃત્તિને રોકે.

(૨૫) અકુશલ કાયપ્રવૃત્તિને રોકે.

(૨૬) શીતાદિ પીડા (૨૨ પરીષહો) સહન કરે.

(૨૭) મારણાંતિક ઉપસર્ગો સહન કરે.

આ રીતે પણ ગણના કરાય છે :

| | |
|---|---|
| પાંચ મહાવ્રત | ૫ |
| રાત્રિભોજનવિરમણવ્રત | ૧ |
| છ જીવનિકાયની રક્ષા | ૬ |
| પંચેંદ્રિયસંયમ | ૫ |
| ત્રણગુપ્તિ | ૩ |
| લોભત્યાગ | ૧ |
| ક્ષમા | ૧ |
| ચિત્તનિર્મલતા | ૧ |
| વસ્ત્રપ્રતિલેખનાશુદ્ધિ | ૧ |
| સંયમ | ૧ |
| પરિષહસહન | ૧ |
| ઉપસર્ગસહન | ૧ |
| | ૨૭ |

સંબોધપ્રકરણ વગેરે અનેક ગ્રંથોમાં સાધુના ૨૭ ગુણો ૨૭ રીતે વર્ણવેલા છે.

ઉપર જે જણાવ્યું છે, તે તો માત્ર ગુણોની સંક્ષિપ્ત ગણના જ છે. વિશેષ વર્ણન આ રીતે જાણવું. સાધુ ભગવંતો આવા હોય છે.

પાંચમહાવ્રતોનું સદા ઉપયોગપૂર્વક પાલન કરનારા, રાત્રિભોજનનો સદા ત્યાગ કરનારા, પૃથ્વીકાય આદિ છએ પ્રકારના જીવોમાંના દરેક જીવને આત્મસમાન ગણી અત્યંત દયાપૂર્વક તેનું રક્ષણ કરનારા, આંખ આદિ પાંચે ઇંદ્રિયોનું સંયમન કરનારા એટલે કે રૂપ આદિ વિષયોને વિશે ચક્ષુ આદિ ઇંદ્રિયોને આવેશિત ન કરનારા, મન–વચન–કાયાની ગુપ્તિને ધારણ કરનારા, લોભના ત્યાગી, ચિત્તને સદા નિર્મલ રાખનારા, વસ્ત્રપડિલેહણા વગેરે અત્યંત વિશુદ્ધ રીતે કરનારા, સત્તર પ્રકારના સંયમવાળા, પરિષહો અને ઉપસર્ગોને સદા સહન કરતા, લોકસંજ્ઞાનો ત્યાગ કરનારા એટલે કે કીર્તિ વગેરેની ઝંખના ન રાખનારો, ક્ષમા આદિ દશ પ્રકારના સાધુધર્મમાં સદા ઉદ્યમશીલ, નિયાણું અને ખેદ બંનેને દૂર રાખી તપ તપનારા, પાંચ આશ્રવના ત્યાગી, ત્રણ દંડના ત્યાગી, ચાર કષાયના ત્યાગી, ગુરુની અને શાસ્ત્રની આજ્ઞા માથે ચઢાવનારા, પરિમિત અને હિતકર વચન–જરૂર પડે તો જ બોલનારા અન્યથા મૌનને ધારણ કરનારા, પાપનું નિયમિત પ્રાયશ્ચિત કરનારા કરીને પાપમેલને ચિત્તથી દૂર કરનારા, ધર્મનાં સાધનો પર પણ મમતા

ન રાખનારા અને તેથી જ અકિંચન, શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ એ પાંચે પ્રકારના અબ્રહ્મના વિષયોમાં ચિત્તને ન જવા દેનારા અને એથી જ મહાન બ્રહ્મચારી, શાસ્ત્રોકત રીતે શુદ્ધ આહાર, વસ્ત્ર વગેરેની ગવેષણા કરનારા, સ્વાધ્યાય, ધ્યાન વગેરેમાં સદા મગ્ન, ધર્મ કરવામાં પોતાના શ્રમને ન ગણનારા, સંસાર સમુદ્રમાં ડૂબતા ભવ્યજનોને દ્વીપની જેમ આશ્વાસન-વિશ્રામસ્થાન આપનારા, પોતે તરેલા બીજાને તારનારા, કરુણાવંત, જંગમતીર્થ, સર્વ અવસ્થાઓમાં સમતાવાળા, અનાબાધ, આત્મસુખના ગવેષક, ધર્મમાં સ્થિર હૃદયવાળા, ઉપમાથી રહિત, ક્ષમા, ઋજુતા વગેરેથી પ્રતિક્ષણ નવી નવી આત્મ-વિશુદ્ધિને પામતા, પ્રશાંત-ગંભીર સ્વભાવવાળા, સર્વ પાપક્રિયાઓથી વિરત, પાંચ પ્રકારના આચારને જાણનારા, પડિલેહણા વગેરે જે સાધુક્રિયા તેને વિશુદ્ધ ભાવથી કરતા, અશુભ યોગોનો નિરોધ કરતા, લાભ કે અલાભમાં સમાન, નિંદા કે સ્તુતિમાં સમાન ( માન કે અપમાનમાં સમાન ) અને બીજા પણ આવા પ્રકારના અનેક ગુણોથી સાધુ ભગવંતો વિભૂષિત હોય છે, સારાંશ એ છે કે આ લોકમાં જે કોઈ મોક્ષ પદનું આલંબન લેવા માગતા હોય તેઓ માટે સમર્થ આલંબન સમાન છે.

આવા સાધુ ભગવંતો ૧૫ કર્મભૂમિ, ભરત ઐરવત, વિદેહક્ષેત્રમાં રહેલા જે કોઈ હોય તે સર્વ નમસ્કાર કરવા યોગ્ય છે.

સાધુ ભગવંતો માટે અનેક ગ્રંથોમાં અનેક પર્યાયવાચી નામો જોવા મળે છે. તે આ રીતે :-

શ્રમણ, સાધુ, મુનિ, નિર્ગ્રંથ, અણગાર, સંન્યાસી, યોગી, મહાવ્રતી, ભિક્ષુ, દીક્ષિત, પ્રવ્રજિત, ઋષિ વગેરે.

બીજાં કેટલાક નામો આ રીતે છે.

મહાત્મા, માહણ, અવધૂત વગેરે.

બીજાં કેટલાક નામો આ રીતે છે.

શાંત, દાંત, ક્ષાન્ત, નિરારંભ, અકિંચન, તત્ત્વજ્ઞ, વાચંયમી, મુક્ત, અનુભવી, મહાનુભાગ, મહાનુભાવ, તારક વગેરે.

સાધુ ભગવંતોના આત્મામાં અનેક પ્રકારના ભાવોની વિશુદ્ધિ નિરંતર થતી હોય છે. સામાયિક વગેરે બાહ્ય ક્રિયાઓ તેની અભિવ્યંજક માત્ર છે. બધા પરિણામોમાં સકલ જીવોની હિતના આશયને સ્વપરને જીવાડનાર મહાન અમૃત કહેવામાં આવે છે. સાધુ એટલે જ આવા અમૃતના સ્વયંભૂરમણ મહાસાગર.

શાસ્ત્રોમાં સાધુ ભગવંતોમાં રહેલા નિર્લેપતા વગેરે ગુણોને અનેક ઉપમાઓ વગેરે દ્વારા સમજાવવામાં આવ્યા છે : જેમકે શ્રી પંચસૂત્રમાં કહ્યું છે કે- पउमाइनिदंसणा

પદ્મ વગેરેની ઉપમાવાળા. પદ્મ એટલે કમળ. કમળ જેમ કાદવમાંથી ઉત્પન્ન થાય

છે અને જલ વગેરેથી વધે છે છતાં કાદવ અને જલથી નિર્લેપ રહે છે, તેમ સાધુ ભગવાનનો જીવ સંસારમાં ઉત્પન્ન થયેલો હોય, સંસારમાંના સુખોથી વૃદ્ધિ પામેલ હોય છે છતાં એ બંનેથી સાધુ ભગવાન અલિપ્ત હોય છે.

આવી રીતે સાધુભગવંતના ગુણોને ઉપમા આદિ દ્વારા શાસ્ત્રોમાં સમજાવ્યા છે.

હવે શાસ્ત્રોમાં આવતી સત્ત્વ અને સાહુ શબ્દોની કેટલીક વ્યાખ્યાઓ વગેરે જોઈએ :

શ્રી આવશ્યકસૂત્રની નિર્યુક્તિમાં ભગવાન શ્રી ભદ્રબાહુસ્વામી મહારાજા કહે છે કે—

સાધુના ચાર પ્રકાર છે : નામસાધુ, સ્થાપનાસાધુ, દ્રવ્યસાધુ અને ભાવસાધુ.

કોઈ ગૃહસ્થ વગેરેનું-સાધુ એવું ફક્ત નામ જ હોય, તો તે નામસાધુ કહેવાય.

સાધુનું ચિત્ર વગેરે તે સ્થાપના સાધુ કહેવાય.

બાવાઓ વગેરે દ્રવ્યસાધુ કહેવાય.

શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞા મુજબ મોક્ષયોગની સાધના કરનારા અને સર્વ જીવો વિશે સમતાને સાધનારા મહાત્માઓને ભાવસાધુ કહેવામાં આવે છે.

સાધુ ભગવંતો વિષયસુખોથી વિરક્ત, વિશુદ્ધ ચારિત્રના નિયમોથી સંયુક્ત, તપ-ગુણના સાધક, આત્માને સંસારથી તારવારૂપ જે આત્મકૃત્ય તેના વિશે સદા ઉદ્યમશીલ અને મોક્ષમાર્ગમાં જેને જેને સહાયની જરૂર હોય તે સહાય કરનારા હોવાથી સૌ કોઈ માટે નમસ્કરણીય—નમસ્કાર કરવા યોગ્ય છે.

સાધુ ભગવંતોને ભાવપૂર્વક નમસ્કાર કરવાથી જીવના હજારો ભવ (જન્મ—મરણ) ઓછા થાય છે ( તેટલા ભવો સુધી ભમાડનારા કર્મો નમસ્કાર કરતાં જ ક્ષય પામે છે.) આ જન્મમાં અને ભવોભવ સુધી બોધિ સમકિતનો લાભ થાય છે, દુર્ધ્યાનનો નાશ થાય છે. સર્વ પાપોનો નાશ થાય છે. સાધુભગવંતો બધા મંગલોમાં પાંચમું ( પ્રથમ ચાર અરિહંતાદિ હોવાથી ) મંગલ છે.

સાધુ-નમસ્કારને સૂત્રોમાં મહાન ગૂઢ અર્થવાળો વર્ણવવામાં આવેલ છે.

એ નમસ્કાર મરણ—નજીક આવે ત્યારે પ્રતિક્ષણ અનેક વખત મહાપુરુષો વડે કરાય છે.

શ્રી મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે—

અત્યંત કષ્ટમય, ઉગ્ર ઉગ્રતર અને ઘોર તપનું આચરણ કરતા રહી, અનેક વ્રતો, નિયમો વગેરે સાધતા રહી અનેક અભિગ્રહોને ધારણ કરતા રહીને વિશેષ પ્રકારના સંયમના વિશુદ્ધ પાલનની સાથે સાથે પરિષહો અને ઉપસર્ગો સમતાપૂર્વક સહતા રહીને સર્વ દુઃખોમાંથી વિમુક્તિરૂપ મોક્ષને જેઓ સતત સાધતા હોય છે તે સાધુ ભગવંતો કહેવાય છે.

ઉપાધ્યાય ભગવાન યશોવિજયજી મહારાજા ઉપર જણાવેલ મહાનિશીથ સૂત્રના મર્મને સમજાવતાં ‘ દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા ’માં કહે છે કે ‘ દીક્ષા કષ્ટ માટે છે,’

(આનો આશય એ છે કે જેઓ આ સમજે છે, તેઓ સિંહની જેમ દીક્ષા લઈ અને સિંહની જેમ પાળે છે અથવા દીક્ષા લેતી વખતે આ સમજણ ન પણ હોય અને પાછળથી આવી જાય તો તેઓને પણ શિયાળની જેમ લઈ સિંહની જેમ પાલન કરનારા ઉત્તમ આત્માઓ કહ્યા છે. દીક્ષા લેતી વખતે આ સમજણ ન હોય અને પાછળથી પણ ન આવે તો તેઓ આ સંસાર અટવીમાં અટવાયા જ કરે છે.)

શ્રી ભગવતી સૂત્રની ટીકામાં શ્રી અભયદેવસૂરિ મહારાજાએ નિર્યુક્તિમાં કહેલ પદાર્થ તો લીધો જ છે તે ઉપરાંત કહ્યું છે કે–

સર્વ અને સાધુ (सव्व साहु) એ પદોમાં સર્વ એ તેઓને કહેવામાં આવે છે કે જેઓ સર્વ જીવો માટે હિતકારક હોય છે, અથવા सव्व (સંસ્કૃત), સાર્વ એટલે અરિહંતો, તેઓના સાધુ, અથવા સર્વ શુભ યોગોને સાધે તે સાધુ, અથવા સાર્વ એટલે અરિહંતોને જ સાધે (જિનાજ્ઞા–પરિપાલન વડે) તે સાધુ, અથવા સાધુપણામાં રહીને કુમતોનું ઉત્થાપન કરીને જે અરિહંત–મતની સ્થાપનાને સાધે તે સાધુ, અથવા सव्व એટલે श्रव्य (સંસ્કૃત) શ્રવ્ય સાંભળવા યોગ્ય જિનવચન તેમાં જે સાધના વડે નિપુણ હોય તે સાધુ અથવા सव्व सव्य (સંસ્કૃત) સવ્ય એટલે સંયમને અનુકૂળ એવાં કાર્યો, તેમાં સાધના વડે જે નિપુણ હોય તે સાધુ.

'लोए' लोके સંસ્કૃત.

લોકમાં એ શબ્દને સમજાવતાં ત્યાં કહ્યું છે કે–

કેવળ પોતાના ગચ્છ વગેરેમાં રહેલા સાધુઓ જ નહીં, પણ સર્વલોકમાં રહેલા (જિનાજ્ઞાને માનનારા) સાધુ ભગવંતોને નમસ્કાર હો.

નમસ્કાર સ્વાધ્યાયના ત્રણે ભાગોમાં અનેક સ્થળે સાધુપદનું સુંદર વર્ણન છે. તેમાંનું એક સ્થળ નમસ્કાર–સ્વાધ્યાય પ્રાકૃતવિભાગ કુવલયમાલા સંદર્ભ (પૃ. ૩૫૩) છે ત્યાં કહ્યું છે કે–

ત્રિકરણ યોગે હું સાધુ ભગવંતોને નમસ્કાર કરું છું, જેથી લાખો ભવોમાં બાંધેલા ઘણા પાપોનો હું ક્ષણવારમાં વિનાશ કરી શકું.

ત્રણ ગુપ્તિથી ગુપ્ત, મિથ્યાત્વ–રહિત, સમ્યક્ત્વસહિત, કર્મને કાપનારા અને ઉત્તમ સત્ત્વવાળા સર્વ સાધુ ભગવંતોને હું નમસ્કાર કરું છું.

પંચસમિતિમાં ઉદ્યમવાળા, માયાશલ્ય વગેરે ત્રણ શલ્યોરૂપ મહામલ્લોને હરાવવામાં શૂરા, ચાર પ્રકારની વિકથાથી રહિત, મદ–મોહથી રહિત, ધીર, શુદ્ધ લેશ્યાવાળા, કષાય રહિત, જીવોનું હિત કરનારા, છ પ્રકારના જીવનિકાયોનું રક્ષણ કરવામાં તત્પર, સંસારના કિનારે રહેલા, મૈથુન વગરે ચાર સંજ્ઞાઓથી રહિત અને વ્રતોથી પ્રાપ્ત થતા ગુણોથી યુક્ત હોવાના કારણે દૃઢ વ્રતવાળા સર્વ સાધુ ભગવંતોને હું નમસ્કાર કરું છું.

પરિષહોની સેનાને જીતનારા, ઉપસર્ગો સહનારા, મોક્ષપંથે આગળ વધતા અને પ્રમાદથી રહિત સર્વ સાધુ ભગવંતોને હું નમસ્કાર કરું છું.

મરણ સમયે સાધુ નમસ્કાર મળી ગયા, તો ચિંતામણીરત્ન મળી ગયું. હવે કાચના કટકાની કેમ ઇચ્છા રાખે છે ?

સાધુ નમસ્કાર પાપોને હરે છે, પુણ્ય વગરના આત્માઓના હૃદયમાં સાધુ નમસ્કાર ક્યાંથી આવે ?

સાધુ ભગવંતોને વિશુદ્ધિ વડે કરાતો નમસ્કાર સર્વ સુખોનું મૂળ છે. તથા મોક્ષનું કારણ છે.

તેથી સર્વ આદર વડે હું ભગવંતોને નમસ્કાર કરું છું કે જેથી ભવસમુદ્રને તરીને હું મોક્ષ પામું.

'કુવલયમાળા'માં એક રાજા પોતાના મંત્રી સાથે ઉદ્યાનમાં આવેલા છે. ત્યાં એક મહાન આચાર્યનો વિશાળ સાધુ પરિવાર વિરાજમાન છે, રાજા તે બધાનાં દર્શન કરે છે. તે વખતે તેણે જે જોયું, તેનું સુંદર વર્ણન એ ગ્રંથમાં છે તે આ રીતે :

તે સાધુ ભગવંતો કલ્પવૃક્ષ કે ચિંતામણી રત્ન જેવા હતા. તેમાંના કેટલાક જીવ, અજીવ વગેરેનું જેમાં વિધાન છે, જેમાં કાર્ય અને અકાર્યની તેના ફળ સાથે વિચારણા છે અને સાધુનો સુંદર આચાર છે, એવા શ્રી આચારાંગ સૂત્રનું ધ્યાન કરતા હતા.

કેટલાક જેમાં સ્વસમય અને પરસમય વગેરેની વિચારણા વગેરે છે એવા શ્રી સૂત્ર-કૃતાંગનો સ્વાધ્યાય કરતા હતા.

કેટલાક સ્થાનાંગસૂત્ર સાંભળતા હતા; કેટલાક સમવાયાંગસૂત્ર ભણતા હતા, કેટલાક જાણે અમૃતરસથી મિશ્રિત હોય એવા શ્રી ભગવતીસૂત્રની ધારણા કરતા હતા; કેટલાક જ્ઞાતાધર્મકથાસૂત્ર, કેટલાક અંતગડદસાસૂત્ર, કેટલાક અનુત્તરદસા સૂત્રનો સ્વાધ્યાય કરતા હતા

કેટલાક જેમાં ગણધર ભગવાન પ્રશ્ન પૂછે છે અને ત્રણ લોકના ગુરુ તીર્થંકર ભગવાન ઉત્તર આપે છે એવા શ્રી પ્રશ્નવ્યાકરણસૂત્રને ભણતા હતા.

કેટલાક દૃષ્ટિવાદનો, કેટલાક પણ્ણવણાસૂત્રનો, કેટલાક સૂર્યપ્રજ્ઞપ્તિનો, કેટલાક ચંદ્ર-પ્રજ્ઞપ્તિનો સ્વાધ્યાય કરતા હતા.

કેટલાક ગણધરોએ રચેલાં શાસ્ત્રોનો, કેટલાક સામાન્ય કેવલીઓએ કહેલાં શાસ્ત્રોનો, કેટલાક પ્રત્યેકબુદ્ધોએ કે સ્વયંબુદ્ધોએ કહેલાં શાસ્ત્રોનો સ્વાધ્યાય કરતા હતા;

કેટલાક તર્કશાસ્ત્રને ભણતા હતા, કેટલાક ધર્મકથા સંભળાવતા હતા, કેટલાક વાદ-વિવાદ ( શાસ્ત્રાર્થ ) કરતા હતા, કેટલાક જ્યોતિષ વગેરે શાસ્ત્રોનું અવગાહન કરતા હતા,

કેટલાક યોનિપ્રાભૃતશાસ્ત્રનો સ્વાધ્યાય કરતા હતા અને કેટલાક સુંદર મધુર કાવ્યો રચતા હતા.

કેટલાક તપસ્વી હતા, કેટલાક મંત્ર-તંત્ર-વિદ્યાઓના જાણકાર હતા, કેટલાક જ્યોતિષમાં નિષ્ણાત હતા, કેટલાક સિદ્ધાંતના સારને વિચારતા હતા, કેટલાક ત્રણ ગુપ્તિએ ગુપ્ત હતા, કેટલાક મહાપ્રાણધ્યાનને સાધતા હતા, કેટલાક જિનવચનનું ધ્યાન કરતા હતા અને કેટલાક સાધુપ્રતિમાઓને આરાધતા હતા.

કેટલાક કાયોત્સર્ગમુદ્રામાં, કેટલાક અમુક વિશિષ્ટ નિયમમાં રહેલા, કેટલાક વીરાસનમાં, કેટલાક ઉત્કટાસનમાં, કેટલાક ગોદોહાસનમાં, કેટલાક પદ્માસનમાં હતા.

કેટલાક ગુરુ ભગવંતની વેયાવચ્ચ (સેવા) કરતા હતા. કેટલાક સાધુસામાચારી શીખતા હતા. કેટલાક શુક્લધ્યાનમાં હતા, કેટલાક ધર્મધ્યાનમાં હતા, કેટલાક આત્માના અવગુણોની નિંદા કરતા હતા.

આવી રીતે અનેક શુભક્રિયાઓમાં મગ્ન સાધુ ભગવંતોને રાજાએ જોયા.

## સાધુ ધર્મપરિભાવના

એ પછી કુવલયમાળા સંદર્ભમાં 'સાધુધર્મપરિભાવના' છે. (પૃ. ૩૫૯) તે આ રીતે : હું સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર કરું છું :

હું ક્યારે સાધુપણું પામીશ ! ક્યારે રાત્રીએ ધ્યાનમાં હોઇશ ! ક્યારે ચરણકરણાનુયોગનો સ્વાધ્યાય કરીશ ! ક્યારે ઉપશાંત મનવાળો થઇને કર્મમહાપર્વત ભેદવા વજ્રસમાન એવા પ્રતિક્રમણને કરીશ ! ક્યારે હું સૂત્રપોરિસી અને અર્થપોરિસી કરીશ ! ક્યારે હું મહાન વૈરાગ્યમાર્ગમાં રમતો હોઈશ ! ક્યારે હું ધર્મધ્યાનમાં લાગી જઇશ ! ક્યારે હું છટ્ઠ, અટ્ઠમ વગેરે મહાન તપશ્ચર્યાઓ કરીશ ! ક્યારે હું ઈર્યાસમિતિપૂર્વક ગોચરીએ નીકળીશ ! ક્યારે હું સમચિત્તવાળો ગોચરીએ ફરીશ – ભલે પછી મૂઢ લોકો હસે કે નિંદા કરે–ક્યારે હું શત્રુ-મિત્ર પ્રત્યે સમભાવવાળો થઇશ ! ક્યારે હું સૂત્રોક્ત રીતે રાગદ્વેષ વગર ગોચરી કરીશ ! ક્યારે હું સૂત્રાર્થમાં નિષ્ણાત થઇશ ! ક્યારે હું સુંદર ભાવનાઓમાં ચઢીશ ! ક્યારે હું શૂન્યભૂમિ કે સ્મશાનભૂમિમાં ધર્મધ્યાનમાં રહીશ ! ક્યારે હું પર્વતની ગુફાઓમાં કે જંગલોમાં નિર્દોષ ભૂમિમાં ચારે પ્રકારની અંતિમ આરાધના કરી શરીર છોડીશ !

આ મારો જીવ સત્ત્વરહિત છે, નિઃસાર છે, કેમકે એ ફક્ત મનોરથો જ ચિંતવ્યા કરે છે. કરતો કાંઈ નથી, એટલું જ નહીં, પણ આ જીવ મહાન પાપી છે કેમકે એ પાપકાર્યોમાં જ ઉદ્યમશીલ છે.

તે બાલમુનિઓ ધન્ય છે કે જેમણે નાની વયમાં દીક્ષા લીધી અને પ્રિયનો વિયોગ વગેરે જોયો જ નથી.

તે બાલમુનિઓ ધન્ય છે કે જેઓએ વિવાહ જ ન કર્યા, કામરસથી અજ્ઞાત રહ્યા, પ્રિયાના સુખને જોયું જ નહીં અને સીધેસીધા દીક્ષામાં લીન થઈ ગયા.'

તે બાલમુનિઓ ધન્ય છે કે, જેઓએ વિષયસુખો જાણ્યા જ નહીં.

તે બાલમુનિઓ ધન્ય છે કે જેઓ શીલમાં ઉદ્યમશીલ છે, ગૃહવાસનું સુખ જાણ્યું જ નથી, વિનય કરે છે અને જિનવચનના સ્વાધ્યાયમાં લીન છે.

તે બાલમુનિઓ ધન્ય છે કે, જેમના શરીરમાં કામ નિવૃત્ત થઈ ગયો અને સ્વાધ્યાયમાં એટલા બધા મગ્ન રહ્યા કે પ્રેમરસ જાણ્યો જ નહીં.

તે બાલમુનિઓ ધન્ય છે કે જેઓ જન્મતાં જ (દીક્ષા લેતાં જ) જિનેશ્વરમાં એવા સંલીન થઇ ગયા કે મોક્ષમાર્ગનો નાશક કુમતિમાર્ગ જાણતા જ નથી.

હવે તો સંસાર સુખોમાં શરીરની બધી શક્તિઓ ક્ષીણ થઈ ગઇ, નાના હતા ત્યારે દીક્ષા લઈ લીધી હોત તો કેવું સારું થાત! કેવાં સરસ તપ, સંયમ, સ્વાધ્યાય વગેરે કરત!

## સાધુ-શરણું

છેલ્લે સાધુ-શરણ-સમજાવીને આ પ્રકરણ પૂરું કરીએ છીએ, 'ચઉસરણપયન્ના' (નમસ્કાર સ્વાધ્યાય પ્રા. વિ. પૃ. ૫૦૯)માં આ રીતે કહ્યું છે:-

જીવલોકના બંધુ, કુગતિ-મહાસમુદ્રના પારને પામેલા, મહાન ભાગ્યશાળી અને રત્નત્રયીથી મોક્ષસુખને સાધનારા સાધુ ભગવંતો મને શરણ હો.

કેવલજ્ઞાની, પરમાવધિજ્ઞાની, વિપુલમતિજ્ઞાની, શ્રુતધર, એવા જે કોઇ આચાર્યો, ઉપાધ્યાયો કે સાધુઓ હોય તે સર્વ સાધુ છે, તેઓ મને શરણ હો.

ચઉદપૂર્વી, દસપૂર્વી, નવપૂર્વી, બાર અંગના ધારક, અગિયાર અંગના ધારક, જિનકલ્પી વગેરે સર્વ સાધુ ભગવંતો મને શરણ હો.

ક્ષીરાસ્રવી વગેરે લબ્ધિધારી સાધુ ભગવંતો મને શરણ હો.

વૈરવિરોધથી રહિત, ઇચ્છાથી રહિત, પ્રશાંતમુખશોભાવળા, ગુણોથી ભરેલા, મોહ રહિત ભવ્યજનોના મનને પ્રિય, આત્મામાં રમતા, વિષયકષાયથી રહિત, ઘર-બાર સ્ત્રી વગેરેથી રહિત, હર્ષ-વિષાદ વિનાના હિંસા વગેરે દોષોથી વિમુક્ત કરુણાવંત, મોક્ષમાર્ગે આગળ વધતા, સુકૃત અને પુણ્યથી ભરેલા, કામ વિડંબણા વિનાના, ક્લેશ વગેરેથી રહિત અને સાધુપણામાં સુસ્થિર એવા સાધુ ભગવંતો મને શરણ હો.

આ રીતે શરણની ભાવનાથી બધા જ માનસિક વગેરે ક્લેશો નાશ પામે છે.

મહામહિમાવંત એવા સાધુપણાને વર્ણવવું અતિ દુષ્કર છે પણ અતિ સંક્ષેપથી કરેલું સાધુપદનું વર્ણન અહીં પૂરૂં થાય છે.

# પ્રકરણ–નવમું

## પંચમહામંગલશ્રુતસ્કંધ ( નવકાર )ની ચૂલિકા–ચૂલા.

'નમો લોએ સવ્વસાહૂણં' પદ પછીનાં છેલ્લાં ચાર પદો મળીને ચૂલિકા કહેવાય છે. ચૂલિકાનો અર્થ વગેરે પૂર્વના પ્રકરણોમાં આવી ગએલ છે. હવે એની વિશેષતાઓ જોઇએ

શ્રી મહાનિશીથસૂત્રમાં ( જુઓ ન. સ્વાધ્યાય પ્રા. વિ. પૃ. ૪૪ ) તથા ચૈત્યવંદન મહાભાષ્યમાં (જુઓ ન. સ્વા. પ્રા. વિ. પૃ. ૮૭) ચૂલિકા વિશે સુંદર માહિતી છે, ત્યાં કહ્યું છે કે–

આ પાંચને નમસ્કાર एसो पंचनमुक्कारो એ શું કરે છે ? (ઉત્તરમાં કહ્યું છે કે–) સર્વ પાપ–જ્ઞાનાવરણીયાદિ જે વિશેષ કર્મ, તેને આત્મામાંથી છૂટા પાડી દશે દિશાઓમાં ભગાડી મૂકે (નાશ કરે) છે–सव्वपावप्पणासणो અને એ પંચનમસ્કાર કેવો છે ? ( ઉત્તરમાં કહ્યું છે કે ) મંગલ. મંગલ શબ્દની બે રીતે વ્યુત્પત્તિ કરવામાં આવી છે :

(૧) मंग + लं

(૨) मं + गलं

(૧) મંગ એટલે નિર્વાણસુખને સાધવાવાળાં ફક્ત જે એક જ સમર્થ છે, તે સમ્યગ્-દર્શનાદિક અહિંસા લક્ષણવાળો આર્હત (જૈન) ધર્મ. લ એટલે તે ધર્મને પ્રાપ્ત કરાવે તે મંગલ. સારાંશ કે જેનાથી ધર્મની પ્રાપ્તિ થાય તે મંગલ. તાત્પર્ય કે નમસ્કારનું સ્મરણ મંગલ હોવાથી તે આત્મામાં અવશ્ય ધર્મનો વિકાસ સાધી આપનાર છે.

(૨) मं એટલે મને અને गल એટલે સંસારથી તારે તે મંગલ અથવા मं એટલે મારી ( મારા આત્માને વળગેલ ) બદ્ધ સ્પૃષ્ટ અને નિકાચિત એવા આઠે પ્રકારના કર્મની રાશી ) તેને गल એટલે ગાળે એટલે દૂર કરે તે મંગલ.

સારાંશ કે નવકારનું સ્મરણ મંગલ હોવાથી તે આત્માને સંસારથી તારે, આઠે પ્રકારના કર્મનો નાશ કરીને.

આ મંગલ કેવું છે ? તો કહ્યું છે કે બધા મંગલોમાં પહેલું છે.

મંગલ એટલે મંગલને કરનાર વસ્તુ, દહીં, ગોળ, ચોખા, ચંદન, નાળીયેર વગેરે તથા અષ્ટમંગલઃ પૂર્ણકલશ–સ્વસ્તિક-દર્પણ–ભદ્રાસન. વર્ધમાન–મીનયુગલ–શ્રીવત્સ–નંદ્યાવર્ત વગેરે તથા અહિંસા, સત્ય, તપ, વગેરે સર્વ દ્રવ્ય અને ભાવમંગલોમાં આ પંચનમસ્કાર પહેલું મંગલ છે.

ચૂલાનો અર્થ કરતાં શ્રી નિશીથ ચૂર્ણીમાં કહ્યું છે કે–

ચૂલા એટલે વિશેષ રીતે શોભાવનાર (વિભૂષણ) અથવા શિખર, ( જુઓ ન. સ્વા. પ્રા. વિ. પૃ. ૬૧).

શ્રી નંદીસૂત્રમાં કહ્યું છે કે શ્રુતરૂપી પર્વત ઉપર શિખરની જેમ શોભે તે ચૂલા. (જુઓ ન. સ્વા. પ્રા. વિ. પૃ. ૬૧)

નવકારનું કમલબંધ ધ્યાન જ્યારે કરવાનું હોય છે, ત્યારે અષ્ટદલકમળમાં વચ્ચે 'નમો અરિહંતાણું' પછી પૂર્વાદિ ચાર દિશાઓમાં અનુક્રમે ચાર પદો 'નમો સિદ્ધાણં' વગેરે. તે પછી આગ્નેયાદિ ચાર વિદિશાઓમાં ચૂલિકાના ચાર પદોનું ધ્યાન કરવામાં આવે છે.

કેટલાક ગ્રંથોમાં કોઈક વિશેષ પ્રયોજન માટે ચૂલિકાના ૩૩ અક્ષરોનું ૩૨ પાંખડી-વાળા કમળમાં એક એક પાંખડીમાં એક એક અક્ષરનું અનુક્રમે ધ્યાન કરવામાં આવે છે અને એક અક્ષર વચ્ચે કર્ણિકામાં મૂકવામાં આવે છે. (જુઓ ન. સ્વા. પ્રા. વિ. પૃ. ૪૫૧)

ચૂલિકાનું સ્મરણ કરતી વખતે જે ભાવના કરવાની હોય છે, તેનું સુંદર વર્ણન શ્રી મહાનિશીથસૂત્રમાં છે, ત્યાં કહ્યું છે કે–

આ પંચનમસ્કાર સર્વ પાપોને પ્રકર્ષથી નાશ કરે છે અને બધા મંગલોમાં પહેલું મંગલ છે.

સારાંશ કે નવકાર ગણતી વખતે ગણવાનું પ્રયોજન (ઉદ્દેશ) એ રાખવુ જોઇએ કે મારા કર્મનો ક્ષય થાઓ અને મને મંગલની પ્રાપ્તિ થાઓ. ×

આ રીતે કર્મક્ષય અને મંગલનું આગમન એ બે આશયથી નવકાર ગણવો શ્રેષ્ઠ છે, એમ ચૂલિકા પોતે જ કહી આપે છે.

નવકારના દૃષ્ટાંતો આ પ્રકરણમાં ગ્રંથનું કદ વધી જવાની ચિંતાથી આપેલાં નથી. વિશેષાર્થીઓએ તે નમસ્કાર નિર્યુક્તિ સંદર્ભમાં નમસ્કાર સ્વાધ્યાય પ્રાકૃત વિભાગમાં જોઈ લેવા.

× આ ગ્રંથમાં પણ અનેક સંદર્ભોમાં દૃષ્ટાંતો છે.

---

+ આ વિષય નમસ્કાર નિર્યુક્તિમાં સુંદર રીતે સમજાવેલ છે. જુઓ ન. સ્વા. પ્રા. વિ. પૃ. ૧૫૯.

इत्थ य पओयणमिणं कम्मक्खओ मंगलागमो चेव ।

× નમસ્કાર સ્વાધ્યાય–અપભ્રંશાદિ દેશીભાષા વિભાગ. –શ્રી નમસ્કાર નિર્યુક્તિ.

# પ્રકરણ-દશમું

## નમસ્કાર-ભાવના

નવકારની અર્થસંગતિ વગેરેની દૃષ્ટિએ અરિહંતાદિ દરેક પદના વર્ણનની દૃષ્ટિએ અને ચૂલિકાની દૃષ્ટિએ અતિસંક્ષેપમાં પૂર્વનાં પ્રકરણોમાં વર્ણન કરેલ છે. નવકારનો વિસ્તાર સમગ્ર જિનવચન હોવાથી ગમે તેટલો તેનો વિસ્તાર ગ્રંથમાં કરતા રહીએ તો પણ પાર ન આવે.

શાસ્ત્રોમાં સંભળાય છે કે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના સમકાલીન આચાર્ય શ્રી જયશેખરસૂરિ હતા. તેઓએ સતત તેર વરસ સુધી નવકાર ઉપર વિષયાંતર કર્યા વગર વ્યાખ્યાનો આપ્યાં હતાં. શાસ્ત્રોમાં તો કહ્યું છે કે સર્વકાળના સર્વઅરિહંતો એક પછી એક અનુક્રમે વર્ણન કરવા લાગી જાય તો પણ નવકારના પ્રથમ પદે રહેલા અરિહંતના અનંતા ગુણોમાંના એક ગુણનું પણ વર્ણન પૂરું થાય નહીં.

તાત્પર્ય કે નમસ્કારનો મહિમા સર્વ વાણીથી પણ પૂરો વર્ણવાય તેમ નથી. તો પણ શાસ્ત્રોમાં જે વિશેષ ગાથાઓ વડે નવકારનો મહિમા ભાવના કરવા માટે વર્ણવ્યો છે તે અહીં સંક્ષેપમાં કહીશું.

નમસ્કાર મંત્રનો મહિમા × મનમાં વિસ્તરે અને દૃઢ થાય એ માટે આ રીતે ભાવના કરવી :-

+(૧) આ પંચનમસ્કાર સર્વ પાપોનો નાશ કરે છે અને બધા મંગલોમાં પ્રથમ મંગલ છે.

(૨) નવકારથી શત્રુ મિત્ર થાય છે, ઝેર અમૃત થાય છે, જંગલમાં મંગલ થાય છે, ચોરો ચોરી કરી શકતા નથી, જ્યોતિષની દૃષ્ટિએ ખરાબ ફળ આવતું હોય તો તે સારું થઈ જાય છે. પારકાના+ ખરાબ મંત્રોની આપણા પર અસર થતી નથી, પિશાચ વગેરે ખરાબ કરવાને બદલે સહાય કરતા થઇ જાય છે, સર્પો, સિંહો, વાઘ વગેરે ઉપદ્રવ કરી શકતા નથી, આપત્તિ સંપત્તિ માટે થય છે, દુઃખ સુખ માટે થાય છે, કેદમાંથી મુક્તિ મળે છે વગેરે.

સારાંશ કે નવકારથી જીવને સર્વત્ર લીલાલહેર થાય છે.

(૩) ગયા જન્મમાં પુણ્યાનુબંધિ પુણ્ય જેણે ઉપાર્જન કર્યું છે અને ભાવિ જન્મમાં જેનું મહાન પુણ્યાનુબંધિ પુણ્ય ઉદયમાં આવવાનું છે, એ આત્મા આ પંચ નમસ્કારનું સ્મરણ કરે છે. એ ભવિષ્યમાં કદી પણ નરક કે તિર્યંચગતિમાં જતો નથી એટલું જ નહીં, પણ ઉત્તરોત્તર ચઢિયાતી સારી ગતિઓ, સુખો વગેરે પામીને અંતે મોક્ષમાં થોડાક જ ભવમાં જાય છે.

---

× મહિમાથી ચિત્તમાં રસ વધે છે, રસ વધવાથી ચિત્તમાં એકાગ્રતા આવે છે અને એકાગ્રતાથી નવકાર ફળે છે.

+ નમસ્કાર સ્વાધ્યાયના પ્રથમ બે ભાગમાંથી મહત્ત્વની ગાથાઓનો ભાવ માત્ર અહીં આપવામાં આવે છે.

(૪) ઇંદ્ર, ચક્રવર્તી, વાસુદેવ વગેરેની સમૃદ્ધિઓ તો નવકારના મહાન પ્રભાવથી સરળતાથી મળે છે. જેના પ્રભાવથી તીર્થંકરની સમૃદ્ધિ મળે તેના પ્રભાવ આગળ તો ઇંદ્ર આદિની સમૃદ્ધિનો કોઈ હિસાબ જ નથી.

(૫) ત્રણે ભુવનમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવની દૃષ્ટિએ જે કાંઇ સારી વસ્તુ કોઇને પણ મળેલી દેખાય છે, તે બધો નવકારનો જ પ્રભાવ છે.

(૬) સર્વ આપત્તિઓથી રહિત નવકારરૂપ મહાન વાહનમાં જેઓ બેઠેલા છે તેઓ લીલાથી મોક્ષને પામે છે.

(૭) જેવી રીતે નક્ષત્રમાળામાં ચંદ્રમા શ્રેષ્ઠ છે તેવી રીતે સર્વપુણ્ય સમુદાયમાં ( પુણ્યસમુદાયની પ્રાપ્તિમાં ) નવકાર શ્રેષ્ઠ છે.

(૮) સૂત્રોમાં પણ પુણ્યના નવ કારણોમાં નવકાર જ શ્રેષ્ઠ કારણ દર્શાવવામાં આવ્યું છે.

(૯) જેવી રીતે મકાનને આગ લાગતાં માણસ મહામૂલ્યવાન ઝવેરાત લઈને તરત નીકળી જાય છે એવી રીતે મરણ સમયે ચૌદ પૂર્વધરો પણ નવકાર રત્નને ચિત્તમાં રાખી પરલોકમાં ચાલ્યા જાય છે.

(૧૦) જેવી રીતે તલનો સાર તેલ છે, પુષ્પનો સાર સુગંધ છે અને દહીંનો માખણ છે એવી રીતે સર્વ આગમેનો સાર નવકાર છે. કોઈક જ ધન્ય જીવ તેની ઉપાસના કરે છે.

(૧૧) મરણ સમયે કોઇ તિર્યંચ પણ નવકાર સાંભળે તો તેની અવશ્ય સદ્ગતિ થાય છે, તો પછી મનુષ્યની સદ્ગતિ થાય, એમાં આશ્ચર્ય જ શું છે ?

(૧૨) જે વખતે આપણે નવકારનું ધ્યાન, સ્મરણ વગેરે કરતા હોઇએ અથવા નવકાર સાંભળતા હોઈએ તે વખતે આ ભાવના કરવી :

(અ) ખરેખર ! મારાં સર્વ અંગો અમૃતથી સિંચાઈ ગયાં.

(બ) ખરેખર ! કોઇ મહાન પુણ્યાત્માએ નિષ્કારણ બંધુ થઇને મને નવકાર આપ્યો કે નવકાર સંભળાવ્યો.

(ક) આ નવકારનું સ્મરણ, શ્રવણ વગેરે ખરેખર જ મહાન પુણ્ય છે, મહાન શ્રેય છે અને મહાન મંગલ છે.

(ડ) ખરેખર મને દુર્લભ વસ્તુનો લાભ થયો, બધાં પ્રિયજનો મને મળ્યાં, મારા આત્મામાં તત્ત્વનો પ્રકાશ થયો, મને સારભૂત વસ્તુ મળી, મારાં બધાં દુઃખો ટળી ગયાં, પાપો તો દૂર જ ભાગી ગયાં, હું સંસારના પારને પામ્યો.

(ઇ) મેં પૂર્વે જે કાંઈ પ્રશમ વગેરે ગુણોનું સેવન કર્યું, દેવ-ગુરુની આજ્ઞા પાળી, નિયમો કર્યા, તપ તપ્યાં, તે બધાં આજે સફળ થયાં, મારો જન્મ આજે સફળ થયો.

(૧૩) માતાના ઉદરમાં હોય ત્યારે અને જન્મ વખતે જો માતા મનમાં નવકાર ગણુતી હોય તો તે બાળક ભવિષ્યમાં મહાન પુણ્યશાળી થાય છે.

(૧૪) આપત્તિમાં નવકારનું સ્મરણ કરે તો આપત્તિ સંપત્તિરૂપ થાય અને સંપત્તિમાં નવકારનું સ્મરણ કરે તો સંપત્તિઓ વધે.

(૧૫) નવકારના એક અક્ષરથી સાત સાગરોપમ પ્રમાણ, એક પદથી પચાસ સાગરોપમ પ્રમાણ અને સંપૂર્ણ એક નવકારથી પાંચસો સાગરોપમ પ્રમાણ પાપો નાશ પામે છે.

×(૧૬) વિધિપૂર્વક એક લાખ નવકાર ગણનાર નિયમા તીર્થંકર નામકર્મ બાંધે છે, એમાં કાંઈ સદેહ નથી

×(૧૭) આઠ કરોડ, આઠ લાખ, આઠ હજાર, આઠસો આઠ નવકાર ગણનાર ત્રીજે ભવે મોક્ષ પામે છે.

(૧૮) હે નવકાર! તું જ મારી માતા, પિતા, નેતા, બંધુ, મિત્ર, ગુરુ, દેવ, પ્રાણ, સ્વર્ગ, મોક્ષ વગેરે છે, હે નવકાર! તું શાશ્વત મંગલ છે.

(૧૯) આ લોકની સર્વ ઇષ્ટ વસ્તુઓ, પરલોકની સર્વ ઇષ્ટ વસ્તુઓ અને મોક્ષ પણ લીલાથી આપનાર હે! નવકાર! ફક્ત તું એક જ છે!

(૨૦) મહાન પુણ્યાનુબંધિ પુણ્યથી જે આ નવકાર પામ્યો, તેની નરક અને તિર્યંચ ગતિઓ અવશ્ય રોકાઇ ગઇ.

(૨૧) પંચનમસ્કારની સાથે જેના પ્રાણ જાય, તે જો મોક્ષ ન પામે તો અવશ્ય દેવપણું પામે.

(૨૨) આ નવકારના પ્રભાવથી આ સંસારમાં મનુષ્ય કદાપિ નોકર, ચાકર, દાસ, દુઃખી, નીચ–કુળવાળો કે અંગોમાં ખોડખપણવાળો થતો નથી.

(૨૩) હાથની આંગળીઓના ૧૨ વેઢા ઉપર જે ૯ વાર (૧૨ × ૯ = ૧૦૮) નવકાર ગણે તેને ભૂત, પ્રેત વગેરે છળી શકતા નથી.

(૨૪) બધા મંત્રોમાં નવકાર પરમ મંત્ર છે, બધા ધ્યેયોમાં નવકાર પરમ ધ્યેય છે, અને બધા તત્ત્વોમાં નવકાર પરમપવિત્ર તત્ત્વ છે.

(૨૫) આ સંસાર સમુદ્રમાં ડૂબતા જીવો માટે નવકાર જેવી કોઇ સારી નૌકા નથી.

(૨૬) જ્યાં સુધી જીવ નવકાર ન પામે, ત્યાં સુધી એનાં શારિરીક કે માનસિક દુઃખોનો નાશ કેમ રીતે થાય?

(૨૭) નવકાર દુઃખ હરે છે, સુખ કરે છે, ભવસમુદ્રનું શોષણ કરે છે અને આ લોક અને પરલોકના બધા જ સુખોનું મૂળ નવકાર છે.

(૨૮) ખાતાં, પીતાં, સૂતાં, જાગતાં, નગરપ્રવેશ વગેરેમાં ભય હોય ત્યારે, આપત્તિમાં તાત્પર્ય કે સર્વે કાર્યોમાં નવકારનું સ્મરણ કરવું જોઇએ.

(૨૯) બીજા બધા મંત્રો અશાશ્વત છે જ્યારે કેવળ એક નવકાર જ શાશ્વત છે.

(૩૦) સાપ ડસે ત્યારે તેનું ઝેર જેમ ગારુડમંત્ર તત્કાળ ઉતારે છે, તેમ પાપવિષને નવકાર મંત્ર તત્કાળ દૂર કરે છે.

(૩૧) શું આ નવકાર કામકુંભ છે, ચિંતામણી રત્ન છે કે કલ્પવૃક્ષ છે? નહીં, નહીં, એ બધા કરતાં અધિક છે, કારણ કે કામકુંભ વગેરે તો એક ભવમાં જ સુખ આપે છે જ્યારે નવકાર તો સ્વર્ગ અપવર્ગ (મોક્ષ) પણ આપે છે

---

× જુઓ શ્રાદ્ધવિધિ, ન. સ્વા. સં. વિ. પૃ ૩૧૯



શ્રી મહાવીર પ્રભુ (કાયોત્સર્ગ મુદ્રામાં)

# अपभ्रंश आदि देशी भाषा विभाग

## [ ८३-१ ] *

### [ अज्ञातकर्तृक ]

**तेरस-भेअ-नवकार-पडल-सरूव-फलं ।**

इग दु-ति-ति-चउ-पण-छ-सग-सोलस-पणतीस-अट्ठसट्ठीहिं ।
सगत्रीससय-तिसेठसएण वण्णाण णिप्फण्णा ॥१॥
तेरस नवकार इमे, पत्तेयं सव्वि लैक्खवाराओ ।
जे गुणहि तिसंझं, ते बंधंति तित्थैयरनामं ॥२॥ [ द्वारगाथाद्वयम् ]
छ-दरिसण मंतैक्खरहं 'ॐकार' जु सारु ।
सो परमक्खरु मणि धरहु, जं छिन्नैहु संसारु ॥३॥
'उ सा' उए अक्खर सरहु, जिं साहइ नियकज्जु ।
'अ-सि-सा' तेअक्खरसरणि, पात्रहु सिवैपुरिरज्जु ॥४॥
परमेट्ठि-णमोकारो, 'अरहं' तिहि अक्खरेहि जे सरहि ।
ते लंघिय सव्वभया, रिद्धी-सिद्धीजुया हुंति ॥५॥

---

## अनुवाद ।

एक (१), बे (२), त्रण (३), चार (४), पांच (५), छ (६), सात (७), सोळ (१६), पांत्रीस (३५), अडसठ (६८), एकसो सत्तावीस (१२७), अने एकसो त्रेसठ (१६३) वर्णो वडे निष्पन्न (बनेला) नवकारना आ तेर भेदोमां दरेकने जुदा जुदा लाखवार जेओ त्रणे संध्याए गणे छे, तेओ तीर्थंकर नामकर्म बांधे छे ॥ १–२ ॥ (आ बे द्वारगाथाओ छे।)

'ॐकार' जे दर्शनोना मंत्राक्षरोनो सार छे, ते परमाक्षर ॐकारने धारण करो, के जेथी संसार छेदाइ जाय ॥३ ॥

'उ–सा' ए बे अक्षरोनुं स्मरण करो अने पोतानुं कार्य साधो।

'अ–सि–सा' ए त्रण अक्षरोना स्मरण वडे शिवपुरना राज्यने पामो ॥ ४ ॥

'अरहं' ए त्रण अक्षरो वडे परमेष्ठि–नमस्कारने जेओ स्मरे छे, तेओ सर्वभयोने पार करीने ऋद्धि अने सिद्धिने पामे छे ॥ ५॥

---

* पूर्वे प्रकाशित **नमस्कार स्वाध्याय संस्कृत विभाग** मां ८२ सुधीना क्रमांको छे. ते पछीनो आ ८३ क्रमांक छे. ते पछीनो क्रमांक १ आ विभागना प्रथम संदर्भने सूचवे छे.

१ तिसहस्सपण R । २. लक्खिवा° R । ३. तित्थगर° R । ४. मंतक्खराहं B । ५. छिन्नउ B । ६. जिम्महह निय° R । ७. सिवपुरिज्जु B । ८ रिद्धि–सिद्धि–जया B ।

'अ-सि-उ-सा' चेउ अक्खरइ, जो झायइ नियचित्ति ।
ते लंघिवि जर-मरण-भउ, सिव-सुह लैंहहि न भंति ॥६॥
मणि-मंतोसहि-मूलियहु, कांई करेसहि ताहं ।
'अ-सि-आ-उ-सा' पंचक्खरइ हियडै निवेंसहिं जाहं ॥७॥
'ॐ अ-सि-आ-उ-सा' जे किर छहिं अक्खरेहि नवकारं ।
झायंति पहिट्ठमणा, दुरियाइं तेसि नवि हुंति ॥८॥
जे झायहि एकग्गमण 'अ-सि-आ-उ-सा-नमः' सत्तक्खर ।
मंतक्खर पवत्ते, दुहु लहहिं न सत्त ॥९॥
'अरिहंत-सिद्ध तह आयरिय उवज्झाय साहु' एएहिं
सोलसहिं अक्खरेहिं, मंतो सव्वं दुहं हरइ ॥१०॥
निच्चं पि भो 'नमो अरिहंताणं' ई पयाइं पंचेव ।
पणतीस अक्खरेहिं, मंतं परमक्खरं सरह ॥११॥
जे सरहिं नवपएहिं, अडसट्ठी अक्खरेहिं नवकारं ।
अट्ठोत्तर-सयवारं, तेसिं पणस्संति दुरियाइं ॥१२॥

---

'अ-सि-उ-सा' ए चार अक्षरोनुं जे पोताना चित्तमां ध्यान धरे छे, ते जरा-मरणना भयोने ओलंगी जइ शिवसुखने पामे छे, तेमां भ्रांति नथी ॥ ६ ॥

जेमना हृदयमां 'अ-सि-आ-उ-सा' ए पांच अक्षरो वसे छे, तेमने मणि, मंत्र, औषधि अने मूलियांओनी शी जरूर छे? ॥ ७ ॥

जे हर्षित मनवाळा पुरुषो 'ॐ-अ-सि-आ-उ-सा' ए छ अक्षरो वडे नवकारनुं ध्यान करे छे, तेओनां पाप रहेतां नथी ॥ ८ ॥

मंत्राक्षरोना पाठमां प्रयत्नशील जे ध्याता एकाग्र मनथी 'अ-सि-आ-उ-सा-नमः' ए सात अक्षरोनुं ध्यान करे छे, ते सात प्रकारनां दुःखोने पामतो नथी ॥ ९ ॥

'अरिहंत-सिद्ध-आयरिय-साहु' ए सोळ अक्षरो वडे बनेलो मंत्र सर्व दुःखने हरे छे ॥ १० ॥

हे भव्य! 'नमो अरिहंताणं' वगेरे पांचे पदना पांत्रीस अक्षरो वडे बनेला परमाक्षरमंत्रनुं तुं हंमेशां स्मरण कर ॥ ११ ॥

जेओ नव पदो वडे एटले के अडसठ अक्षरो वडे नवकारनुं एकसो आठ वार स्मरण करे छे, तेओनां पाप नाश पामे छे ॥ १२ ॥

---

१. चउरक्खइ B । १०. लहइ B । ११. निवसिही B ।

**सरहुं गुणहुं पणरसपएहिं चउपन एगुणचत्त ।**
**चउति(ती)स चउसरणप्पभिई-सगवीस [सय] अक्खरं मंतु ॥१३॥**
**सगवीसइं सइं अक्खरहं, पणतीस 'ॐ' क्खरजुत्तु ।**
**इह तेसठसय अक्खरउ, दुहहरु सुमरह मंतु ॥१४॥**

---

**चत्तारि सरणं पवज्जामि**–वगेरे पंदर ( १५ ) पदो वडे अनुक्रमे चोपन ( ५४ ) ओगणचालीस ( ३९ ) अने चोत्रीस ( ३४ ) अक्षरो मलीने एकसो ने सत्तावीस ( १२७ ) अक्षरना मंत्रनुं तमे स्मरण करो, गणो ॥ १३ ॥

एकसो ने सत्तावीस अक्षरो तथा ॐ अक्षरयुक्त नवकारमंत्रना प्रथम पांत्रीस वर्णो सहित कुल एकसो ने त्रेसठ अक्षरना दुःखने हरण करनार मंत्रनुं स्मरण करो ॥ १४ ॥

## प्रति–परिचय

आ स्तोत्र जयपुरनिवासी पं. भगवानदास पासेना एक छूटक पत्र उपरथी पू. मुनिराज श्री अभयसागरजी महाराजे उतारेलुं, ते नकल परथी अहीं लीधुं छे, जेनी B संज्ञा राखी छे अने पू. पं. श्रीरमणीकविजयजी महाराजे जेसलमेरना भंडारनी कोई प्रति उपरथी करेली नकल अमने मोकलेली ते उपरथी पाठांतरो लीधा छे तेनो अहीं R संज्ञा राखी छे। आ स्तोत्रने अनुवाद साथे अहीं प्रगट कर्युं छे। आ स्तोत्रना कर्ता कोण छे ते जाणी शकायुं नथी।

[ ८४-२ ]

श्रीजिनप्रभसूरिरचित

## नवकाररास ।

॥ नमः पञ्चपरमेष्ठिचरणकमलेभ्यः ॥

पणमिवि रिसहजिणिंदु देव तियलोयदिवायरु,
वीरु नमउ गंभीरु धीरु सासय सुहसारु ।
अजर अमर वर नाणवंत तिहुयण चूडामणि,
सासयसुह संपत्त सिद्ध वंदउ ते निय मणि ॥१॥
अंग इगारह चउद पुव्व तिहुं पइ निम्मविया,
गोयम गणहर पमुह सयल पणमउ आयरिया ।
सुयसायर गुणमणि खन्न तिहुयण विक्खाया,
उवय(उ)त्ता उवएसदाणि पण[म]उ उवज्झाया ॥२॥
भवसंसारविरत्तचित्त सिवसुह उक्कंठिय,
सतरभेय संजम पवत्त तव-उवसम संठिय ।
सायर जिम गंभीर थीर मण जिम कंचणगिरि,
अप्पमत्त चारित्त जुत्त जे पिययम खमसिरि ॥३॥

---

### अनुवाद *

त्रिलोकदिवाकर देवाधिदेव श्री ऋषभजिनेन्द्रने प्रणाम करो. गंभीर, धीर अने शाश्वत सुखने आपनार श्री वीरजिनेन्द्रने नमस्कार करो. अजर, अमर, उत्तमोत्तम ज्ञानवंत, त्रिभुवनचूडामणी अने शाश्वत सुखने सारी रीते पामेला श्री सिद्ध भगवंतने ( तमारा ) पोताना मनमां ( भावपूर्वक ) वंदन (नमस्कार) करो. ॥१॥

जेओए त्रण पद ( त्रिपदी ) वडे अगियार अंग अने चौदपूर्वनुं निर्माण कर्युं एवा श्री गौतम-गणधर प्रमुख सकल आचार्योने प्रणाम करो. श्रुत (ज्ञान)ना महासागर, गुणमणीओनी खाण, त्रणे भुवनमां विख्यात ( प्रसिद्ध ) अने उपदेश आपवामां उपयोगवाळा ( कुशल ) एवा उपाध्यायोने प्रणाम करो. ॥२॥

भवसंसारथी विरक्त चित्तवाळा, शिवसुखनी उत्कंठावाळा, सत्तर प्रकारना संयममां प्रवृत्त, तप—उपशममां सारी रीते रहेला, सागर जेवा गंभीर, कंचनगिरि ( मेरुपर्वत )नी जेम निश्चल मन-

---

* अहींथी शरु थता सर्व अनुवादोमां मूळमां जेवुं छे प्रायः ते ज अक्षरशः रजु करेल छे. तेथी व्याकरण वगेरेनी दृष्टिए आ अनुवाद न जोतां केवल भावनी दृष्टिए आ अनुवाद जोवो, एवी वांचकोने नम्र विनंति. ज्यां अनुवाद थइ शक्यो नथी, त्यां कौंसमां प्रश्नचिह्न (?) मूकेल छे.

संपादक, संशोधक अने अनुवादक

कंचण तिण मणि लिट्ठु पवर जे मणि समु धारहिं,
समिति गुत्ति-दय-दाण धम्मु निम्मलु परिपालहिं ।
विजय बतीसि जि मुणि विदेहि पण भारहि सिवकर,
पण व एरवइ जि तवनिहाण वंदहु भत्तिब्भर ॥४॥

( ठवणि )

पढमु पणमउं पणमउं सयल अरहंत तयणंतरु,–
सिद्धवर सूरि गुणउं गुणउं गुण विविह संठिय ।
आगमनिहि उवज्झाय तह, साहु नमउं तव धण महिड्ढिय ।
सिव-मंगल-कल्लाणकर जो सुमरइ सुवियाणु,
सो परमिट्ठिहि फलि लहइ निच्छइ अमरविमाणु ॥५॥

( घत्ता )

रोग हरणु दुहसय दलणु सयल समीहिय रिद्धि पयारु ।
नर-सुर-सिव सुह इट्ठकरु भवियहु सुहं सुमरुहु मणु नवकारु ॥६॥
मूमिसयण बंभवय कलिउं गुणइं जु विहिसउं लक्खु नवकारु ।
अरहंतपउ सो नरु लहइ महहिं सुरासुर विविहपयार(रु) ॥७॥

---

वाळा, अप्रमत्त, चारित्रथी युक्त, क्षमालक्ष्मीना प्रियतम, कंचन, तृण, रत्न–माटीनुं ढेफुं वगेरेने जेओ सम रीते धारे छे, समिति–गुप्ति–दया–दान वगेरे निर्मल धर्मने जेओ उत्तम रीते पाळे छे, बत्रीस विजयो ( प्रदेशो ) वाळा विदेहक्षेत्रमां, पांच भरतमां, पांच ऐरवतमां रहेला अने तपना निधान एवा मुनिओने ( साधुओने ) श्रेष्ठ भक्तिथी वंदन करो ॥ ३–४ ॥

प्रथम सकल अरिहंतोने प्रणाम करो, प्रणाम करो । ते पछी विविध गुणोवाला श्रेष्ठ सिद्धो तथा आचार्योनुं गुणन ( स्मरण ) करो, गुणन करो । आगमोना निधान उपाध्यायो तथा तपधन-रूप महाऋद्धिवाला साधुओने नमस्कार करो । शिव–मंगल–कल्याणने करनार परमेष्ठिओनुं जे विधिपूर्वक स्मरण करे छे, ते फलरूपे भवांतरमां अवश्य देवविमान ( वैमानिक देवगति ) पामे ॥ ५ ॥

हे भव्यो ! रोगने हरनार, सेंकडो दुःखोने दळनार, सर्व समीहित तथा ऋद्धिओने आपनार, मनुष्यो–देवोनां सुखो तथा मोक्ष सुखने आपनार अने इष्टने करनार नवकारनुं सुखेथी मनमां स्मरण करो ॥ ६ ॥

भूमिशयन–ब्रह्मचर्यव्रत सहित जे विधिपूर्वक लाख नवकार गणे ते मनुष्य अरिहंतपद पामे छे तथा देवताओ असुरोथी विविध प्रकारे पूजाय छे ॥ ७ ॥

महियल सग्गि पयालि तह जसु जस परिमल गुरु वित्थारु ।
सयलहं आगम जो तिलउ जाणहिं भणिउं सासय नवकारु ॥८॥
कामधेणु चिंतारयणु सुरतरु इहु भवि हुइ वंछियकरु ।
जिण नवकारु सयल अहिउ पवियहु इह परलोय सुहंकरु ॥९॥

( ठवणि )

पावनासणु पावनासणु अत्थगंभीरु,
भुवणत्तयसुहकरणु दुट्ठअट्ठकम्महं विहा(हं)डणु,
कोहदवानलपवरुजलु कुगइ पंथ निच्छइ निवारणु ।
भव सायर सो नरु तरइ व(म)णवंछियदायारु,
पंचमगइ निरुवम लहइं जो झायइ नवकारु ॥१०॥

( घत्ता )

दुन्नि वसह गुणगण धवल जिणधर्मि किउ बहु भाउ ।
त संबल कंबल ते सुर हुयइं सुणि परमिट्ठि पभाउ ॥११॥
सिद्ध (सुवण्ण) पुरिसु नवकार फलि अहि थिउ कुसुमह माल ।
त पुलिंदिय नरवइ धू हुइय पाविय सुक्ख विसाल ॥१२॥

---

पृथ्वी–स्वर्ग–पातालमां नवकारना यश–परिमलनो विस्तार घणो छे । ते शाश्वत नवकार लोको वडे सकल आगमोमां तिलक कहेवायो छे ॥ ८ ॥

जिन–नवकार आ भवमां कामधेनु–चिंतामणी–कल्पवृक्षनी जेम वांछित करनार छे, बधा करतां अधिक छे, अने आ लोक अने परलोकमां सुख करनार छे, एम तमे निश्चित जाणो ॥ ९ ॥

नवकार निश्चे पापनाशक छे, पापनाशक छे, अर्थथी गंभीर छे, त्रणे भुवनने सुख करनार छे, दुष्ट आठ कर्मनो नाशक छे, क्रोध–दावानल माटे जल समान छे अने कुगतिपंथथी निवारनार छे, जे मनवंछितदातार नवकारनुं ध्यान करे छे, ते नर भवसागर तरे छे अने अनुपम एवी पंचमगति (मुक्ति)ने पामे छे ॥ १० ॥

बे सफेद बळद गुणसमुहथी ( पण ) धवल ( उज्वल हता । ) बन्नेए जिनधर्म विषे बहुभाव कर्यो तेओ परमेष्ठि–प्रभाव सांभळीने कंबल–संबल नामे देवता थया ॥ ११ ॥

हे पुरुषो ! नवकार फळ आपवामां सिद्ध छे । ( तेना प्रभावथी श्रीमतीने विषे ) साप फुलनी माळा थयो, भीलडी राजपुत्री बनीने विशाळ सुख पामी ॥ १२ ॥

तणु चइ पुलिंदु सुऊपनउं महियलि नरवइपुत्तु ।
त जाइसरणि निय मउ मणिउ मणिवंछिउं तिणि पत्तु ॥१३॥
पावनिरंत गयणिहिं भमत समली वीधिय बाणि ।
त नवकारह फलि साहु इय नरवइधू सुहखाणि ॥१४॥
नरभवि संपइ जे वरिय पत्त जि अमरविमाणी ।
त सिद्धि रमणि जे नर रमहिं फलु नवकारह जाणि ॥१५॥

( उवणि )

निसुणि संगतु संगतु पुरिसु नामेण कोडुंविउ गामि थिउ,
मुणिहिं वयणि नवकारु झायइ,
बीयभविहिं हुउ रयणिसिहो रायरिद्धि अइ पवर पावइ ।
भुंजेविणु सुहं रज्जसिरि केवलनाणु लहेइ,
जो परमिट्ठि मणि सरइ मणवंछिउ तसु होइ ॥१६॥

( घत्ता )

जिण नवकारु जु नरु निचु(च्चु) झायइ सो आवइं कइ आवि न पावइ ।
दुट्ठ कुट्ठ गह भउ तसु नासइ वाहि जलणु जलु दूरिहिता सइ ॥१७॥

---

(नवकारना प्रभावे) भील मरण पछी पृथ्वीतलने विषे राजपुत्र थयो, राजपुत्र–राजपुत्रीए (भील–भीलडीना जीवे) जातिस्मरण ज्ञान वडे पोतपोतानो भव जाण्यो । नवकारथी बन्ने मनवंछित पाम्यां ॥ १३ ॥

पापमां निरत (मग्न) अने आकाशमां भमती समळी पारधीना बाणथी वींधाइ, साधुए नवकार संभळाव्यो, तेना फळरूपे ते राजपुत्री थई, सुखी थई ॥ १४ ॥

नरभवमां जेओ संपत्तिने वर्या छे, (देवगतिमां) जेओ देवविमान पामे छे अथवा (मोक्ष गतिमां) जेओ सिद्धि रमणीनी साथे रमे छे । ते बधुं नवकारनुं फळ जाणो ॥ १५ ॥

सांभळो, कोइक संगत (?) नामनो पुरुष (खेडुत) गामडामां थयो, ते मुनिवचने नवकारनुं ध्यान करतो हतो, ते बीजा भवमां रजनीसिंह (रत्नसिंह) थयो, अति श्रेष्ठ राजरिद्धि पाम्यो, सुख अने राज्यलक्ष्मी भोगवी ते केवलज्ञान पाम्यो. जे परमेष्ठिओनुं मनमां स्मरण करे छे तेनां मनवंछित (पूरां) थाय छे ॥ १६ ॥

जिननमस्कारनुं जे नित्य ध्यान करे छे, ते कदापि आपत्ति पामतो नथी, दुष्ट कोढ रोग, हाथी (वगेरेनो) तेनो भय नाश पामे छे अने रोग आग, जल (पूर वगेरेनो भय) पण तेनाथी दूर भागे छे ॥ १७ ॥

गुरु गिरि रन्नि पडिउ मणि थारइ भवसायरु तसु लीलाइ तारइ ।
हरि-करि-विसहर-साइणि-सीह-रिउदल तासु न लंघहिं लीह ॥१८॥

जो नर झायइ ए परमक्खर दूरिहि नासहिं तसु सभि तक्कर ।
पंच पयइ जो अणुदिणु झायइ लच्छि सयंवर तसु घरि आवइ ॥१९॥

विहिसउ उजमइ जो नवकारु दुत्तर हेला तरइ संसारु ।
जो नरु सुमरइ अट्ठसठि अक्खर तासु सुरासुर वट्टहि किंकर ॥२०॥

पभणिउ यहु नवकारह रासु सयल मंगल गुणगणआवासु ।
जो नरु अणुदिणु नियमणि झायइ सिवपुर लच्छि पवर सो पावइ ॥२१॥

॥ इति नवकाररासः समाप्तः ॥

---

नवकार मोटा पर्वत पर अथवा अरण्यमां भूला पडेलाने ठारे छे ( मनमां शांति आपे छे ) भवसागरथी लीला वडे तारे छे, हरि ( ? ) हाथी, सर्प, शाकिनी, सिंह अने शत्रुदळ तेनी रेखाने ( मर्यादाने ) ओळंगता नथी ॥ १८ ॥

जे माणस आ ( नवकारना ) परम अक्षरोनुं ध्यान करे छे, तेनाथी सर्व चोरो दूर भागे छे। जे रोज ( नवकारनां ) पांच पदोनुं ध्यान करे छे, तेना घरे लक्ष्मी स्वयंवरा थईने ( पोतानी मेळे ) आवे छे ॥ १९ ॥

जे नवकारमां विधिसहित प्रयत्नशील ( उद्यम करे ) छे, ते दुस्तर संसारने सुखेथी शीघ्र तरी जाय छे—जे माणस ६८ अक्षरनुं स्मरण करे छे, तेना देवताओ—असुरो किंकर थाय छे ॥ २० ॥

सकल मंगलो अने गुणगणोना आवासरूप आ नवकाररास अमे ( कर्ताए ) कह्यो छे, जे एनुं रोज पोताना मनमां ध्यान करे छे, ते श्रेष्ठ शिवपुर ( मोक्ष ) लक्ष्मी पामे छे ॥ २१ ॥

[ ८५-३ ]

श्री जिनप्रभसूरिरचित

## नवकारफलवर्णनम् ।

पणमेवि पाय परमेसराण, उसभाइ सयल तित्थेसराण ।
पणमउ पक्खालियपावमलु, जेण निसुणहु जिणनवकारफलु ॥१॥

नवकार पभावि निसुणि मित्त !, जे झायहिं धंमह तणिय चिंति ।
ते दुक्खु न पावहिं अन्नभवि, जहिं जाय तहिं सुहु लहहिं जणि ॥२॥

नवकारिं लंघहिं आवयाउ, नवकारिं पावहिं संपयाउ ।
नवकारिं पुन्नइं उभूयंति, नवकारिं पावइं खयह जंति ॥३॥

नवकारिहिं वज्जइ विजयढक्क, नवकारिहिं को भंजइ मडक्क ।
नवकारिं नवनिहि संपडंति, छक्खंड वसुंधरि ते लहंति ॥४॥

नवकारिं चउदह रयण होंति नवकारिं गुणसय वित्थरंति ।
नवकारु सुमंगलु धन्नु पुन्नु, नवकारिं तुल्ल नहि कांइ अन्नु ॥५॥

नवकारइं राणा पुहइपालु, वर रूव वन्न गुणसय विसालु ।
नवकारिं वरगयगामिणीउ, संपज्जहिं पवरउ कामिणीउ ॥६॥

---

श्री ऋषभ वगेरे सकल तीर्थंकरोना चरणने प्रणाम करीने पापमलने प्रक्षालित करनार ( अमे नवकारनुं फळ कहीए छीए ) ( तमे पण ) प्रणाम करो अने जिननमस्कारनुं फळ सांभळो. १

हे मित्र ! तुं नवकारनो प्रभाव सांभळ. जेओ चित्तमां सदा ( ? ) नवकारनुं ध्यान करे छे, तेओ अन्य भवमां दुःख पामता नथी. ज्यां जाय त्यां लोकमां सुख पामे छे. २

नवकारथी आपत्तिओ ओळंगी जाय छे अने नवकारथी संपत्तिओ पामे छे, नवकारथी पुण्यो उद्भवे छे, नवकारथी पापो क्षय पामे छे. ३

नवकारथी विजयनगारां वागे छे, नवकारथी ( शत्रुनो ) गर्व भांगी जाय छे, नवकारथी ( तेओ ) नवनिधि पामे छे. नवकारथी तेओ छ खंड पृथ्वी मेळवे छे. ४

नवकारथी चौद रत्नो थाय ( मळे ) छे. नवकारथी सेंकडो गुण विस्तार पामे छे. नवकारथी श्रेष्ठ मंगल, धन अने पुण्य थाय छे, नवकार जेवुं बीजुं कांई नथी. ५.

नवकारथी पृथ्वीपालक-राजा थाय छे, नवकारथी श्रेष्ठ रूप, उच्च वर्ण ( क्षत्रियादि ) तथा विशाल सेंकडो गुणो थाय छे, नवकारथी प्रवर उत्तम गजगामिनी कामिनीओ ( स्त्रीओ ) मळे छे. ६

नवकारिं गयघड वारि हुंति, दप्पुद्धुर साहण संपडंति ।
नवकारिहिं सामियमं(वं)दणाइं, नर हुंति सत्तिआणंदणाइं ॥७॥
नवकारिहिं कयकोलाहलाइं, आगइ ठिय धावहिं पायलाहिं ।
नवकारिहिं जाणिहि संचरंति, न कयावि य पय भूमिहि करंति ॥८॥
नवकारिहिं वर सोहग्गु होइ, जस चंदधवलु वित्थरइ लोइ ।
नवकारिहिं परियणु विणयजुत्तु, हियइच्छिउ लब्भइ बहु वि वित्तु ॥९॥
नवकारिहिं जीवु न दुहिउ दुत्थु, जहिं उप्पज्जइ तहिं जि सुत्थु ।
नवकारिहिं वररूवेण जुत्त, लब्भंति मणोरम पवर पुत्त ॥१०॥
नवकारिहिं लब्भइं बेट्टियाउ, रइरूयउ तरुणतरट्टियाउ ।
नवकारिहिं पिययम चित्तहारि, आजम्म वि विहव न होइ नारि ॥११॥
नवकारिहिं वरधवलहरिवासु, संपज्जइ कोमलु तूलिफासु ।
नवकारिहिं कय कप्पूरहार, नर विलसइं जह खेयरकुमार ॥१२॥
नवकारिं नासहिं भूय पेय, वेयाल निसायर दुट्ठ जेय ।
नवकारिहिं नहयलगामिणीउ, पवहंति न मणुयहं डाइणीउ ॥१३॥

---

नवकारथी गजघटाओना मदजल होय छे, ( आंगणे हाथीओ होय छे ) नवकारथी दर्पथी उद्धत एवी सेनाओ प्राप्त थाय छे, नवकारथी वंदनाओना स्वामी थाय छे ( लोको नमस्कार करे छे ? ) नवकारथी माणसो शक्ति अने आनंदवाळा थाय छे. ७

नवकारथी कोलाहल करती, सामे आवीने झांझरो साथे दोडती ( नाचती ? ) जाणे भूमि उपर पग ज न मूकती होय, एवी रीते ( नृत्यांगनाओ ? ) संचरे छे. ८

नवकारथी उत्तम सौभाग्य थाय छे, नवकारथी यश चंद्र समान धवल थइ लोकमां विस्तरे छे, नवकारथी परिवार विनययुक्त थाय छे, नवकारथी मनवांछित घणुं ज धन मळे छे. ९

नवकारथी जीव दुःखी अने खराब हालतवाळो थतो नथी, ज्यां पण उत्पन्न थाय छे त्यां सुखी सारी अवस्थावाळो थाय छे. नवकारथी ( जीवो ) उत्तम रूपथी युक्त मनोरम अने श्रेष्ठ पुत्रो मेळवे छे. १०

नवकारथी उत्तम रूपमां रति जेवी अने प्रगल्भ पुत्रीओ मळे छे, नवकारथी मनोहर प्रियतम ( पति ) मळे छे, नवकारथी स्त्री जीवनना अंत सुधी विधवा थती नथी ११

नवकारथी उत्तम धवल रू ( कपास ) जेवां स्पर्शवाळां कोमल, उत्तम, धवल, इंद्र जेवां ( दिव्य ) वस्त्रो मळे छे, नवकारथी कपूर वगेरेथी शरीर सुगंधित करी हार धारण करेल माणस खेचरकुमार ( विद्याधर )नी जेम विलसे छे. १२

नवकारथी दुष्ट निशाचरो-भूत, प्रेत, वेताल ( वगेरे ) दूर भागी जाय छे. नवकारथी आकाशमां भमती डाकिनीओ मनुष्योने छळी शकती नथी. १३

नवकारपभाविं वग्घ सीह, लंघंति न अदु दिन्न लीह ।
नवकारबलिण सायरु तरंति, संगाम दुग्गु नर नित्थरंति ॥१४॥
नवकारिं थावर जंगमाइं, नासंति नरह विसमइं विसाइं ।
नवकारिहिं जलणु वि जलु नराहं, बहुमाण भत्तिभर निब्भराहं ॥१५॥
नवकारिहिं वइरइं उवसमंति, गहगाम भूअ अणुकूल हुंति ।
नवकारिहिं काइं न काइं जणे, सुंदरु संपज्जइ सयलु भवे (?) ॥१६॥
नवकारिहिं सुहु विज्जाहराहं, गंधव्व सिद्ध तह किंनराहं ।
नवकारिहिं दाणव वंतराहं, गच्छंति दियह हरसिय-मणाहं ॥१७॥
नवकारिहिं चंदाइच्च दोवि, सुहु भुंजइं सुंदरु देवलोइ ।
नवकारिहिं तारा रिद्धिमंत, अंबरतलि दीसहिं जगजगंत ॥१८॥
नवकारिहिं लब्भइ सुरविमाण, मणिरयणविणिम्मिय अप्पमाण ।
नवकारिहिं सुरगण करहिं सेव, जंपंति वयणु देव देव ॥१९॥
नवकारिहिं पीणपयोहराउ, न मुयंति पासु वर अच्छराउ ।
नवकारिहिं नर अहमिंद हुंति, पंचोतेर (चणु) सोखइं अणुहवंति ॥२०॥

---

नवकारना प्रभावे वाघ, सिंह ( वगेरे ) दीधेली रेखा–हदने ओळंगता नथी, नवकारना बळवाळा पुरुषो सागर तरी जाय छे अथवा संग्राम, अटवी (वगेरे)नो निस्तार (पार) पामे छे. १४

नवकारथी मनुष्योने (चढेला) स्थावर * जंगम विषम (खराब) विषो (झेर) नाश पामे छे, नवकारथी बहुमान अने अत्यंत भक्तिथी निर्भर (भरेला) मनुष्योने माटे अग्नि पण पाणी थइ जाय छे. १५

नवकारथी वेर (शत्रुभाव) उपशमे छे, नवकारथी ग्रहोनो समूह अने भूतो अनुकूल थाय छे, नवकारथी सर्वभवोमां (संसारमां) कई कई सुंदर वस्तुओ लोकमां प्राप्त थती नथी? १६

नवकारथी विद्याधरो, गंधर्वो सिद्धो + तथा किंनरोनां सुखो प्राप्त थाय छे. नवकारथी दानवो (असुरो), व्यंतरोना दिवसो हर्षवाळा मनथी पसार थाय छे. १७

नवकारथी चंद्र अने सूर्य × बंने देवलोकमां सुख भोगवे छे, नवकारथी रिद्धिवाला ताराओ (ताराना देवो) आकाशतलमां झगझगाट करता देखाय छे. १८

नवकारथी मणीओ अने रत्नोथी बनावेलुं मोटुं देवविमान मळे छे. नवकारथी देवगणो सेवा करे छे अने 'जय देव देव' एवां वचनोथी जयजयकार करे छे. १९

नवकारथी पुष्ट स्तनवाली श्रेष्ठ अप्सराओ क्षणवार पण दूर थती नथी. नवकारथी मनुष्यो अहमिंद्र थाय छे अने पांच अनुत्तरविमानना सुखो अनुभवे छे. २०

---

* स्थावर–खोराकमां अपाएल झेर. जंगम–साप वगेरेना करडवाथी चढेल झेर.

\+ विद्यासिद्ध वगेरे.

× आ बंने इंद्रो छे.

नवकारिहिं सिज्झहिं मंत तंत, अन्न वि जे कज्ज महामहंत ।
नवकारिहिं जोगिय जोगसिद्धि, मणहर संपज्जइ सयलरिद्धि ॥२१॥
नवकारि जाइं पंचप्पयाइं, तइलोय महिय सत्तक्खराइं ।
नवकारि तिन्नि चूला विसाल(लु), ज(जे)हिं संथुयं (ते) तिहुयणि सामिसालु ॥२२॥
नवकारि अट्ठसट्ठी वराण, किय संख (स) जिणिंदिहिं अक्खराण ।
नवकारिहिं वच्चइ जाह दीह, नरमज्झि पहिल्लिय तांह लीह ॥२३॥
नवकारु भणिवि जे निसि सुयन्ति, ते इह भव सुहिय होंति ।
नवकारिहिं जे जग्गंति नर, मुहु जोयइं संपय ताहं पर ॥२४॥
नवकारइं भोयणु जो करेइ, तसु दुट्ठं दिट्ठि पसरु वि हणेइ ।
नवकारिहिं वसणि न देइ चित्तु, संनिहिउ जेम निभिच्चु भिच्च(च्चु) ॥२५॥
नवकारि (रु) अणाइअणंतुं पहु, मं मज्झहु जण भावेण लेहु ।
नवकारु जिणागमसव्वसारु, लीलइं उग्घाडइ सिद्धिबारु ॥२६॥

---

नवकारथी मंत्रो तंत्रो सिद्ध थाय छे, अन्य पण मोटां मोटां कार्यो सिद्ध थाय छे, नवकारथी योगीओने योगसिद्धि अने सकल मनोहर ऋद्धिओ प्राप्त थाय छे. २१

नवकारमां पांच पदो छे, त्रणे लोकमां पूजित सात अक्षरो (आदिमां नमो अरिहंताणं) छे. नवकारनी चूलिकाना त्रण विभाग छे. * त्रणे भुवनमां जेओ महान् छे. तेओ (परमेष्ठीओ) अहीं नवकारमां स्तववामां आव्या छे. २२

नवकारमां श्रेष्ठ (परम) अक्षरोनी संख्या जिनेंद्रोए ६८ कही छे. नवकार (ना स्मरण) वडे जेओना दिवसो जाय छे, तेओनी मनुष्योमां गणना पहेला नंबरे थाय छे. २३

नवकारनो पाठ करीने जेओ रातना सुवे छे. (सूई जाय छे), तेओ आ भवमां सुखी थाय छे, नवकारथी जे माणसो जागे छे, (उठतां ज जेओ नवकार गणे छे), श्रेष्ठ संपत्तिओ तेओनां मुख जूए छे (श्रेष्ठ संपत्तिओ तेओनी पासे पोतानी मेळे आवे छे). २४

नवकारथी जे भोजन करे छे, तेनी नजर मात्र पण दुष्टनो नाश करे छे. जेम आज्ञांकित समर्थ सेवक साथे होवाथी माणस निर्भय होय छे, तेम नवकारने धारण करनार संकटने चित्त आपतो नथी. (निर्भय होवाथी संकटने मनमां लावतो नथी.) २५

नवकारमां अनादि अनंत प्रभु (भगवान–पांच परमेष्ठिओ) छे. तेओ मने लोकमां (?) भावथी प्राप्त थाओ. × नवकार सर्व जिनागमोनो सार छे, सिद्धि–बारणुं नवकार लीलाथी उघाडे छे. २६

---

* एसो पंच नमुक्कारो १ । सव्वपावप्पणासणो २ । मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ३ ।
× लभ् नो लेह पण प्राकृतमां थाय छे. जुओ पाइअसद्दमहण्णओ लेह शब्द ।

नवकार लक्खु जो नरु गुणेइ, नियसत्तिए पच्छा उज्जमेइ ।
नवकारपभाविहि सुयपवित्तु, नरु बंधइ सिरितित्थयरगोत्तु ॥२७॥
नवकार गुणइ जो अट्ठअट्ठ, पइ दियहु तस्स कमट्ठ नट्ठ ।
नवकार गुणइ जो अट्ठकोडि, सो सव्वह दुक्खह जाइ तोडि ॥२८॥
नवकार सरइ जो मरणकालि, सो बंधइ अन्नद भवह पालि ।
नवकारि भाउ जसु अप्पमाणु, संपज्जइ सो रिद्धिवद्धमाणु ॥२९॥
जो नरु निरु नवकारह रत्तउ, पंचहिं समिइ तिगुत्तिहिं गुत्तउ ।
पढइ गुणइ नवकारहं भत्तउ, सो निव्वाणह जाइ निरुत्तउ ॥३०॥

॥ इति नवकारफलवर्णनं समाप्तम् ॥

---

लाख नवकार जे माणस गणे अने पाछळथी तेमां शक्ति मुजब उद्यम करे छे (शक्ति मुजब उजमणुं करे) छे नवकारना प्रभावे शुचि पवित्र थयेल ते तीर्थंकर नामकर्म बांधे. २७

जे रोज आठ आठ नवकार गणे छे तेनां आठ कर्म नाश पामे छे. जे आठ करोड नवकार गणे छे ते सर्व दुःखोने ओळंगी जाय छे. २८

जे मरण समये नवकारनुं स्मरण करे छे ते बीजा भवनी पाळ बांधे छे. नवकारमां जेनो अपरिमित भाव छे ते वधती जती ऋद्धिने पामे छे. २९

जे माणस निरंतर नवकारमां रक्त छे, जे पांच समिति (थी समित) अने त्रण गुप्तिथी गुप्त छे अने भक्तिपूर्वक नवकार पढे छे, ते निश्चित मोक्षमां जाय छे. ३०

## प्रति-परिचय

मुनिश्री जिनविजयजीए छपावेल छतां अद्यावधि अप्रगट संग्रहना फोर्म उपरथी उतारीने आ ३–४ नंबरनी बंने कृतिओ अहीं आपवामां आवी छे. आमां नवकारनां फळोनुं महत्त्वपूर्ण वर्णन छे, आ. कृतिना कर्ता श्री जिनप्रभसूरि हता, एवो उल्लेख आमां ज....मळे छे.

आ श्री जिनप्रभसूरिए अनेक कृतिओ रचेली छे, तेओ १३ मी १४ मी शताब्दीना वचला गाळामां थया हता ।



## आगमिक श्रीजिनप्रभसूरिरचितम्
## विसहरमंत्र गर्भित पंचपरमेष्ठिमंत्र स्तोत्रम्

मोहपन्नगगरलि तिहुयणु घारिउ ।
जिणहिं सम्मत्तु रसायणु चारिउ ॥
अरिरि परमिट्ठि वरमंतु मणि धरहु ।
विसयमहाविसि जेम नवि मरहु ॥ अरिरि पर० ॥१॥

( अरिहंत पदस्मरण )

ॐ सिद्धि श्रीसि(रि)द्धि परमगुरु कहइ ।
सयल विसहरणु इहु जसु हियइ रहइ ॥ अरिरि पर० ॥२॥
थावर जंगम अट्ठार विस हणए ।
तसु अजरु अमरु पहु जिणप्रभु कुणए ॥ अरिरि पर० ॥३॥
मिच्छ विसहर गरुडु देउ अरिहंतु ।
सयलविस उपविसहं एहु मूलमंतु ॥ अरिरि पर० ॥४॥
त्रिजगहितु अट्ठदसदोसिहिं रहितु ।
हरइ विसु सुमरियउ अतिसयसहितु ॥ अरिरि पर० ॥५॥

---

### अनुवाद

अरिहंत माहात्म्य.

मोहरूप सर्पना झेर (ना फेलावा)थी त्रणे भुवनो बेचेन छे, तेना बचाव माटे जेओए (जीवोने) सम्यक्त्व रसायण खवडाव्युं, ते परमेष्ठिओना श्रेष्ठ मंत्रने (नवकारने) अरे जीवो ! तमे मनमां धरो, जेथी विषयरूप महाझेरथी तमे न मरो. १

सकल विषने हरनार आ नवकार जेना हृदयमां रहे छे, तेने मोक्ष अने सांसारिक लक्ष्मीनी सिद्धि (प्राप्ति) थाय छे, एम परमगुरु (श्री जिनेंद्र परमात्मा) कहे छे. २

तेना (नवकार गणनारना) स्थावर के जंगम अढारे प्रकारनां विष नाश पामे छे. तेने (नवकार गणनारने) श्री जिनेंद्र भगवान अजर, अमर प्रभु बनावे छे. ३

अरिहंत देव मिथ्यात्वरूप सर्प माटे गरुड जेवा छे, आ मूलमंत्र (नवकार) बधा झेरोने बेसाडनार (शमावनार) छे.

अरिहंत देव त्रणे जगतनुं हित करनार अने अढार दोषथी रहित छे. जो तेओनुं अतिशयोथी सहित स्मरण करवामां आवे तो तेओ विष हरे छे. ५

( सिद्ध पद स्मरण )

पन्नरसि भेदि भव लहि जगु तारइं ।
नाममंतेण जे पावविसु वारइं ॥
जज्ज(? स्स) चतुर्दश भुवन नत्थिवि सुहंस ।
स सिद्ध मणि धरहु तुम्हि मुत्तिअवयंस ॥ जज्ज चतु० ॥१॥
अणंत दंसण विरिय सिद्ध सुहु माणइं ।
विमलकेवलनयणि भुवणि परियाणइं ॥ जज्ज चतु० ॥२॥
धम्मजलि पावु मलु जेहिं पक्खालिउ ।
सुक्कज्झाणानलिण कम्मवणु जालिउ ॥ जज्ज चतु० ॥३॥
जाहं नहु जम्म जर मरणु भय रोगा ।
लोह मय मोह नहु सोग वियोगा ॥ जज्ज चतु० ॥४॥

( आचार्य पद स्मरण )

सुमरि जिय ताहं आयरियहं पाय ।
जाह परभावि विसु नासए ठाय ॥
वंपुरि * विसहर फुलिंग मंतवरनाहो ।
सुमरिउ सूरिवरु सिरिभद्दबाहो ॥ बपुरि विस० ॥१॥

---

( सिद्ध वर्णन )

छेल्ला भवमां पंदर भेदो लहीने (पंदर भेद होइने) जेओ जगतने तारे छे, जेओ नाममंत्रथी (नवकारथी) पापरूप झेरनु वारण करे छे, जेनां (अनंत) सुखनो (एक) अंश पण चौदे भुवनमां नथी ते मुक्तिना मुकुट सिद्ध (भगवंत)ने तमे मनमां धरो. १

[illegible]सिद्ध भगवंत अनंत दर्शन, वीर्य अने सुख माणे छे, केवलज्ञानरूप विमल नयनथी भुवनोने संपूर्ण जाणे छे. २

जेओए (सिद्धोए) धर्मजल वडे पापमल प्रक्षालित करेल छे, शुक्लध्यानरूप अग्नि वडे कर्मवन बाळेल छे. ३

जेओने जन्म, जरा, मरण, भय, लोभ, मद, मोह, रोग, शोक अने वियोग नथी. ४

( आचार्य माहात्म्य )

हे जीव ! ते आचार्योना चरणनु स्मरण करो, जेओना प्रभावे विष नाश पामे छे, रे रांक जीव ! *सूरिवर श्री भद्रबाहुए प्ररूपेल (अने) मंत्रोमां श्रेष्ठमां श्रेष्ठ (एवा) विसहर–फुलिंग मंत्रनु स्मरण कर. १

---

१ अहींथी शरु थतुं अर्धुं वाक्य आ पछीनी गाथाओ २, ३ अने ४ ना अंते जोडवुं.

* 'बपुरि' बापडा, रांकना अर्थमां छे. अहींथी शरु थतुं अर्धुं वाक्य आ पछीनी २, ३ अने ४ गाथाओ साथे जोडीने वांचवुं.

चउदपूरवतणा रहस्य जे जाणइं ।
सयल अतिसय सुत्त मंत वक्खाणइं ॥ बपुरि विस० ॥२॥
नरयगइ कूव निवडंतु जणु रक्खइं ।
सुयनयणि उड्ढ अह लोअठिइ पिक्खइं ॥ बपुरि विस० ॥३॥
होंति छत्तीस गणहर गुणिहिं सोहइं ।
भवियपंकज देसणकिरणि पडिबोहइ ॥ बपुरि विस० ॥४॥

( उपाध्याय पद स्मरण )

सू(सु)यजलहिपारगय बारस अंग ।
मुणिपवर जे पढावइं जियाणंग ॥
ॐ * उवझाय गारुडिय अणुसरहु ।
अंतर बाहिर विसपसरु जिम जरहु ॥ ॐ उवझाय० ॥१॥
धम्मदेसणकरणनिउण गुणरयण ।
रोहणाचलसरिस निम्मलचरण ॥ ॐ उवझाय० ॥२॥
ह्रीँ असम उवसम अमयरससित्त ।
कम्मविसु हणइं जे पायडिय तत्त ॥ ॐ उवझाय० ॥३॥

---

जेओ (आचार्यो) चौद पूर्वनां रहस्यो जाणे छे, पोतानी पासे रहेल–सकल अतिशयो (लब्धिओथी) सहित जेओ सूत्रो अने मंत्रोनुं व्याख्यान करे छे. २

जेओ नरकगतिरूप कूवामां पडता जीवोनुं रक्षण करे छे, जेओ श्रुतनयन वडे ऊर्ध्व, अधोलोकनी स्थिति जूए छे. ३

जेओ गणधरना (आचार्यना) छत्रीस गुणोथी शोभे छे, जेओ भव्य जीवरूप कमळोने देशनारूप किरणो वडे प्रतिबोधित करे छे. ४

( उपाध्याय–माहात्म्य )

जेओ श्रुतसमुद्रना पारने पामेला छे, मुनिओमां प्रवर छे, अनंग (कामदेव)ने जेओए जीतेल छे, जे बार अंग भणावे छे, ते गारुडी समान उपाध्यायने अनुसरो, जेथी अंतर–बहारनो विषनो फेलावो नाश पामे. १

धर्म समजाववामां अने करवामां (आचरवामां) निपुण, गुणरत्नो माटे रोहणगिरि समान, निर्मळ चारित्रवाळा. २

जेओ निरूपम उपशमरूप अमृतरसथी सींचायेला छे. जेओ तत्त्वने प्रगट करीने कर्मविषने हणे छे. ३

---

* मूलमां ॐ वगेरे मंत्राक्षरो गूंथेला छे. अहींथी शरु थतुं वाक्यार्थ आ पछीनी गाथाओ २, ३ अने ४ साथे जोडवुं.

श्रीँ विमलबोध करइ य उवझाय।
विहिय विहिपुव्व पंचविह सज्झाय ॥ ॐ उवझाय० ॥४॥

( साधुपद स्मरण )

पंच महव्वय मेरुगिरिसरिस।
धरइं जे सील लीइ दुद्धरिस ॥
अरिरि खरतर संजम रह धुर धवल।
मुणिवसह नमह आगमविहिकुसल ॥ अरिरि खर० ॥१॥

साहु अर्ह(हैं) महामंतु नितु ध्यायइ।
दोसि बायालि सुद्धन्नु जे चाहइं ॥ अरिरि खर० ॥२॥

मलमलिणगत्त चारित्त सुपवित्त।
पणसमिति समित तिगुत्त अपमत्त ॥ अरिरि खर० ॥३॥

कम्म अहि अट्ठ कुल दप्पु जे नासइं।
पासविसहरमंतु हियइ अधिवासइं ॥ अरिरि खर० ॥४॥

---

विधिपूर्वक पांच प्रकारनो स्वाध्याय करीने जेओ विमलबोध आपे छे,

( साधु–वर्णन )

जेओ मेरुपर्वत जेवा पांच महाव्रत धारण करे छे, दुर्धर्ष (दुःखे करीने पाळी शकाय एवा) शीलने ले छे (स्वीकारे छे) × अरे रे! संयम रथनी खरतर (कठोर, कष्टदायक) धवल धुरा (धुंसरी)ने वहे छे, ते आगमविधिमां कुशल एवा मुनिवृषभोने (श्रेष्ठ मुनिओने) तमे नमस्कार करो ॥ १ ॥

जेओ ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः * ए महामंत्रनुं ध्यान करे छे, बेतालीस दोषथी रहित शुद्ध अन्न जेओ चाहे छे (गवेषे छे) ॥ २ ॥

जेओ मेलथी मलिन शरीरवाळा होवा छतां चारित्रथी अत्यंत पवित्र छे, पांच समितिथी समित, त्रण गुप्तिथी गुप्त अने अप्रमत्त छे ॥ ३ ॥

जेओ कर्मरूप अहि—नागना आठ कुळोना दर्पनो नाश करे छे, जेओ 'पासविसहर' मंत्र हृदयमां अधिवासित (भावित) करे छे ॥ ४ ॥

---

× अहींथी शरु थतुं वाक्यार्थ आ पछी गाथाओ २, ३ अने ४ ना अंते उमेरवुं।

* आ मंत्राक्षरो उपाध्याय पदनी शरुआतथी अहीं सुधी मूक्या छे.

( नमस्कारमाहात्म्य वर्णन )

बीजअक्खरसहित मंत सुविसिट्टा(ट्ठ) ।
सरह सिरिदेवभद्दसूरि उवइट्ठा(ट्ठ) ॥
चउद पूरवतणउ अत्थु इह सारु ।
हियइ करि पंच परमिट्ठि नवकारु ॥ चउद पूरव० ॥१॥
धरहु परमिट्ठि-महामंतु धीरा ।
लहहु जिम सयल-विसजलहि-परतीरा ॥ चउद पूरव० ॥२॥
भउ हरइ वाहि-अहि-चोर-हरि-हत्थि ।
सुज्जि नवकारु नितु गुणउ मणि सत्थि ॥ चउद पूरव० ॥३॥
आगमिक सूरिइंद जिणपह वयणू ।
जो सुणइ सो लहइ सुहरयणू ॥ चउद पूरव० ॥४॥

॥ वयणाणि समाप्तानि ॥

---

( नमस्कारमाहात्म्य वर्णन )

बीजाक्षरोए सहित सुविशिष्ट मंत्र ( विषहर मंत्र ) जे श्री देवभद्रसूरिए * मने उपदेशेल छे. तेनुं स्मरण करो.

जे चौद पूर्वनो सारभूत अर्थ छे, ते पंच परमेष्ठि नमस्कारने हृदयमां धारण करीने उपर कहेल विषहर मंत्रनुं स्मरण करो ॥ १ ॥

हे धीर पुरुषो ! परिमेष्ठि महामंत्रने धारण करो, जेथी सकल विषजलधि ( संसार )ना परतीरने तमे पामो ॥ २ ॥

नवकार व्याधि, सर्प, चोर, सींह, हाथीना भयने हरे छे, तेथी शुद्ध नवकार शस्त ( पवित्र ) मन वडे नित्य गणो ॥ ३ ॥

जे आगमिक ( आगम गच्छना ) सूरिओमां इंद्र समान श्री **जिनप्रभसूरिना** वचनने सांभळे छे, ते सुखरूप रत्न पामे छे ॥ ४ ॥

(प्रति–परिचय)

आ स्तोत्रनी प्रति संबंधे परिचय ८५–३ मुजब छे ।

---

* ग्रंथकारे अहीं पोताना गुरुनुं नाम गुंथेल छे.

# हिन्दी विभाग

[ ८७-५ ]

श्रीजिनवल्लभसूरि रचित

## पञ्चपरमेष्ठिनमस्कारमाहात्म्य ।

किं कप्पतरु रे अयाण ! चिंतउ मणभिंतरि,
किं चिंतामणि कामधेनु आराहौ बहुपरि;
चित्रावेली काज किसै देसंतर लंघउ,
रयणरासि कारण किसै सायर उलंघउ;
चौदह पूरव सार युगे, लद्धौ ए नवकार ।
सयल काज महियल सरै, दुत्तर तरै संसार ॥१॥
केवलिभासिय रीति जिके नवकार आराहै,
भोगवि सुक्ख अनंत अंत परमप्पय साहै;
इण जाणे सुररिद्धि पुत्तसुह विलसै बहुपरि,
इण जाणे सुरलोक इंद्रपद पामें सुंदरि;
एह मंत्र सासतो जगे, अचिंत चिंतामणि एह ।
समरण पाप सवे टलै, रिद्धिसिद्धि नियगेह ॥२॥
नियसिर ऊपर झाण मज्झ चिंतवै कमल नर,
कंचनमय अठदल सहित तिणमांहि कनकवर;
तिहां बैठा 'अरिहंतदेव' पउमासण फटिकमणि,
ए [12]पंच परमेष्ठि नमस्कार [13]हुं । भाव सहित [14]कीजइ तु किसिउं करइ । सर्व [15]पाप फेडणहार । किस्यां ते सर्व पाप । [16]ईणंइ संसारि जीवइं देवगति १, [17]नरकगति २, तिर्यंचगति ३, [18]मनुष्यगति ४, ए चतुर्गति [19]संसारमांहि भ्रमण [20]करतां [21]मिथ्यात्व ५, अविरति १२, कषाय २५ [22]त्रिहूं योगे करी कृष्ण १, नील २, कापोत ३, [23]त्रिहूं [24]लेश्याए करी आर्त्त रौद्र [25]एहे अशुभ ध्याने करी जे [26]जीवइं, जि हिंसादिक पाप ऊपार्ज्जिउं ते [27]सघलुं ईणइ पंचपरमेष्ठि [28]नमस्कारइं स्मरी तइ [29]हुंतइं क्षय [30]जाइ । वलो किसिउ छइ-- ।

**मंगलाणं च सव्वेसिं । पढमं हवइ मंगलं ॥**

[31]ईणंइ संसारिइं दधि दूर्वा चंदन [32]पृथिवी सरसव स्वस्तिकादिक सर्व [33]मंगलीक कार्यमाहिं प्रथम मंगलीक । एक नउकार [34]जाणिवु । तेह भणी सर्व्व शुभ कार्य आरंभतां धुरि [35]समरेवउ । एहनइ [36]प्रभावि जिम सर्व शुभ कार्य निर्विघ्नपणइ वृद्धिवंता हुइ ॥ [37]यतः—

**भोयणकाले सयणे पडिबोहे पुरपवेसनिग्गमणे ।**
**पंचपरमेष्ठि( ट्ठि )मंतं समरिज्जा [38]सत्तवारासु ॥१॥**

ए [39]पंचपरमेष्ठि नमस्कार, अतीत अनागत वर्तमान चउवीसी तणी [40]आदिइं जिनोक्त अर्थ [41]थकी शास्वतु चऊद [42]पूर्वनुं सार [43]अर्थपूर्वक ध्यायवु । [44]ईणंइ [45]नवकारि अरिहंतादिक पांच अधिकार, [46]अष्ट संपदा, नवपद, अट्ठसट्ठि अक्षर, [47]तेहमांहिं सात [48]भारे, [49]ईगसट्ठि अक्षर हलूआ । [50]अनइं ए [51]नवकारनूं किसिउं फल ।

---

१. तेहनी परइ B । २. °व्रत नेमि° B । ३. जाणवा B । ४. अनइ जे मोक्ष° B । ५. मार्गइ B । ६. पालतां रहिं B । ७. करइं B । ८. ते B । ९. फेडवानइ [illegible]षइ समर्थ B । १०. प्रतइ माहरउ B । ११. हुओ B । १२. पांच B । १३. B प्रतिमां 'हु' नथी । १४. गुणि तु कस्युं करइं B । १५. पापनो B । १६. इणि जीवइं B । १७. मनुष्यगति २ B । १८. नरकगति ४ B । १९. °माहिं B । २०. करतइ B । २१. मिथ्या A । २२. Bमां 'त्रिहूं' नथी । २३. त्रिहुं B । २४. लेश्याइं B । २५. B प्रतिमां 'एहे अशुभ' नथी. २६. जीवइ B । २७ सघलुं इणिं । २८. नमस्कारि । २९. हुं क्षय A । ३०. करइ मंगलाणं B । ३१. इह संसारे दूर्वा B । ३२. पृथ्वी सरिसव B । ३३. °लीकमाहिं B । ३४. जाणिवउ B । ३५. समरवु जिम एह° । ३६. प्रभावइ सर्व B । ३७. B प्रतिमां 'यतः' नथी । ३८. सव्वत्थ कज्जेसु B । ३९. पांच B । ४०. आदि जि° B । ४१. थिको शाश्वतु । ४२. पूर्वनु B । ४३. अर्थथिको ध्यायवउ B । ४४. इणि B । ४५. कारइ हंता° B । ४६. आठ B । ४७. महिं A । ४८. भारी B । ४९. इकसट्ठि B । ५०. B प्रतिमां 'अनइं' नथी । ५१. नउकारनउं किस्युं फल B ।

वाहि-जल-जलण-हरि-करि-तक्कर-संगाम-विसहरभयाइं ।
नासंति तक्खणेणं, जिणनवकारप्पभावेणं ॥१॥
जो[1] गुणइ[2] लक्खमेगं[3] पूएइ[4] विहीए[5] जिणनमुक्कारं ।
तित्थयरनामगोयं सो बंधइ नत्थि संदेहो ॥२॥
अट्ठेव य अट्ठसया अट्ठसहस्सं तु अट्ठकोडीओ ।
जो गुणइ भत्तिजुत्तो सो पावइ सासयं ठाणं ॥३॥

ए नमस्कारतणूं[6] फल जाणिवउं[7] । ए पंच[8] परमेष्ठिमाहिं कुंण[9] वडा, सिद्ध वडा[10], कहीइ तु पहिलूं अरिहंत[11]नइं नमस्कार कीजइ[12] । पछइ[13] सिद्धनइं नमस्कार कीजइ ते स्या भणी जेह भणी आपणअरिहंतनइ उपदेसिइं[14] सिद्धनइं जाणीइ । जे अरिहंत बोलइ, मार्ग देखाडइ, ते मुख्य तेह भगी सिद्ध वडोइं[15] मूंकी अरिहंतनइं धुरि नमस्कार करीइ । अनइं[16] अरिहंत चारित्र[17] लेतां नमो सिद्धाणं कहीं[18] सामायकव्रत ऊचरइं[19] तेह भणी सिद्ध वडा[20] जाणवा ॥

इति[21] नवकार बालावि(व)बोध समाप्त ॥

संवत् १६७७ वर्षे चौते ( चैत्री ) शुदि बुधवार लिखितं । वीररत्न ॥



१. जे A । २. गुणई B । ३. मेयं B । ४. पूयइ B । ५. विहीइ B । ६. तणो B । ७. °वओ B । ८. पांच B । ९. कुंग वडो B । १०. वडा, किस्या भणी पहिलउं B । ११. अरिहंत नम° B । १२. करीइं B । १३. पछ[इ] सिद्धनइ कीजई तेह भणी आपणि अरि° B । १४. °देशइ करी सिद्ध जाणीइ अनइ जे वोलइ B । १५ वडा मूकी धुंउ अरि अरिहंतनइ नमस्कार करीइं B । १६. अनइ B । १७. व्रत B । १८. कहीइ B । १९. उच्चरइ B । २०. वडा कहीयइं B । २१. इति श्रीनमस्कार वाला[व]बोधसंपूर्णमिति ॥ लेखक-पाठकयोः सुखी( खं ) भवतु । श्री ॥

[ ૧૦૦—૧૮ ]

## શ્રી દેપાલ કવિ રચિત

# શ્રીનવકારમહામંત્રપ્રબંધ

•

સહી એ નમો અરિહંતાણં, તવતાં તિહુઅણુ ભાણું,
મનશુદ્ધિ જે સમરઈ અનુદિન, પામઈ તે કલ્યાણું, સહી એ નમો અરિહંતાણું. ૧.

ભુવણુવઈ સાત કોડિ લક્ખ, બહુત્તિરિ સાસય જિણુહાર માણું;
તે રંગ અઠયાસી કોડિ સાઠિ લાખ, બિંબહ એહ પરિમાણું. સહી એ નમો૦ ૨.

મેરુ વૈતાઢ્યિ પ્રમુખ જે પર્વત, નદી કુંડ દ્રહ કંઠે;
તીહ સિખરિ પ્રાસાદ અચ્છઈ, જે બત્રીસસઈ ઓગણુસટ્ઠે, સહી એ નમો૦ ૩.

રુચકિ કુંડલિ નંદીસરિ, પુષ્કર ધાઇયિ દીવહ જંબૂ;
લાખ ત્રિણ્ણિ સહસ્ર એકાણું, ત્રિણ્ણિસઈ વીસાં બિંબ. સહી એ નમો૦ ૪.

બાર દેવલોકિ નવ ગ્રૈવેયકિ, અનુત્તર પંચ વિમાણું;
લાખ ચઉરાસી સહસ સત્તાણું, ત્રેવીસે અધિકાં જાણું. સહી એ નમો૦ ૫.

---

### ( પ્રતિ પરિચય )

આ 'નવકારમંત્રપ્રબંધ'ની એક પાનાની પ્રતિ પાટણ, શ્રીહેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરના હસ્તલિખિત ભંડારમાં 'નમસ્કારફલભાસ આદિ' શીર્ષક પ્રતિ ડા. નં. ૧૧૪, પ્રતિ નં. ૩૧૨૧ ના ૩–૪ પત્રમાંથી મળી આવી છે; તેને સંપાદિત કરી અહીં પ્રગટ કરવામાં આવી છે.

આ પ્રબંધના કર્તા કવિ દેપાલ હોવાનું તેની ૧૧ મી કડી ઉપરથી જણાય છે.

કવિ દેપાલ એમના સમયમાં (સં. ૧૫૦૦ થી ૧૫૨૨ વિદ્યમાન) નામાંકિત કવિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા. આ કવિએ ગુજરાતી ભાષામાં અનેક કૃતિઓ રચેલી મળી આવે છે, તેમાં જાવડ–ભાવડ રાસ, રોહિણિયા ચોરને રાસ, આર્દ્રકુમારનું સૂડ, વજ્રસ્વામી–ચોપાઈ વગેરે (જૂઓ જૈન ગૂર્જર કવિઓ ભા. ૧, પૃ૦ ૩૭ થી ૪૧) જાણવામાં આવી છે.

કવિ શ્રીઋષભદાસે સં. ૧૬૭૦ માં 'કુમારપાલ રાસ'માં દેપાલ કવિનો માનભેર ઉલ્લેખ કર્યો છે.

વળી, દિલ્હીમાં ખ્યાતિ પામેલા તેમજ રાજદરબારમાં માનવંત દેસલહરા સમરા શાહ અને સારંગ શાહના દેપાલ કવિ આશ્રિત હતા. (જૂઓ, ઐતિહાસિક રાસ સંગ્રહ ભા. ૧, સંક્ષિપ્તસાર, પૃ૦ ૭)

બાવન કોડિસુ લાખ ચઉરાણું, બિંબ સહસ ચુંઆલાં;
સાતસઈ સાઠાં સોવન વન્નિ, મણિમય રયણુ જિણાલાં. સહી એ નમો૦ ૬.

વ્યંતર પાયાલિ તારામંડલિ, જિણહર ભુવણુ અસંખ;
એકેકઇ ભુવણિ જિણબિંબ અસીસુ, કેવલિ કહીઅ જિ સંખ. સહી એ નમો૦ ૭.

સાસય પડિમા ઋષભ ચંદ્રાનન, વર્ધમાન વારિષેણુ;
અસાસય જિણહર અનંત, ચઉવીસી અનંતાનંત ક્રમેણુ. સહી એ નમો૦ ૮.

શાશ્વતાં બિંબતણી કહીઅ જિ સંખ્યા, અશાશ્વતાં નવિ જાણું;
ઘરિ પુરિ નયરિ પ્રાસાદિ અચ્છંતે, તીહિં સંખ્યા કિમ આણું. સહી એ નમો૦ ૯.

નમો અરિહંતાણું ભણતાં, તિહુઅણુ બિંબ પ્રણામં;
પાપ પણાસઈ સાગરતણાં, જપતાં અરિહંત નામં. સહી એ નમો૦ ૧૦.

નુકારપ્રબંધ પઢઈ ગુણઈ જે સંભલઇ, તીહિં પુણ્ય વિશાલ;
મનવંછિત ફલ તે સવિ પામઇં, બોલઇ કવિ **દેપાલ.** સહી એ નમો૦ ૧૧.

સહી એ નમો અરિહંતાણું, તવતાં તિહુઅણ ભાણું;
મનસુદ્ધિ જે સમરઈં, અનુદિન પામઈં તે કલ્યાણું. સહી એ નમો૦ ૧૨.

**ઇતિ શ્રીનવકારમંત્ર પ્રબંધ.**



[ ૧૦૦-૧૮ ]

## શ્રીજિનપ્રભસૂરિશિષ્ય રચિત

# નવકાર મહામંત્ર નમસ્કાર

●

સુખકારણ ભવિયણ, સમરો નિત નવકાર;
જિનશાસન આગમ ચૌદ પૂરવનો સાર. ૧

ઇણ મંત્રની મહિમા કહેતાં, ન લહૂં પાર;
સુરતરુ જિમ ચિંતિત, વંછિત ફલ દાતાર. ૨

સુર દાનવ માનવ, સેવ કરેં કર જોડિ;
ભૂમંડલ વિચરે, તારેં ભવિયણ કોડિ. ૩

સુખ દે વિલસે અતિસય જાસ અનંત;
પહિલે પદ નમીએ અરિગંજન 'અરિહંત.' ૪

જે પન્નર ભેદે સિદ્ધ થયા ભગવંત;
પંચમી ગતિ પોહતા, અષ્ટ કરમ કરી અંત. ૫

કલ અકલ સુરૂપી, પંચાનંતક દેહ;
'સિદ્ધ' પદ પ્રણમું, બીજે પદ વળી એહ. ૬

ગચ્છભાર ધુરંધર, સુંદર સસીહર સોમ;
કરે સારણ વારણ, ગુણ બત્તીસે તોમ. ૭

શ્રુત જાણ સિરોમણિ સાયર જિમ ગંભીર;
ત્રીજે પદ નમીએ 'આચારજ' ગુણ ધીર. ૮

શ્રુતધર આગમ સૂત્ર ભણાવે સાર;
તપ વિધિસું જોવે, ભાખે અર્થ વિચાર. ૯

---

( પ્રતિ-પરિચય )

આ 'નવકાર મહામંત્ર નમસ્કાર'ની બે હસ્તલિખિત પ્રતિઓ મળી હતી. એક રોયલ એશિયાટિક સોસાયટી, કલકત્તા, પ્રતિ નં. ૭૬૯૭-૫૪ C૧, અને બીજી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી લીંબડીના ભંડારની હતી. એ બંને પ્રતિઓ ઉપરથી આ સ્તવનનો પાઠ સંપાદિત કરવામાં આવ્યો છે.

આ સ્તવનના કર્તા વિશે છેલ્લી કડીમાં 'શ્રી જિનપ્રભસૂરિવરશિષ્ય' એવો ઉલ્લેખ કરેલો મળે છે,

મુનિવર ગુણ જોતાં, તે કહીયે 'ઉવજ્ઝાય';
ચોથે પદ પ્રણમું, અહનિસ તેહના પાય. ૧૦

પંચ આશ્રવ ટાલે, પાલે પંચાચાર;
તપસી ગુણધારી, વારી વિષય વિકાર. ૧૧

ત્રસ થાવર પીહર, લોકમાંહિ જે 'સાધ';
ત્રિવિધે તે પ્રણમું, પરમારથ જિણ લાધ. ૧૨

અરિ કરી હરિ ડાયણી, સાયણી ભૂત વેતાલ;
સર્વ પાપ પ્રણાસે, ભાસે મંગલ માલ. ૧૩

ઈણ સમર્યાં સંકટ દૂર ટલે તત્કાલ;
ઈમ જપે '**જિનપ્રભસૂરિવર-શિષ્ય**' રસાલ. ૧૪



## [ ૧૦૧–૧૯ ]

### શ્રીદેવવિજયજી રચિત
### પંચપરમેષ્ઠિસજ્ઝાય

**શ્રીવીતરાગાય નમઃ ॥**

●

( વીર માતા પ્રીતિકારણી—એ દેશી )

ચિત્ત ધરી ભગવતી ભારતી, જિન ગુરુપય પણમેવી;
પંચ પરમેષ્ઠિપદ મંત્રનું, ધરું ધ્યાન નિતમેવિ.
પંચ પદ વર્ણના સાંભલો. એ આંચલી. ૧

બાર અરિહંતના ગુણ ભલા, સિદ્ધના આઠ ગુણ ધ્યાય;
સખર છત્રીસ આચાર્યના, પણવીસ ઉવજ્ઝાય. પંચ પદ વર્ણના૦ ૨

સાત નઈ વીસ ગુણ સાધુના, સર્વ મિલી એક સો આઠ.
સૂત્ર સિદ્ધાંતમાંહિ કહ્યા, જોઉં ઠાણાંગનો પાઠ. પંચ પદ વર્ણના૦ ૩
સિદ્ધ અરિહંતના ગુણ ઘણા, કહું કેતલાએક;
ઇંદ્ર નાગેંદ્ર સુર નર મિલિ, લાખ રસના હુઈ છેક. પંચ પદ વર્ણના૦ ૪
શ્રીવિજયદેવ ગુરુ પાટવી, શ્રીવિજયસિંહ ગુરુરાય રે;
તેહનો સીસ નવકારના, **દેવવિજય** ગુણ ગાય. પંચ પદ વર્ણના૦ ૫

**ઇતિ પ્રથમ સજ્ઝાય સંપૂર્ણ.**

**ઢાળ :**

પ્રથમ ભણું અરિહંતનાજી, સુંદર ગુણ એ બાર;
અતિસય ચાર સુહામણાજી, અષ્ટ મહાપ્રતિહાર. ૧
ભવિક જન જંપિઈ જિનનું રે નામ.
રાગદ્વેષ જેણઈ હણ્યાંજી, સીઝઈ સઘલાં કામ. ભવિક જન જંપિઈ૦ એ આંચલી ૨

---

( પ્રતિ–પરિચય )

આ ‘પંચપરમેષ્ઠીસજ્ઝાય’ની હસ્તલિખિત પ્રતિ પાટણ, શ્રીહેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરના ડા. નં. ૧૬૪, પ્રતિ નં. ૬૩૫૨ ની પાંચ પાનાની મળી હતી તે ઉપરથી સંપાદન કરીને અહીં પ્રગટ કરવામાં આવી છે.

આ સજ્ઝાયના કર્તા શ્રીવિજયદેવસૂરિના શિષ્ય શ્રીવિજયસિંહસૂરિ, તેમના શિષ્ય દેવવિજય હતા. તેઓ અઢારમા સૈકામાં વિદ્યમાન હતા.

આ સજ્ઝાયમાં અલગ અલગ ઢાળોમાં પાંચે પરમેષ્ઠીઓ સંબંધી ગુણોનો ખ્યાલ આપ્યો છે.

આઠઈ ઇતિ ઉપસમઈજી, ગાઉ સય પંચ મઝાર;
નાણુ વચન પૂજા તણાજી, અતિશય અભિનવ ચ્યાર. ભવિક જન જંપિઈ૦ ૩
શોક રહિત તરુવર ભલોજી, ફલ દલ ફૂલ રસાલ;
ફૂલ પગર ઢીંચણુ સમાજી, સમવસરણુ સુવિશાલ. ભવિક જન જંપિઈ૦ ૪
મધુર રાગ મન મોહતોજી, દિવ્ય ધ્વનિ ભવિવૃંદ;
સિંહાસન આસન ઠવ્યાજી, ચામર ઢાલઈ ઇંદ્ર. ભવિક જન જંપિઈ૦ ૫
છત્ર ત્રય સિર સોહતૂંજી, ગયણે દુંદુભિનાદ;
ભામંડલ તેજઈ કરીજી, માંડઈ રવિસ્યું વાદ. ભવિક જન જંપિઈ૦ ૬
શ્રીવિજયદેવ પટોધરુજી, શ્રીવિજયસિંહસૂરિંદ;
અરિહંતના ગુણુ એ કહ્યાજી, **દેવવિજય** આણુંદ. ભવિક જન જંપિઈ૦ ૭

**ઇતિ શ્રી દ્વિતીય અરિહંતગુણની સજઝાય સંપૂર્ણ**

---

ઢાળ—( અબલાની દેશી )

અષ્ટ કરમ ચૂરણુ કરી રે લાલ, આઠ ગુણે પરસિદ્ધ, મેરે પ્યારે રે;
ખ્યાઈક સમકિતના ધણી લાલ, વંદુ એહવા સિદ્ધ, મેરે પ્યારે રે.
અષ્ટ કરમ ચૂરણુ કરીરે લાલ, હાં મેરે લાલ. ૧
અનંત નાણુ દંસણુધરા રે લાલ, ચોથું વીરજ અનંત; મેરે પ્યારે રે;
અગુરુ લઘુ સૂષિમ કહ્યા રે લાલ, અવ્યાબાધ વહંત. મેરે પ્યારે રે. અષ્ટ કરમ૦ ૨
જેહની કાયા જેહવી રે લાલ, ઊણી ત્રીજઈ ભાગ; મેરે પ્યારે રે;
સિદ્ધસિલાથી જોઅણુઈ રે લાલ, અવગાહન વીતરાગ. મેરે પ્યારે રે. અષ્ટ કરમ૦ ૩
સાદિ અનંત જિહાં ઘણાં રે લાલ, સમયઈ સમયઇં જાય; મેરે પ્યારે રે;
મંદિરમાંહિં દીપાલિકા રે લાલ, સઘલી જ્યોતિ સમાય મેરે પ્યારે રે. અષ્ટ કરમ૦ ૪
માનવભવથી પામિઈ રે લાલ, સિદ્ધતણા સુખસંગ; મેરે પ્યારે રે;
એ અધિકાર સહૂ કહ્યો રે લાલ, જોઉ જોઉ ભગવતી અંગ. મેરે પ્યારે રે. અષ્ટ કરમ૦ ૫
શ્રીવિજયદેવસૂરીસરુ રે લાલ, શ્રીવિજયસિંહસૂરિસ; મેરે પ્યારે રે;
સિદ્ધતણા ગુણુ બોલતાં રે લાલ, **દેવ** દિઈ આસીસ. મેરે પ્યારે રે. અષ્ટ કરમ૦ ૬

**ઈતિ તૃતીય સિદ્ધગુણની સજ્ઝાય સંપૂર્ણ.**

---

ઢાળ—( રસિયાની દેશી )

હવે આચારિજના ગુણ સાંભળો, જેહથી પામો રે નાણુ, સોભાગી;
દરસણ વરણુ લહો વલિ જેહથી, જગમાં જુગહુ પ્રધાન, વૈરાગી. ૧

સેવો એહવો સૂરિ સદા, જોજ્યો સિદ્ધાંત સાખ્ય, સોભાગી;
તીર્થંકર વિણુ તીર્થંકર સમો ગુરુ, ગુણ થાપના ભાષ્ય, સોભાગી.
સેવો એહવો સૂરિ સદા. ૨

પંચ ઇંદ્રી સંવરણ કરુઇ ભલું, નવવિધ પાલઇ રે બંભ, સોભાગી;
ચ્યાર કષાય તણો જે જય કરઇ, જિણસાસણનો રે થંભ, સોભાગી. સેવો એહવો૦ ૩
પંચ મહાવ્રત પંચવિધાચાર, પંચ સુમતિ ધરઈ ધીર, સોભાગી;
ત્રિણ ગુપતિ પાલઈ તે વીરનો, પટ્ટધર વીર, સોભાગી. સેવો એહવો૦ ૪
એ છત્રીસ ગુણે કરી સોભતો, તેહનઈ નામું રે સીસ, સોભાગી;
શ્રીવિજયસિંહસૂરીસર એહવા, તેહનો બોલઈ સીસ સોભાગી. સેવો એહવો૦ ૫

**ઇતિ શ્રી ચતુર્થ આચાર્યના ગુણની સજ્ઝાય સંપૂર્ણ**

---

ઢાળ :

શ્રીઉવજ્ઝાયતણા ગુણ કહિઈ, સમરંતા સિવપદ સુખ કહિઈ;
તેહની ગુરુઆણા સિર વહિઇ, રાતિ દિવસ તેહના ગુણ ગ્રહિઇ. ૧
જે ગુરુ ઇગ્યાર અંગના જાણ, બાર ઉપાંગ કરઈ જે વખાણ;
તેહના અર્થ ભણઈ નઈ ભણાવઈ, શિષ્યાદિકનઇ વલી સમઝાવઇ. ૨
ગચ્છતણા જે મેઢીભૂત, પંચ મહાવ્રત ભારઈ જુત્ત;
ગીતારથ ગુણ સંજુત્ત, પરિગ્રહ પંચ પ્રમાદઈ મુક્ત. ૩
રયણાયરનું જેહનઈ માન, ઉજુઆલઇ દંસણ વરનાણ;
ધર્મ શુકલનું ધ્યાઇ ધ્યાન, સકલ સાધુમાં લહઈ બહુ માન. ૪
મુનિવર ગુણ ઉપરિ પણવીસ, ટાલી જેણઈ માયા રીસ;
ભાવઈ પ્રણમું વીસ બાવીસ, તેહ ગુરુ પૂરઈ સંઘ જગીસ. ૫
શ્રીવિજયદેવસૂરીસર બાજઈ, પાટઈ શ્રી વિજયસિંહ વિરાજઈ;
તેહ તણો બાલક ઇમ બોલઈ, મુનિવરના ગુણ ન તોલઇ. ૬

**ઇતિ શ્રી પાંચમી ઉપાધ્યાયના પંચવીસ [ ગુણ ] ની સજ્ઝાય સંપૂર્ણ.**

---

ઢાળ—( મારુઆડીની દેસી )

મુનિ સમરી હો ગણધરનું ધ્યાન કિં, ગૌતમસામી ધુરીધરી;
હવિ બોલિસ હો ગુણ સાધુના સાર કિં, જિમ પામું સંયમ સિરી.

એહવા મુનિવર હો પણમું બહુભાવિ કિં, સંયમકમલા જે વર્યા;
ભવ દરિયા હો તરિયા તે સાધુ કિં, પૂરવ મુનિ જિમ સાંભર્યા.
એહવા મુનિવર હો પ્રણમું બહુ ભાવિ કિં. ૨

વ્રત પાંચઈ હો પાલઈ મનશુદ્ધિ કિં, નિશિ ભોજન ન કદા કરઈ;
છકાયની રક્ષા કરઈ જેહ કિં, પંચે ઈંદ્રી વશિ કરઇ. એહવા મુનિ૦ ૩

બાહ્ય પરિગ્રહ હો ટાલઇ અંતરંગ કિં, ખિમા ખડગ હાથઈ ધરઈ;
ભાવશુદ્ધિ હો પડિલેહણ સાર કિં, કરણ વિસોહી આદરઈ. એહવા મુનિ૦ ૪

સંયમના હો ગુણ ત્રિવિધ પ્રકાર કિં, મન વચન કાયા રોધતો;
સીતાદિક હોસઈ પરીસહ જેહ કિં, ઈર્યાસમિતિ સોધતો. એહવા મુનિ૦ ૫

મરણાંતિક હો ઉપસર્ગ સ્હંતિ કિં, ગયસુકુમાલિ જિમ સહ્યા;
અવંતિ હો સુકુમાલ મેઅજ્જ કિં. સાસણનાયક નિરવહ્યા. એહવા મુનિ૦ ૬

જે પાલઈ હો ગુણ સત્તાવીસ કિં, શુદ્ધાચારા મુનિવરુ;
ગોચરીઈ કહો ખપ શુદ્ધ ધરંત કિં, જીવ સકલ નઇ હિતકરું. એહવા મુનિ૦ ૭

સૂરીસ હો શ્રીવિજયદેવસૂરિ કિં, તવગચ્છઅંબર દિનકરુ;
તસ પાટિ હો વિજય મુણિંદ કિં, સોહમ જંબૂ ગણધરુ. એહવા મુનિ૦ ૮

પામી પુણ્યઈ હો એ ગુરુની સેવા કિં, **દેવવિજય** સેવક ભણઈ;
તે પામઈ હો જય લીલવિલાસ કિં, મુનિવરના ગુણ જે થુણઈ.
એહવ મુનિ ૨ હો પ્રણમું બહુ ભાવ કિં, સંયમકમલા જે વર્યા. ૧૯

**ઇતિ ષષ્ઠમી સાધુના સત્તાવીસ ગુણની સજ્ઝાય સંપૂર્ણ.**

ઇતિ શ્રી નવકાર એકસુ ગુણની સજ્ઝાય સંપૂર્ણ.
સંવત ૧૭૪૪ વર્ષે માગશીર વદિ ૯ વાર રવિદિને ભાષિતં ॥
સાધવી જયતસિરી લખાવીતં શ્રીરાજનગરમધ્યે મંગલમસ્તુ ॥

## [ ૧૦૨—૨૦ ]

### શ્રીચારિત્રસારકૃત

## પંચપરમેષ્ઠિવિનતી

●

પહિલઉં પણમઉં શ્રીઅરિહંત, દુકખતણા જિણિ કીધા અંત;
દોષ અઢાર રહિત ગુણ ભલા, જે વંદઇ તસુ ચઢતી કલા. ૧

ચઉમુખિ બઇઠા ધરમ કહંતિ, ભાવ જિણેસર તેય ભણંતિ;
ધુરિ આદીસર અંતિમ વીર, નામ જિણેસર સાહસ ધીર. ૨

ઠવણ જિણા જિણ પડિમા કહી, જિહાં દેખઉં તિહાં વંદઉ સહી;
પદમનાભ આદઇ જે હુસઇ, દ્રવ્ય જિણા તે મુઝ મનિ વસઇ. ૩

કર જોડીનઇ કરઉં પ્રણામ, ચ્યારિ જિણેસર સમરી નામ;
જે જગબંધવ ત્રિભુવનનાથ, મુગતિહિ જાતાં મેલઈ સાથ. ૪

હિવ હું પ્રણમઉં સિદ્ધ અનંત, આઠ કરમ જિણિ કીધા અંત;
પંચાચાર ધુરંધર ધીર, અંતિમ જલનિધિ જેમ ગંભીર. ૫

આચારિજ સમરું સયવાર, ભવસાયર ઉતારઇ પાર;
ગુણ છત્તીસ કરી સંજુત્ત, જિણસાસણ [ જે ] ઉત્તમ પત્ત. ૬

હિવ ઉવજઝાય પાય પણમેસુ, મનવંછિત સુખ સહી લહેસુ;
સૂત્ર સમગ્રતણા ભંડાર, ગુણમણિ રોહણગિરિ અવતાર. ૭

જગિ ચારિત્રીયા જે જે છઇ સાર, ન કરઈ ષડવિધ જીવા બાધ;
સત્તાવીસ ગુણે સંજુત્ત નિરમલ સીલ સદા સુપવિત્ત. ૮

---

( પ્રતિ–પરિચય )

આ 'પંચપરમેષ્ઠિવિનતી'ની હસ્તલિખિત એક પત્રની પ્રતિ પાટણ, શ્રીહેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરના ભંડારના ડા. નં. ૨૦૪, પ્રતિ નં. ૯૧૦૩ માંથી મળી છે. તેને સંપાદિત કરી અહીં રજૂ કરી છે.

આ 'વિનતી'ના કર્તા શ્રીચારિત્રસાર નામના મુનિ હોવાનું ૧૧ મી કડીમાંથી જાણવા મળે છે. આ ચારિત્રસાર મુનિ ખરતરગચ્છીય શ્રીજયસાગર ઉપાધ્યાયના શિષ્ય રત્નચંદ્ર અને તેમના શિષ્ય ભક્તિલાભના શિષ્ય હતા. તેઓ અઢારમા સૈકામાં વિદ્યમાન હતા.

સહસ્ર અઢાર સીલરથ ધાર, દોષ રહિત જે લિઈ આહાર;
આપ સમા સવિ માણુઇ જીવ, ભગતિ કરી તે નમઉં સદીવ. ૯

પાંચઇ પંચમ ગતિ દાતાર, જાણી સેવા કીજઇ સાર;
જિમ સંસાર તણા દુઃખ જાઈ, મનવંછિત ફલ નિશ્ચય થાઇ. ૧૦

વાર બે લેસ્યઇ જે નામ, તે લહિસ્યઇ સિવ કેરઉ ઠામ;
ઈમ બોલઇ '**શ્રીચારિતસાર**', પાંચઈ પદ સંસારઇ સાર. ૧૧

ઇતિ શ્રીપંચપરમેષ્ઠિવિનતી સંપૂર્ણ.



## [ ૧૦૩-૨૧ ]

## શ્રીકુશળલાભરચિત
## નવકારમંત્રનો છંદ

●

( દુહા )

વાંછિત પૂરે વિવિધ પરે,[1] શ્રીજિનશાસન સાર;
નિશ્ચે[2] શ્રીનવકાર નિત્ય,[3] જપતાં જય જયકાર. ૧
અડસઠ અક્ષર અધિક ફલ, નવપદ નવે[4] નિધાન;
વીતરાગ સ્વયં મુખ વદે, પંચ પરમેષ્ઠી પ્રધાન. ૨
એક જ અક્ષર એકચિત્ત, સમર્યા સંપત્તિ થાય;
સંચિત સાગર સાતનાં, પાતિક દૂર પલાય. ૩
સકલ મંત્ર શિર મુકુટમણિ, સદ્‌ગુરુભાષિત સાર;
સો ભાવિયાં મન શુદ્ધશું[5] નિત્ય[6] જપીયે નવકાર. ૪

( છંદ-ભુજંગી )[7]

નવકારથકી શ્રીપાલ નરેસર, પામ્યો[8] રાજ્ય પ્રસિદ્ધ,
શ્મશાન વિષે શિવ નામ કુમરને, સોવનપુરિસો[9] સિદ્ધ;
નવ લાખ જપંતા નરક નિવારે, પામે ભવનો પાર,
સો ભવિયાં ભત્તેં ચોકખે ચિત્તેં, નિત્ય જપીયેં નવકાર. ૧
બાંધી વડશાખા શિંકે[10] બેસી, હેઠળ કુંડ હુતાશ,
તસ્કરને[11] મંત્ર સમર્પ્યો શ્રાવક,[12] લેઇ[13] ઊડ્યો આકાશ;

---

### ( પ્રતિ-પરિચય )

આ 'નવકારમંત્રનો છંદ', 'નમસ્કાર મહામંત્ર' નામક પુસ્તકમાં છપાયો છે, તે પાઠ આદર્શ રાખીને શ્રી અભય જૈન ગ્રંથાલય, બિકાનેરની બે હસ્તલિખિત પ્રતિઓ (૧) પ્રતિ નં. ૮૨૨૩ અને (૨) પ્રતિ નં. ૮૨૨૪ મળી હતી તે પ્રતિઓના પાઠભેદો ક્રમશઃ क અને ख સંજ્ઞાથી નોંધીને અહીં મૂળ પાઠનું સંશોધન કરી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

આ કૃતિના રચયિતા પ્રસિદ્ધ કવિ ઉપાધ્યાય શ્રી કુશળલાભ વાચક છે. તેઓ ખરતરગચ્છીય ઉપાધ્યાય શ્રી અભયધર્મના શિષ્ય હતા; અને સત્તરમા સૈકામાં વિદ્યમાન હતા. તેમણે ગુજરાતી ભાષામાં અનેક કૃતિઓ રચેલી છે'

આ છંદમાં તેમણે નમસ્કારના જાપનું ફળ દૃષ્ટાંતોથી બતાવ્યું છે અને એ માટે ભાવનાને શુદ્ધ કરવાની પ્રેરણા આપી છે.

૧. પરિ क ख । ૨. નિહચેસું क. ख. । ૩. નિત क. ख. । ૪. નવય ख । ૫ સુદ્ધસું क ख. । ૬. નિત क. ख । ૭. ख માં 'છંદ' જણાવ્યો નથી. । ૮. પાલી. क. । ૯. પુરસો क. । ૧૦. છીકે क સીકે ख । ૧૧. તસકરને વલિ મંત્ર શમપ્યોં. क । ૧૨. શ્રાવકે ग । ૧૩. ઉડ્યો તે આકાશ ग ।

વિધિ[14] રીતે જપતાં વિષધર,[15] કંપ્યો ઢાળે અમૃતધાર,
સો ભવિયાં ભત્તેં ચોકખે ચિત્તેં, નિત્ય જપીયેં નવકાર. ૨
બીજોરા કારણુ રાય મહાબલ, વ્યંતર દુષ્ટ વિરોધ,
જિણુ[16] નવકારે હત્યા ટાલી, પામ્યો યક્ષ પ્રતિબોધ;
નવલાખ[17] જપે તે થાયે જિનવર, ઇસ્યો છે અધિકાર,
સો ભવિયાં ભત્તેં ચોકખે ચિત્તેં, નિત્ય જપીયેં નવકાર. ૩
પલ્લીપતિ શિખ્યો મુનિવર પાસે, મહામંત્ર મન શુદ્ધ,
પરભવ તે રાજસિંહ પૃથિવીપતિ, પામ્યો પરિઘલ[18] રિદ્ધ;
એ[19] મંત્રથકી અમરાપુર પોહોતો, ચારૂદત્ત સુવિચાર,
સો ભવિયાં ભત્તેં ચોકખે ચિત્તેં, નિત્ય જપીયેં નવકાર. ૪
સંન્યાસી કાશી તપ સાધંતો, પંચાગ્નિ પરજાલે,
દીઠો[20] શ્રીપાર્શ્વકુમારે પન્નગ, અધ બલતો તે ટાલે;
સંભલાવ્યો શ્રીનવકાર સ્વયં મુખ, ઇન્દ્ર ભુવન અવતાર,
સો ભવિયાં ભત્તેં ચોકખે ચિત્તેં, નિત્ય જપીયેં નવકાર. ૫
મન શુદ્ધે જપતાં મયણાસુંદરી, પામી પ્રિયસંયોગ,
ઇણુ[21] ધ્યાન થકી કષ્ટ ટલ્યું ઉંબરનું, રક્ત પિત્તનો રોગ;
નિશ્ચે[22] સુપજતાં[23] નવનિધિ થાયે[24], ધર્મતણો[25] આધાર,
સો ભવિયાં ભત્તેં ચોકખે ચિત્તેં, નિત્ય જપીયેં નવકાર. ૬
ઘટમાંહિ કૃષ્ણુ ભુજંગમ ઘાલ્યો, ઘરણી કરવા ઘાત,
પરમેષ્ઠી[26] પ્રભાવે હાર ફૂલનો, વસુધામાંહિ વિખ્યાત;
કમલાવતીઇં[27] પિંગલ કીધો, પાપ તણો પરિહાર,
સો ભવિયાં ભત્તેં ચોકખે ચિત્તેં, નિત્ય જપીયેં નવકાર. ૭
ગયણાંગણુ[28] જાતિ રાખી ગ્રહીને[29], પાડી બાણુ પ્રહાર,
પદ પંચ સુણુંતાં પાંડુપતિ ઘર, તે થઈ કુંતા નાર;
એ મંત્ર અમૂલક મહિમા મંદિર, ભવદુઃખ ભંજણુહાર,
સો ભાવયા ભત્તેં ચોકખે ચિત્તેં નિત્ય જપીયેં નવકાર. ૮

---

૧૪. સુભ રીતે જપ્યો **क** । ૧૫. વિષમર વિષ ટાળે **ग** । ૧૬. જેણે **ग**, જિણેં **ख** । ૧૭. નવલાખ જપતાં થાસ્યે **क**, નવ લાખ જપંતાં **ग** । ૧૮. પરિમલ **ग** । ૧૯. એહ મંત્ર જપી અમરાપુર પુંહતો० **क**, એ મંત્ર...પોહતો **ख** । ૨૦. પેખ્યો **क** । ૨૧. જિણ ધ્યાને **क** । ૨૨. નિહૂચૈ **क**, નિત્યૈ **ख** । ૨૩. સુજપતાં **ग**, જપંતે **ख** । ૨૪. પાંમે **ख** । ૨૫. એ ધરમ **ख** । ૨૬. પરમેષ્ઠિ પ્રમાણે હાર પુપ્ફનો વસુધામેં **क** । પરમેષ્ઠી સમરિ હાર પુપ્ફનો વસુધામાં **ख** । ૨૭. કમલાવતીઇં **ग** । ૨૮. **क** પ્રતિમાં આ કડી ૯ મી છે અને 'કંબલ સંબલ' વાળી કડી ૮ મી છે । ૨૯. ગ્રહણેં **क**, ગેહણુ **ख** ।

કંબલ[30] સંબલે કાદવ કાઢયાં, શકટ પાંચસે[31] માન,
દીધે નવકારેં ગયા દેવલોકેં, વિલસે અમર વિમાન;
એ મંત્રથકી સંપત્તિ વસુધા[32] તલે, વિલસે જૈન વિહાર,
સો ભવિયાં ભત્તેં ચોકખે ચિત્તેં, નિત્ય જપીયેં નવકાર. ૯
આગે ચોવીસી હુઇ અનંતી, હોશે વાર અનંત,
નવકારતણી કોઈ આદિ ન જાણે, ઈમ[33] ભાખે ભગવંત;
પૂરવ[34] દિશિ ચારે આદિ પ્રપંચે, સમરે સંપત્તિ થાય,
સો ભવિયાં ભત્તેં ચોકખે ચિત્તેં, નિત્ય જપીયેં નવકાર. ૧૦
પરમેષ્ઠી[35] થકી સુરપદ જે પામે, તે કૃત કર્મ કઠોર,
પુંડરીકગિરિ[36] ઉપર પ્રત્યક્ષ પેખ્યો, મણિધર ને એક મોર;
સદ્ગુરુ[37] સમ્મુખ વિધિયેં સમરતાં, સફલ જનમ સંસાર,
સો ભવિયાં ભત્તેં ચોકખે ચિત્તે, નિત્ય જપીયેં નવકાર. ૧૧
શૂલિકારોપણ તસ્કર કીધો, લોહખરો પરસિદ્ધ,
તિહાં શેઠ નવકાર સુણાવ્યો, પામ્યો અમરની રિદ્ધ;
શેઠને ઘર આવી વિઘ્ન નિવાર્યાં સુરે કરી મનોહાર,
સો ભવિયાં ભત્તેં ચોકખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર. ૧૨
પંચ પરમેષ્ઠી જ્ઞાન જ[38] પંચહ, પંચ દાન ચારિત્ર,
પંચ સજ્ઝાય મહાવ્રત પંચહ, પંચ સમિતિ સમકિત[39];
પંચ પ્રમાદ વિષય તજો, પંચહ પાલો પંચાચાર,
સો ભવિયાં ભત્તેં ચોકખે ચિંત્તે, નિત્ય જપીયેં નવકાર. ૧૩

( કલશ-છપ્પય )

નિત્ય જપીયેં નવકાર, સાર સંપત્તિ સુખદાયક,
સિદ્ધ મંત્ર એ શાશ્વતો, એમ જપે શ્રીજગનાયક;
શ્રીઅરિહંત સુસિદ્ધ, શુદ્ધ આચાર્ય ભણીજે,
શ્રીઉવજ્ઝાય સુસાધુ, પંચ પરમેષ્ઠી [40]થણીજે;
નવકાર સાર સંસાર છે, '**કુશલલાભ**' વાચક કહે,
એકચિત્તે આરાધતાં, વિવિધ ઋદ્ધિ વાંછિત લહે. ૧૪

---

૩૦. સંબલ ને કંબલ क० કંબલ ને સંબલ ख० । ૩૧. પાંચસે પ્રમાણ क०, પંચસય માન, ख । ૩૨. સંપદ વસુધાતલ-વિલસે જૈન क०, સંપત્તિ વસુધામાં લહી ग । ૩૩. એમ ભાખે અરિહંત ग ભાખે ઈમ ભગવંત ख० । ૩૪ દિસિચ્યારે–સંપત સાર. क० ख० । ૩૫. પરમેષ્ઠી સુરપદ તે પણ પામે, જે કૃતકર્મ. क०, પરમેષ્ઠિ-સુરપતિ તે પણ પામે જે કરત કર્મ કઠોર, ख० । ૩૬. ગિર પરતિખ પેખ્યો મુનિવર પાસે, क । ૩૭. સદ્ગુરુને તે સન્મુખ સમર્યાં क । સદ્ગુરુ સન્મુખ વિદ્ય સમરતાં ख । ૩૮. જ્ઞાન તે પંચે, પંચે દાન ચરિત્ત क. । ૩૯. સુમતિ क० ख० । ૪૦. ગણીજે, क, સુણીજે ख ।

[ ૧૦૪-૨૨ ]

## ઉપા. શ્રી યશોવિજયજી વિરચિત
# શ્રી પંચપરમેષ્ઠિગીતા

●

( ચાલિ )

પ્રણમીએ પ્રેમરસ્યું વિશ્વત્રાતા, સમરીએ સારદા સુકવિ માતા;
પંચપરમેષ્ઠિ ગુણથુણણ કીજે, પુણ્યભંડાર સુપરિં ભરીજે. ૧

### (૧) અરિહંતપદવર્ણન

( દુહા )

અરિહંત પુણ્યના [૧]આગર, ગુણસાગર વિખ્યાત;
સુરઘરથી ચવી ઊપજે, ચઉદ સુપન લહે માત;
જ્ઞાન ત્રણેં [૨]જૂ અલંકરિયા, સૂરયકિરણે જેમ;
જનમે તવ જનપદ હુએ, સકલ સુભિક્ખ બહુ પ્રેમ. ૨

( ચાલિ )

દશ દિશા તવ હોએ પ્રગટ જ્યોતિ,
નરકમાં પણિ હોએ ખિણ ઉદ્દ્યોતિ;
વાય વાએ સુરભિ શીત મંદ,
ભૂમિ પણિ માનુ પામે આનંદ. ૩

( દુહા )

દિશિ–કુમરી કરે ઓચ્છવ, આસન કંપે ઇંદ,
રણકઇં[૩] રે ઘંટ વિમાનની, આવે મિલી સુરવૃંદ;
પંચરૂપ કરી હરિ [૪]સુરગિરિ–શિખરે લેઈ જાઇં,
ન્હવરાવે પ્રભુ ભગતિ, ક્ષીરસમુદ્રજલ લાઈ. ૪

૧. ખાણ. ૨. અલંકારાર્થક અવ્યય, અથવા જે. ૩. રણકાર કરે. ૪. મેરુશિખર ઉપર.

### ( પ્રતિ–પરિચય )

આ 'પંચપરમેષ્ઠિગીતા', 'ગૂર્જર સાહિત્ય સંગ્રહ' ભા. ૧ માં છપાયેલી છે. તેનું સંશોધન કરી, કઠિન શબ્દોના અર્થ આપવાપૂર્વક અહીં પ્રસિદ્ધ કરવામાં આવે છે.

આ કૃતિના રચયિતા સુપ્રસિદ્ધ તાર્કિક ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ છે. તેમના જીવનચરિત અને રચનાઓ સંબંધે 'શ્રીયશોવિજયસ્મૃતિગ્રંથ' જે થોડા સમય અગાઉ પ્રગટ થયો છે તેમાં પુષ્કળ સામગ્રી એકત્રિત કરેલી છે તેથી એ વિશે અહીં જણાવતા નથી. તેમનો જન્મ સં. ૧૬૮૮ માં અને સ્વર્ગવાસ સં. ૧૭૪૩ માં થયો. એ સમય દરમિયાન તેમણે અનેક ગ્રંથો–પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી અને રાજસ્થાની ભાષામાં લખ્યા છે.

આ કૃતિ પંચમેષ્ઠીઓના સ્વરૂપ ઉપર વિસ્તારથી પ્રકાશ પાડે છે.

( ચાલિ )

સ્નાત્ર કરતાં જગતગુરુ શરીરે, સકલ દેવે વિમલ કલશનીરે;
આપણા કર્મમલ દૂરિ કીધા, તેણુ તે [૫]વિબુધગ્રન્થે પ્રસિદ્ધા. ૫

( દુહા )

ન્હવરાવી પ્રભુ મેહલે રે, જનની પાસે દેવ,
અમૃત ઠવે રે અંગૂઠડે, બાલ પીયે એહ ટેવ;
હંસ કૌંચ સારસ થઈ, કાને કરે તસ નાદ,
બાલક થઈ ભેલા રમે, પૂરે બાલ્ય-સવાદ[૬]. ૬

( ચાલિ )

બાલતા અતિક્રમે તરુણભાવે, ઉચિત થિતિ ભોગ સંપત્તિ પાવે;
દૃષ્ટિ[૭] કાંતાઈ જો શુદ્ધ જોવે, ભોગ પિણુ નિર્જરા-હેતુ હોવે. ૭

( દુહા )

પરણી તરુણી મનહરણી, ઘરણી તે સોભાગ,
શોભા ગર્વ અભાવ, ઘર રહેતાં વૈરાગ;
ભોગ-સાધન જબ છંડે, મંડે વ્રતસ્યું પ્રીતિ,
તવ વ્યવહાર વિરાજે, વૈરાગી પ્રભુનીતિ. ૮

( ચાલિ )

દેવ લોકાંતિકા સમય આવે, લેઈ વ્રત સ્વામી તીરથ પ્રભાવે;
ઉગ્ર તપ જપ કરી કર્મ ગાલે, કેવલી હોઈ નિજ ગુણુ સંભાલે. ૯

( દુહા )

ચઉત્રીસ અતિશય રાજતા, ગાજતા ગુણુ પાંત્રીસ,
વાણી ગુણુમણિખાણી, પ્રતિહાર્ય [૮]અડ ઈસ;
*મૂલાતિશય જે ચ્યાર, તે સાર ભુવન-ઉપગાર,
કારણુ દુઃખગણુવારણુ, ભવતારણુ અવતાર. ૧૦

( ચાલિ )

*દેહ અદ્‌ભુત રુચિર રૂપ ગંધ, રોગ મલ સ્વેદનો નહિ સંબંધ[1]*
શ્વાસ અતિ સુરભિ[2] ગોખીર ધવલ, રુધિર ને માંસ [૯]અણુવિસ્ર અમલ[3]. ૧૧

---

૫. વિદ્વાનના ૬. સ્વાદ-રસ ૭. मित्रा-तारा-बला-दीप्रा-स्थिरा-कान्ता-प्रभा-परा—આ આઠ દૃષ્ટિમાંથી છઠ્ઠી કાંતા દૃષ્ટિ. વિવેચન માટે જુઓ: 'ગૂર્જર સાહિત્ય સંગ્રહ' પ્રથમ વિભાગમાં ઉપા. શ્રીયશોવિજયજી કૃત 'આઠ યોગદૃષ્ટિ સજ્ઝાય' પૃષ્ઠ: ૩૩૦, કાંતા-દૃષ્ટિ માટે જુઓ: ઢાળ છઠ્ઠી, પૃષ્ઠ: ૩૭. ૮. આઠ. * અંગ્રેજી અંકો તે તે પ્રકારોને બતાવે છે. ૯. દુર્ગંધ રહિત.

( દુહા )

કરેઈ ભવથિતિ પ્રભુતણી, લોકોત્તર ચમત્કાર,
ચર્મચક્ષુ ગોચર નહિં, જે આહાર [૧૦]નીહાર;
અતિશય એહ જ [૧૧]સહજના, ચ્યાર ધરે જિનરાય,
હવે કહીએ ઈગ્યાર જે, હોઈ ગએ [૧૨]ઘનઘાય. ૧૨

( ચાલિ )

ક્ષેત્ર એક યોજનમેં ઉચ્છાહિં, દેવનરતિરિય બહુ કોડિમાહિં;
યોજનગામિણી વાણી ભાસે, નર તિરિય સુર સુણે નિત ઉલ્લાસે. ૧૩

( દુહા )

યોજન શત એકમાંહિં, જિહાં જિનવર વિહરંત,
ઈતિમારિ દુરભિક્ષ વિરોધ વિરાધિ ન હુંત;
સ્વપરચક્ર અતિવૃષ્ટિ અવૃષ્ટિ ભયાદિક જેહ,
તે સવિ દૂરિ પલાયે, જિમ [૧૩]દવ વરસત મેહ. ૧૪

( ચાલિ )

તરણિમંડલ[૧૪] પરે તેજ તાજે, પૂંઠિ ભામંડલ વિપુલ રાજે;
સુરકૃત અતિશય જેહ લહીએ, એક [૧૫]ઊણા હવે વીસ કહીએ. ૧૫

( દુહા )

ધર્મચક્ર શુચિ ચામર વપ્રત્રય વિસ્તાર,
છત્રત્રય સિંહાસન દુંદુભિ–નાદ ઉદાર;
રત્નત્રય ધ્વજ ઊંચો ચૈત્રદ્રુમ સોહંત,
કનકકમલ પગલાં ઠવે ચઉમુહ ધર્મ કહંત. ૧૬

( ચાલિ )

વાયુ અનુકૂલ સુખમલ વાયે, કંટકા [૧૬]ઊંધમુખ સકલ થાએ;
સ્વામી જબથી વ્રતયોગ સાધે, કેશ નખ રોમ તબથી ન વાધે. ૧૭

(દુહા )

કોડિ ગમે સુર સેવે, પંખિ પ્રદક્ષણ [૧૭]દંતિ,
ઋતુ અનુકૂલ કુસુમભાર ગંધોદક વરસંતિ;

૧૦. મળત્યાગ. ૧૧. મૂળથી–જન્મથી થયેલા. ૧૨ ઘનઘાતી–ચાર કર્મો. ૧૩ દાવાનલ. ૧૪. સૂર્યમંડળ. ૧૫ ઓગણીસ. ૧૬. અધોમુખ. ૧૭ દે છે.

વિષય સર્વ શબ્દાદિક, નવિ હોવે [18]પ્રતિકૂલ,
તરુ પણ સવિ શિર નામે, જિનવરને [19]અનુકૂલ. ૧૮

( ચાલિ )

હવે કહું જેહ[૧૮]પણુતીસ વાણી, ગુણ સકલ ગુણ તણી જેહ ખાણી;
પ્રથમ ગુણ જેહ [1]સંસ્કારવંત, [2]ઉદાત્ત ગુણ અપર સવિ સુણે સંત. ૧૯

( દુહા )

શબ્દ [3]ગંભીરપણું જિહાં, વલી [4]ઉપચારોપેત,
[5]અનુનાદિત્વ [6]સરલતા, ઉપનીત રાગ [7]સમેત;
શબ્દાતિશય એ સાત, અર્થાતિશય હવે જોય,
[8]મહાર્થતા [9]અવ્યાહત [10]શિષ્ટપણું ગુણ હોય. ૨૦

( ચાલિ )

ગુણ [11]અસંદિગ્ધ [12]વિગતોત્તરત્વ, જન [13]હૃદયગામિ ગુણ [14]મધુરવત્ત્વ;
પૂર્વ અપરાર્ધ સાકાંક્ષભાવ, નિત્ય પ્રસ્તાવ [15]ઉચિત સ્વભાવ. ૨૧

( દુહા )

[16]તત્ત્વનિષ્ઠ અપ્રકીર્ણ [17]પ્રસ્રત નિજશ્લાઘા,
અન્યનંદ [18]રહિત [19]અભિજાત મધુર અને [20]સ્નિગ્ધ;
તે [21]ધન્ય મર્મંત, [22]વેધર્ઈ [23]ઉદાર ત્રિવર્ગ [24]પ્રતિબદ્ધ,
કારકાદિ [25]અવિપર્યય વિભ્રમ રહિત [26]સુબદ્ધ. ૨૨

( ચાલિ )

[27]ચિત્રકર [28]અદ્‌ભુતા [29]રતિવિલંબ, [30]જાતિ સુવિચિત્ર સુવિશેષ [31]બિંબ;
[32]સત્ત્વ પર વર્ણ-[33]પદ-વાક્યશુદ્ધ, નહિ ય [34]વિચ્છેદ [35]ખેદે ન રુદ્ધ. ૨૩

( દુહા )

ઇમ પાંત્રીસ ગુણે કરી, વાણી વદે અરિહંત,
સર્વ આયુ જો કોઈ સુણે, તો નહી ભૂખ ન [૧૯]ભ્રાંત;
રોગ શોગ ન જાગે, લાગે મધુર અત્યન્ત,
ઈહાં આવશ્યક ભાખ્યો કિવિદાસી દૃષ્ટાંત. ૨૪

---

૧૮. પાંત્રીશ. ૧૯. ભ્રાંતિ-ભ્રમ.

( ચાલિ )

દેવ-[1]દુંદુભિ [2]કુસુમવૃષ્ટિ [3]છત્ર, [4]દિવ્યધ્વનિ [5]ચામર [6]આસન પવિત્ર;
ભવ્ય [7]ભામંડલ દ્રુમ [7]અશોક, પ્રતિહાર્ય હરે આઠ શોક. ૨૫

( દુહા )

રાગાદિક જે અપાય તે, વિલય ગયા [7]સવિદોષ,
ઊગ્યો જ્ઞાન [2]દિવાકર, જય જય હુઓ જગિ ઘોષ;
વાણી કુમતિ[20][3]કૃપાણી ત્રિભુવન જન [4]ઉપચાર,
પામે જન જે વ્યાપક, મૂલાતિશય એ ચ્યાર. ૨૬

( ચાલિ )

મહામાહણ મહાગોપનાહ, મહાનિર્યામક [21]મહાસત્થવાહ;
બિરૂદ મહાકથિતતણું જે દરંત, તેહના ગુણ ગણે કુણ અનંત? ૨૭

( દુહા )

પુણ્ય મહાતરુ ફલદલ, કિસલય ગુણ તે અન્ય,
અન્ય તે ક્ષાયિક સંપત્તિ, ઉપકારે કરી ધન્ય;
ક્ષીર નીર સુવિવેક એ, અનુભવ હંસ કરેઈ,
અનુભવ વૃત્તિ રે રાચે, અરિહંત ધ્યાન ધરેઈ. ૨૮

( ચાલિ )

[1]બુદ્ધ [2]અરિહંત [3]ભગવંત [4]ત્રાતા, [5]વિશ્વવિભુ [6]શંભુ [7]શંકર [8]વિધાતા,
[9]પરમ [10]પરમેષ્ઠિ [11]જગદીશ [12]નેતા, [13]જિન [14]જગન્નાહ [75]ઘનમોહ [15]જેતા. ૨૯

( દુહા )

[16]મૃત્યુંજય [17]વિષ-જારણ, [18]જગ-તારણ [19]ઈશાન;
[20]મહાદેવ [21]મહાવ્રત ધર [22]મહા ઈશ્વર [23]મહાજ્ઞાન;
[24]વિશ્વબીજ [25]ધ્રુવધારક, [26]પાલક [27]પુરુષપુરાણ;
[28]બ્રહ્મ [29]પ્રજાપતિ [30]શુભમતિ, [31]ચતુરાનન [32]જગભાણ.

( ચાલિ )

[33]ભદ્ર [34]ભવઅંતકર [35]શત-આનંદ, [36]કમન [37]કવિ [38]સાત્વિક [39]પ્રીતિકંદ;
[40]જગપિતામહ [41]મહાનંદદાયી, [42]સ્થવિર [43]પદ્માશ્રય [44]પ્રભુ [45]અમાયી. ૩૧

---

૨૦. તરવાર. ૨૧. સાર્થવાહ.

( દુહા )

[46]વિષ્ણુ [47]જિષ્ણુ [48]હરિ [49]અચ્યુત, [50]પુરુષોત્તમ [51]શ્રીકંત,
[52]વિશ્વંભર [53]ધરણીધર, [54]નરકતણો કરે અંત;
[55]હૃષીકેશ [56]બલિસૂદન, [57]ગોવર્દ્ધનધર [58]શ્રીશ,
[59]વિશ્વરૂપ [60]વનમાલી [61]જલશય [62]પુણ્ય-શરીર. ૩૨

( ચાલિ )

[63]આર્ય [64]શાસ્તા [65]સુગત [66]વીતરાગ, [67]અભયદાતા [68]તથાગત [69]અનાગત;
નામ ઈત્યાદિ [22]અવદાત જાસ, તેહ પ્રભુ પ્રણમતાં દિઓ ઉલ્લાસ. ૩૩

( દુહા )

નમસ્કાર અરિહંતને, વાસિત જેહનું ચિત્ત,
ધન્ય તેહ કૃતપુણ્ય તે, જીવિત તાસ પવિત્ત;
આર્તધ્યાન તસ નવિ હુએ, નવિ હુએ દુરગતિ વાસ,
ભવક્ષય કરતાં રે સમરતાં, લહિએ સુકૃતિ અભ્યાસ. ૩૪

## (૨) સિદ્ધપદવર્ણન

( ચાલિ )

આત્મગુણ સકલ સંપદ સમૃદ્ધ, કર્મક્ષય કરિ હુઆ જેહ સિદ્ધ;
તેહનું શરણ કીજે ઉદાર, પામીયે જેમ સંસાર પાર. ૩૫

( દુહા )

સમકિત આતમ [1]સ્વચ્છતા, [2]કેવલજ્ઞાન અનંત,
[3]કેવલદર્શન [4]વીર્ય તે, શક્તિ અનાહત તંત;
[5]સૂક્ષ્મ અરૂપ અનંતની, [6]અવગાહન જલ્યાં કાઠ,
[7]અગુરુ-લઘુ [8]અવ્યાબાધ એ, પ્રગટ્યા શુચિ ગુણ આઠ. ૩૬

( ચાલિ )

સર્વ શત્રુ ક્ષયે સર્વ રોગ, વિગમથી હોત સર્વાર્થ યોગ;
સર્વ ઈચ્છા લહે હોએ જેહ, તેહથી સુખ અનંતો [23]અછેહ. ૩૭

( દુહા )

સર્વ કાલ સપિંડિત, સિદ્ધ તણી સુખરાશિ,
અનંત વર્ગમેં ભાગે, માએ ન સર્વ આકાશ;

---

૨૨. ગુણ. ૨૩. અછેદ્ય-છેદાય નહિ એવું.

વ્યાબાધા ક્ષય સંગત, સુખ લવ કલ્પે રાશિ,
તેહનો એહ ન સમુદય એહનો એક પ્રકાશ. ૩૮

( ચાલિ )

સર્વકાલા કલણુણુંત વગ્ગ, ભયણુ આકાશ અણુંમાણુ સગ્ગ;
શુદ્ધ સુહણું તણું તથ્થ દેશી, રાશિ ત્રિણે અણુંતે વિશેષી. ૩૯

( દુહા )

કાલભેદ નહિ ભેદક, શિવસુખ એક વિશાલ,
જિમ ધન કોડિની સત્તા અનુભવતાં ત્રિહું કાલ;
કોડિ વરસના રે આજના, સિદ્ધમાં નહીં કોઈ ભાંતિ,
જાણે પણ ન કહે જિન, જિમ પુર ગુણુ ભિલ્લજાતિ. ૪૦

( ચાલિ )

જાણુંતો પણુ નગર ગુણુ અનેક, ભીલની[૨૪]પાલમાંહિ ભીલ એક,
નવિ કહે વિગર ઉપમાન જેમ, કેવલી સિદ્ધ સુખ ઇત્થ તેમ. ૪૧

( દુહા )

અશ્વ વાહને કાંઈ ચાલ્યો રે, નરપતિ સુરપતિ રૂપ,
એક વિવેક વિરાજે એ, બીજે એ સાજ અનૂપ;
અશ્વે અપહૃત સૈન્ય તે, છોડી દોડી જાય,
પાલિને પરિસરિ મેલ્હી તે, બેઠી ઇકિ તરુછાય. ૪૨

( ચાલિ )

એક તે ભીલ અવિનીત તુરગેં, કષ્ટ ઉપનીય [૨૫]છુહ તરસ લગેં;
મ્લાન મુખ દેખીઓ ભીલ એકે, તેહ પિણુ ચમકીઓ તાસ ટેકે. ૪૩

( દુહા )

એક એકને દેખે રે, ન વિશેષે નિજ રૂપ,
એક સુવર્ણ અલંકૃત, એક તે કાજલકૂપ;
ટગમગ જોઈ રે પશુ પરિ, ભાષા નવિ સમજાય,
અનુમાને જલ આણિઓ, ભીલ લેઈ નૃપને પાય. ૪૪

( ચાલિ )

મધુર ફલ આણી નૃપને ચખાવે, ચિત્તને પ્રેમ પરિ પરિ સિખાવે,
બંધુ પિતૃ માતૃથી અધિક જાણ્યો, ભીલ તે ભૂપતિ ચિત્ત આણ્યો. ૪૫

---

૨૪. પલ્લી–ભીલ આદિ જાતિનો આવાસ–ઝુંપડાંનો સમૂહ. ૨૫ ક્ષુધા–ભૂખ.

( દુહા )

એતલેં આવીરે સેના, પગિ જોતી મગ્ગ,
ગર્જિત ગજ [26]હેષિત હય, રથ [27]પદાતિક વગ્ગ;
વાજાં રે વાગા જીતનાં છાંટણાં કેસર ઘોલ,
ઓછવ રંગ વધામણાં, નવ નવ હુઆ રંગરોલ. ૪૬

( ચાલિ )

બંદિજન [28]છંદસ્યૂં બિરુદ બોલે, 'કોઈ નહીં તાહરે દેવ! તોલે;'
થેઇ થેઈ કરત નાચે તે નટુઆ, ગીત સંગીત સધ્યાન પટુઆ. ૪૭

( દુહા )

આગે ધરિઆ રે મોદક, મોદકરણ સુપ્રબંધ,
દિવ્ય ઉદક વલિ આણ્યાં, શીતલ સરસ સુગંધ;
નૃપ કહે 'ભીલ આરોગે, તે મુજ આવે ભોગ,
વેચાતો હું લીધો ઈણિ અવસરે સંયોગ.' ૪૮

( ચાલિ )

વસ્ત્ર અલંકાર તેહને પહિરાવ્યાં, મૂલગાં તુચ્છ [29]અંબર છોડાવ્યાં;
દિવ્ય તાંબૂલભૃત મુખ તે સોહે, વિજય ગજ રાજ સાથિ આરોહે. ૪૯

( દુહા )

કોઈ આરોહ્યા રે વારણ, ઢમકયાં ઢોલ નિશાણ,
નાદે [30]અંબર ગાજે, સાજે સબલ મંડાણ;
નગરપ્રવેશ મહોચ્છવ, અચરિજ પામે રે ભીલ,
'જાણે હું સરગમાં આવિઓ, રાખી તેહ જ ડીલ.' ૫૦

( ચાલિ )

દેખી પ્રાકાર આકાર હરખ્યો, નગરનો લોક સુરલોક પરખ્યો;
આપણ શ્રેણી બેઠા [31]મહેભ્ય, માનિઆ સુગણ ગણરાજ સભ્ય. ૫૧

( દુહા )

પહરી રે પીત પટોલી, ઓલી કેશ પુનીત,
ભંભર ભોલી ટોલી, મિલિ ગાવત ગીત;
દામિની[32] પરિ ચમકંતી રે, કામિની દેખે સનૂર,
માલ તિલક મિસિ વિભ્રમ, જીવિત મદન અંકુર. ૫૨

---

૨૬. ઘોડાઓનો હણહણાટ. ૨૭. પાયદળ. ૨૮. છંદોબદ્ધ–કવિતાપૂર્વક. ૨૯. વસ્ત્ર. ૩૦. આકાશ
૩૧ મોટા શ્રેષ્ઠીઓ–શેઠિયા. ૩૨. દામણી–કંઠનું આભૂષણ.

( ચાલિ )

દેખીયા રાયરાણા સતે જેહ, ઋદ્ધિનો પાર નહિ હુઓ તેહ;
ભૂપ નિજસદન પુહતો ઉલ્લાસ, ભીલને દિદ્ધ સમ્મુખ આવાસ. ૫૩

( દુહા )

ભોજન શયન આચ્છાદન, ગંધ વિલેપન અંગ,
ખબર લીએ નૃપ તેહની, નવ નવ કેલવે રંગ;
આધે ઓલે તે સવિ કરે, મનિ ધરે તેહ જે કાજ,
કચ્ચિમિસ અપયશ તે ગણે, જે નવિ દીધું રાજ. ૫૪

( ચાલિ )

દિવસ સુખ માનતાં તાસ વીતા, કેતલા રંગ રમતાં વિચિંતા;
એકદા આવીઓ જલદકાલ, પંથિજનહૃદયમાં દેત ફાલ. ૫૫

( દુહા )

કૃત મુનિશમ પરિહારા, હારાવલી દિસ ભાગ,
પ્રકટિત મોર [33]કિંગારા, વિરચિત દારા રાગ;
વિરહણિ મન અંગારા, ધારાધર જલધાર,
વરષત નિરખિત ઉપનો, તસ મનમાંહિ વિકાર. ૫૬

( ચાલિ )

સાંભર્યા દિવસ ગિરિ ભૂમિ ફિરતાં, દેખતાં ઠામ નીઝરણ ઝરતાં;
સાંભલી મોર કિંગાર કરતાં, સુખ લહ્યાં નીપસ્યું સીસ ધરતાં. ૫૭

( દુહા )

જન્મભુમિ તે સાંભરી, રોયો કરી પોકાર,
ધાઈ આવ્યો નૃપ કહે તે, 'તુઝને કવણ પ્રકાર?'
તે કહે 'જે તુમ્હે સુખ દીઆ, મુઝ હોએ દુઃખ પરિણામ,
બંધુવિરહ જો ટાલો, ફિરિ આવું તુમ્હ ઠામ.' ૫૮

( ચાલિ )

બોલ લેઈ મોકલે તેહ રાજા, બંધુ મિલિયા સુખ દિવાજા;
એકદા નગર વૃતાન્ત પૂછે, 'કહોને તે કેહવું તિહાં કિસ્યું છે?' ૫૯

( દુહા )

ઈહાંથી તિહાં ઋદ્ધિ બિમણી, ત્રિગુણી ચોગુણી મિત્ત,
તે કહે ઇંદુને બિંદુને વર્ણસગાઈ મિત્ત;

33. કેકા–મોરનો અવાજ.

ઉપમા વિણુ ન કહી શકે, જિમ તે પુરનો ભાવ,
તિમ જિન પણુ ન દેખાવે, ઈહાં શિવ સુખ અનુભાવ. ૬૦

( ચાલિ )

તોહિ પણુ અતિ નિરાબાધ સેઠ, સુખ અધિક વ્યંતરાદિક તે હેઠી;
જાવ સવ્વટ્ઠ[૩૪] શિવ સુખથી જાણું, વીતરાગે કહ્યું તે પ્રમાણું. ૬૧

( દુહા )

સંપૂરણુ સુરનર સુખ, કાલ ત્રય સંબદ્ધ,
અનંત ગુણુ શિવ સુખ અંશ, અનંત વરગ નવિ [૩૫]લદ્ધ;
સિદ્ધ સરસુ સુખ સારિઆ, વિસ્તરિ નિજ ગુણુતા સાર,
શીતલ ભાવ અતુલ વર્યા, જ્ઞાન ભર્યા ભંડાર. ૬૨

( ચાલિ )

1 2 3 4 5 6 7 8 9
સિદ્ધ પ્રભુ બુદ્ધ પારગ પુરોગ, અમલ અકલંક અવ્યય અરોગ;
10 11 12 13 14 15 16 17 18
અજર અજ અમર અક્ષય અમાઇ અનઘ અક્રિય અસાધન અયાઈ. ૬૩

( દુહા )

14 20 21 22 23
અનવલંબ અનુપાધિ અનાદિ અસંગ અસંગ,
24 25 26 27 28 26
અવશ અગોચર અકરણુ અચલ અગેહ અનંગ;
30 31 32 33 34 35
અશ્રિત અજિત અજેય અમેય અભાર અપાર,
36 37 38 39 40
અપરંપર અજરંજર અરહ અલેખ અચાર. ૬૪

( ચાલિ )

41 42 43 44 45 46 47 48
અભય અવિશેષ અવિભાગ અમિત, અકલ અસમાન અવિકલ્પ અકૃત;
49 50 51 52 53 54 55
અદર અવિધેય અનવર અખંડ, અગુરુગુલઘુ અચ્યુતાશય અદંડ. ૬૫

( દુહા )

56 57 58 59
પરમપુરુષ પરમેશ્વર, પરમપ્રભાવ પ્રમાણુ,
60 61 62 63
પરમજ્યોતિ પરમાતમ, પરમશક્તિ પરમાણુ;
64 65 66 67
પરબંધુ પરમોજ્જવલ, પરમવીર્ય પરમેશ;
68 69 70 71
પરમોદય પરમાગમ, પરમ અવ્યક્ત અદેશ. ૬૬

---

૩૪. સર્વાર્થ. ૩૫. લબ્ધ-પ્રાપ્ત

( ચાલિ )

72 73 74 75 76 77
જગમુગુટ જગતગુરુ જગતતાત, જગતિલકુ જગતમણિ જગતભ્રાત;
78 79 80 81 82 83
જગશરણુ જગકરણુ જગતનેતા, જગભરણુ શુભવરણુ જગતજેતા. ૬૭

( દુહા )

84 85 86 87 88 89
શાન્ત સદાશિવ નિર્વૃત, મુક્ત મહોદય ધીર;
90 91 92 93
કેવલ અમૃતકલાનિધિ કર્મરહિત ભવતીર;
94 95 96
પ્રણુવબીજ પ્રણુવોત્તર, પ્રણુવશક્તિ શૃંગાર,
97 98 99 100
પ્રણુવગર્ભ પ્રણુવાંકિત, યક્ષ પુરુષઆધાર. ૬૮

( ચાલિ )

101 102 103 104
દર્શનાતીત દર્શનપ્રવર્તી, નિત્યદર્શન અદર્શનનિવર્તી;
105 106 107 108
બહુનમન નય જગનત અનામ, સિદ્ધના હુતિ ઇત્યાદિ નામ. ૬૯

( દુહા )

નમસ્કાર તે સિદ્ધને, વાસિત જેહનું ચિત્ત,
ધન્ય તે કૃતપુણ્ય તે, જીવિત તાસ પવિત્ત;
આર્તધ્યાન તસ નવી હુએ, નવિ હુએ દુરગતિવાસ,
ભવક્ષય કરતાં રે સમરતાં, લહિયે સુકૃત ઉલ્લાસ. ૭૦

## (3) આચાર્યપદવર્ણન

( દુહા )

પદ તૃતીયે તે આચાર્ય નમીએ, પૂર્વ સંચિત સકલ પાપ ગમિએ;
શાસનાધાર શાસન ઉલ્લાસી, શ્રુતબલે તેહ સકલ પ્રકાશી. ૭૧

( ચાલિ )

કહિયે મુગતિ પધાર્યા રે જિનવર દાખી પંથ,
ધરેરે આચાર્ય આર્યનીતિ પ્રવચન નિર્ગ્રંથ;
મૂરખ શિષ્યને શીખવી, પંડિત કરેરે પ્રધાન,
એ અચરિજ પાષાણે, પલ્લવ ઉદય સમાન. ૭૨

( દુહા )

ભાવ આચાર્ય ગુણુ અતિ પ્રભૂત, ચક્ષુ આલંબન મેઢિભૂત;
તે કહ્યો સૂત્રે જિનરાય સરિખો, તેહની આણુ મત કોઈ [36]ધરખો. ૭૩

---

૩૬. લોપો,

( દુહા )

સુબહુશ્રુત કૃતકર્મા, ધર્માધાર શરીર,
નિજ પર સમયધારી, ગુણધારી વ્રતધીર;
કુત્તિયાવણ[37] સમ એહવા, આચારય ગુણ વંદ,
તે આરાધ્યે આરાધ્યા, જિન વલિ અનિંદ. ૭૪.

( ચાલિ )

ચઉદ પડિરૂવ પમુહા ઉદાર, ખંતિ પમુહા વિશદ દસ પ્રકાર,
બાર ગુણ ભાવનાના અનેરા, પદ છત્રીસ ગુણ સૂરિ કેરા. ૭૫.

( દુહા )

પ્રતિરૂપ તેજે સુરૂપી, તેજસ્વી બહુતેજ,
યુગપ્રધાન તતકાલઈ, વર્તના સૂત્રસ્યૂં હેજ;
મધુરવાક્ય મધુભાષી, તુચ્છ નહીં ગંભીર,
ધૃતિમંત તે સંતોષી, ઉપદેશક શ્રુતધીર. ૭૬.

( ચાલિ )

નવિ ઝરે મર્મ તે અપરિસ્રાવી, સૌમ્ય સંગ્રહ કરે યુક્તિ ભાવી;
અકલ [38]અવિકત્થ ને અચલ શાંત, ચૌદ ગુણ એ ધરે સૂરિ દાંત ૭૭.

( દુહા )

ધર્મ ભાવના વિશ્રુત, ઈમ છત્રીસ છત્રીસ,
ગુણ ધારે આચારય, તેહ નમું નિસદીસ;
આચારય આણવિણ, ન ફલે વિદ્યામંત,
આચારય ઉપદેસે, સિદ્ધિ લહીજે તંત. ૭૮.

( ચાલિ )

દ્રહ[39] હુએ પૂર્ણ જો વિમલ નીરે, તો રહે મચ્છ તિહાં સુખ શરીરે;
એમ આચાર્ય ગુણમાંહિ સાધ, ભાવઆચાર અંગિ અગાધ. ૭૯.

( દુહા )

આણા કુણની રે પાલીયે, વિણ આચારય ટેક,
કારણિ ત્રિક પણિ જિહાં હુએ, તિહાં આચારય એક;
શ્રુતપડિવત્તીમાં[40] પણિ, આચારય સમરત્થ,
જિન પણિ આચારય હુએ, તવ દાખે શ્રુત-અત્થ. ૮૦.

---

૩૭. કુત્રિકાપણ—જગતની કોઈ પણ વસ્તુ જ્યાંથી મળી શકે એવી દુકાન. જુઓ: 'બૃહત્કલ્પસૂત્ર' (ગાથા : ૪૨૧૪ થી ૪૨૨૩) ૩૮. અનિંદ્ય. ૩૯. સરોવર. ૪૦. શ્રુતની સેવા.

( ચાલિ )

સૂરિ[1] ગણધર[2] ગણી[3] ગચ્છધારી[4], સુગુરુ[5] ગણિ[6]–પિટક–ઉદ્દ્યોતકારી;
અત્થધર[7] સત્થધર[8] સદ્દનુયોગી[9], શુદ્ધ અનુયોગકર[10] જ્ઞાનભોગી[11]. ૮૧.

( દુહા )

અનૂચાન[12] પ્રવચનધર[13] આણા ઈસર[14] દેવ,
ભટ્ટારક[15] ભગવાન[16], મહામુનિ[17] મુનિ[18]-કૃત-સેવ;
ગચ્છ ભારધર[19] સદ્ગુરુ[20], ગુરુગણયુક્ત[21] અધીશ[22],
ગુણી[23] વિદ્યાધર[24] શ્રુતધર[25], શુભ આશ્રય[26] જગીશ. ૮૨.

( ચાલિ )

નામ ઈત્યાદિ જસ દિવ્ય છાજે, દેશના દેત ઘન ગુહિર ગાજે;
જેહથી પામીએ અચલ ધામ, તેહ આચાર્યને કરું પ્રણામ. ૮૩.

( દુહા )

આચારય નમુક્કારે, વાસિત જેહનું ચિત્ત,
ધન્ય તેહ કૃતપુણ્ય તે, જીવિત તાસ પવિત્ત;
આર્ત ધ્યાન તસ નવિ હુએ, નવિ હુએ દુરગતિ–વાસ,
ભવ-ક્ષય કરતાં રે સમરતાં, લહિએ સુકૃત–ઉલ્લાસ. ૮૪.

## ( ૪ ) ઉપાધ્યાયપદવર્ણન

( ચાલિ )

પદ ચઉત્થે તે ઉવજ્ઝાય નમીએ, પૂર્વ સંચિત સકલ પાપ ગમીએ;
જેહ આચાર્ય પદ યોગ્ય ધીર, સુગુરુગુણ ગાજતા અતિ ગંભીર. ૮૫.

( દુહા )

અંગ ઈગ્યાર ઉદાર, અરથ શુચિ ગંગ-તરંગ,
વાર્તિક વૃતિ અધ્યયન, અધ્યાપન બાર ઉપાંગ;
ગુણ [૪૧]પચવીસ અલંકૃત, સુકૃત પરમ રમણીક,
શ્રી ઉવજ્ઝાય નમીજે, સૂત્ર ભણાવે ઠીક.

( ચાલિ )

સૂત્ર ભણીએ સખર જેહ પાસે, ઉપાધ્યાય જે અર્થ ભાખે;
તેહ આચાર્યએ ભેદ લહીએ, કોઈમાં અધિક અંતર ન કહીએ. ૮૭.

---

૪૧. પચીશ.

( દુહા )

સંગ્રહ કરત [૪૨]ઉપગ્રહ, નિજ વિષયે શિવ જાય,
ભવ ત્રીજે ઉત્કર્ષથી, આચારય ઉવજ્ઝાય;
એક વચન ઇહાં ભાખ્યો, ભગવઇ-વૃત્તિ લેઈ,
એક જ ધર્મી નિશ્ચય, વ્યવહારે હોઈ ભેઇ. ૮૮

( ચાલિ )

સૂરિ ઉવજ્ઝાય મુનિ ભાવિઅપ્પા, ગુણ થકી ભિન્ન નહીં જે મહપ્પા;
નિશ્ચયે ઇમ વદે સિદ્ધસેન, થાપના તેહ વ્યવહાર દૈન. ૮૯

( દુહા )

વૃત્ત સુત્ત ઉવઓગે, કરણનઇં અત્થિં સદ્દ,
જ્ઝાયતિ ઝાણે પૂરે, આતમ-નાણની હદ્દ;
પણિ નિરુત્તિં ઉવજ્ઝાય, પ્રાકૃત વાણિ પ્રસિદ્ધ,
આવશ્યકનિર્યુકતેં, ભાખ્યો અર્થ સમૃદ્ધ. ૯૦

( ચાલિ )

ભાવ અધ્યયન અજ્ઝયણ એણે, ભાવ-ઉવજ્ઝાય તિમ તત્ત્વ વયણેં,
જેમ શ્રુતકેવલી સયલ નાણેં, વ્યવહૃતેં નિશ્ચયેં અપ્પજઝાણેં.[૪૩] ૯૧

( દુહા )

સંપૂરણ શ્રુત જાણે, શ્રુત-કેવળી વ્યવહાર,
ગુણ-દ્વારાએ આતમ-દ્રવ્યનો જ્ઞાન પ્રકાર;
શ્રુતથી આતમા જાણે, કેવલ નિશ્ચય સાર,
શ્રુતકેવલી પરકાશે, તિહાં નહીં ભેદ વચાર. ૯૨

( ચાલિ )

જોડીએ જબહી તે તે ઉપાધેં, તબહી ચિન્માત્ર કેવલ સમાધેં;
તેહ ઉવજ્ઝાય પદને વિચારે, તેહ ઇક દીપ છે [૪૪]જગમઝારે. ૯૩

( દુહા )

[1]ઉપાધ્યાય [2]વરવાચક, [3]પાઠક [4]સાધક [5]સિદ્ધ,
[6]કરગ [7]ઝરગ [8]અધ્યાપક, [9]કૃતકર્મા [10]શ્રુતવૃદ્ધ;
[11]શિક્ષક [12]દીક્ષક [13]થવિર, [14]ચિરંતન [15]રત્ન વિશાલ,
[16]મોહજયા [17]પારિચ્છક, [18]જિતપરિશ્રમ [19]વૃતમાલ. ૯૪

૪૨. ઉપયોગ. ૪૩. આત્મધ્યાને. ૪૪. ઝગમગ કરતો.

( ચાલિ )

[20]સામ્યધારી [21]વિદિત–પદ–વિભાગ, [૪૫]કુત્તિયાવણ [22]વિગત–[23]દ્વેષ–રાગ;
[54]અપ્રમાદી સદા [25]નિર્વિષાદી, [26]અદ્ધયાનંદ [27]આતમ–પ્રવાદી. ૯૫

( દુહા )

નામ અનેક વિવેક, વિશારદ પારદ પુણ્ય,
પરમેશ્વર–આજ્ઞાયુત, ગુણ સુવિશુદ્ધ અગણ્ય;
નમીએ શાસન-ભાસન-પતિ પાવન ઉવજ્ઝાય,
નામ જપતાં જેહનું, નવ વિ( નિ )ધિ મંગલ થાય. ૯૬

( ચાલિ )

નિત્ય ઉવજ્ઝાયનું ધ્યાન ધરતાં, પામીએ સુખ નિજ ચિત્ત ગમતાં;
હૃદય દુર્ધ્યાન વ્યંતર ન બાધે, કોઈ વિરૂઓ ન વયરી વિરાધે. ૯૭

( દુહા )

નમસ્કાર ઉવજ્ઝાયને વાસિત જેહનું ચિત્ત,
ધન્ય તેહ કૃતપુણ્ય તે, જીવિત તાસ પવિત્ત;
આર્તધ્યાન તસુ નવિ હુએ, નવિ હુએ દુરગતિ વાસ;
ભવક્ષય કરતાં સમરતાં, લહિએ સુકૃત ઉલ્લાસ. ૯૮

## (૫) સાધુપદવર્ણન

( ચાલિ )

શિવ પદાલંબ સમરત્થ બાહુ, જેહ છે લોકમાં સવ્વ સાહૂ;
પ્રેમથી તેહનું શરણ કીજે, ભેદ નવિ ચિત્ર રીતે ગણીજે. ૯૯

( દુહા )

કર્મભૂમિ પન્નર વર, ભરતૈરવત વિદેહ,
ક્ષેત્રમાં પંકજ નેત્ર જે, સાધુ અમાય [૪૬]નિરેહ;
એક પૂજે સવિ પૂજીઆ, નિંદિઆ નિંદે એક,
સમગુણ ઠાણાં રે નાણી, એ પદ સર્વ વિવેક. ૧૦૦

( ચાલિ )

લોકસન્ના વમી ધર્મ ધારે, મુનિ અલૌકિક સદા દસ પ્રકારે;
લાભ અણુલાભ માનાપમાન, લેખવે લોષ્ટુ કાંચન સમાન. ૧૦૧

૪૫. કુત્રિકાપણુના અર્થ માટે જુઓ પાદ નોંધ નં. ૩૭. ૪૬. નિરેહ-નિષ્કંપ, સ્થિર.

( દુહા )

ખંતી અજ્જવ મદ્દવ, મુત્તી પણુ તસ મર્મ,
તે ઉવયાર વયાર વિવાગ વચન વલિ ધર્મ;
લૌકિક ત્રિણ્ય લોકોત્તર, એ છઈ તે તસ હોઈ,
છઠ્ઠું ગુણુટ્ઠાણું ભવ અટવી લંઘન જોઈ. ૧૦૨

( ચાલિ )

તપ નિયાણે રહિત તસ અખેદ, શુદ્ધ સંયમ ધરે સત્તર ભેદ;
પંચ આસ્રવ કરણુ ચઉ કષાય, દંડ–ત્રિકુ–વર્જને શિવ ઉપાય. ૧૦૩

( દુહા )

ગુરુસૂત્રાનુજ્ઞાએ, હિતમિત ભાષણુ સત્ય,
પાયચ્છિત્ત–જલે, મલગાલન શોચવિ ચિત્ત;
પંખી ઉપમાએ ધર્મોપકરણુ જેહ ધરંત,
તેહ અકિંચન ભાત્ર છે, તેણિં મુનિરાય મહંત. ૧૦૪

( ચાલિ )

બંભમણુ વિત્તિતણુ ફરિસરૂવ, સદ્દમણુ ત્યજ ઉપવિયાર કૂવ;
બંભમણુ વિત્તિબંભે જે ભાખી, તે ક્ષયોપશમ ગતિ સૂત્ર દાખી. ૧૦૫

( દુહા )

બ્રહ્મચારીએ બ્રહ્મ, કહ્યો સઘળો આચાર,
તિહાં મનવૃત્તિ પ્રતિજ્ઞા, ક્ષય ઉપશમ વિસ્તાર;
તે વિણુ બંભ અણુત્તર, સુરને નવિ હુએ તંત,
મન વિરોધ પણુ શુદ્ધ તે, બંભ કહે ભગવંત. ૧૦૬

( ચાલિ )

એમ દસ ધર્મ પાલે વિચિત્ર, મૂલ ઉત્તર ગુણે મુનિ પવિત્ર;
ભ્રમર પરિ ગોચરી કરીય ભુંજે, શુદ્ધ સજ્ઝાય અહનિશિ પ્રયુંજે. ૧૦૭

( દુહા )

ક્લેશ–નાશિની દેશના, દેત ગણે ન પ્રયાસ,
અસંદીન જિમ દ્વીપ તથા, ભવિજન આશ્વાસ;
તરણુતારણુ કરુણા–પર, જંગમ તીરથ સાર,
ધન ધન સાધુ સુહંકર, ગુણુમહિમાભંડાર. ૧૦૮

( ચાલિ )

સમ અનાબાધ સુખના ગવેષી, ધર્મમાં થિર હૃદય હિત ઉલ્લેખી;
એહવા મુનિનું ઉપમાન નાહિ, દૈત્ય નર સુર સહિત લોકમાંહિ. ૧૦૯

( દુહા )

ષટ વ્રત કાય છ રક્ષક, નિગ્રહે ઇંદ્રિય-લોભ,
ખંતિ ભાવ-વિસોહી, પડિલેહણ થિર શોભ;
અશુભ રોધ યોગકરણ તપશુદ્ધિ જગીશ;
શીતાદિકે મરણાંતિક, સહે ગુણ સત્તાવીશ. ૧૧૦

( ચાલિ )

[1]મુનિ [2]મહાનન્દ [3]અર્થી [4]સંન્યાસી, [5]ભિક્ષુ [6]નિર્ગ્રન્થ [7]આતમ ઉપાસી;
[8]મુક્ત [9]માહણ [10]મહાત્મા [11]મહેશી, [12]દાન્ત [13]અવધૂતનિતિ [14]શુદ્ધ-લેશી. ૧૧૧

( દુહા )

[15]શાન્ત [16]વહક [17]વર [18]અશરણ-શરણ [19]મહાવ્રત-ધાર,
પાખંડી [20]અર્થખંડી, [21]દંડવિરત [22]અણગાર;
[23]લૂહ [24]અભવ [25]તીરાર્થી, [26]પૂર્ણ [27]મહોદય [28]કામ,
[29]અબુદ્ધજાગરિકા [30]જાગર, [31]શુદ્ધ [32]અધ્યાતમ-ધામ. ૧૧૨

( ચાલિ )

જેષ્ઠસુત [33]જિનતણો [34]ઊર્ધ્વરેતા, [35]ઊન્મનીભાવ-[36]ભાવક [37]પ્રચેતા,
[38]અનુભવી [39]તારક [40]જ્ઞાનવંત, [41]જ્ઞાન-યોગી [42]મહાશય [43]ભદંત. ૧૧૩

( દુહા )

[44]તત્ત્વજ્ઞાની [45]વાચંયમ, [46]ગુપ્તેંદ્રિય [47]મનગુપ્ત,
[48]મોહજયી [49]ઋષિ [50]શિક્ષિત, [51]દીક્ષિત [52]કામ [53]અલુપ્ત;
[54]ગોપ્તા [55]ગોપતિ [56]ગોપ, [57]અગોપ્ય [58]અકિંચન [59]ધીર;
[60]સર્વસહ [61]સમતામય, [22]નિઃપ્રતિકર્મ શરીર. ૧૧૪

( ચાલિ )

[63]શ્રમણ [64]કૃતિ-દ્રવ્ય [65]પંડિત [66]પુરોગ, [67]અગર [68]અવિષા[69]નનુષ્ઠાન રોગ;
[70]અમૃત [71]તદ્ધેતુ [72]કિરિયાવિલાસી, વચન [74]ધર્મ-[74]ક્ષમા શુભ અભ્યાસી. ૧૧૫

( દુહા )

[75]શુકલ શુકલ [76]અભિજાત્ય, [77]અનુત્તર [78]ઉત્તર શર્મ,
[79]મગ્ન [80]અતંત્ર [81]અતંદ્રિય, [82]મુદ્રિત [83]કરણ [84]અકર્મ;
[85]દીર્ણ [86]માત-સંતીર્ણ, સમાન તે [87]સંખ્ય [88]પ્રધાન,
[89]પ્રતિસંખ્યાન વિચક્ષણ, [90]પ્રત્યાખ્યાન-વિધાન. ૧૧૬

( ચાલિ )

નામ ઈત્યાદિ મહિમા–સમુદ્ર, સાધુ અકલંકના છે અમુદ્ર;
સર્વ લોકો જિકે બ્રહ્મચારી, તેહને પ્રણમીએ ગુણ સંભારી. ૧૧૭

( દુહા )

નમસ્કાર અણગારને, વાસિત જેહનું ચિત્ત,
ધન્ય તેહ કૃતપુણ્ય તે, જીવિત તાસ પવિત્ત;
આર્તધ્યાન તસ નવિ હુએ, નવિ હુએ દુર્ગતિ વાસ,
ભવખય કરતાં રે સમરતાં, લહિએ સુકૃત અભ્યાસ. ૧૧૮

( ચાલિ )

પંચ નવકાર એ સુપ્રકાશ, એહથી હોએ સવિ પાપ નાશ;
સકલ મંગલ તણું એહ મૂલ, સુજસ વિદ્યા વિવેકાનુકૂલ. ૧૧૯

## નવકાર મંત્રનો મહિમા

( દુહા )

શ્રીનવકાર સમો જગિ, મંત્ર ન યંત્ર ન અન્ય,
વિદ્યા નવિ ઔષધ નવિ, એહ જપે તે ધન્ય;
કષ્ટ ટળ્યાં બહુ એહને, જાપે તૂરત સિદ્ધ,
એહના બીજની વિદ્યા, 'નમિ[૪૭] વિનમી'ને સિદ્ધ. ૧૨૦

( ચાલિ )

સિદ્ધ ધર્માસ્તિકાયાદિ દ્રવ્ય, તિમ જ નવકાર એ ભણે ભવ્ય;
સર્વ શ્રુતમાં વડો એ પ્રમાણ્યો, મહાનિસીથે ભલિ પરિ વખાણ્યો. ૧૨૧

( દુહા )

ગિરિમાંહિ જેમ સુરગિરિ, તરુમાંહિ જેમ સુરસાલ,
સાર સુગન્ધમાં ચંદન, નંદનવનમાં વિશાલ;
મૃગમાં [૪૮]મૃગપતિ [૪૯]ખગપતિ, ખગમાં તારા ચંદ્ર,
ગંગ નદીમાં [૫૦]અનંગ, સરૂપમાં દેવમાં ઈંદ્ર. ૧૨૨

( ચાલિ )

જિમ સ્વયંભૂરમણ ઉદધિમાંહિ; શ્રીરમણ જિમ સકલ સુભટમાંહિ;
જિમ અધિક નાગમાંહિ નાગરાજ, શબ્દમાં જલદ ગંભીર ગાજ. ૧૨૩

( દુહા )

રસમાંહિ જેમ ઇકખુરસ, ફૂલમાં જિમ અરવિંદ,
ઔષધમાંહિ સુધા, વસુધાધવમાં [૫૧]રઘુનંદ,
સત્યવાદીમાં યુધિષ્ઠિર, ધીરમાં ધ્રુવ અવિકંપ,
મંગલમાંહિ જિનધર્મ, [૫૨]પરિચ્છિદ સુખમાં સંપ. ૧૨૪

---

૪૭. નમિ–વિનમિ નામના વિદ્યાધરોએ નવકારમંત્રબીજની વિદ્યા સિદ્ધ કરી હતી. ૪૮. સિંહ. ૪૯ ગરુડ. ૫૦. કામદેવ. ૫૧. રામ. ૫૨. પરિવાર.

( ચાલિ )

ધર્મમાંહિ દયાધર્મ મોટો, બ્રહ્મ વ્રતમાંહિ વજ્જર-કછોટો,
દાનમાંહિ અભયદાન રૂડું, તપમાંહિ જે કહેવું ન કૂડું. ૧૨૫

( દુહા )

રતનમાંહિ સારો હીરો, નીરોગી નરમાંહિ,
શીતલમાંહિ ઉસીરો, ધીરો વ્રતધરમાંહિ;
તિમ સવિ મંત્રમાં સારો, ભાખ્યો શ્રી નવકાર,
કહ્યા ન જાયે રે એહના, જેહ છે બહુ ઉપકાર. ૧૨૬

( ચાલિ )

તજે એ સાર નવકાર મંત્ર, જે અવર મંત્ર સેવે સ્વતંત્ર;
કર્મ પ્રતિકૂલ [૫૩]બઊલ સેવે, તેહ સુરતરુ ત્યજી [૫૪]આપટેવે. ૧૨૭

( દુહા )

એહને [૫૫]બીજેરે વાસિત હોયે ઉપાસિત મંત,
બીજો પણિ ફલદાયક, નાયક છે એ તંત;
અમૃત ઉદધિ કુસારા, સારા હસ્ત વિકાર,
વિષના તે ગુણ અમૃતનો, પવનનો નહીં રે લગાર. ૧૨૮

( ચાલિ )

જેહ [૫૬]નિબીંજ તે મંત્ર જૂઠા, ફલે નહીં સાંહમૂં હુઈ અપુઠા;
જેહ મહામંત્ર નવકાર સાધે, તેહ દોય લોક અલવે આરાધે. ૧૨૯

( દુહા )

રતન તણી જિમ પેટી, ભાર અલ્પ બહુ મૂલ,
ચૌદ પૂરવનું સાર છે, મંત્ર એ તેહને તુલ્લ;
સકલ સમય અભ્યંતર, એ પદ પંચ [૫૭]પ્રમાણ
મહાસુઅખંધ તે જાણો, ચૂલા સહિત સુજાણ. ૧૩૦

( ચાલિ )

પંચ પરમેષ્ઠિગુણગણ પ્રતીતા જિન ચિદાનંદ મોજે ઉદીતા,
**શ્રીયશોવિજય વાચક** પ્રણીતા, તેહ એ સાર **પરમેષ્ઠિગીતા.** ૧૩૧

---

૫૩. બાવળ. ૫૪. પોતાના સ્વભાવથી. ૫૫. મંત્રબીજ. ૫૬. બીજ વિનાનો મંત્ર જૂઠો છે, **અર્થાત્** ફળ આપતો નથી. ૫૭. ચૂલિકા સહિત આ નમસ્કારમંત્ર 'મહાશ્રુતસ્કંધથી' પ્રમાણિત છે.

[ ૧૦૫-૨૩ ]

## ઉપા૦ શ્રીમાનવિજયરચિત્

## નમસ્કારછંદ

અલખ અગોચર અકલ રૂપ અવિનાસી અનાદી,
એક અનેક અનન્ત સન્ત અવિચલ અવિષાદી;
સિદ્ધ બુદ્ધ અવિસદ્ શુદ્ધ અજરામર અભય,
અવ્યાબાધ અમૂરતીક નિરુપાધિ નિરામય;
પરમ પુરષ પરમેસરુ એ પ્રરમ નાથ પ્રધાન,
ભવભય ભાવઠ ભંજણો ભજિઈં શ્રી ભગવાન. (૧)

રસના તુઝ ગુણ સંસ્તવેં દૃષ્ટિ તુજ દર્શને,
નવ અંગે પૂજા સમે કાયા તુજ ફરસને
તુજ ગુણ શ્રવણેં દો શ્રવણ, મસ્તક પ્રણિપાતેં,
શુદ્ધ નિમિત્ત સવે હુઆ, શુભ પરિણુત થાતેં;
વિવિધ નિમિત્ત વિલાસથી એ પણ વિલસે એકંત,
અવતરિયો અભ્યંતરે, નિશ્ચલ ધ્યેય મહંત. (૨)

ભાવ દૃષ્ટિમાં ભાવતેં, વ્યાપક સબિ ઠામે,
ઉદાસીનતા અવરસ્યું, લીની તુજ નામે;
દીઠા વિણુ પણ દેખિઈં, સૂતાં પણ જગવેં,
અવર વિષયથી જોડવેં, ઇન્દ્રિય બુધ ત્યજવેં,
પરાધીનતા મિટિ ગઈ, એ ભેદબુદ્ધિ ગઈ દૂર,
અધ્યાતમ પ્રભુ પરિણમિઉં, ચિદાનન્દ ભરપુર. (૩)

પૂજક પૂજ્ય અભેદથી, કુંણ છે પૂજારૂપ ?,
દ્રવ્યસ્તવ રહિઉ દ્રવ્યરૂપ, એહ સુદ્ધ સ્વરૂપ;

---

( પ્રતિ-પરિચય )

આ 'નમસ્કાર છંદ'ના કર્તા ઉપાધ્યાય શ્રીમાનવિજયજી છે. તેઓ ઉપા૦ યશોવિજયજી-ના સમકાલીન વિદ્વાન હતા, એટલે અઢારમા સૈકામાં તેઓ વિદ્યમાન હતા. તેમણે રચેલા 'ધર્મસંગ્રહ' ગ્રંથથી એમના બહુશ્રુત પાંડિત્યનો પરિચય મળે છે. 25

તેમણે ગુજરાતીમાં આ કૃતિ રચી છે, જેમાં ધ્યેય સ્વરૂપ અરિહંતના સ્વરૂપનું વર્ણન કરેલું છે. તે કૃતિ અહીં પ્રગટ કરવામાં આવેલ છે.

આતમ પરમાતમ ભયો, અનુભવ-રસ સંગતે;
દ્વૈતભાવ મલ નીકલ્યો, ભગવંતની ભગતે,
આતમ છંદે વિલસતાં, એ પ્રગટો વચનાતીત,
મહાનન્દ રસ મોકલો, સકલ ઉપાધિ વ્યતીત. (૪)
જ્યોતિસું જ્યોતિ મલી ગઈ, પણ રહે નિજ અવધે,
અંતરંગ સુખ અનુભવે, પણ આતમ લમધે;
નિરવિકલ્પ મનુ પ્રયોગ રૂપ પૂજા પરમારથ,
કારક ગ્રાહક એહ પ્રભુ, ચેતન સમરથ;
વીતરાગ ઈમ પૂજતાં એ લહિકે અવિહડ સુખ,
**માનવિજય** ઉવજ્ઝાયનાં નાઠાં સઘળાં દુઃખ. (૫)

॥ ઇતિ શ્રીનમસ્કારછંદ ॥



# [ ૧૦૬-૨૪ ]

## ઉપા૦ માનવિજયરચિત

## નમુક્કાર સજ્ઝાય

●

પ્રણમું શ્રીગૌતમ ગણધાર, કહું નવકારતણો સુવિચાર;
જસ મરણઈં લહીઈ ભવપાર, પંચપરમેષ્ઠિ સદા જયકાર. ૧

ધ્યાતા ધ્યેય ધ્યાન વ્યવહારિ, પરમારથિ એક જ નિરધારિ;
ધ્યાતા ગ્યા(જ્ઞા)તા સમકિતવંત, અરિહંતાદિક ધ્યેય મહંત. ૨

મન-વચ-કાયતણી એકતા, સુદ્ધ ધ્યાન હુઈ એતાવતા;
આધિ-વ્યાધિ ઉપદ્રવ સવિ ટલઈ, એહથી મનવંછિત સુખ મલઈ. ૩

ધ્યાતા ધ્યેયરૂપ જવ હોય, નિશ્ચય સુખ તવ પાવઈ સોય;
ધ્યેયરૂપ વિશેષઈં સુણો, ઈકિ સો આઠ ગુણઈં જુત ગુણો. ૪

તિહાં પ્રથમ અરિહંત ગુણ બાર, તરુ અશોક યોજન વિસ્તાર;
સુરકૃત પુષ્પવૃષ્ટિ ધ્વનિ દિવ્ય, ચામર સિંહાસન અતિભવ્ય. ૫

ભામંડલ દેવદુંદુભિ નાદ, છત્રત્રયી દીઠઈ આહ્લાદ;
અષ્ટ મહાપ્રાતિહાર્ય એહ, સૂત્ર ઉવાઇ ઉવંગઈં રેહ. ૬

---

### ( પ્રતિ પરિચય )

'નમુક્કાર સજ્ઝાય'ની ચાર પત્રની એક માત્ર પ્રતિ અમદાવાદ, સંવેગીના ઉપાશ્રયના શ્રી જૈન જ્ઞાન ભંડારમાંથી પ્રતિ નં. ૧૭૪૨ની મળી, તે ઉપરથી સંપાદન કરીને આ કૃતિ અહીં રજૂ કરી છે.

આ સજ્ઝાય શ્રી શાંતિવિજય વિબુધના શિષ્ય શ્રીમાનવિજયે રચી હોવાનો અંતિમ કડીમાંથી પરિચય મળે છે. કર્તાએ આવી નાનકડી કૃતિમાં ૧૦૮ ગુણો, જપના પ્રકાર અને 'નમસ્કાર-નિર્યુક્તિ'નો કેટલોક વિષય-કડી નં. ૩૯ થી ૪૦, ૪૫ થી ૫૩ માં સંગ્રહ કર્યો છે તે તેમની સંગ્રાહક પ્રતિભાનો પરિચય કરાવે છે; પણ તેમનું બહુશ્રુતત્વ તો તેમના ગ્રંથરાજ 'ધર્મસંગ્રહ' ગ્રંથમાંથી જાણવા મળે છે, જે ગ્રંથનું સંશોધન ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજે કર્યું હતું. એ વિશેની હકીકત 'ધર્મસંગ્રહ'ની પ્રશસ્તિમાંથી જાણવા મળે છે.

તેઓ ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના સમકાલીન હતા. વિ. સં. ૧૭૩૧માં તેમણે 'ધર્મસંગ્રહ' ગ્રંથ રચ્યો હતો.

ખરેખર, આ નાની કૃતિ અર્થગંભીર છે, નમસ્કાર સ્વાધ્યાય પ્રાકૃતવિભાગમાંથી 'નમસ્કાર નિર્યુક્તિ'નું વિવેચન વાંચ્યા પછી આ સજ્ઝાયનો અર્થ સમજવો સરળ થઈ પડે એમ છે,

મૂલાતિસય ઉદારા ચ્યાર, જ્ઞાન વચન પૂજાનો સાર;
તુરિય અપાયાપગમહ નામ, અરિહંત ગુણ બારસ અભિરામ. ૭
કેવલનાણ કેવલદરસણં, અવ્યાબાધ સમકિત ભાષણં;
અખ્યયથિતિ અરૂપીપણું, અગુરુલહુ, વીરય અતિઘણું. ૮
સવિ કર્મખ્યયથી અઠગુણા, સિદ્ધતણા ધ્યાઓ ભવિયણા;
આચારયનઈ નામો સીસ, જેહમાં ગુણ હોઈ છત્રીસ. ૯

(ઢાળ-અવસર આજ હે રે-એ દેશી)

ભવિયણ ભાવીઇ રે, શ્રી નમુક્કારનો અરથ;
એહ વિણ સવિ હુઇ વ્યરથ, એ આતમ અંતર ગરથ. ભવિ૦ ૧૦
છત્રીસ ગુણ સંજુત આચારય, સેવ્યો હુઈ હિતકારી રે;
કર્ણ ચખ્ખુ નાશા જીહ ફરસા, પંચિંદ્રિય વશકારી. ભવિ૦ ૧૧
વસતિ કથા શય્યા ઇંદ્રિય રસ, કુડ્ડંતર પુવ્વ ક્રીડા રે;
સરસ અધિક આહાર વિભૂષા, નવ બંભગુત્તિ અપીડયા. ભવિ૦ ૧૨
ચ્યાર કષાય રહિત જે ગિરૂઆ, પંચ મહાવ્રત ધારી રે;
નાણ દંસણ ચારીતર તપ, તિમ વીરયાચારઈ ચારી. ભવિ૦ ૧૩
ઇર્યા ભાષા એષણ ગ્રહણા, નિકખેવણાઇ સમિતો રે,
પંચમ પારિઠાવણ સમિતો, મન વચ કાયઈ ગુપતો. ભવિ૦ ૧૪
ઉપાધ્યાય ધ્યાઓ પદ ચોથઈ; ગુણ પણવીસઈ અહીના રે;
અંગ ઉપાંગ અધ્યાપક ધારક, ચરણકમલ સિત્તરીના. ભવિ૦ ૧૫
અહવા અંગ એકાદશ પૂરવ, ચઉદશના ભણનારા રે;
એહ ગુણઇં જુત જે ઉવજ્ઝાયા, તે ભગવઈ તરણારા. ભવિ૦ ૧૬
આચારાંગ સુગડાંગ ઠાણાંગં, સમવાય ભગવઈ અંગ રે;
જ્ઞાતા ધર્મકથાંગ ઉપાસગ, દશા અંતગડંગં. ભવિ૦ ૧૭
અણુત્તરોવવાઈ દશા અંગં, પ્રશ્ન વ્યાકરણ વિપાક રે;
અહ ઉપાંગ બારસ ઉવવાઈ, રાયપસેણી સાકં. ભવિ૦ ૧૮
જીવાભિગમ પન્નવણા નામઇં, જંમૂદ્વીપપન્નત્તી રે;
ચંદ સૂર પન્નત્તી કપ્પિયા, કપ્પવડંસીયા તત્તી. ભવિ૦ ૧૯
પુપ્ફિયા પુપ્ફચૂલિયા વિણ્હુ, દશા નામ એ બાર રે;
ચરણસિત્તરી ગુણ ચઉવીસમઈ, પંચ મહાવ્રત ધાર. ભવિ૦ ૨૦
ખંતી મદ્દવ અજ્જવ મુત્તી, તપ સંયમ સત્ય નામા રે;
સૌચ અકિંચન બંભ એ દશવિધ, યતી ધરમ અભિરામ. ભવિ૦ ૨૧

પંચ આશ્ર(સ્ર)વ વિરમણુ પંચેંદ્રિય, નિગ્રહ જીતઈ કષાયા રે
દંડત્રય વિરમણુ એ સત્તર, ભેદ સંયમ મનિ ભાયા. ભવિ૦ ૨૨

આચારય ઉવજ્ઝાય થિવિર તહ, તવસી ગિલાન નવ સીસો રે;
સાધર્મિક કુલ ગણુ સંઘ દસનું, વૈયાવચ્ચ જગીસો રે. ભવિ૦ ૨૩

બંભગુપતિ નવ નાણુા દિગ તિગ, અણુસણુ ઉણોદરિયા રે;
વિત્તિસંખેવ રસચાઓ કાયાકલેસ સંલીનતા બહિયા. ભવિ૦ ૨૪

પાયચ્છિત્ત વિનય વેયાવચ્ચ, સજ્ઝાય ઝાણુ ઉસગ્ગો રે;
અભ્યંતર તપ એ મિલી બારસ, ક્રોધાદિકથી અલગ્ગો. ભવિ૦ ૨૫

ગુણુ પણુવીસમો કરણુસિત્તરી, પિંડ વિસુદ્ધિ ચ્યાર રે;
વસ્ત્ર પાત્ર આહાર વસતિની, તહ પણુ સમિઈ ઉદાર. ભવિ૦ ૨૬

ભાવના અનિત્ય અસરણુ ભવ ઈકિતા, અન્ય અસુચિતા સોધી રે;
આસ્રવ સંવર નિર્જરા નવમી, લોકસહાવહ બોધી. ભવિ૦ ૨૭

દુરલભ ધરમસાધક એ બારે, અહ ભિખ્ખુપડિમા બાર રે;
એકાદિક સત્તામાસિકી સત્તમી, તિગ તિગ રાત્રિકી સાર. ભવિ૦ ૨૮
અહોરાત્રિકી એકરાત્રિકી, તહ પંચિંદ્રિય રોધઇ રે;
પડિલેહણુ પણુવીસ ગુપત ત્રિક, અભિગ્રહ ચઉનઈ સોધઈ. ભવિ૦ ૨૯
દ્રવ્ય ખેત્ર કાલ ભાવ ભેદ ઇતિ, કરણુસિત્તરી ભાસી રે;
પંચમપદિ સવિ સાધુનઈ ધ્યાઓ, ગુણુ સગવીસ ઉપાસી. ભવિ૦ ૩૦

( ઢાળ )

રાત્રિભોજન વિરમણુ જુત પણુ વ્રત, ધારક છક્કાય રખ્યક;
પંચેંદ્રિય લોભ નિગ્રહ ખંતી, ભાવ વિસુદ્ધી પડિલેહક.
ભવિજન! ધ્યાઓ પંચપરમેષ્ઠિ, જિમ લહો મનની ઇષ્ટિ રે.
( આંચલી ) ભવિ૦ ૩૧

સંયમયોગઈ જુગતા ગિરૂઆ, અકુસલ યોગ નિરોધઈ;
સીતાદિક પીડા સહઇ ઉવસગ્ગ, સહતા જગ પ્રતિબોધઈ રે. ભવિ૦ ૩૨
એ અઠોત્તર સો ગુણુધારી, કીજઈ કમલબંધ જાપ;
કે કરજાપ અહવ જપમાલી, તજી નખ અગ્રનો વ્યાપાર રે. ભવિ૦ ૩૩

મેરુઉલંઘન પણુવિના જપ, અંગૂઠઇ મુખ્ય કહીઈ,
ભાષ્ય ઉપાંશું માનસથી ક્રમિ, અણુ મધ્યમોત્તમ ફલ લહીઈ રે. ભવિ૦ ૩૫
નમુકારઈ દેહવાચના લબધી, ત્રણ્યે નય તિગ હેત;
દો રિજૂસૂત્ર શબ્દનય તીને, એક જ લબધિક હેત રે. ભવિ૦ ૩૬

સો ચઉવિહ નામાદિક ભેદઈં, નામ થાપના પ્રસિદ્ધ;
વિણુ ઉવઓગઇં અહવા નિહ્નવ, પમુહનો દ્રવ્યથી સિદ્ધ રે. ભ૦ ૩૭
મન અહવા તિગ કરણુવઓગઈં, ભાવ નમસ્કાર કહીઈં;
શબ્દાદિક નયભાવ જ વંછઈં; શેષ નયઈં ચઉ લહીઈં રે. ભ૦ ૩૮
દ્રવ્ય ભાવનું જે સંકોચન, નમસ્કાર પદ વાચ્ય;
પાલક અનુત્તર સુર સંબાદિક, સ્વામિ તુરિય અવાચ્ય રે. ભ૦ ૩૯
અરિહંતાદિક ગુણસ્યું નિજમન, સુદ્ધપણુઈં જે મેલો;
તેહ જ ભાવકરણુ મુખ્યતાઈં, દ્રવ્યકરણુ પણિ ભેલો. ભ૦ ૪૦
ઈમ ઈકિ અખ્ખર જાપઈં નાશઈં, સાત સાયરનું પાપ;
પંચાસનું પદ તહ પણસયનું, પૂરણુ કીધઈં જાપ રે. ભ૦ ૪૧
છમ્માસી વરસી તપ કીધઈં, જેતી નિર્જરા હોય;
તેતી અનાનુપૂર્વી ગણુતાં, અબ્ભિંતર તપ સોય રે. ભ૦ ૪૨
પણુ અધિકારી અરિહંતાદિક, ચ્યાર ચરણુ ચૂલિકાનાં;
આવશ્યક-નિરયુગતિં ભાખ્યાં, નહીં બુધજનનઇં છાનાં રે. ભ૦ ૪૩
નવપદ સંપદ આઠે પાઠે, અડસઠ્ઠિ અખ્યર માનં;
ઈકસઠિ લહૂઆ સપતક ગુરુયા, ધ્યાઇ ઈમ **મુનિ માન** રે. ભ૦ ૪૪

( ઢાળ-રાગ: ધન્યાશ્રી-શાંતિ જિન ભામણડે જાઉં—એ દેશી )

જો ષટ દ્વારઈં પરૂપણુ કીજઈં, તો હોઈ મતિ સુદ્ધ રે;
નમસ્કાર કુણુ કેહનો કેણુઈં કરી, કિહાં કિહાં લગિં કતિવિધ રે. ભ૦ ૪૫
નમુક્કાર નય સંયુત ધારો, સકલ અશુદ્ધતા વારો રે;
જડતા અનુભવને અનુભાવઈં; સુદ્ધ સરૂપ મહારો રે.
( આંચલી ) નમુ૦ ૪૬
જીવ નમસ્કાર ગ્યાનની લબધિં, સંજૂત અહવા જોગ રે;
આદિમ નય ચઉ સંમતિ માનો, નમુક્કાર ભવિ લોગ રે. નમુ૦ ૪૭
તત્પરિણામઈં પરિણત જીવો, શબ્દાદિક નય લેખઈ રે;
નોખંધનો ભૂતગ્રામાભિધ, સો સવિ નય સવિશેષઈં રે, નમુ૦ ૪૮
નૈગમ વ્યવહારી ઈમ બોલઈં, પૂજ્યતણો નમુક્કાર રે;
જીવ અજીવ એકત્વ બહુત્વઈં, અડભંગી અવતાર રે. નમુ૦ ૪૯
સત્તામાત્રનો સંગ્રહવાદી, નહી કો સંગ વિસેસઈં રે;
જ્ઞાન શબ્દ કિરિયાવત કેરો, તુરિય વદઈ નહી સેસઈ રે. નમુ૦ ૫૦
ઉપયોગિ નોશબ્દાદિ મતિ, નમસ્કાર ઇતિ સયણા રે;
સંગ્રહનય વિણુ પૂરવ પ્રતિપન્ન, બહુ પ્રતિપત્તિ ભયણા રે. નમુ૦ ૫૧

મતિ શ્રુત નાણુાવરણી દંસણુ, મોહનઇં ખ્યાયોપસમઇં રે;
નમસ્કાર લહઈ જીવ તિવારઇં, ન પડઈ મિથ્યાભરમઇં રે. નમુ૦ ૫૨

નમોકાર અડભંગી આધારઈ, કહઇ નૈગમ વ્યવહાર રે;
સંગ્રહ સત્તા માત્ર આધારઇં, અથ ઋજુસૂત્ર વિચાર રે. નમુ૦ ૫૩

નહીં અન્ય ગુણુ અન્ય આધારઇં, ઇતિ તતકર તૃ(ત્રિ)ક આધારઇં રે;
શબ્દ ક્રિયા તમને પણિ વંછઈ, ઇતિ દેહઇં પણિ ધાર રે. નમુ૦ ૫૪

શબ્દાદિક મતિ તસ કરતાનો, જે ઉપયોગી જીવ રે;
તસ આધારઇં પણિ કાયાઈ, ન કહઈ સહૂમ અતીવ રે. નમુ૦ ૫૫

ઉપયોગથી થિતિ અંતરમુહુરત, લઘુ ગુરુ એકઇં જીવઇં રે;
લબધિં લઘુ અંતરમુહુ[રત] અધિકા, છાસઠિ અયર સદીવઈ રે. નમુ૦ ૫૬

નાના જીવઇં ઉપયોગઇં તિમ, લબધિ સર્વદા વેદ રે;
અરિહંતાદિક પણ અધિકારી, સંબંધઇ પણુ ભેદ રે. નમુ૦ ૫૭

જે નમુકાર નયા નવિ જાણુઈ, લોકપ્રવાહઇં ચાલઈ રે;
ગ્યા(જ્ઞા)યક ગુરુ પર તંત્ર નહીં જે, સો મિથ્યાત વિચાલઈ રે. નમુ૦ ૫૮

અંતર દૃષ્ટિ વિલોકી લોકા, અભ્યાસો પવકાર રે;
**શાંતિવિજય** બુધ વિનયી બોલઈ, **માનવિજય** સુખકાર રે. નમુ૦ ૫૯

**ઇતિ શ્રી પંડિત માનવિજયકૃત નક્રમુાર સજઝાય સમાપ્ત ॥**
**સાહા હેમાસુત સાહા તારાચંદ લખાવીત : ॥ શ્રીરસ્તુ ॥**

**संवत १७२९ वर्षे फागुण सुदि २ दिने लिखितं ।**

[ ૧૦૭–૨૫ ]

## શ્રીજ્ઞાનવિમલસૂરિરચિત

# નવકારભાસ

●

### પ્રથમ પદવર્ણન—

( ઢાળ–નણદલની એ દેશી[૧] )

વારી જાઉં હું[2] અરિહંતની, જેહના ગુણ છે[3] બાર–મોહન;
પ્રાતિહારિજ આઠ છે,[3] મૂલ અતિશય છે ચાર–મોહન. વારી૦ ૧
વૃક્ષ અશોક[1] સુરકુસુમની વૃષ્ટિ,[2] દિવ્યધ્વનિ વાણિ[3]–મોહન;
ચામર[4] સિંહાસન[5] દુંદુભિ,[6] ભામંડલ[7] છત્ર[8] વખાણિ–મોહન. વારી૦ ૨
પૂજા[1] અતિશય છે[4] ભલો ત્રિભુવનજનને માન્ય–મોહન;
વચનાતિશય[2] જોજન માનિ, સમજે[5] ભવિ અસમાન[6]–મોહન. વારી૦ ૩
જ્ઞાનાતિશયે[7]અનુત્તર[3] સુરતણા, સંશય છેદણ હાર–મોહન;
લોકાલોક પ્રકાશતાં,[8] કેવલી[9] જ્ઞાનભંડાર–મોહન. વારી૦ ૪
રાગાદિક[10] અંતરરિપુ, તેહના કીધા અંત[4]–મોહન;
જિહાં વિચરે જગદીસરુ, તિહાં સાતે ઇતિ શમત[11]–મોહન. વારી૦ ૫

૧. દેશી નણદલની. ૨. હુ સા. । ૩. છઈ । ૪. છે । ૫. સમઝઈ । ૬. અસામાન્ય । ૭. જ્ઞાનાતિશયેં । ૮. પ્રકાશતા । ૯. કેવલજ્ઞાનભંડાર । ૧૦. રીપુ । ૧૧. સમંત । ( અંગ્રેજી અંક તે તે પ્રકારોને દર્શાવે છે. )

---

## ( પ્રતિ પરિચય )

આ ભાસની હસ્તલિખિત બે પ્રતિઓ કલકત્તા, ૯૬ કેનીંગ સ્ટ્રીટ, જૈન મંદિરના જ્ઞાનભંડારની પ્રતિ નં. ૧૫૫૨ અને પ્રતિ નં. ૯૮૬ની પ્રતિઓ મળી હતી. તેમજ બીકાનેર, શ્રી અભય જૈન ગ્રંથાલયના જ્ઞાનભંડારની પ્રતિ નં. ૮૨૨૮ પ્રતિ મળી હતી જેના જુદા જુદા પાઠાંતરો આપ્યાં છે. આ ત્રણે પ્રતિઓને સામે રાખીને એક આદર્શ પાઠ તૈયાર કરવામાં આવ્યો. તે પછી મુંબઈ, પાયધુની, શ્રીશાંતિનાથ જૈન મંદિરના જ્ઞાનભંડારની પોથી નં. ૧૧૮, પ્રતિ નં. ૯૨૨ ત્રણ પાનાની પ્રતિ મળી તેના ઉપરથી પણ પાઠભેદ લેવામાં આવ્યા તે **સા** સંજ્ઞાથી સૂચવ્યા છે જ્યારે અભય જૈન ગ્રંથાલયની પ્રતિના પાઠો. **અ.** સંજ્ઞાથી સૂચવ્યા છે. જે ટિપ્પણમાં નોંધ્યા છે.

આ ભાસનાં **નવકારરાસ–ગુણવર્ણનસ્તુતિ**' અને '**નવકારપદાધિકાર**' એનાં નામો પણ મળે છે.

આ ભાસના કર્તા પ્રસિદ્ધ આચાર્ય શ્રીજ્ઞાનવિમળસૂરિ છે. તેમણે ગુજરાતી ભાષામાં અનેક કૃતિઓ રચી છે. તે સિવાય સંસ્કૃતમાં કેટલીક ટીકાઓ, ગદ્ય–પદ્યાત્મક ચરિત્રગ્રંથો અને અનેક સ્તવનોની રચના કરી છે. તેઓ સં ૧૬૯૪ થી સં. ૧૭૮૨ ના ગાળામાં વિદ્યમાન હતા. એટલે એ સમયની ભાષા તેમની કૃતિઓમાંથી જોવા મળે છે.

**પાંચે પરમેષ્ઠીઓના સ્વરૂપ ઉપર આ ભાસ સારો પ્રકાશ નાખે છે.**

એહ [4]અપાયાપગમનો, [12]અતિસય અતિ અદ્ભુત–મોહન;
અહનિસ સેવા [13]સારતાં, કોડિગમે [14]પુરુહૂત–મોહન. વારી૦ ૬
મારગ શ્રીઅરિહંતનો, [15]૧આદરીઇ ગુણગેહ–મોહન;
ચાર નિક્ષેપઇ [16]વંદિઇં, **જ્ઞાનવિમલ** [17]ગુણગેહ–મોહન. વારી૦ ૭

## <u>દ્વિતીય પદવર્ણન</u>

(ઢાળ અલબેલાની એ [18]દેસી)

નમો સિદ્ધાણું બીજે પદે રે–લાલ, જેહના ગુણ [19]છે આઠ રે–હું વારી લાલ;
[20]શુકલધ્યાન [21]અનલેં કરી રે–લાલ, બાળ્યાં કર્મ કુકાઠ રે–હું વારી લાલ, ૧ નમો૦
જ્ઞાનાવરણ [22]ક્ષયે લહ્યો રે–લાલ, કેવળજ્ઞાન અનંત રે–હું વારી લાલ;
દર્શનાવરણ૨ [23]ક્ષયે લહ્યો રે–લાલ, કેવળદર્શન કંત રે–હું વારી લાલ. ૨ નમો૦
અક્ષય અનંત સુખ સહજથી રે–લાલ, [24]વેદનીય૩કર્મનો નાશ રે–હું વારી લાલ;
[25]મોહનીય ક્ષયે નિર્મલું રે–લાલ, ક્ષાયિક સમકિત વાસ રે–હું વારી લાલ. ૩ નમો૦
અખયથિતિ૪ ગુણ ઊપનો રે–લાલ, આયુકર્મ [26]અભાવ રે–હું વારી લાલ;
નામકર્મ [27]ક્ષયે નીપનો રે–લાલ, રૂપાદિક ગત ભાવ રે–હું વારી લાલ. ૪ નમો૦
અગુરુ–લઘુ–ગુણ ઊપનો રે–લાલ, ન રહ્યો કોઇ વિભાવ રે–હું વારી લાલ;
[28]ગોત્રકર્મ ક્ષયે નીપનો રે–લાલ, નિજ પર્યાય સભાવ રે–હું વારી લાલ. ૫ નમો૦
અનંતવીર્ય આતમતણું રે–લાલ, પ્રગટ્યો અંતરાય [29]નાસ રે–હું વારી લાલ;
આઠ કર્મનાશે [30]થયો રે–લાલ, અનંત અખય [31]સુખ૫ વાસ રે–હું વારી લાલ. ૬ નમો૦

---

૧૨. અતિશય । ૧૩. સારતા । ૧૪. પૂરુહૂંત । ૧૫. આદરીઇં ધરિ નેહ । ૧૬. વંદીયે । ૧૭. [ઇતિ શ્રી પ્રથમપદસ્તવઃ] । ૧૮. ઢાળઃ અલબેલાની. । ૧૯. છે । ૨૦ સુકલ । ૨૧. અનલે । ૨૨. ક્ષયેં લહિઓ લાલ । ૨૩. ક્ષયથી થયો રે । ૨૪. કર્મનઇ નાશિ. । ૨૫. મોહની ક્ષયેં નિરમલું રે લાલ । ૨૬. અભાવિ રે । ૨૭. ક્ષયેં નિપનુ રે । ૨૮. ગોત્ર કર્મ નાશથી રે । ૨૯. નાશ । ૩૦. થયા રે । ૩૧. ગુણ । **सा.**

---

૧. આદરિયે સસનેહ. ૨. દર્શનાવરણી. ૩. વેદની. ૪. અક્ષયથિતિ. ૫ ગુણવાસ अ ।

ભેદ પન્નર ઉપચારથી રે-લાલ, અનંત[૩૨] પરંપર ભેદ રે-હું વારી લાલ;
નિશ્ચયથી વીતરાગતા રે-લાલ, ત્રિકરણ કર્મ ઉચ્છેદ[૩૩] રે-હું વારી-લાલ. ૭ નમો૦
**જ્ઞાનવિમલ**ની જ્યોતમાં રે-લાલ, ભાસિત લોકાલોક રે-હું વારી લાલ;
તેહના ધ્યાન થકી હુયો રે-લાલ, સુખીયા સઘળા લોક રે-હું વારી[૩૪] લાલ. ૮ નમો૦

## તૃતીય પદવર્ણન

( પ્રથમ ગોવાલા તણે ભવેજી એ દેસી )

આચારી[૩૫] આચાર્યનુંજી, ત્રીજે પદે[૩૬] ધરો ધ્યાન,
શુદ્ધ ઉપદેશ પ્રરૂપતાજી, કહ્યા અરિહંત સમાન;
સૂરીસર નમતાં[૩૭] શિવસુખ થાય, ભવ ભવ પાતિક[૩૮] જાય. ૧

પંચાચાર પલાવતાજી, આપણપે[૩૯] પાલંત;
છત્રીસ[૪૦][૬] છત્રીસી ગુણેજી, અલંકૃત તનુ વિલસંત. ૨ સૂરી૦
દર્શન-જ્ઞાન-ચારિત્રનાજી, એકેક આઠ આચાર;
બારહ તપ-આચારનાજી, ઈમ છત્રીસ ઉદાર. ૩ સૂરી૦

પડિરૂવાદિક[૭] ચૌદ છે[૪૧]જી, વળી દશવિધ યતિધર્મ;
બારહ ભાવન ભાવતાં[૪૨]જી, એ છત્રીસી મર્મ. ૪ સૂરી૦
પંચેંદ્રિય દમે વિષયથીજી, ધારે નવવિધ બ્રહ્મ;
પંચ મહાવ્રત પોષતાંજી, પંચાચારે સમર્મ. ૫ સૂરી૦
ગુપતિ[૪૩] ત્રણિ સુધી ધરેંજી, ટાલે ચ્યાર કષાય;
એ છત્રીસી આદરેં[૪૪]જી, ધન ધન તેહની માય. ૬ સૂરી૦
અપ્રમત્તે અર્થ ભાખતાં[૪૫]જી, [૮]ગણિ-સંપદ જે આઠ;
બત્રીસ ચઉ વિનયાદિકેંજી, ઈમ છત્રીસી પાઠ. ૭ સૂરી૦

---

૩૨. અનંતર । ૩૩. ઉછેદ । ૩૪. [ ઇતિ શ્રી. દ્વિતીય ભાસ ] । ૩૫. આચારિ આચાર્યનુજી । ૩૬. પદ । ૩૭. નમતા । ૩૮. પાતક ૩૯. આપણયે । ૪૦. છત્રીસી છત્રીસ ગણેજી । ૪૧. છૈજી । ૪૨. ભાવતાજી । ૪૩. સુમતિ ગુપતિ આઠેં ધરેંજી । ૪૪. આદરૈજી । ૪૫ ભાખતાજી । **सा.**

---

૬. છત્રીસ છત્રીસી. ૭. રૂપાદિક. ૮. ઈણુ સંપદ. अ. ।

ગણધર ઓપમ દીજીઈજી,[૪૬] યુગપ્રધાન કહિવાય;
ભાવચારિત્ર[૪૭] જ જેહવાજી, તિહાં જિનમારગ ઠહિરાય,[૪૮] ૮ સૂરી૦
**જ્ઞાનવિમલ** ગુણ [૯]રાજતાજી, ગાજે શાસનમાંહિ;[૪૯]
તે વંદી નિરમલ કરોજી, બોધિબીજ[૫૦] ઉછાહિં.[૫૧] ૯ સૂરી૦

ચતુર્થ પદવર્ણન

(પાંચે પાંડવ વાંદતાં-એ દેશી)[૫૨]

ચોથે[૫૩] પદ ઉવજ્ઝાયનું, ગુણવંતનું ધરી[૫૪] ધ્યાન રે,
યુવરાજા સમ તે કહ્યા, પદ[૫૫] સૂરિને સૂરિ સમાન રે. ત્રુટક૦
જે સૂરિ સમાન વ્યાખ્યાન કરે,[૫૬] પણિ નવિ ધરે[૫૭] અભિમાન રે,
વળી[૫૮] સૂત્રાર્થનો પાઠ દિઇં, ભવિજીવને[૫૯] સાવધાન રે. ૧
અંગ ઈગ્યાર ચૌદ પૂર્વ જે, વળી[૬૦] ભણે ભણાવે જેહ રે;
ગુણ પણવીસ[૧૦] અલંકર્યા, દૃષ્ટિવાદ અરથના ગેહ રે;
બહુનેહે અભ્યાસ સદા, મનિ[૬૧] ધારતા ધર્મ ધ્યાન[૬૨] રે,
કરે ગચ્છની ચિંત પ્રવર્તક, દિઇં થવિરને[૧૧] જ્ઞાન[૬૩] રે. ૨
અથવા અંગ ઈગ્યાર જે, વળી તેહના બાર ઉપાંગ રે,
ચરણ-કરણની સિત્તરી,[૬૪] જે ધારે આપણે અંગ રે;
વળી[૬૫] ધારે આપણે અંગે, પંચાંગી સમ તે સુધી[૧૨] વાણ[૬૬] રે;
નય ગમ ભંગ પ્રમાણ વિચારને,[૬૭] દાખતા જિન આણ રે. ૩
સંઘ સકલ હિતકારિયા, રત્નાધિક મુનિ હિતકાર રે,
પણ વ્યવહાર પ્રરૂપતાં,[૬૮] દસ સામાચારી આચાર રે;

૪૬. દીજીઇંજી । ૪૭ ચ્યારિ જ । ૪૮. ઠરાય । ૪૯. માંહિ । ૫૦. બોધબીજ । ૫૧. [ઇતિ સૂરિપદ સજ્ઝાય] । ૫૨. પાંડવ પાંચે વાંદતા-એ દેશી । ૫૩ ચોથઇ પદિ । ૫૪. ધારો ધ્યાન રે । ૫૫. પદિ । ૫૬. કરે । ૫૭. ધરઇ । ૫૮. વલી સૂત્રારથનો પાઠ દિઈ । ૫૯. જીવનેં । ૬૦. વલી । ૬૧. મુનિ । ૬૨. ધ્યાંન રે । ૬૩. બહુ માનરે । ૬૪. સત્યરી, જે ધારઇ આપણઇ અંગ રે । ૬૫ વલી ધારઈ આપણેં અંગિ । ૬૬. સુધી વાણિ રે । ૬૭. વિચારનેં । ૬૮. પ્રરૂપતા । सा. ।

૯. ગાજતાજી ૧૦. પચવીસ, ૧૧. થિવરને, ૧૨. સુદ્ધિ વાણી. अ. ।

કહે [૬૯]દસ સામાચારી આચાર, [૭૦]વિકારને વારતા ગુણ ગેહ રે,
શ્રીજિનશાસન ધર્મધુરા, [૭૧]નિરવહતા શુચિદેહ રે. ૪
પંચવીશ [૭૨]પંચવીશી ગુણ તણી, જે ભાખી પ્રવચનમાંહિ રે,
[૭૩]મુક્તાફળ-માળા પરિદીપે, જસ અંગિ ઉચ્છાહ રે;
[૭૪]જસ દીપૈ અતિ ઉચ્છાહ અથાહ ગુણે, **જ્ઞાનવિમલ**થી એકતાન રે,
એહવા વાચકનું [૭૫]ધ્યાન કહું, કિમ જેહથી શુભ [૭૬]ધ્યાન રે, [૭૭] ૫

## પંચમ પદવર્ણન

( તે મુનિને [૭૮]ભામણે જઈએ-એ દેશી )

તે મુનિને [૭૯]કરું વંદન ભાવે, જે ષટ્વ્રત ષટ્કાય રાખે રે;
ઇંદ્રિય પણ દમેં વિષયપણાથી, [૮૦]ખંતિ-સુધારસ ચાખે રે. ૧ તે૦
લોભ તણા [૮૧]નિગ્રહને કરતા, [૮૨]વળી પડિલેહણાદિક કિરિયા રે;
નિરાસંસ[૧૩] [૮૩]જતનાઈ બહુ પદિ, વળી કરણસુદ્ધિ ગુણ દરિયા રે. ૨ તે૦
અહનિસ સંયમ યોગસ્યું [૮૪]જુગતા, દુર્ધર [૮૫]પરીસહ સહતા રે;
[૮૬]મન વચન[૧૪] કાય કુસલતા યોગઈ, વરતાવે ગુણ અનુસરતા રે. ૩ તે૦
[૮૭]છંડિ નિજ તનુ [૮૮]ધર્મ કાજે, ઉપસર્ગાદિ [૮૯]આવે રે;
સત્તાવીસ [૯૦]ગુણુઈ કરી સોહે, સૂત્રાચાર નવિ ભાવે રે. ૪ તે૦
જ્ઞાન દર્શન ચારિત્ર તણાં જે, [૯૧]ત્રિકરણયોગે આચાર રે;
[૯૨]અંગઇ ધરે નિઃસ્પૃહતા સૂધી, એ સત્તાવીસ ગુણ સાર રે. ૫ તે૦
અરિહંત ભક્તિ[૧૫] સદા [૯૩]ઉપદેશે, વાયગસૂરિના સહાઈ રે;
મુનિ વિણ સર્વ ક્રિયા નવિ [૯૪]સૂઝે તીર્થ સકલ સુખદાઇ રે. ૬ તે૦

---

૬૯. સમાચારી । ૭૦. વિકારનેં । ૭૧. નિરવાહતા । ૭૨. પંચવીસી । ૭૩. મુક્તાફલ માલા પરિંદીપઈ જસ અંગિ ઉચ્છાહિ રે । ૭૪. જસ દીપઇ । ૭૫. ઉપમાન । ૭૬. ધ્યાન રે । ૭૭. [ઇતિ નવા(વ) કાર પદાધિકારે ચતુર્થ ઉપાધ્યાય ગુણ સ્વાધ્યાય] । ૭૮. ભામણડે । ૭૯. કરૂં વંદન ભાવેં । ૮૦. વલી ખંતિ । ૮૧. નિગ્રહનેં । ૮૨ વલી । ૮૩. યતનાઈ બહુ પરિવલી । કરણ શુદ્ધિ । ૮૪. યુગતા । ૮૫. પરિસહ । ૮૬. મન વચ કાય કુસલતાયોગેં વરતાવે । ૮૭. છંડે । ૮૮. ધર્મનઈ કાજિં । ૮૯. આવ્યે રે । ૯૦. ગુણે કરી સોહઈ સૂત્રાચાર ન ભાવઇ રે ૯૧. યોગિં ૯૨. અંગિ ધરઇ નિસ્પૃહતા । ૯૩. ઉદેશેં । ૯૪. સૂઝે । સા.

---

૧૩. નિરાસંસૂયતના બહુપદિ. ૧૪. મન કાયા કુસલતાયોગે વરતાવે અનુસરતા રે. ૧૫. 'ભક્ત' અ. ।

પદ પંચમ એણી[16]પરિ ધ્યાવતાં,[95] પંચમગતિને સાધો રે;
સુખકર શાસનના એ નાયક[96] **જ્ઞાનવિમલ** ગુણ વાધો રે.[97] ૭ તે૦

## નવકાર મહિમા-વર્ણન*

( માઈ ધન સુપન તું–એ દેશી )

એ પંચ પરમેષ્ઠી મંત્ર એ નવકાર,
શિવપદનું સાધન પ્રવચન કેરો સાર;
એક અક્ષર જપતાં સાત સાગરનું દુઃખ
નાશે સઘળે પદિ પણ સયસાગર દુઃખ. ૧

નવ પદ વળી સંપદ આઠ અક્ષર અડસઠ્ઠિ,
ગુરુ અક્ષર સાત જ લઘુ અક્ષર ઇગિસઠ્ઠિ;
જો વિધિસ્યું જપિઈ ગુરુમુખ વહી ઉપધાન,
વળી નિર્મલ ચિત્તે સમકિત વિનય પ્રધાન. ૨

હોઈ બહુફળ દાયક ઇહ–પરલોકે સાર,
સિદ્ધિ સઘળી એહમાં ચૌદ વિદ્યા આધાર;
બહુ ભેદે ધ્યાઓ કમલ કર્ણિકાકાર,
વળી રહસ્ય ઉપાંશુ ભાષ્યજાપ ત્રિણ સાર. ૩

વળી દ્રવ્ય ભાવ એહના અનેક વિધાન,
ગુરુ વિનયથી લહિએ થાપના પંચ પ્રસ્થાન;
સવિ મંગળમાંહિં પરમ મંગળ છે એહ,
સવિ પાપ નસાડેં છાડેં દુરિત અછેહ. ૪

એહનું માહાતમ **જ્ઞાનવિમળથી** જાણી
આરાધો અહનિશ જિમ સુખીયા થાઓ પ્રાણી;
અંતર આતમથી લહિએ એહ સરૂપ,
પરમાતમ ભાવે એહ છે સિદ્ધ સરૂપ. ૫

---

૯૫. ધ્યાવંતા પંચમી ગતિનેં । ૯૬. દાયક । ૯૭. [ ઇતિ નવકાર નવપદાધિકારે પંચમ સાધુ પદ ગુણ વર્ણન સજ્ઝાય ]. सा. ।

* આ પ્રતિમાં તે પછીનું 'નવકાર મહિમા' વર્ણન નથી.

---

૧૬. ઇણિ ૧૭. अ. ।

[ ૧૦૮-૨૬ ]

## શ્રીહેમકવિ રચિત

# નમસ્કાર ફલ

●

જિમ તિરથ ધુરિ સેત્તુંજરાય, આઊખું ધુરિ બ્રહ્મા આય;
જિમ દેવહ ધુરિ જિન અરિહંત, જિમ માનવમાંહિ રાજેંદ્ર. ૧

જિમ ગિરુઉ જગિ ગ્રહગણુનાહ, જિમ તારા ધુરિ રોહિણિ નાહ:
જિમ ગિરિમાંહે ગિરુઉ મેરુ, તિહાં નહીં માનવું ફેર (રુ). ૨

જીવદયા છઈ ધર્મહ મૂલ, લહુઉ જિમ કહીઈ રવિતૂલ;
વિનય અછઈ જિમ ગુણનું સાર, વ્રતમાંહે જિમ સંયમભાર. ૩

નીમ સીમ કહીઈ સંતોષ, ઉત્તમ ગતિ જે કહીઇ મોક્ષ;
તપ ઊપહરું નહીં સનાન, અન્ન સમું નહીં પુહવિં દાન. ૪

જિમ તરુઅરમાંહિ ધુરિ સુરસાલ, જિમ ઋતુમાંહે વર્ષાકાલ;
જિમ દેવહ ધુરિ અરિહંત જિમ રમણી સોહઈ નિજ કંતિ. ૫

જિમ પુહવિં છઇ કલ્પ સિદ્ધાંત, તિમ મંત્રહ માંહિ એહ જિ મંત.
એહ તણા ગુણ બોલિસુ કેવિ, પહિલું સમરી શારદ દેવિ. ૬

પહિલું સમરી સારદ માઈ, જિમ બત્રીસી આવઇ ઠાઈ;
ચુપઈ બંધિ કહાવિસુ કેવિ, નિસુણઉ ભવિઆં કન્ન ધરેવિ. ૭

પંચઈ તીરથ પંચઈ પદા, પંચઇ પદ સમરેવાં સદા;
પંચઇ પદ તિહાં પંચઈ સમિતિ, તે સમરંતાં જાઈ કુમતિ. ૮

પંચતણુ ન કરઈ ખલ ખંચ, તિણિ જાએવા કીઉ સવિ સંચ;
પંચાનુત્તર તણું વિમાન, ઇણિ સમરિં તે લભ્ભઈ ઠામ. ૯

પંચે પરવે કીધું જે પુણ્ય, તે તું ઇહે પંચે મૌનિ;
પંચમ ગતિ દાતાર સુજાણ, એહના ગુણ હિઅડઇ નર આણિ. ૧૦

---

### ( પ્રતિ-પરિચય )

આ ભાસ પાટણ, શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરના ભંડારની ડા. નં. ૧૧૪, પ્રતિ નં. ૩૧૨૧માંથી મળી આવ્યો છે.

આના કર્તા હેમ કવિનું નામ ૨૪ મી કડીમાં આવે છે, લગભગ ૧૮ મા સૈકાની આ કૃતિ હોવાનું જણાય છે.

આમાં નમસ્કાર, તેનાં પદો અને તેને ગણવાની રીત વિશે વર્ણન કર્યું છે.

અવલા સવલા નઈ ખીજડા, વીંઝડિઆ જે હિઅડઈ જડિઆ;
નંદા-સંખાવરતહ ગણ્યા, તે ભવ સંચી દોહગ હણ્યા. ૧૧
નવપદ નવ લેસિં જે કરી, તે નરનારી સિવપુરિ વરી;
અઠસઠિ અક્ષર જે સમરંતિ, તે અઠસઠિ તીરથ લહંતિ. ૧૨
સંપદ આઠ પંચ અધિકાર, પ્રહિ ઊઠી સમરુ નવકાર;
તે નરનારી ઇણિ સંસારિ, વલીઅ ન આવઇ દુકખ મઝારિ. ૧૩
સંખતણી સુગણીઈ જાણિ, વિદ્રુમ સહસ એક વખાણિ;
કાસમીર નઈ મોતી તણી, એક લાખ દસ સહસઇ ગણી. ૧૪
પુત્રે જીવે જે હુઇ પુણ્ય, જે જાણુઈ સો નર ધન્ય;
રુદ્રાખે જે પુણ સમરંતિ, તેહતણું ફલ કો ન લહંતિ. ૧૫
કોડાકોડિ તણું ફલ જાણિ. કમલબંધિ સહૂઇ તે અણિ;
કણુય કોડિ દસ સહસ વખાણિ, ચંદન સહસ એકનું જાણિ. ૧૬
રતાંજણિ દસ સહસે હોઈ, સૂત્ર સમું સયનું ફલ જોઇ;
જિણવર આગલિ એકિં ગણિઇ, કોડિતણું ફલ મુનિવર ભણઈ. ૧૭
ગુરુ આગલિ એકઇ નવકાર, ગુણીઈ લાભઈ ભવનું પાર;
ઊજલઇ ધ્યાન ધરિઇ હુઈ સિદ્ધિ, પીઅલઇ જપીઇ હુઈ બહુ ઋદ્ધિ. ૧૮
રાતી રંજીઇ સહૂઈ લોક, કાલી દુકખ ન થાઈ શોક;
મેરુ ઉલ્લંઘી આઘા જાઇ, તેહના ગુણીઆ નિષ્ફલ થાઈ. ૧૯
નિશ્રા પાખઇ જે સમરંતિ, તે નરભવની કોડિ ફિરંતિ;
એહના ગુણ મુનિવર કહઇ જે સમરઈ તે સિવસુકખ લહઈ. ૨૦
કણ ફલ ફોફલ ટીલી ફૂલ, ગણતાં કિમિઈ ન જાઈ ભૂલ;
ઇણિ પરિ પૂરુ લાખ ગણંતિ, તે તીર્થંકર પદ પામંતિ. ૨૧
કાયા ગિરિવર મનની ગુફા, એહ મંત્ર જે હરખિં જપ્યા;
તે નર કરમતણા ગહગટ્ટ, ભાંજી ભૂક કરઈ તે ઘટ્ટ. ૨૨
પહિલઇ પદિ સમરું અરિહંત, બીજઈ પદિ પય નમુ સિદ્ધાંત;
ત્રીજઈ ગણધર ગિરૂઆ નમુ, ચઉથઇ ઉવજઝાય પય તલિ રમુ. ૨૩
પાંચમઇ પદિ નમુ સવિ સાધુ, જેહ તણુ કીજઈ આરાધ;
તે નિશ્રિં ઋદ્ધિ સિદ્ધિ પામંતિ, કરજોડી ઈમ **હેમ** ભણંતિ. ૨૪
એહ લગઈ હુઇ પુરિસા સિદ્ધિ, એહ લગઈ સુરવરની ઋદ્ધિ;
એહ લગઇ આવઈ બહુ ઋદ્ધિ, એહ લગઈ નવ નિશ્રિં સિદ્ધિ. ૨૫

એહ લગઇ વંતર વસિ હોઇ, સમલી સિંઘલરાયા ધૂઅ;
અહિ ફીટી હુઈ કુસુમહ માલ, જે નિસુણઇં વે ત્રિણિ કાલ. ૨૬
નવ્રઉ નિશ્ચિં નર જે જપઈ, તે સત ભવનાં પાપ જિ ખિપઈ;
પદ પૂરઇ ગુણીઈ નવકાર, ભવ પંચાસહ પાપ નિવારિ. ૨૭
સોહગ્ગ કરઈ હરઇ દોહગ્ગ, શિવપુરનું તે પામઇં મગ્ગ;
રોગ સોગ હરિ કરિ વેયાલ, સાઇણિ ડાઇણિ ગહ વિકરાલ. ૨૮
વિસ વૈશ્વાનર વયરી શમઈ, ઇણિ સમરંતા સિવસુખ રમઈ;
ઇણિ સમરિ ઉંત્તમ ગતિ હુંતિ, મૌન કરી જે જાપ કરંતિ. ૨૯
ઇણિ સમરિઈ હુઈ નિરમલ કંતિ, એહ લગઈ મનિ આસ ફલંતિ;
ભાવિકુ ભાવિં ગુણીઈ એહ, તુ પામઈ નર નિરમલ દેહ. ૩૦
સેત્રુંજિ જાત્રા કીધઈ જિસિઉં, ઇણિ સમરિં નિશ્ચિં ફલ તિસિઉં;
પુહવિં પહિલું મંગલ એહ, એહ લગઈ વાધઈ સંનેહ. ૩૧
.... .... .... .... .... .... ....
એહ તણા ગુણ હિઆ મઝારિ, સમઇ તે છૂટઈ સંસારિ. ૩૨

॥ ઇતિ નમસ્કારફલં ॥



[ ૧૦૯-૬૭ ]

[ અજ્ઞાતકર્તૃક ]

# નવકારનો રાસ

●

પહિલોજી લીજઇ શ્રી અરિહંતનું નામ,
સાધુ સુગુરુ સખનઇ હું કરું પરણામ; રાસ ભણું નવકારનો. ૧

સરસતિ[1] સામણિ દો મુઝ માય તો,
ગૌતમ ગણધર લાગૂજી પાય તો;
તે ફલ જાણજો શ્રીનવકારનો, રાસ ભણું નવકારનો. ૨

સદ્ગુરુ[2] વાણિ તુમે સાંભળો, ભૂલોજી અક્ષર આણજો ઠામ;
ચઉદ પૂરબ પહિલઉ કહ્યઉ, તો પુછૈ આણિયઉ ઠામિ
રાસ ભણું નવકારનો. ૩

સાસ્વતાં[3] પદ એહ જગમાંહિ જાણિ, પણિ એનિ સમો જી કો નહી;
ગાવતાં મનમાંહિ હરખ અપાર, ધ્યાવતાં સંકટ સવિ ટલિ જાઈ;
ઇણિ[4] મંત્રઈ બાંધીજી બીજું આકાસિ, અમ્માવસિ પુનિમ કરો;
વૃક્ષ ચલાવીઉ સાથિ, વિસહર વાઘ પાસઇ ટલઈ;
ડાઇણિ સાઇણિ લાગે જી પાય, રાસ ભણું નવકારનો. ૪

પાઠાંતરો—૧. अ-અને उ માં આ બીજી કડી વિશેષ છે. ૨. आ-इ ई ત્રીજી કડી નથી. ૩. ऊ 'સાસ્વતાં'થી લઈને 'ટલિ જાઈ' સુધીનો પાઠ નથી. ૪. ऊ પ્રતમાં 'ઇણુ મંત્રબીજિ બંધિ આકાસિ' પાઠ છે.

---

## ( પ્રતિ-પરિચય )

આ રાસની નીચે લખેલ પ્રતિઓ પ્રાપ્ત થઈ છે. તેને સામે રાખીને યથાશક્ય સંશોધિત પાઠ આપવામાં આવ્યો છે. બહુ પ્રયત્ન કરવા છતાં આના છંદ વગેરે બરાબર શોધી શકાયા નથી.

(૧) अ-નવકાર-રાસ-પ્રતિ નં. ૬૫૦, જૈન મંદિર ૯૬, કેનીંગ સ્ટ્રીટ, કલકત્તા.
(૨) आ-નવકાર-રાસ-પ્રતિ નં. ૭૦૬, જૈન મંદિર ૯૬, કેનીંગ સ્ટ્રીટ, કલકત્તા.
(૩) इ-નવકાર-રાસ પ્રતિ નં. ૩૮૧૬-અભય જૈન ગ્રન્થાલય બીકાનેર.
(૪) ई-નવકાર-રાસ-પ્રતિ નં. ૮૨૨૦-અભય જૈનં ગ્રન્થાલય-બીકાનેર.
(૫) उ-નવકાર-રાસ-પ્રતિ નં. ૮૨૨૧-અભય જૈન ગ્રન્થાલય બીકાનેર.
(૬) ऊ-નવકાર-રાસ-પ્રતિ નં. ૮૨૨૯ અભય જૈન ગ્રન્થાલય બીકાનેર.

આ પ્રતિઓમાં ભાવ અને ભાષાની સમાનતા હોવા છતાં દેશ, કાલ અને લેખકના ભેદથી ઘણાં પાઠાંતરો થઈ ગયાં છે. તેથી જ એકમાં ૨૪ પદો છે, ત્યારે બીજામાં ૧૬ પદો છે, કોઈ પ્રતિમાં ૪ કે ૨ નું પણ એક પદ્ય માનવામાં આવ્યું છે.

આના કર્તા વિશે માહિતી મળી નથી.

મંત્રમાંહિ કહ્યો વડો નવકાર, ગુણ અનંત ન લાભઈજી પાર;
રવિ જિમ[5] રૂપિ હો નિરમલા, મલ થકી રહિત તુમ્હો મુક્તિ દાતાર;
રાસ ભણું નવકારનો. ૫
સુગુણ[6] નરનારી હો સાંભલો રાસ, ધ્યાવતાં મનતણી પહુંચી જ્યાં આસ;
વૈરિ વિરોધ દૂરિં ટલઈ, સુગણસું પ્રીત મોખિસું હાથ.
રાસ ભણું નવકારનો. ૬
કેરડાં ચારતાં બલિકવેસ,[7] નદીજલ[8] ઉલટ આઈ અસેસ;
બાલકમાંહિ ચલાવીયાં, તિણ મનમાંહિ સમર્યો નવકાર;
નદી જલ ફાટિ હુઈ દોઇ ઢલ, રાસ ભણું નવકારનો. ૭
સૂત્ર[9] સિદ્ધાંત કહિઉં અનેક પ્રકાર, [10]એણી સમોજી કો નહીં,
જિનવર ભાખિત એહની લાર, સાધુ શ્રાવક સહુ મનિ જપો જપો;
મોક્ષનિ કારણિ ભવતણો પાર, રાસ ભણું નવકારનો. ૮
એહનો[11] મહિમાજી એહ સુચંગ, રંગ અવિહડઉ ફીરિં નહીં;
ધ્યાવતાં તતક્ષિણિ પૂરવઈ આસ, અમર કો સાંસઉ નહીં;
કહો નઇ વણારસી કહો કેહા સાથ, રાસ ભણું નવકારનો. ૯
રત્ન[12] અમૂલિકમાંહિ પ્રમાણ, સીઅલ અમોલિક જિણવર આંણ;
જે નર નારી હો નિરહવઈ, ઇણિ ભવિ પહુંચસી મોખિ દુયાર,
રાસ ભણું નવકારનો. ૧૦
એક[13] સીઅલ બીજે નવકાર, રતનજડિત ગલિ પહરીઉ હાર;
તપતણી મુદ્રડી ઝળહળઇ, ખિમા ખડ્ગ અહો રાખણહાર;
તઉ સિણગાર સોહામણો, પંચમી ગતિનો એહ દાતાર,
રાસ ભણું નવકારનો. ૧૧

---

૫. ऊ માં 'રતનરૂપઈ અતિ નિરમલઉ, મલ થકી રહિત, ને મુક્તિ દાતાર; એવો પાઠ છે. ૬. अ-ऊ માં પાઠભેદ છે, પણ ભાવ સમાન છે. ૭. 'બાલકવિસિ,' अ. ૮. अ-માં-'નદી જલ તહિ આવી છઇ બઇલિ' પાઠ છે. ૯. ऊ માં આ પદ પાંચમું છે. ૧૦ ऊ માં આ પદ નથી. એને છેલ્લે 'સગુણસ્યું સંમતિ-મુગતિસ્યું હાથિ,, પાઠ છે. ૧૧. उ માં આ પદને મળતું છઠ્ઠું પદ આ રીતે આપેલું છે—

એહનો એક અક્ષર સંભારતો, પાપ ખપાવે સાગર સાત તો;
પૂરે પદ આગલ કહું, દુરિત હરે સાગર પચાસ તો;
પાંચસે પરણુતા લહુ વહી, ઉપધાન ભણે નવકારનો.

૧૨. उ માં પાઠભેદ નીચે પ્રમાણે છે—

રતનના મોલિનઉ અનેક પ્રકાર, સાલિઅ મોલિ જિણવર વાણિ;
તે નર નારિય નિરવહૈ ઇણ ભવ, પામિસ્યૌ મોક્ષ દુવારિ.

૧૩. ऊ માં નીચે લખેલ પાઠ છે—

મંત્ર માંહે કહ્યો વડો નવકાર, જ્ઞાન જડિત જાણે પહિર્યો છે હાર;

કન્યા ગો ભૂ તણી સાંભળો વાત, તેહ[14] તણી કુંડી માં ભર જોડી સાખિ,
થાપણિમોસા જે કરઈ, ગ્રંથ અની પરિ ઊપજઈ રોસ;
જીભ સડઇ તિહાં હોઈ વિરોસ, ડોકરીની પડી જાણુજ્યો,
હારની[15] જોગી પુત્ર વિયોગ, રાસ ભણું નવકારનો. ૧૨

ચંપાનગરી તણી સાંભળો વાત, સતીય કલંકિઆ વિણુ અપરાધ,
નામિં સુભદ્રા હો જાણુજ્યો, [16]સમ્યકત્વ સીલ ત્રીજો નવકારઃ
ઈંદ્ર [17]પ્રસંસા હો જે કરઈ, કૂડન ભાળીઉ એકલાગાર.
રાસ ભણું નવકારનો. ૧૩

વસંતપુરી[18] તણી સાંભળો વાત, શ્રાવક અનિ અધિકાર;
નમિ હો જિણુદાસ જાણુઈ, બાર વ્રત હો રાખણુહાર.
લોક સહું કરઈ જય જયકાર, રાસ ભણું નવકારનો. ૧૪

જિત[19]શત્રુ રાજા હો કરિ રાજ, દિન દિન એક બીજોરડું ખાઈ;
જીભ તણો રસિ ઈંદ્રી કિયા ચોર, આણું બીજોરડું રાખીઉં ચોર.
રાસ ભણું નવકારનો. ૧૫

એક દિન ચોરી[20] આવી જિણુદાસ, રાજા હો તેડે છઈ આપણુઈ પાસ;
ઉઠતાં સેઠઈ સમર્યો નવકાર, દેવતા આવિનઈ લાગઈ છઈ ( પાય );
રાસ ભણું નવકારનો. ૧૬

એક[21] અસંભમ સાંભળો વાત, સેઠનિ કોડિ એકવીસમી રાસિ;
લોકમાંહિ મહિમા ઘણો, ઇણિ ભવિ સુર કરઈ જયજયકાર.
પરભવ પહુંચસી મોક્ષ દુઆરિ, રાસ ભણું નવકારનો. ૧૭

---

૧૪. ऊ માં આવો પાઠ છે—
તેહની કૂડીજી મતિ ભરો સાખ,

૧૫. ऊ માં 'હારના ભોગ'નો પાઠ છે અને આ પદને મળતો પાઠ उ માં આ રીતે આપેલ છે—
કન્યા ધૂંધરતણી સાંભળો વાત તો, કુંડિનપુર સો કોઇ તણી સાખ તો;......ગંધરવની......વગેરે.

૧૬. 'એક સીયલ દૂજયો નવકાર.' ऊ । ૧૭.—ऊ માં આ પદ નથી.

૧૮. ऊ માં આવો પાઠ છે—
વસંત પુરી નગરી જિહાં જિણુદાસ સેઠિ, ઉઠ જિણુદાસ બીજોરાનજી;
ઉઠતાં સમર્યો સેઠિ નવકાર, દેવતા આઈનઈ લાગો છે પાય. રાસ ભણો નવકારનો. આજ પાઠ अ માં ૧૬ મા પદનો છે.

૧૯. ऊ-માં આ પાઠ નથી. ૨૦. उ માં 'ચીઠિ' પાઠ છે અને अ માં આ પદ નથી. ૨૧. उ માં-'એક પૂરવ તણી સાંભળો उ. ऊ માં આ પદ નથી.

પોતનપુરી[२२] તણો અછઈ સિંગાર, મદન નામિ એક શ્રાવક સાર;
તેહની બેટીજી શ્રીમતી, પરણી છઈ કુણુય મિથ્યાતીય ઘરિં;
ધર્મનો દ્વેષી મોટો અછઈ, તિણિ સુખીઇ ઘટમાંહિ નાખી કાલ,
નવકાર પ્રભાવિં થઈ ફૂલની માલ, રાસ ભણું નવકારનો. १८

રતનપુરી નગરી નિજ સુભદ્ર સેઠ, ધર્મઇહિ ઉપરિં નિર્મલી દષ્ટિ;
તેહનો બેટોજી શિવકુમાર, સાતઇ કુવિસન અનિ અણાચાર;
કુવિસન સાતઈ સેવઈ ઘણાં, માત પિતા કહઈ કુટુંબ પરિવાર;
કહ્યો ન માનિજી કેહનો, સંકટ પડઇં ગુણ્યો નવકાર;
પોરસાસિદ્ધિ થયો નીપનો સાર, એ ફળ જાણજો નવકાર.
રાસ ભણું નવકારનો. १९

વસુપુરી[२३] નઈ જિત શત્રુરાય, પીંગલો ચોર વસઈ તિણિ માંહિ
કલાવતી વેસાસું માંડીઉ હાર, હાર પ્રભાવિં ચોર મારીઉં;
તે મરી થયો રાજકુમાર, એ ફળ જાણજ્યો શ્રીનવકાર.
રાસ ભણું શ્રીનવકારનો. २०

મથુરાપુરી[२४] નયરી સત મદન બ્રહ્મરાય, મંડુક ચોર વસઇ તિ ઠાઈં,
ખાત્ર પાડી ધન લીઉ ઘણો, એક દિન પડિઉ તલારનઈં પાસિ;
સૂલી ઉપરિ રોપીઉ તાસ, તૃષા ઉપની છઇ અસરાલિ,
હાશ્રસું નીર માગીઉ જામ, રાજાની ભયઈં કો પાણિ ન પાય;
જિનદાસ શ્રાવક ઇમ ભણઈ, પાણિ આણું તો ગુણો નવકાર;
મરીને થયો તિહાં જક્ષ એ કુમાર, શ્રાવક સાવિધ તે કરઈ;
એ ફળ જાણજ્યો નવકાર, રાસ ભણું નવકારનો. २१

---

૨૨. उ માં 'પોતનપુર તણી' उ અને ऊ માં આ પદ આ રીતે મળે છે—
રતનપુરી નગરી તિહાં સુભદ્ર સેઠ, તેહનીજી બેટી શ્રીમતી;
પરણી છે કિણહી મિથ્યાતી તિણુ વાર, ધરમનો દ્વેષ મોટો અછે,
તિણુ સરપ ઘટમાંહે ઘાલિઉ કાલ, નવકાર પ્રભાવથી ફૂલની (થઇ) માલ,
રાસ ભણું નવકારનો. : १२ :

૨૩. ऊ માં આ પદ નીચે પ્રમાણે મળે છે—
જસ પુર નગરી સિવદાસ સેઠ, ભદ્રા રાણી તિહાં તણે સારે છે કાજ;
કલાવતી વેસ્યાસું સંબંધ, હાર પ્રગટચો ચોર મારીયો,
મરતાં કિણુહિ દિયો નવકાર, મરીને તે થયો યક્ષકુમાર.

૨૪. ऊ- માં આ પાઠ આ રીતે મળે છે—
મથુરા નગરી તિહાં સિવસુખ મદના રાઉ, હુંડ ચોર વસે તિહાં માંહિ
અને બીજી પંક્તિઓમાં સામાન્ય ફેર છે.

પુકખરવર[25] તિહાં દ્વીપ મઝારિ, ભરતક્ષેત્ર તિહાં અછિ વિચાર;
સિદ્ધાન્ત ગઢ પર્વત કાડા, દમદંત રિખેસર તિહાં રહ્યું રે ચઉમાસ;
એક પુલિંદી તિહાં પુલિંદ સાર, તેહ નઈ સીખવ્યો શ્રી નવકાર,
તે બેહુ મરી થયા રાજકુમાર, રાજસિંહના (અ)વતાર ચારિત્ર લેઈ,
પામ્યા મોખિ દુઆરિ,
ત્રિભુવનમાંહિજી એહ જ સાર, અવર જગમાંહિ કોઈ આધાર.
રાસ[26] ભણું નવકારનો ૨૨

ચન્દ્રાવતી નગરી મનોહાર તો, વીરધવલ રાજા તો,
બેટી મલયાસુંદરી કર્મવસે, ગઈ દેશને પાર તો,
દુઃખને સહ્યાં ટાંકીના અપાર તો, પંખી વકી જલધર પડે,
તિહાં સમરયો મનમાંહે નવકાર તો, જલધર તરીયા પાર તો.
રાસ ભણું નવકારનો. ૨૩

ફોફલપુર નગરી દીપ મઝાર તો, દમણ સાગર રિખી રહ્યો રે ચોમાસ તો,
પોલેં પાલે ઈંદ્રાણીની સાખ્ય તો, ત્યાં બેસી બેઉ સીખ્યા નવકાર તો;
રાજકુમાર રતનાવલી, ચારિત્ર પાલી મોક્ષદ્વાર તો;
ત્રિભુવનમાંહિ હુઈ જય જયકાર તો, તે ફળ જાણજ્યો નવકારનો.
રાસ ભણું નવકારનો. ૨૪

રાસ ભણું જિનરાજનો, રાસ ભણું અરિહંતનો;
રાસ ભણું ગૌતમસ્વામીનો, રાસ ભણું સર્વ સ્વામીનો,

---

૨૫. ॐ પ્રતિમાં આ પાઠ આ રીતે મળે છે—

પુકખરવર તિહાં દીપ મઝારિ, સિદ્ધ-વડ પગડ હુકડા ગામ;
કંદ મસારરિ અ હિતાં કરઈ ચઉમાસ, એક પુલિંદ પુલિંદીયો,
તિહાં સીખવ્યૌ શ્રી નવકાર, ચરિ તે થયો રાજકુમાર.
રાજસિંધ ધરિ રતનાવતી, ચારિત્ર લેઈ નઈ પામ્યૌ મોખ દુવાર,
ઔર જગમાંહિ કોઈ નહીં આધાર; ત્રિભુવન માંહે એહી જ આધાર. રાસ ભણું નવકારનો.

૨૬ ઉ માં નીચે લખેલા પદો વધારે મળે છે:—

ચારુદત્ત નામે સેઠનો પુત્ર તો, વૈશ્યાને સંગે હારયો વિત્ત તો;
દ્રવ્ય ઉપર ઉદ્યમ કરે અનુક્રમે, આવ્યો દરીયા તીતો;
કાસર અણુસણુ ઉચ્ચરે, સુણી નવકારને ગયો દેવલોક તો;
દેવતા આવીને કરે પરણામ તો, રાસ ભણું નવકારનો. : ૨૨ :

---

સંમત ૧૯૫૨-રા. મીતિ ચેત સુદ ૧ દિને-લિખી બુધવાર, પછી બે દુહા છે અને અંતે– 'બાઈ મગી પઠનાર્થં' લખ્યું છે.

[ ११०-५८ ]

## શ્રીકીર્તિવિમલરચિત

## નવકારમંત્રની સજઝાય

●

સમર જીવ એક નવકાર નિજ હેજ શું,[1]
અવર કાંઈ આળ-પંપાળ દાખે;[2]
વર્ણ અડસઠ નવકારના નવપદ,
સંપદા આઠ અરિહંત ભાખે. સમર૦ ૧

આદિ અક્ષર નવકારના સ્મરણથી,
સાત સાગર ટળી જાય દૂરીં.
એક પદ ઉચ્ચરે દુરિત દુઃખડાં હરે,
સાગર આયુ પંચાસ પૂરીં સમર૦ ૨

સર્વ પદ ઉચરતાં પાંચસેં સાગર,
સહસ ચોપન નવકારવાલી;
સ્નેહે મન સંવરી હર્ષભર હેજ ધરી,
લાખ નવ જાપથી કુગતિ ટાલી. સમર૦ ૩

લાખ એક જાપ જન પુણ્યે પુરા જપે,
પદવી પામે અરિહંત કેરી;
અશોકવૃક્ષ તલે બાર પર્ષદ મલે,
ગડગડે દુંદુભિ નાદ ભેદી. સમર૦ ૪

અષ્ટ વલી અષ્ટસય અષ્ટ સહસાવલી,
અષ્ટ લાખા જપે અષ્ટ કોડી;
**કીર્તિવિમલ** કહે મુક્તિ લીલા લહે,
આપણાં કર્મ આઠે વિછોડી. સમર ૫

---

૧. નેહશું. ૨. કંખે.

---

### ( પ્રતિ-પરિચય )

આ સજ્ઝાયની એક પ્રતિ લીંબડી, શેઠ આણંદજી કલ્યાણજીના જ્ઞાનભંડારની પ્રતિ નં. ૩૩૨૦ ની મળી હતી. અન્યત્ર છપાયેલ પાઠ સાથે મેળવીને નીચે પાઠાંતરો આપવા સાથે અહીં પ્રગટ કરવામાં આવે છે.

આ સજ્ઝાયના કર્તા 'કીર્તિવિમલ' હોવાનું અંતિમ કડીમાં સૂચવ્યું છે.

આમાં નમસ્કારનું ફળ બતાવવામાં આવ્યું છે.

[ ૧૧૧-૨૯ ]

## શ્રીલબ્ધિવિજયરચિત

# નોકારવાલી ગીત

●

બાર જપું અરિહંતના (ભગવન્તના)રે, ગુણ સૂરિ છત્રીસ;
સિદ્ધ આઠ ગુણ જાણીઇં, વરવાણીઇં રે, ગુણહું નિસદિન. ૧
નોકારવાલી વંદીઇં ચિર નંદીઇં રે, ઉઠી ગુણીઇં સવેર;
સૂત્ર તણા ગુણ ગૂંથીયા, . મણીયા મોહન મેર. ૨ નો૦
પંચવીસ ગુણ ઉવજ્ઝાયના, સત્તાવીસ રે ગુણ શ્રી અણગાર;
એકસો આઠ ગુણે કરી, ઈમિ ગુણયો રે ભવીયણ નવકાર. ૩ નો૦
મોક્ષ જાપ અંગૂઠડૈ વૈરી, રૂઠડૈ રે તર્જનાંગુલી હોય;
બહુ સુખદાયક મધ્યમા, અનામિકા રે વસ્યારથ હોય. ૪ નો૦
આકર્ષણ ચટી આંગુલી વલી, સુણયો રે ગુણવાની રીતિ;
મેરુ ઉલંઘન મત કરો, મમ કરયો રે નખ અગ્રે પ્રીતિ. ૫ નો૦
નિશ્ચલ ચિત્તેં જે ગુણૈ, વલી સંખ્યાદિકિથી એકંત;
તેહનૈ ફલ હોવૈ ઘણો, ઈમ બોલૈ રે જિણવર સિદ્ધંત. ૬ નો૦
સંખ પ્રવાલા સ્ફટિક મણિ, પતાજીવ[1] રતાંજણી સાર;
રૂપ સોવન રયણ તણી, ચંદનાગર નૈ ઘનસાર. ૭ નો૦
સુંદર ફલ રુદ્રાખની, જપમાલીકા રે રેસમની અપાર;
પંચવર્ણ સમસૂત્રની વલી, વિશેષૈ સૂત્ર તણી ઉદાર. ૮ નો૦
ગોયમ પૂછ્યાથી કહ્યો, મહાવીરજી રે એ સયલ વિચાર;
**લબ્ધિ** કહૈ ભવીયણ તુમે, ઈણ ગુણયો રે નિત્ય શ્રીનવકાર. ૯ નો૦

---

૧. પુત્રજીવક નામનું ઝાડ.

---

### ( પ્રતિ-પરિચય )

આ ' નવકારવાળી ગીત ' પ્રાચીન સ્તવનાવલીમાંથી અહીં ઉદ્ધૃત કર્યું છે. નવકાર–નમસ્કારને નવકારવાળીથી ગણવાની રીત ઉપર આ ગીત સારો પ્રકાશ પાડે છે; તેથી અહીં તેનો સંગ્રહ કર્યો છે.

આના કર્તાનું ' લબ્ધિ ' એવું નામ છેલ્લી કડીમાં આપેલું છે તે તપાગચ્છીય શ્રીવિજયસિંહસૂરિના શ્રીવિજયદેવસૂરિ, તેમના શિષ્ય પં. સંજમહર્ષ, તેમના શિષ્ય ગુણહર્ષ, તેમના શિષ્ય લબ્ધિવિજય તે આ ગીતના કર્તા હોવાનું જણાય છે. તેમણે અનેક કૃતિઓ રચેલી છે.

[ ૧૧૨-૩૦ ]

[ શ્રીવચ્છભંડારી રચિત ]

# નવકાર ગીત

●

નવકાર તણું ફલ સાંભલી, હૃદયકમલ ધરી ધ્યાન;
અનંત ચઉવીસી આગે માનિઉં, પંચપરમેષ્ઠિ પ્રધાન. ૧
જીવ સમરિ (૨) નવકાર, જિનશાસન કહિઉં સાર. જીવ૦ આંચલી૦
વનમાંહિ એક પુલિંદઉં પુલિંદી, મુનિ તસુ દિઉ નવકાર;
અંતકાલિ બહુ મંત્રવિશેષઇં, રાયમંદિર અવતાર. ૨ જી૦
પડીય ભૂમિ સમલી પેષ(ખ)વિ, મુનિ તસુ દિઈ નવકાર;
સીંહલરાય તણઈ ઘરિ કુંયરી, ભરુયછિ કરિઉ વિહાર. ૩ જી૦
નગર પોતનપુરિ જોઉ મિથ્યાતણિ, વિહૂરનઇં દિઈ આલ;
મહામંત્ર સમરઈ મનિભ્યં(તી)તરિ, સરપ ફીટી ફૂલમાલ. ૪ જી૦
એ નવકાર તણઈ સુપસાઈ, પુરિસાસિદ્ધિ જિણુ પામી;
કનકમઇ જિણુભૂયણુ (ભવન) કરાવિઉં, થાપ્યા ત્રિભુવન સામી. ૫ જી૦
ભણઈ **વછ ભંડારી** નિસિદિન, મહામંત્ર સમરીજઈ;
એ નવકાર તણઇ સુપસાઈ, કેવલિ લછિ[૨] લહંત. ૬ જી૦

---

( પ્રતિ-પરિચય )

આ 'નવકાર ગીત' 'નમસ્કાર મહામંત્ર' પુસ્તકમાં છપાએલું છે, તે જ અહીં ઉધ્ધૃત કર્યું છે.

આના કર્તા વચ્છ ભંડારી, દેપાલ કવિના સમકાલીન એટલે ૧૬મા સૈકામાં થયાની હકીકત મળી આવે છે. 'મૃગાંકલેખારાસ'ના કવિ વચ્છ તે આ વચ્છ ભંડારીથી અભિન્ન હોવાનો સંભવ છે. ( જુઓ : 'જૈન ગૂર્જર કવિઓ' ભા. ૧, પૃ૦ ૬૫, ૬૬ )

આ ગીતના નવકારની ફળશ્રુતિ સંક્ષેપમાં આપેલ છે.

# [ ૧૧૩-૩૧ ]

## શ્રીકાનરચિત

# નવકાર–મહિમા

•

પ્રભાતે ઉઠી લીજે નામ, જો મનવાંછિત સીધે કામ;
મંત્રમાં છે આ મોટો મંત્ર, જેમ સુણતાં હોય કાન પવિત્ર. ૧

ચૌદ પૂરવ કેરો સાર, તે ઊઠી સમરો નવકાર;
ઇ મંત્રે ન આવે આપદા, ઈ મંત્રે દુઃખ ન આવે કદા. ૨

ભોજનવેલા પેલો એ, દુરગતિ કરતાં રાખે તે;
શ્રીઅરિહંત [સિદ્ધ] આચાર્ય ઉવઝાય, સર્વ સાધુજીને લાગું પાય. ૩

જ્ઞાન દર્શન ચારિત્ર તપ સાર, ઈન નવપદ ઘો ભાવસાર.
શ્રીપાલ મયણાં તણો અધિકાર, સુણજો શાસ્ત્ર તણો એ સાર. ૪

ચોવીશે જિનવરને નમું, ભવભવના હું પ્રાયશ્ચિત્ત હરું;
શ્રી મહાવીર જિનશાસન લઈ, ધર્મે ઉદ્યમ કરજો સહી. ૫

ધર્મે હુવે ધન ભંડાર, ધર્મે હુવે મંગલ માલ;
કાન કહે આ વચન રસાલ, સુણજો જીવદયા પ્રતિપાળ. ૬

---

( પ્રતિ પરિચય )

આ 'નવકાર મહિમા' શેઠ ભાણજી ધરમશી શાપરિયાને તેમની ૭ વર્ષની ઉંમરે તેમના કાકાએ સંભળાવેલો તે કંઠસ્થ કરી રાખ્યો હતો અને સિદ્ધિગિરિમાં પોતાની ૬૫ વર્ષની ઉંમરે આ લખાવ્યો હતો.

આ ગીતના કર્તા તરીકે 'કાન' કવિનો ઉલ્લેખ છેલ્લી કડીમાં આવે છે, પણ તેમના જીવન વિશે ખાસ માહિતી મળતી નથી. તેમની રચનાઓ પૈકી એક 'ફલવધી' (ફલોધિ) પાર્શ્વનાથનો છંદ' નામની કૃતિ મળી આવે છે; જેમાં તેઓ શ્વેતામ્બર જૈન હોવાનો નિર્દેશ કરે છે,

આમાં 'નવકારનો મહિમા' સંક્ષેપમાં ગાયો છે.

[ ૧૧૪-૩૨ ]

# શ્રી નવકારની સજ્ઝાય

( જેમ તરુ પાકું પાંદડું જી-એ દેશી )

●

લવણ સમુદ્ર સરોવરુ રે, સરોજિત જંબૂદ્વીપ;
આઠ દિશિ છે પાંખડી રે, મધ્ય મેરુ કમલ સ્વરૂપ.
ભવિયણ કમલ રચો મનોહાર.
ધ્યાન ધરો નવકારનું રે, જિમ પામો ભવપાર. ભવિ૦ ૧

અરિહંત સમરો ઉજલો રે, મધ્ય ભવનિ સુપ્રસિદ્ધ;
પૂરવ દિશિની પાંખડી રે, સિદ્ધસ્તો ફલ લિદ્ધ. ભવિ૦ ૨

દક્ષિણ દિશિની પાંખડી રે, આચાર જ સોવન્ન વન્ન;
નીલવર્ણ ઉવઝાયનો રે, પછિમ સમરો ધન્ન. ભવિ૦ ૩

શ્યામવર્ણ સોહામણો રે, લબ્ધિવંત અણગાર;
ઉત્તર દિશિની પાંખડી રે, જે તરિયા સંસાર. ભવિ૦ ૪

એસો પંચ નમુક્કારનો રે, અગનિ ખૂણે સ્વરૂપ;
સવ્વ પાવપ્પણાસણો રે, નૈઋત ખૂણે નિરૂપ. ભવિ૦ ૫

મંગલાણં ચ સવ્વેસિં રે, વાયવ્ય ખૂણે વિશાલ;
પઢમ હવઇતિ મંગલં રે, ચિંતે ઈશાણે રસાલ. ભવિ૦ ૬

ષષ્ટી ગુણો ભાવે કરી રે, મન નિર્મલ નવકાર;
ભવ પાતક જપતાં હરે રે, એ ચૌદ પૂરવ સાર. ભવિ૦ ૭

શ્રી હર્ષચંદ્ર હરખે કહે રે, શ્રી પાર્શ્વચંદ્ર શિષ;
ઇણિ ધ્યાને સિદ્ધિ રમણી વરો રે, જિમ પામો ઉદય સુજગીશ. ભવિ૦ ૮



શ્રી પદ્માવતીદેવી ( નાલંદા સ્થાપત્યાનુસાર )

કવિરાજ શ્રી નેમિદાસ રામજી શાહ પ્રણીત

# પંચ પરમેષ્ઠિ મંત્રરાજ ધ્યાનમાલા

## [ અપર નામ અનુભવલીલા ]

તથા તેના ઉપર

આચાર્યશ્રી જ્ઞાનવિમલસૂરિનો ટબો [ બાલવિલાસ ]

## ઢાળ પહેલી

[ ઢાળ ચોપાઈ ]

( મંગલ—શુદ્ધ આત્મસ્વરૂપની મહાકલ્યાણકારી વિચારણા+ )

**ઢાળ ૧/૧**

**મૂળ :—**

**શ્રી જિનવાણી પ્રણમન કરી, સિદ્ધચક્ર ભાલસ્થલ ધરી;**
**શુદ્ધાતમ છે મહાકલ્યાણ, તે ગ્રહવાને થાઓ જાણ...૧**

**×ટબો :—**શ્રી જિન ચોત્રીસ અતિશયરૂપ શ્રી-શોભા-લક્ષ્મીવંત એહવા રાગદ્વેષાદિ રિપુનઇં જીતઇ એહવા જે જિન અરિહંત તેહની વાણી તે સરસ્વતી તેહને પ્રણામ કરીને વલી સિદ્ધના ચક્ર-સમુદાય તે ભાલસ્થલિ, તે નિલાડે પ્રણામ કરીને અથવા પુરુષાકારે લોક ધારીઇં તિવારે સિદ્ધચક્રને નિલાડ ઠામિ ધારીઈં.

એતલે જગત્પૂજ્ય ઠામ તે નિલાડ સિદ્ધઠામ ધારીને એહવો સિદ્ધરૂપ શુદ્ધાત્મા તે મહાકલ્યાણમયી કર્મકલંક ટાલી સુવર્ણરૂપ થયો તિમ સ્વરૂપ ક(ગ્ર)હવાનઈં તુહ્યો પ્રાણીઓ જાણ થાઓ. ૧.

---

* આ ગ્રંથ વિવેચન સહિત 'જૈન સાહિત્ય વિકાસ મંડળ' તરફથી અલગ ગ્રંથરૂપે પ્રકાશિત કરવામાં આવેલ છે, તેથી અહીં વિવેચન આપેલ નથી.

+ પ્રસ્તુત રાસની દરેક કડીનો સંક્ષિપ્ત સાર તે તે કડી ઉપર દર્શાવવામાં આવ્યો છે. આ સાર મૂળ કૃતિમાં નિર્દિષ્ટ નહીં હોવાથી અમે અહીં કૌંસમાં દર્શાવ્યો છે.

× શ્રી નેમિદાસના ગુરુ શ્રી જ્ઞાનવિમલસૂરિએ બાલજીવો માટે આ ટબો કર્યો છે. મૂળ પ્રતિમાં ક્યાંક તેને ટબાર્થ તરીકે પણ દર્શાવ્યો છે.

ઢાળ ૧/૨

(શુદ્ધ આત્મસ્વરૂપ કયારે અને કેમ થાય ?)

મૂળ :—

પ્રગટે શુચિ અનુભવની જ્યોતિ, નાસે તવ મિથ્યામત છોતિ;
શુદ્ધાતમ અવલોકન કરું, દઢ ભાવે એહિ જ ચિત્ત ધરું...૨

ટબો :—

તે કિવારેં કિમ થાઇં તે કહઈ છઇ—

જિવારઈ શુચિ નિર્મલ અનુભવ આતમજ્ઞાનની જ્યોતિ પ્રકાશ પ્રગટઇં તિવારેં મિથ્યા-મતરૂપ છોતિ–મલિનતા નાશઇં, તિવાર ઈસી રુચિ ઉપજઈ તે કહઈ છઈ–શુદ્ધ આતમ નિઃકલંકનું જોવું જાણવું. સામાન્ય–વિશેષપણેં જોઉં–વિચારું. એહવો દઢ ભાવ ચિત્તમાં ધરું–રાખું તે રુચિ થઈ.......૨

ઢાળ ૧/૩

(શુદ્ધ આત્માને કેમ જાણે ?)

મૂળ :—

વચન વિવેક વિનય સુ (શુ) દ્ધિ કરી, તિણથી મિથ્યામતિ અપહરી;
પ્રગટયો શુભ સંકલ્પ પ્રધાન આપ્યું પ્રથમ શુદ્ધાતમ ધ્યાન......૩

ટબો :—

તે કિમ જાણીઈં તે કહઈં છઈ—

વિનય ૧, વિવેક ૨, વચન ૩, એ ત્રિણની શુદ્ધિ કરનઈં થાઈં. તિણઈં કરી મિથ્યા-ભાવ ભ્રાન્તિ ભ્રમ વિપર્યાસનઈં નાશ પમાડઈં. તિવારઈં પ્રગટયો કહતાં પ્રધાન શુભ સંકલ્પ પ્રગટઈં. તેણે સ્યું થાઈં. શુદ્ધાતમનું જ ધ્યાન ચિત્તનઈં આપઈં અન્ય અશુભ સંકલ્પ વારઇં તિવારઈં કેહનું અવલંબન કરઈં તે કહઇં છઈ....૩....

ઢાળ ૧/૪

(પ્રથમ પરમાત્માના આલંબન સાથે રતિગુણ પ્રગટે.)

મૂળ :—

વીતરાગ દોસી નિકલંક, નહી વિકલ્પ મદ માન નૈ વંક;
તેહ નિરંજન નિર્મલ ગુણી, પ્રથમ આલંબનસ્યું રતિ બની...૪

ટબો :—

વીત કહતાં ગયાં છઈ રાગ અનઈ દ્વેષ જેહથી એહવા જે વલી નિકલંક–કર્મમલ–રહિત વલી જેહથી ટલ્યાં છઇ અશુદ્ધ વિકલ્પ. મદ તે પ્રાપ્ત વસ્તુનો ગર્વ અનઇ અપ્રાપ્ત વસ્તુનો ઉત્કર્ષ તે માન. વંક કહેતાં વક્રપણું, માયા, કુટિલતા. તેહ જિ નિરંજન નિઃપાપ નિર્મલ ગુણના ધણી એહવા જે દેવાદિક પ્રથમ કહિતાં પૂર્વે પહિલાં તેહના ધ્યાનના અવલંબનસ્યું રતિ રાગ બની આવઈ...........૪

ઢાળ ૧/૫

( આલંબનના ધ્યાનથી અવર્ણનીય સુખ. )

મૂળ :—

એહ ધ્યાને સુખ ઉપનું જેહ, ગુંગે ગોલ ગળ્યા પરિ તેહ
ન કહાયે મુખિ સુખ બહુ થાય, નિબિડ કર્મના પાપ પુલાય...૫

ટબો :—

એહવા અવલંબન ધ્યાને જે સુખ ઉપનું તે કેહવું લાગઈ ? ગુંગઇ ગોલ ગળ્યાંની પરિ થાઇ. મનમાં મીઠું લાગઈ પણિં મુખઇ કાંઈ ઉપમા ન કહી સકઈ, અજાણતાં રહસ્યનઈ ઇમજ હોઈ પણિ એહવા અવલંબન ચિંતનથી કઠિન કર્મની કોડિ ગમઈ. તિવારેં વલી કેહવો થાઈ તે કહઈ છઈ. ૫

ઢાળ ૧/૬

( પૂર્વદર્શિત સ્થિતિ થતાં શું થાય ?

મૂળ :—

ચ્યાર શરણસ્યું લાગો રાગ, જાણે એહથી થયો વડભાગ;
સુખ દુઃખ આવ્યૈ સમ મનિ લાગિ, વેદૈ જિમ નવિ રણમેં નાગ...૬

ટબો :—

અરિહંત ૧, સિદ્ધ ૨, સાધુ ૩, કેવલીપ્રણીત ધર્મ ૪–એ ચ્યારના શરણ ઉપરિ રાગ થાઈ. મનમાં હર્ષ ધરઈ. જે હું મોટો વડભાગ્ય જે હું એ પામ્યો. તિવારેં તે કેહવો થાઇ તે કહે છઈ. સુખ દુઃખ આવ્યઈ મનમાં વેદઇ નહી. જિમ નાગ–હાથી સંગ્રામમાં મનમાં વયરી થકી ભય ન પામઇ તિમ....૬

ઢાળ ૧/૭

(નિજસ્વરૂપની દ્રવ્ય, ગુણ, પર્યાયથી વિચારણા.)

મૂળ :—

અસંખપ્રદેશી નિજ જિઉ દ્રવ્ય, દર્શન જ્ઞાન ચારિત્ર ગુણ ભવ્ય;
પજ્જવ તેહના અનંત અનંત, નિજ સરૂપ જાણે તે સંત......૭...

ટબો :—

અસંખ્યાતપ્રદેશી જે પોતાનો જીવદ્રવ્ય છઇ તેહિ જ વિચારઇ દર્શન, જ્ઞાન, ચારિત્રના ગુણ ભવ્ય ભલા જેહનઈ વિષઇ છઈ તે એકેકા ગુણનઇ વિષઇ અનંત અનંત પર્યાય છઇ. દ્રવ્ય સાથઈ અવિનાભાવી છઇ. એહવા સ્વરૂપનો આતમદ્રવ્યનો જાણ તે સંત ઉત્તમ....૭....

ઢાળ ૧/૮

(ચેતનરાજનું સ્મરણ, વિચિંતન અને ધ્યાન)

મૂળ :—

એહથી અલગો પુદ્ગલરૂપ, તેહથી ન્યારો ચેતન ભૂપ;
એહનું જ્ઞાન એહનું ધ્યાન, દઢ પ્રતીત ચિંતન અનુમાન...૮

ટબો :—

એહવા લક્ષણથી વિલક્ષણ અલગો તે અચેતનાત્મક તે પુદ્ગલરૂપી તેહથી અલગો અરૂપી જીવ લક્ષણ યુક્ત ને ચેતન રાજા. એહનું જ્ઞાન તેહિ જ એહનું ધ્યાન એકાગ્રતા એહવું ચિંતન વિચાર અનુમાનઈ કરી પ્રત્યક્ષગમ્ય કરવું તેહિ જ પ્રતીતે ધારવું.... ..૮

ઢાળ ૧/૯

(અરિહંતાદિ શુદ્ધાત્માના ધ્યાનનું સ્વરૂપ)

મૂળ:—

અરિહંતાદિક શુદ્ધાતમા, તેહનું ધ્યાન કરો મહાતમા;
કર્મકલંક જિમ દૂરિ જાય, શુદ્ધાતમ ધ્યાને સુખ થાય...૯

ટબો:—

અરિહંતાદિક પદ તે શુદ્ધાતમા કહીઈ. અરે મહાતમા મહાપુરુષો તેહનું જ ધ્યાન કરો. તિમ (જિમ) સ્વકૃત કર્મનો મલ તે અલગો થાઈ. નિરાવરણ શુદ્ધાતમાને પરમ નિરાબાધ સુખ થાઈ તે કહે છઇ........૯

ઢાળ ૧/૧૦

( ધ્યાનની સામગ્રી )

મૂળઃ—

મન વચન કાયાના યોગ, શુભ શુભ જોડેં ન ઇહેં ભોગ;
વિકથા નિદ્રા નં આહાર, આસનના જય અનેક પ્રકાર...૧૦

ટબોઃ—

મન, વચન, કાયાના યોગ-વ્યાપાર તે શુભ શુભ ઠામઈં જોડઈં. પરોપકાર, પાપ-દુગંછાદિકઈં જોડઈં પણિ ભોગાદિકનઇં ન વાંછઈં. વિકથા-રાજ, દેશ, ભક્ત, સ્ત્રી પ્રમુખના વિરુદ્ધ કથા પ્રબંધ ૧, તથા નિદ્રા ૧, પ્રમાદ ૨, તથા આહારના અતિમાત્રતા-અતિ શુદ્ધતા, આસન, પદ્માસન, વીરાસનાદિ અનેક પ્રકારના તેહના જય કરઇં અભ્યાસ કરી સાધના કરઈં........૧૦

ઢાળ ૧/૧૧

( ધ્યાનની સામગ્રી-ચાલુ )

મૂળઃ—

એકાંતે અતિપાવન ઠામ, રમ્ય દેશ સુખાસન નહીં ઘામ;
પટુ ઇન્દ્રિય પણ વિષયવિકાર, નવિ ભાવેં મનમાં હિ લિગાર...૧૧

ટબોઃ—

વલી એકાન્ત દ્રવ્યથી વિજન પ્રદેશ ભાવથી એકાંત ક્રોધાદિકે રહિત-અતિ પાવન પ્રદેશ-દ્રવ્યથી શુચિ સ્થાનક ભાવથી પાવન મલિન સંકલ્પઈં રહિત રમ્ય-મનોહર પ્રદેશ. દ્રવ્યથી સુખાસન, પદ્માસનાદિ. ભાવથી સુખાસન પર આશા રહિત; ઘામ-તાપ. દ્રવ્યથી ઉષ્ણ પ્રદેશ, ભાવથી ઘામ-દ્વેષ, મત્સર, ઈર્ષ્યાદિ રહિત. એહવઈં થાનિકઈં પાંચ ઇંદ્રિયની પટુતા-સાવધાનતા સ્વ સ્વ વ્યાપારઈં શુભ જોડવઈં. પણિ ઇન્દ્રિયાર્થ વિકાર મનમાં લિગાર માત્ર ભાવઈં નહીં. કામભોગાદિકનઈં ન જોડઇં........૧૧

ઢાળ ૧/૧૨

( ધ્યાતાની યોગ્યતા )

મૂળઃ—

ગુરુ વિનયિ નેં શ્રુત અનુયાય, ગુણપક્ષી ને મનિ નિરમાય;
ઔદાસિન્યપણિં ભવભાવ, સેવેં પણિ નવિ ચિત્ત જમાવ...૧૨

ટબોઃ—

હવઇં ધ્યાનનો ધરણહારો કેહવો જોઈઈં તે કહઈં છઇ-ગુરુજનનો વિનયી, વિનયી-ભક્તિ બહુમાન પ્રેમવંત જોઇઇ. શ્રુત શાસ્ત્રાનુસારી ક્રિયાવાન જોઇઈં. ગુણધર્મ પ્રિયતાદિ

ગુણનો પક્ષપાતી જોઇઇ. વલી મનિ નિરમાયી નિઃકપટી–ઉદાસભાવઇ સંસારના ભાવ સેવઇ. અતિ ગ્રધતા પણિ નહી. આશ (સ)ક્તપણિ વિષયાદિ વ્યાપાર ચિત્ત જમાવ કરી ન સેવઇ. વ્યસનરૂપ ન થાઈ.......૧૨

ઢાળ ૧/૧૩

( ધ્યાતાની યોગ્યતા-ચાલુ )

મૂળઃ—

એહવા ગુણનો સેવી જોય, ધ્યાનકરણને યોગ્ય તે હોય;
ચલપરિણામી ધરે ધ્યાન, શુદ્ધાતમનું સ્યું તસ નામ...૧૩

ટબોઃ—

એહવા ગુણનો જે સેવણહાર હોઈ, તે પુરુષ ધ્યાન કરવાનઇ યોગ્ય થાઇ. જેહનું ચલચિત્ત–પરિણામની ચંચલતા હોઇ તે ધ્યાનનઈ ધરી સકઇ નહી. જે ચલપરિણામી વિષયી કહ્યા ગુણથી વિપરીત તેહનઇ શુદ્ધાતમનું સ્યું નામ કહીઇ ?........૧૩

ઢાળ ૧/૧૪

( ધ્યાતા અને ધ્યેય )

મૂળઃ—

થિર કરી રાખે જે ઉપયોગ, કરતો તત્ત્વતણો આભોગ;
આતમસાર તે ચિત્તમાં ધરે, ઇણિ વિધિ પરમાતમપદ વરે...૧૪

ટબોઃ—

થિર પરિણામ રાખીનઈ જે જ્ઞાનાદિકના ઉપયોગ રાખઇ, અનઈ વલી તત્ત્વાદિકનો આભોગ કહતાં વિસ્તારનો ગવેષી હોઈ. આત્માનો સાર જે ૐકારરૂપ પંચ પરમેષ્ઠી ચિત્તમાં ધરઈ. ઇમિ અભ્યાસ કરતો હુતો પરમાતમ પદ પામઈ.......૧૪

ઢાળ ૧/૧૫

( ધ્યેયનું સ્વરૂપ )

મૂળઃ—

તેહનો શાશ્વત અખય ઉ(દ્દ)દ્યોત, પરબ્રહ્મ પરમાતમ જ્યોતિ;
સહજાનંદ સદા સુખકંદ, મહાસુખસાગર ગતસવિદંદ...૧૫

ટબોઃ—

તેહનો પરમાતમા તે શાશ્વતો દ્રવ્યારથેં અક્ષયપ્રદેશની અપેક્ષાઈ, ઉદ્દ્યોત નિરાવરણ માટઈ ઉત્કૃષ્ટ જ્ઞાન, બ્રહ્મજ્યોતિ અરૂપી. સહજાનંદ સદા સુખકંદ સહજસરૂપ અતીન્દ્રિય આનંદમય નિરંતર સુખસમુદ્ર વલી ગયો છઈ સકલ દંદ—સંસારનો કિલેસ.......૧૫

ઢાળ ૧/૧૬

( ધ્યાનની પ્રાથમિક વિચારણા )

મૂળ :—

પ્રથમ વિચાર કરે એહવો, ભવસુખ દુઃખદાઈ કેહવો;
જે પુદ્ગલસ્યું પરિણુતિ કરી, તેહ થકી ચ્યારે ગતિ ફિરી...૧૬

ટબો :—

તિહાં ચિત્તમાં પહિલો ઇમ વિચાર કરઈ. ભવ–સંસારનાં સુખ તે સર્વ દુઃખદાઇ છઈ. જે એણુઇ આતમાઇ પુદ્ગલની સંગતિ પરિણુતિ કરી, તેહ થકી ચ્યારઈ ગતિમાં ફિરવું કહ્યું....૧૬.

ઢાળ ૧/૧૭

( ધ્યાનની તાત્ત્વિક વિચારણા )

મૂળ :—

છાલી વાટક નાટક ગણું, ક્રોધાદિક દુઃખ કેતાં ભણું;
અનંત જ્ઞાન જે કેવલરૂપ, પરસંગે થયો તેહ વિરૂપ...૧૭

ટબો :—

છાલી—બકરી જિમ વાઢામાં ઘાલી હુંતી સકલ ભૂમિ પ્રદેશ અવગાહઈ તિમ ઈણઈ જીવઈ ચઉદ રાજલોકરૂપ વાટકઈ ઈમ નાટિક કરતાં અવગાહિઉં છઉં, તિહાં ક્રોધાદિક દુઃખ કેતાં ઇક કહીઈ પોતાનું આત્માનું કેવલજ્ઞાન અનંતરૂપ છતું હતું, તેહી પણિ પરકર્મ સંગથી વિપર્યયરૂપ થયું. જ્ઞાન અજ્ઞાનરૂપ થયું....૧૭.

ઢાળ ૧/૧૮

( ધ્યાનની તાત્ત્વિક વિચારણા-ચાલુ )

મૂળ :—

સકલ ઋદ્ધિ સાવરણેં જાય, ભાગી બદામ અનંત વિકાય;
પુદ્ગલ ખલસંગે દુઃખઠામ, મદિરા મોહે થકી ગતમામ...૧૮

ટબો :—

સકલ ઋદ્ધિ જેહની સાવરણઈ કરી ગયા પ્રાય થઈ તિવારઇ બદામનઈ અનંતમઈ ભાગઈ વેચાણો નિગોદ મધ્યે. પુદ્ગલ જે ખલરૂપ દુર્જન તેહના સંગ થકી એ ચેતન દુઃખનું ઠામ થયું. મોહરૂપ મદિરા થકી ગતમામ-ગતલાજ થયો. જીવ સમાન છઈ પણિ એક જ્ઞાની એક અજ્ઞાની ઈમ ભેદ પામ્યો....૧૮.

ઢાળ ૧/૧૯

( ધ્યાનની તાત્વિક વિચારણા-ચાલુ )

મૂળ :—

દ્રવ્ય પ્રાણ કરતેં ભવ ગયો, ભાવ પ્રાણ સંમુખ જવ થયો;
જાણ્યો સકલ સભાવ વિભાવ, સત્ય સરૂપ થયો સમભાવ...૧૯

ટબો :—

તે માટઈં ઇંદ્રિય ૫, બલ ૩. સાસોસાસ ૧, આયુ ૧, એવં ૧૦ દસવિધ દ્રવ્ય પ્રાણ કરતાં સંસાર વહ્યો. પણિ-ભાવપ્રાણ-જ્ઞાન, દર્શન, સુખ, વીર્યરૂપ તેહ નિરાવરણ કરવાનઈં સનમુખ થયો. હવઇં આતમજ્ઞાનેં સકલ સ્વભાવ-વિભાવ, સમાધિ-ઉપાધિભાવ જાણ્યો. તિવારઇં સત્યસ્વરૂપી થયો. અસત્ય ગોભ્રમ મિટ્યો. તિવારેં સમભાવેં રહ્યો. જે જ્ઞાન-સ્વભાવ આતમા, જડ સ્વભાવ કર્મ, અદ્વેષ ગુણ નીપનો. ૧૯

ઢાળ ૧/૨૦

( ધ્યાનનું ફળ )

મૂળ :—

દેખેં નિજ પર કેરાં રૂપ, જિમ નટ નૃત્ય કરંતો ભૂપ;
આપ આનંદમાંહિ તે લીન, શાંત સુધારસમાંહિ અદીન...૨૦

ટબો :—

તિવારેં પોતાનાં પરનાં સમાનરૂપ જાણ્યાં. જિમ રાજા નટાવો નવાં નવાં રૂપ નાટિક કરતો સામાન્ય પ્રકારઈં સર્વનઈં દેખાવઈ. આપ રાજા પોતાના આનંદમાં લીન થાઈ યથા ભાવઇં મુજરા લીઇં જિમ આતમા શાંત સુધારસમાંહિ અદીનપણઈં વર્તઈ. જિમ જિમ ગુણ પ્રગટઇં તિમ તિમ સુધારસ વધઈ. સિદ્ધ પરમાતમા તિમ સર્વ જીવનેં ભવ નાટિક કરતાં દેખે છઇ....૨૦

ઢાળ ૧/૨૧

( જૈનશાસનમાં ધ્યાન માટે અનેક યોગમાર્ગો )

મૂળ :—

આપરૂપ પ્રગટેં જિણ હેતિ, તે દાખેં ગુરુજન ધરી હેતિ;
જિનશાસનમાંહિ યોગ અનેક, ભાખ્યા શાસ્ત્રમાંહિ સુવિવેક...૨૧

ટબો :—

આપ રૂપ પ્રગટે એહવા જિનશાસનમાં અનેક યોગ જોડાવીને વ્યાપાર તે સઘલાઇં ગુરુહિત કરીનઈં દાખઇં છઇં, તે શ્રી જિનશાસનમાં યોગ પ્રવચન શાસ્ત્રમાં શુભ ભલાં વિવેક કરી કહ્યાં છઈ. ૨૧.

———

# ઢાળ બીજી

[ ઢાળ : બંગાલાની દેશી. રાગ : કાફી ]

ઢાળ ૨/૧

( મોક્ષનો મૂળ ઉપાય—ધ્યાન. તેનું સ્વરૂપ )

મૂળ :—

શિવસુખપ્રાપણ મૂલ ઉપાય, ધ્યાન કહ્યું છે જિનવરરાય.
સાહિબ સેવિઈ, હાંરે મનમોહન સા૦;
ધ્યાનમાંહિ દોઈ અશુભ નિદાન, આર્તરૌદ્રની કીજ હાનિ. સા૦...૧

ટબો :—

શિવસુખ તે મોક્ષસુખ પામવાનઈ મૂલ-પ્રથમ ઉપાય-કારણ શ્રી જિનવરેન્દ્રે ધ્યાન કહિઉં છઇ. ધ્યાન તે કેહનઇ કહિઇ ? એકાગ્ર ચિંતનને ધ્યાન કહિઇ એહવા સાહિબ સર્વ જીવના નાથ યોગ-ક્ષેમંકરનઈ સેવીઇ.

તે ધ્યાન ચાર કહિયાં છઇ, તેમાંહિ પૂર્વલ્યાં બે અશુભ. અશુભનાં નિદાન-કારણ છઇ. તે કહાં ? આર્તધ્યાન-ઇન્દ્રિય વિષયનું ચિંતન ૧, રૌદ્રધ્યાન તે ષટ્કાય જીવનઇ વધ-ચિંતન ૨, તેહના ભાવના ચિંતનના ભેદ-પાયા આલંબન-લક્ષણાદિ વિચાર બહુ છઈ તે શાસ્ત્રથી જાણવા.

ઢાળ ૨/૨

( ધર્મધ્યાનથી નિર્વિકલ્પ ગુણ ઉપજે. )

મૂળ :—

ધર્મશુકલ દોય ધ્યાન પ્રધાન, ઉત્તરોત્તર ગુણધર અનિદાન સા૦
ધર્મધ્યાનથી આર્તરૌદ્ર જાય, નિર્વિકલ્પ ગુણ તેહથીસધાય. સા૦...૨

ટબો :—

હવઈ છેહલ્યાં ૨ ધ્યાન પ્રધાન છઇ. ધર્મ ધ્યાન તે સરાગચારિત્રીનઇ સકામ નિર્જરા હેતુ ? શુકલધ્યાન તે આત્માને નિરાવરણ થાવાનું. હેઠ(ત)ઇં ૨ ઉત્તર ઉત્તર પ્રધાન ગુણધારક અનઈ સંસારના કારણ નહીં. ધર્મધ્યાન આવ્યાથી આર્ત્ત ૧, રૌદ્ર ૨, બિહું જાઇ. નર તિરિ ગતિ મૂલ નિદાન એ ધ્યાનથી ટલઇ. ધર્મધ્યાનથી નિર્વિકલ્પ ગુણ ઉપજે. બોધિબીજ સુલભ થાઈ, માઠા સંકલ્પ ન ઉપજઈ....૨

ઢાળ ૨/૩

( દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક ચિંતન તે શુકલધ્યાન )

મૂળ :—

શુદ્ધ દ્રવ્ય ગુણ પજ્જવ જેહ, શુકલધ્યાન છે તેહનું ગેહ. સા૦
ધર્મધ્યાન છે તેહનું હેતુ, શુકલધ્યાન મોહજીપન કેતુ. સા૦...૩

ટબો :—

અનઇં દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક નિત્યાનિત્યાત્મકપણિ વસ્તુ સ્વભાવ ચિંતન તેહનું ઘર તે શુકલધ્યાન. શ્રુતધર પૂર્વધર શ્રેણિગત સાધુનઈં હોઇ. તે માટઇં ધર્મધ્યાન તે શુકલધ્યાનનું હેતુ છઇં. અનઇં શુકલધ્યાનથી મોહ જીતીઈં. એહનાં પણિ થાવાનાં લક્ષણ આલંબન પાયા ઉપાય અનેક છઇં ભેદ જેહના આવશ્યકનિર્યુક્તિ પ્રમુખ ગ્રન્થ મધ્યે કહિયા છઇં.. ૩

ઢાળ ૨/૪

( શુદ્ધ ક્રિયાયુક્ત આત્મવીર્ય તે શુકલધ્યાન )

મૂળ :—

શુદ્ધક્રિયા જે અનુભવસાર, ધર્મધ્યાન છે તાસ આધાર. સા૦
આતમવીર્ય જે અનુભવ ધાર, શુકલ તે કર્મછેદન કુઠાર. સા૦ ૪

ટબોઃ—

અનુભવજ્ઞાનઇં કરી જે શુદ્ધ ક્રિયા ત્રિકરણયોગઈં જે સાર પ્રધાન છઈં ધર્મધ્યાન તે તેહનું આધાર છઇં. એતલઇં જ્ઞાન, દર્શનશૂન્ય તે ધર્મધ્યાન ન હોઈ. અનુભવજ્ઞાન ક્રિયાયુક્ત આત્માને વીર્ય જોડવું તે તીખી ધાર સમાન. શુકલધ્યાન તે કર્મ છેદવાને કુઠાર કહતાં કુઠાર સરિખું છઇં. શુકલ તે સ્યું આત્માનઈં ઉજ્જવલ કરઇં. અથવા મોહાદિક કર્મનું શુકલ ધ્યાન શુદ્ધ કરી ન્યાયગત થાઇં....૪

ઢાળ ૨/૫

( ધર્મધ્યાનના પ્રશસ્ત ગુણો )

મૂળ :—

મૈત્રી પ્રમોદ કરુણા માધ્યસ્થ્ય, ધર્મધ્યાનેં હોઇ એ ચઉ સ્વસ્થ. સા૦
અરિહંતાદિક શરણાં ચ્યાર, કાલ અનાદિના જાસ પ્રચાર. સા૦ ૫

ટબોઃ—

મૈત્રી પરહિતચિંતા ૧, પ્રમોદ, ગુણી પરસુખને દેખી હર્ષઈ ૨, કરુણા દ્રવ્યભાવે દુઃખી જનની દયા ૩, માધ્યસ્થ્ય તે ક્રૂરકર્મી આત્મપ્રશંસી ગુણિ દ્વેષી તેહનઈ વિષઈ અચાલતઈ ઉપેક્ષા ૪, ધર્મધ્યાનમાં એ ચ્યારઈ ભાવના ગુણ પ્રશસ્ત–ભલાં હોઈ. અરિહંત ઘાતી કર્મ રહિત (૧), સિદ્ધ ૮ કર્મ રહિત (૨), સાધુ પંચાશ્રવે રહિત (૩), ધર્મ્મ ૧૮ પાપસ્થાનક રહિત (૪) એ ચ્યારના શરણ કરણપણું–એ ચ્યાર શરણાનો અનાદિપણુંઈ જેહના પ્રચાર. જિહાં સંસાર આદિ (અનાદિ) તિહાં પણિ અનાદિ છઈ....૫

ઢાળ ૨/૬

( ભવાભિનંદીને ધર્મધ્યાન ન હોય )

મૂળઃ—

**ઇન્દ્રિય સુખ અભિલાષી જેહ, ધર્મધ્યાન તસ નાવે દેહ. સા૦**
**શુકલધ્યાંનનું આવે રૂપ, તે મુંદે સંસારનો કુપ. સા૦ ૬**

ટબોઃ—

તે માટિં જે ઇન્દ્રિય સુખનો અભિલાષ ભવાનંદીપણુંઈ ઇચ્છક હોઈ જે પ્રાણી તેહનઈ ધર્મ્મધ્યાન નાવઈ. જેહવઈ શુક્લધ્યાનનો રૂપ સ્વરૂપ આવઈ તે પ્રાણી સંસાર કૂપનઈ મુદઈ ઢાંકઈ. ૬

ઢાળ ૨/૭

( શુક્લધ્યાનથી શુક્લ ગુણ પ્રગટે )

મૂળઃ—

**ભવાભિનંદીને એ નવિ હોય, પુદ્ગલાનંદીને ભજના જોય. સા૦**
**આતમઆનંદી જે હોય, શુકલ શુકલ ગુણ પ્રગટે સોય. સા૦ ૭**

ટબોઃ—

ભવાભિનંદીને એ ધ્યાન ન હોઈ–ન ઊપજઈ. અનઈ પુદ્ગલાનંદી પ્રાણીનઈ વલી ભજના આપાત માત્રઈ હોઈ તો નહી પણિ બહુવાર ન ટકઈ. પ્રસન્નચંદ્રાદિકની પરી. અનઈ જે આતમ આનંદી શમ, સંયમ, સુખમગ્ન હોઈ તેહનઈ શુક્લધ્યાન દમદંતાદિ મુની (નિ) ની પરઈ શુક્લધ્યાનનો એ વિશેષ જે થાઈ તે તે ગુણરૂપઈ થાઈ....૭

ઢાળ ૨/૮

( ચિત્તના ચાર પ્રકાર )

મૂળઃ—

ચિત્ત વિક્ષિપ્ત નૈં યાતાયાત, તેહનૈં ધ્યાનૈ ન રહે થિર થાત. સા૦
સુશ્લિષ્ટ ચિત્ત અને સુલીન, તિહાં એ દુવિધ હોઈ લયલીન. સા૦ ૮

ટબોઃ—

ચાર પ્રકારનાં ચિત્ત કહ્યાં છઇં, એક વિક્ષિપ્ત (૧) તે અત્યંત ચલદુષ્ટભાવ. બીજો યાતાયાત (૨) તે કાંઈક થિરભાવ માટિં સાનંદ. બક-મીન ધ્યાનની પરઇં દુષ્ટ ભાવની અથિરતા એહ વાર (?) વાલાનઇં એ ધ્યાન નાવઈ. સુશ્લિષ્ટ ચિત્ત ત્રીજો તે થિરભાવઇં આનંદયુક્ત ૩. સુલીન ચિત્ત ચોથો તે પરમ લીનતા ૪....૮

ઢાળ ૨/૯

( શુદ્ધાત્મનું ચિંતન )

મૂળઃ—

શુદ્ધાતમ રત્નાકર વેલિ, પ્રગટેં તિહાં ભવિ કીજે કેલિ. સા૦
વિષય કષાય જે ભવતરુમૂળ, ધ્યાન કુઠારૈં કરો ઉનમૂલ. સા૦ ૯

ટબોઃ—

શુદ્ધાતમરૂપ રત્નાકર વેલિની લહરિ જિહાં પ્રગટઇં તિહાં અરે ભવિક જનો કેલિ-ક્રીડા રસ રંગ કરો. વિષય કષાયરૂપ જે ભવ-સંસાર તરુનાં જે મૂલ છઈં આર્ત-રૌદ્રાદિ કલહજારૂપ તે શુક્લધ્યાનરૂપ કુહાડઈં કરી ઉનમૂલી નાંખ્યો. ૯

ઢાળ ૨/૧૦

( સંસારનું પરિભ્રમણ અટકાવવા ધ્યાન-સાચું અવલંબન. )

મૂળઃ—

ભવવનમાં ભૂલો કરે દોર, પણિ નવિ પામે કિહાં એ ઠોર. સા૦
જબ એ ધ્યાંન અવલંબન થાય, તવ ભવભવ દુઃખ સઘલાં જાય. સા૦ ૧૦

ટબોઃ—

ભવ-સંસારરૂપ અતિગહન વનમાં ભૂલ્યો હુંતો બહિરાતમા દોડિ કરઈ છઈ. પણિ કિહાંઈ ઠોર ઠેકાણું પામતો નથી. જે ભ્રમણ કરતો રહઈ. જિવારઇ એ ધ્યાનનું આતમા અવલંબન કરઈ તિવારઈ બહિરાતમા ટળી અંતરાતમા થાઈ. તિવારઈ ભવભવનાં સઘલાં કર્મ જનિત દુઃખ જાઈ....૧૦

ઢાળ ૨/૧૧

( ધર્મધ્યાન-જ્ઞાન આદિ ગુણની ખાણ )

મૂળઃ—

તરણિ કિરણથી જાઈ અંધાર, ગુ(ગા)રુડ મંત્ર જિમ વિષ પ્રતીકાર સા૦
જિમ રોહણગિરિ રત્નની ખાણ, તિમ જ્ઞાનાદિક ગુણમણિ ધ્યાન. સા૦ ૧૧

ટબોઃ—

જિમ તરણિ કહતાં સૂર્યના કિરણ પ્રસારથી અંધકાર જાઈ, જિમ ગરુડ તે ગારુડ જાંગુલી મંત્રથી થાવર અને જંગમ સર્વ વિષરો પ્રચાર જાઇ, જિમ રોહણાચલ પર્વતથી સર્વ રત્ન પામીઈ દરિદ્ર ન રહઈ, તિમ એ ધ્યાનથી જ્ઞાનાદિક ગુણરત્નયુક્ત કલ્યાણસિદ્ધિ મોક્ષસિદ્ધિ પામીઈ....૧૧

---

# ઢાળ ત્રીજી

( ઢાળ : ત્રિભુવન તારણ તીરથ : એ દેશી )

( ધર્મધ્યાનનું સ્વરૂપ અને અષ્ટાંગ યોગ )

ઢાળ ૩/૧

મૂળ :—

ધર્મધ્યાનની વ્યક્તિ હવેં ઇમ દાખઈ રે, કિં હવે૦,
શાસ્ત્ર તણે અનુસારિ નામ માત્ર ભાખઈ રે, કિં નામ;
યોગ અષ્ટાંગ સમાધિ સકલ દર્શન કહે રે, કિં સ૦,
પણિ તે ભવ્ય સ્વભાવ પુરુષ વિણ નવિ રહેં રે, કિં પુ૦...૧

ટબો :—

હવઈ ચાર ધ્યાનમાં ધર્મ ૧, શુકલ ૨, એવઇ ધ્યાન ધ્યાવા યોગ્ય છઈ, તેહનું સ્વરૂપ કહવાનઇ ઢાળ કહીઈ છઈ.

ધર્મધ્યાનની વ્યક્તિ-પ્રગટતા ઈમ દાખીઇ કહીઈ છઇ. તેહમાં વિચારના શાસ્ત્ર યોગ (પ્ર) દીપ ધ્યાંનદીપાદિ બહુ છઈ. પણિ યોગશાસ્ત્રદિકનઇ અનુસારઈ નામ માત્ર કહીઈ છઇ. અષ્ટાંગ યોગની સમાધિ સકલ દર્શન કહઇ છઈ પણિ તેહના ભલા વિચાર તે યોગી પુરુષ વિના કહી સકાઈ નહી તે અષ્ટાંગ યોગનાં નામ કહઈ છઈ....૧

ઢાળ ૩/૨

(અડયોગના નામો–તેનાથી દુષ્ટ વિકલ્પ તથા ભવદુઃખ જાય)

મૂળ :—

યમ નિયમ પ્રણિધાન કરણ પ્રાણાયામમાં રે, કિં ક૦,
પ્રત્યાહાર નેં ધારણા ધ્યાંન મનોદમા રે, કિં ધ્યા૦;
એક ભાવ સુસમાધિ એ અડયોગ છઇ રે, કિં એ૦,
એહથી દુષ્ટ વિકલ્પ નહિ ભવ દુખ ગછઇ રે, કિં નહિ...૨

ટબો :—

(૧) યમ તે ૫. – અહિંસા ૧, સત્ય ૨, અસ્તેય ૩, મૈથુન ત્યાગ ૪, પરિગ્રહ પરિમાણ ૫. એ પ્રથમ યોગ યમનામા ૧.

(૨) નિયમ–૧ શૌચ, ૨ સંતોષ, ૩ તપ, ૪ સજ્ઝાય, ૫ પ્રણિધાન તે દેવાદિકનું શુભ પ્રવૃત્તિ આરાધન. એ બીજો નિયમ નામા–યોગ ૨.

(૩) કરણ (આસન) – તે ઇન્દ્રિય નિરોધન હેતિં આસનાદિ કરણ ૩. એ ત્રીજો યોગ ૩.

(૪) પ્રાણાયામ–તે સાસોસ્વા(સાં)દિકનુ શરીર લઘુકરણ હેતઈ. એ ચોથો યોગ–૪

(૫) પ્રત્યાહાર–તે ઈન્દ્રિયગણનઈ વિષયાર્થ થકી નિવર્તાવવુ એ પાંચમો યોગ–૫

(૬) ધારણા–તે કોઇક એક પ્રશસ્ત શુભ ધ્યેયનેં વિષઈ ચિત્તનું થાપવું. એ છઠ્ઠો યોગ–૬

(૭) ધ્યાન–તે જે ધ્યેય કહ્યું છઈ તેહનું જે બહુ વિષય ચપલતા ટાળી એકાંશઈ જોડવું તે.

(૮) સમાધિ–ધારણા ધ્યાન બેહુની થાપનાં એકત્વ ભાવઈ કરી તન્મયી ભાવઈ થાવું તે સમાધિ. તેહિ જ અર્થ માત્ર આભાસ માત્ર થાઇ તે. સમાધિ આ આઠમો યોગ–૮.

એ અષ્ટાંગ સકલ દર્શન સમ્મત છઇ. એહથી દુષ્ટ વિકલ્પ ન ઊપજેં; તિવારેં ભવસંગ દુઃખ તે ગચ્છેં કહતાં જાઇં....૨

ઢાળ ૩/૩

(ધ્યાનસિદ્ધિ માટે પ્રાણાયામ–તેના પ્રકારો)

મૂળ :—

રેચક પૂરક કુંભક પ્રત્યાહારથી રે, કિં પ્ર૦,
ભા(તા)ત્ર નાસાત(ન)ન–દ્વાર વાયુ પ્રચારથી રે, કિં વા૦;

યતનાઈં કરે રોધ તે શાંતિ કહીજઈ રે. કિં શાં૦,
ઉત્તર અધર તે વાયુ વ્યાધિત કીજઈ રે. કિં વ્યા૦...૩

ટબો :—

કોઈક પ્રાણી ધ્યાનસિદ્ધિની કાજઈં પ્રથમ પ્રાણાયામ કરઇ તે પ્રાણાયામ પવન નિર્જય વિના કરી ન સકીઇ. જિહાં મન હોઈ તિહાં પવન હોઈ અનઈં પવન હોઈ તિહાં મન હોઇ. તે બિહુનઈં તુલ્ય ક્રિયા કરવાનઈં કાજઈં ક્ષીર–નીર ન્યાયની પરિં મિલવાનઈં કાજઇ રેચક, પૂરક, કુંભક કરઇ. નાશા બ્રહ્મરંધ્ર મુખ થકી જે વાયુ બહિઃપ્રચાર કરઇ તે રેચક ૧. અપાનદ્વારથી પૂરક કરઇ અંતરંગ તે પૂરક ૨. નાભિપદ્મનઈં વિષઇ પવન સ્થિરી કરઇ તે કુંભક ૩. સ્થાનિકથી સ્થાનાંતર કરઇ પવનનઈં તે પ્રત્યાહાર ૪. ભા(તા)લ–નાશ–મુખદ્વારઇ કરી પવનને રોધવો તે શાંત. એ પાંચમો ભેદ ૫. એતલઈં સ્યું ? જે પવન સાધના થિરતા કરી પાછો પવન મુંકઈં તિવારઇ યતનાઈં મુંકઇ સાવધાન પણઈ સ્વસ્તિં સ્વસ્તિં મુકઇ તે પ્રાણાયામ. ઉત્તર ઉપરચો તથા અધર તે હેઠલ્યા વાયુનો રોધ તે વ્યાધિનો રોગાદિકનો ઉત્પાત (ન) (થાઈ) વિઘાત કરઇ. એતલ પવનસાધના નીરોગનું હેતુ....૩

ઢાળ ૩/૪

( દ્રવ્ય અને ભાવ પ્રાણાયામના ગુણો )

મૂળ :—

દ્રવ્યૈં જાઈં ત્રિદોષ વાત પિત્ત કફ મુખા રે, કિં વા૦,
ભાવ થકી નિર્દોષ હોઇ તસ નહિ રુષા રે, કિં ત૦;
વિષય–કષાય આસંસ ત્રિદોષ ગયા થકી રે, કિં ત્રિ૦,
દોષ શાંતિ તન કાંતિ વધે બલ બહુ થકી રે, કિં વ૦...૪

ટબો :—

દ્રવ્ય થકી પણિ પવન સાધનાથી વાત, પિત્ત, કફ પ્રમુખના ત્રિદોષ રોગ જાઇ. ભાવ થકી પણિ વિષય કષાય મિથ્યાત મંદતાઇ તથા નાશઇ, નિર્દોષ થાઈ. તેહનઈં રોષ ન હોઇ. વલી. વિષય-કષાય વિકાર ન હોઇ. આસંસાએ ત્રિદોષનો નાશ થાઇ, એ ત્રિદોષ અંતરંગ ત્રિદોષ પણિ સમઈં. તિવારઇ દોષની શાંતિ હોઈ. બહુ કાંતિ પુણ્ય પ્રકૃતિની પુષ્ટિ થાઇ દૃઢતાદિ ધૈર્ય બહુ વધઇ. ત્રિદોષ નાશ પામઇ. ગુણ બહુ થાઈ....૪

ઢાળ ૩/૫

( ઔદાસીન્યરૂપ ઔષધિ અને ધર્મામૃત પથ્ય )

મૂળ :—

ઔદાસીન્ય મૃગાંકપુડીની સેવના રે, કિં પુ૦,
કરતાં પાવન થાય નહિ કલુષિત મના રે, કિં ન૦;
થાપ તિહાં વલી બીજ હૃદયકમલેં સદા રે, કિં હૃ૦,
સ્થાન વર્ણ ક્રિયા અર્થ આલંબન તે મુદા રે, કિં આ૦...૫

ટબો :—

તે ત્રિદોષ ગવઈ ઉદાસીનતારૂપે મૃગાંકપુડીની સેવના કરાવઈ. અપ્રમાદરૂપ નિવાત, વિકથા રહિત વિજન–એકાન્ત સેવાવઇ, ધર્મામૃત પથ્ય સેવાવઈ તેહવી પુડી સેવતાં કલુષિત મન ટલૈં, ધર્મરુચિ વધઇ. બાહ્યમલ રોગાદિક, અંતરંગ મલ અશુભ ધ્યાનાદિક તે ટલતે પાવન થાઇ. એ તો આગામિ સુભિક્ષ થાનાર હોઇ તિવારે વરસતા થંભ જિમ, તથા સૂર્ય ઉગતાં પહિલી જિમ પ્રભાતિં તિમ એ જાણવા. હવઇ એહવા શુભાશયરૂપ ધરતીમાં હૃદયકમલઇ બીજ થાપઈ. તે બીજ કેહાં ? સ્થાન, વર્ણ, ક્રિયા, અર્થ, આલંબન ૫ પામઈ. સ્થાન તે મુદ્રા, પ્રસ્થાન, ન્યાસાદિ, વર્ણ તે પ્રયત્ન ઉદાત્તાદિક, ક્રિયા તે શૂન્યોપયોગ ( નહીં ) ( અથવા ) સ્વમતિ કલ્પિત નહીં અર્થ તે યમનિયમાનુયાયી ગુરુ પ્રદત્ત આલંબન તે પ્રતિમા થાપનાદિક ઈત્યાદિ બીજ ક્રિયાનાં વલી પ્રાણાયામનો વિચાર લેશ કહિઇ છઇ....૫

ઢાળ ૩/૬

( પ્રકૃતિ(વૃત્તિ)સંકોચ, વિકાર–અવિકાર અને નિર્વિકાર માટે પવનની સાધના )

મૂળ :—

પ્રાણાપાન સમાન ઉદાન અવ્યાન છેં રે, કિં ઉ૦,
અંગે પંચ સમીર તે બીજ સમાન છેં રે, કિં તે૦;
યૈँ પૈँ વૈँ રૌँ લૌँ અનાહત બ્રહ્મના રે, કિં અ૦,
દ્રવ્ય પવનના પંચ એ બીજ છેં ધર્મનાં રે, કિં બી૦...૬

ટબો :—

પ્રાણ ૧, અપાન ૨, સમાન ૩, ઉદાન ૪, અવ્યાન ( વ્યાન ) ૫. એ પાંચ વાયુ અંગ મધ્યે છઇ. પ્રાણવાયુ તે નાશાગ્રથી પ્રારંભી યાવત્ પાનીય સુધી (૧) ( અપાન ? )

(૨) સમાન વાયુ તે સંધિ હૃદય શિરોંતર તે નીલ વર્ણ. (૩) ઉદાન તે કંઠ, તાલુ, ભ્રુવાદિક મધ્યવર્તિ નીલરુક્. (૪) અવ્યાન તે સર્વ ત્વચા વ્યાપી રક્તરુક્ (૫) તે મધ્યે પ્રાણ, અપાન એહના ગમાગમઈ ધારણા કરવી. ઉદાન તે રૂપ કરવો. સમાન તે ઇન્દ્રિય જયાર્થઈ થાપવો. ઈત્યાદિક સર્વ વિચાર યોગશાસ્ત્ર, યોગપ્રદીપ, યોગ-પતંજલિ ગ્રંથથી જાણવા.

